BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## પ્રથમ વર્ષ એમ.એ. - સંસ્કૃત
## સેમેસ્ટર-01
## પેપર - 04
## MASKT - 04
## વ્યાકરણશાસ્ત્ર: વૈયાકરણ સિદ્ધાંતકૌમુદી: સંજ્ઞા, સંધિ અને સમાસપ્રકરણ



# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.*

*શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*
*અસ્તુ!*

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

# MASKT-04

# વ્યાકરણશાસ્ત્ર : વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી : સંજ્ઞા, પંચસંધિ અને સમાસ પ્રકરણ


**નિદર્શન**

પ્રો. યોગેન્દ્ર પારેખ — નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સંપાદન**

ડૉ. વિનોદ માજીરાણા — આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**સહ-સંપાદન**

ડૉ. રાખી જૈન — આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**વિષયસમિતિ**

પ્રો. નિરંજન પટેલ — કુલપતિ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, આણંદ

પ્રો. લલિત પટેલ — આચાર્ય, ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ કોલેજ, ગાંધીનગર

ડૉ. વિનોદ માજીરાણા — આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

**વિષય પરામર્શન**

પ્રો. કમલેશ ચૌકસી — પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. નરેન્દ્ર રાવલ — અસોસિએટ પ્રોફેસર, ગુજરાત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ

**લેખન**

ડૉ. વૈશાલી બેન પટેલ — આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

શ્રી રવિ રાદડિયા — આસિસ્ટન્ટ પ્રોફેસર, ગવર્મેંટ કોલેજ, દીવ.

ડૉ. જગદીશભાઈ એચ. પટેલ — આસિસ્ટન્ટ પ્રોફેસર, શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કોલેજ, કપડવંજ



**પ્રકાશક**: કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ - 2025**

**ISBN – 978-93-5598-928-4**



## સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

*(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)*

**પ્રથમ વર્ષ એમ.એ-સંસ્કૃત**

**સેમેસ્ટર-01**

**પેપર-04**

**MASKT-04**

**વ્યાકરણશાસ્ત્ર : વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીઃ**

**સંજ્ઞા,સંધિ અને સમાસપ્રકરણ**

## વિભાગઃ 1 : સંસ્કૃત વ્યાકરણઃ સામાન્ય પરિચય


**એકમ :** 1 **01**

**સંસ્કૃત વ્યાકરણ પરંપરા**

**એકમ :** 2 **20**

**વ્યાકરણશાસ્ત્રમાં પ્રક્રિયા ગ્રંથો**

**એકમ** : 3 **35**

**વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી : સામાન્ય પરિચય**


## વિભાગઃ 2 : વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદીઃ સંજ્ઞાપ્રકરણ


**એકમ** : 4 **53**

**સંજ્ઞાપ્રકરણ**

## વિભાગ: 3 : વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી: સંધિ પ્રકરણ


| | |
|---|---|
| **એકમ** : 5<br>**યણ્ સંધિ** | **70** |
| **એકમ** : 6<br>**ગુણ અને વૃદ્ધિ સંધિ** | **81** |
| **એકમ** : 7<br>**વૃદ્ધિ સંધિનાં અંતથી અચ્ સંધિ સમાપ્તિ સુધી** | **91** |
| **એકમ** : 8<br>**હલ્ સંધિ** | **100** |
| **એકમ** : 9<br>**વિસર્ગ સંધિ** | **110** |


## વિભાગ: 4 : વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી: સમાસ પ્રકરણ


| | |
|---|---|
| **એકમ** : 10<br>**કેવલ અને અવ્યવીભાવ સમાસ** | **121** |
| **એકમ** : 11<br>**સમાનાધિકરણ તત્પુરુષ સમાસ** | **141** |
| **એકમ** : 12<br>**વ્યધિકરણ તત્પુરુષ સમાસ અને અન્ય ભેદ** | **155** |
| **એકમ** : 13<br>**બહુવ્રીહિ સમાસ** | **175** |
| **એકમ** : 14<br>**દ્વંદ્વ સમાસ** | **194** |
| **એકમ** : 15<br>**સમાસાંત પ્રકરણ** | **212** |

# વિભાગ: 1 : સંસ્કૃત વ્યાકરણ: સામાન્ય પરિચય

# એકમ : 1 :  સંસ્કૃત વ્યાકરણ પરંપરા

## રૂપરેખા


**1.0 હેતુઓ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 સંસ્કૃત વ્યાકરણ પરંપરા**

**1.3 વ્યાકરણનું આદિમૂળ**

**1.4 વ્યાકરણશાસ્ત્રની ઉત્પત્તિ**

**1.5 વ્યાકરણ શબ્દની પ્રાચીનતા**

**1.6 વ્યાકરણના અધ્યયનનું પ્રયોજન**

**1.7 વ્યાકરણ-વેદાંગ**

**1.8 સંસ્કૃત વૈયાકરણની પરંપરા અને સંપ્રદાયો**

**1.9 ત્રિમુનિ વ્યાકરણ**

**1.10 સૂત્રકાર પાણિનિનું જીવન,સમય અને કૃતિઓ**

**1.10.1 'અષ્ટાધ્યાયી'વ્યાકરણ**

**1.10.2 'અષ્ટાધ્યાયી'ની વિષયવ્યવસ્થા**

**1.11 વાર્તિકકાર કાત્યાયન**

**1.12 ભાષ્યકાર પતંજલિ**

**1.13 તમારી પ્રગતિ ચકાસો**


## 1.0 હેતુઓ

1. *એકમ-1 ના અભ્યાસ દ્વારા અધ્યેતા ભારતીય વ્યાકરણશાસ્ત્રની પરંપરાથી અવગત થશે.*
2. *વ્યાકરણશાસ્ત્રનું આદિમૂળ અને તેની ઉત્પત્તિ વિશે જાણી શકશે.*
3. *વ્યાકરણના અધ્યયનનું પ્રયોજન અને વેદાંત-વ્યાકરણ વિશે જાણકારી મેળવે.*
4. *સંસ્કૃત વ્યાકરણની પરંપરા અને સંપ્રદાય તથા ત્રિમુનિ અને તેમના વ્યાકરણ વિશે માહિતી મેળવી શકશે.*
5. *અષ્ટાધ્યાયીવ્યાકરણ અને તેની વિષય વ્યવસ્થાથી પરિચિત થશે.*

6. *સૂત્રકાર પાણિનિ, વાર્તિકકાર કાત્યાયન અને ભાષ્યકાર પતંજલિ આ ત્રિમુનિના જીવન,સમય અને કૃતિઓથી પરિચિત થશે.*

## 1.1 પ્રસ્તાવના

*સંસ્કૃતભાષામાંથી આપણી વર્તમાન માતૃભાષાગુજરાતી ઉતરી આવી છે. તેથી સંસ્કૃત ભાષાનું વ્યાકરણ અને તેનો ઈતિહાસ જાણવો જરૂરી છે. તેથી આ એકમમાં વ્યાકરણનું આદિમૂળ,ઉત્પત્તિ તથા તેમાં થયેલ મુખ્ય વૈયાકરણીઓ અને તેમના જીવન,સમય તથા તેમના અનુપમ ગ્રંથો વિશે માહિતી મેળવીને આપણે સંસ્કૃત ભાષાને વિષદતાથી સમજી શકીશું.*

*સંસ્કૃત વિષયના માસ્ટર ઓફ આર્ટસ (સે.છ.)ના પેપર-૪ ના વિભાગ-૧ 'સંસ્કૃત વ્યાકરણ પરંપરા'ના અભ્યાસ દ્વારા આપણે વિસ્તારથી સંસ્કૃત ભાષાની પ્રાચીનતા અને ભવ્યતાથી પરિચિત થઈશું.*

## 1.2 સંસ્કૃત વ્યાકરણ પરંપરા

## 1.2 વ્યાકરણનું આદિમૂળ :

*ભગવાન બ્રહ્માથી લઈ દયાનંદ સરસ્વતી સુધીના લગભગ સમસ્ત ભારતીય વિદ્વાનોનો મત છે કે સંસારમાં જેટલું પણ જ્ઞાન પ્રવૃત્ત છે.તેનું આદિમૂળ વેદ છે. મનુ મહારાજ પણ વેદોને સર્વજ્ઞાનમય કહે છે'* सर्वज्ञानमयो हि सः *'(મનુસ્મૃતિ-2/7). મનુ વગેરે મહર્ષિઓ સંસારને જ્ઞાન આપી રહ્યા હતા,તેમ છતાં તેઓએ જ્ઞાનના મૂળ તરીકે વેદ જ માન્યા છે,નહીં કે પોતાને.*

*આ સિદ્ધાન્ત અનુસાર વ્યાકરણશાસ્ત્રનું આદિ મૂળ પણ વેદ જ છે. વૈદિક મંત્રોમાં અનેક પદોની વ્યુત્પત્તિઓ ઉપલબ્ધ છે,જે આ સિદ્ધાન્તની પોષક છે. જેમકે* यज्ञेन यज्ञमयजन्त देवा... (*ઋગ્વેદ*-1/164/80), ये सहांसि सहसा सहन्ते ँ(*ઋગ્વેદ*-6/66/9*)*, धान्यमसि धिनुहि देवान् (*યજુર્વેદ*-1/20), तीर्थैस्तरन्ति ँ (*અથર્વવેદ*-18/4/7). *તદુપરાંત આચાર્ય પતંજલિએ વ્યાકરણ અધ્યયનના પ્રયોજનનું વર્ણન કરતાં* (1) चत्वारि शृङ्गा...। (2) चत्वारि वाक्... *(૩)* उत त्वः... (4) सक्तुमिव *અને (૫)* सुदेवोऽसि (*ઋગ્વેદ*-4/58/3 *વગેરે) આ પાંચ મંત્રોનો ઉલ્લેખ કર્યો છે અને તેની વ્યાખ્યા વ્યાકરણશાસ્ત્ર પરક કરી છે. આચાર્ય યાસ્કે પણ* 'चत्वारिवाक्' *મંત્રની વ્યાખ્યા વ્યાકરણશાસ્ત્રપરક લખી છે. વ્યાકરણ પદ જે ધાતુથી નિષ્પન્ન થાય છે,તેનો મૂળ અર્થમાં પ્રયોગ* 'दृष्टवा रुपे व्याकरोत् सत्यानृते प्रजापतिः' (*યજુર્વેદ*-16/77) *મંત્રમાં મનાય છે.*

*આમ ઉપરોક્ત ચર્ચા પરથી સિદ્ધ થાય છે કે વ્યાકરણનું આદિમૂળ વેદ છે.*

## 1.4 વ્યાકરણશાસ્ત્રની ઉત્પત્તિ

*વ્યાકરણશાસ્ત્રની ઉત્પત્તિ ક્યારે થઈ?આ પ્રશ્નનો ઉત્તર આપવો અત્યંત મુશ્કેલ છે. પરંતુ નિ:સંદેહ એટલું કહી શકાય કે ઉપલબ્ધ વૈદિક પદપાઠો(વિક્રમ સંવંત ૩૨૦૦*

*પૂર્વે) ની રચનાથી પહેલાં વ્યાકરણશાસ્ત્રએ પોતાની પૂર્ણતાને પ્રાપ્ત કરી લીધી હતી. પ્રકૃતિ-પ્રત્યય,ધાતુ-ઉપસર્ગ અને સમાસઘટિત પૂર્વોત્તરપદોનો વિભાગ પૂર્ણરૂપે નિર્ધારીત થઈ ગયેલ હતો." આવો મત પંડિત યુધિષ્ઠિર મીમાંસકજીનો છે. વાલ્મીકીય રામાયણથી આપણને જાણવા મળે છે કે મહારાજ રામના સમયમાં વ્યાકરણશાસ્ત્રનું સુવ્યવસ્થિત પઠનપાઠન થતું હતું.* 'नूनं व्याकरणं कृत्स्नमनेन बहुधा श्रुतम्। ' *(કિષ્કિન્ધાકાંડ-3/29).*

*મહાભારતકાળના સમકાલીન મનાતા આચાર્ય યાસ્કે નિરુક્તમાં વ્યાકરણના પ્રવક્તા અનેક વૈયાકરણોનો ઉલ્લેખ કરેલ જોવા મળે છે જેમકે-* 'न सर्वाणीति गार्ग्यो वैयाकरणानांचैकं'*(નિરુક્ત-1/12). મહાભાષ્યકાર પતંજલિ અનુસાર અત્યંત પ્રાચીન-કાળમાં વ્યાકરણશાસ્ત્રનું પઠન-પાઠન પ્રચલિત હતું.* 'पुराकल्प एतदासीत्, संस्कारोत्तरकालं ब्राह्मणा व्याकरणं स्माधीयते'*(મહાભાષ્ય-1/1/1),આમ ઉપરોક્ત પ્રમાણોથી એવું કહી શકાય કે વ્યાકરણશાસ્ત્રની ઉત્પત્તિ અત્યંત પ્રાચીનકાળમાં થઈ ગઈ હતી. પંડિત યુધિષ્ઠિર મીમાંસક તેનો પ્રારંભ ત્રેતાયુગથી થયેલ માને છે.*

## 1.5 વ્યાકરણ શબ્દની પ્રાચીનતા

*શબ્દશાસ્ત્રના માટે વ્યાકરણશબ્દનો પ્રયોગ રામાયણ ઈત્યાદિ પ્રાચીન ગ્રંથોમાં જોવા મળે છે.*

नूनं व्याकरणं कृत्स्नमनेन बहुधा श्रुतम्।

बहु व्याहरताऽनेन न किञ्चिदपभाषितम्।। *(રા. કિષ્કિન્ધાકાંડ-૩/૨૯).*

*તથા'ગોપથ બ્રાહ્મણ-1/24;'મુણ્ડકોપનિષદ-1/5' અને*

सर्वार्थानां व्याकरणाद् वैयाकरण उच्यते

तन्मूलतो व्याकरणं व्याकरोतीति तत्तथा' *(મહાભારત, ઉદ્યોગપર્વ-42/60).*

*આમ અનેક ગ્રંથોમાં ઉલ્લેખ જોવા મળે છે.*

## 1.6 વ્યાકરણના અધ્યયનનું પ્રયોજન

*વ્યાકરણ એટલે કે જેમાં શબ્દોને એટલે કે પદને પ્રકૃતિ અને પ્રત્યય એવા વિભાગમાં જુદા કરીને બતાવવામાં આવે છે. 'વ્યાકરણ'ને 'શબ્દાનુશાસન' પણ કહે છે.*

*સંસ્કૃત ભાષાનું 'અષ્ટાધ્યાયી'વ્યાકરણ રચતા પહેલાં પાણિનિએ વ્યાકરણના અધ્યયનનું કોઈ પ્રયોજન બનાવ્યું નથી. કારણ કે* "ब्राह्मणेन निष्कारणः षऽङ्गो वेदोऽध्येयो ज्ञेयश्च ।" *અર્થાત્ "જે બ્રાહ્મણ હોય તેણે કોઈપણ ફળની આશા રાખ્યા વગર જ છ અંગોસહિત વેદ ભણવો જોઈએ." આથી સૂત્રકાર પાણિનિએ ઉત્તમાધિકારીને ધ્યાનમાં લેતાં પ્રયોજનનો નિર્દેશ કરવાની જરૂર જ રહેતી નથી.*

*બીજી બાજુએ આચાર્ય પતંજલિએ પોતાના 'વ્યાકરણ મહાભાષ્ય' ગ્રંથમાં વ્યાકરણ અધ્યયનનાં પાંચ મુખ્ય અને તેર ગૌણ પ્રયોજનો બતાવ્યાં છે. આ પાંચમુખ્યપ્રયોજનો*

આ પ્રમાણે છે. આ પાંચેય પ્રયોજનો મળીને વ્યાકરણ અધ્યયનનું મુખ્ય એક પ્રયોજન બને છે. 'रक्षोहागमलघ्वसंदेहः प्रयोजनम् (મહાભાષ્ય, પસ્પશાહ્નિક્-1/1/1). અર્થાત્ (1) રક્ષા (2) ઊહ (3) આગમ (4) લઘુ અને (5) અસંદેહ આ પ્રયોજન છે.

**(1) રક્ષા :**

વેદોની રક્ષા કરવા માટે વ્યાકરણ ભણવું જોઈએ. વર્ણલોપ, વર્ણાગમ, વર્ણવિકાર આદિને જાણનારો (વૈયાકરણ) જ યોગ્ય રીતે વેદનું પરિપાલન કરી શકે છે,તે માટે વ્યાકરણ ભણવું જોઈએ.

**(2) ઊહ :**

તર્ક કરતાં આવડે માટે વ્યાકરણ ભણવું જોઈએ. વેદની અંદર જે મંત્રો આવેલા છે,તે બધી વિભક્તિઓમાં અને બધા લિંગોમાં ઉચ્ચારી બતાવ્યા નથી. આ સંજોગોમાં જે કોઈ વ્યક્તિ બીજા કોઈના યજ્ઞમાં ઋત્વિજ બનીને જાય તો તેને મંત્રોમાંના અમુક રૂપોમાં વિભક્તિવિપરિણામાદિકાર્યો કરી લેવાં પડે છે. દા.ત. વેદમાં એક મંત્ર છે. 'अग्नेय त्वा जुष्टं निर्वयामीति ।'હવે બીજી તરફ એમ કહેવાયું છે કે सौर्यँ चरुं निर्वपेद्ब्रह्मवर्चसकाम ।અર્થાત્ "જેને બ્રહ્મવર્ચસ મેળવવાની કામના હોય તેણે સૂર્યને ઉદ્દેશીને હવિષાન્ન આપવું." આથી ઋત્વિજે 'अग्नये त्वा जुष्टं निर्वयामि ।''એ મંત્રમાં યોગ્ય ફેરફાર કરીને' 'सूर्याय त्वा जुष्टं निर्वयामीति ।' એ રીતે બોલવો પડશે. આવું ઊહ કાર્ય (વિભક્તિ વિપરિણામ) નું અવૈયાકરણ કરી શકતો નથી.

**(3) આગમ(વેદ):**

'ब्राह्मणेन निष्कारणो धर्मः षडङ्गो वेदोऽध्येया ज्ञेयश्च ।'' અર્થાત્ બ્રાહ્મણે કોઈપણ કારણ વગર છ વેદાંગો સહિત વેદ ભણવો જોઈએ.'આ શ્રુતિ (વેદ) વાક્ય છે. છ વેદાંગોમાં વ્યાકરણ પ્રધાન છે. 'प्रधानं च षट्स्वङ्गेषु व्याकरणम् (પસ્પશાહ્નિક). આવા પ્રધાન વેદાંગ 'વ્યાકરણ' વિશે કોઈએ પ્રયત્ન કર્યો હોય,તો તે નિષ્ફળ જતો નથી.

અહીં 'ब्राह्मणेन निष्कारणः' એવા વાક્યમાં વ્યાકરણ અધ્યયનનુંકોઈ પ્રયોજન દર્શાવ્યું નથી; પણ એ વાક્ય તો વ્યાકરણ અધ્યયનનું પ્રયોજક/પ્રવર્તક વાક્ય છે એમ સમજવાનું છે એવું કૈયટે સ્પષ્ટ કર્યું છે.

**(4) લઘુ (લાઘવ, સંક્ષિપ્ત, ટૂંકુ) :**

લાઘવ અર્થ માટે વ્યાકરણ ભણવું જોઈએ. કારણ કે સ્મૃતિમાં કહ્યું છે કે'ब्राह्मणेन अवश्यं शब्दाः ज्ञेयाः ।' અર્થાત્'બ્રાહ્મણે બધા (સાધુ) શબ્દો અવશ્ય ભણવા જોઈએ'. હવે વ્યાકરણ વિના બીજો એકેય ઉપાય એવો નથી, કે જે લાઘવપૂર્વક બધા જ સાધુ શબ્દોનું જ્ઞાન કરાવી આપે.

**(5) અસંદેહ (સંદેહની અપ્રાપ્તિ) :**

સ્વરનું જ્ઞાન અવૈયાકરણને હોતું નથી તેથી તેને સંદેહ જન્મે છે. પરંતુ જે વૈયાકરણ હોય છે, તેને વ્યાકરણનાં સૂત્રોથી સ્વર જ્ઞાન પ્રાપ્ત થયેલું હોય છે, તેથી તેને કદાપિ

*સંદેહ થતો જ નથી. આમ અસંદેહાર્થ (સંદેહની અપ્રાપ્તિ રહે) એટલા માટે વ્યાકરણ ભણવું જોઈએ.તદુપરાંત લૌકિક દષ્ટિએ વ્યાકરણ ભણવાની આવશ્યકતા બહુ સ્પષ્ટ છે. જેમકે*

**પધપિ બહુ નાધીષે તથાપિ પઠ પુત્ર વ્યાકરણમ્।**

**સ્વજનઃ શ્વજનો માભૂત્, સકલં શકલં સકૃચ્છકૃત્॥**

*અનુવાદ- હે પુત્ર ! ભલે તું વધારે ના ભણે,તો પણ વ્યાકરણ તો ભણજે જ;જેથી (તારા વડે ભૂલથીય પણ ક્યારેય) 'સ્વજન' (પોતાનો માણસ) ને 'શ્વજન' (શ્વાન-કૂતરો) ના કહી દેવાય,'સકલ' (બધું) ને 'શકલ' (ટુકડો) ના કહી દેવાય તથા 'સકૃત' (એકવાર) ને બદલે 'શકૃત' (વિષ્ટા-મળ) ના કહી દેવાય.*

*આમ લોક વ્યવહારમાં શુદ્ધ ઉચ્ચારણ કરતાં આવડે અને હાંસીને પાત્ર ન થવાય તેથી વ્યાકરણ ભણવું જોઈએ.*

## 1.7 વ્યાકરણ-વેદાંગ

*મહર્ષિ યાસ્કના નિરુક્તમાં જે વર્ણન પ્રાપ્ત થાય છે, તેનો આશય આ પ્રમાણે છે. "અત્યંત પ્રાચીનકાળમાં ઋષિઓને વેદના મંત્રોનું સાક્ષાત્ દર્શન થયું, પણ એ પછીથી સાક્ષાત્ દર્શન કરી ન શકતા અધિકારીઓ માટે ઉપદેશ કે અધ્યયન-અધ્યાપન પદ્ધતિનો આરંભ થયો અને એ રીતે શિષ્યોને મંત્રો કે તત્સબંધી જ્ઞાન આપવા માંડ્યું. આમ છતાં આ કક્ષાના શિષ્યો પણ વિરલ હોવાથી તેમના માટે તે તે વિશિષ્ટ 'વેદાંગ' (કે જેને છ વેદાંગ કહે છે.) સાહિત્યનુ નિર્માણ થયું." આ વિધાન દ્વારા આપણને સ્પષ્ટ જાણવા મળે છે કે વેદ મંત્રોની સાચી સમજણ અને તેની સાચવણી માટે વેદાંગોની રચના અસ્તિત્વમાં આવી છે.*

*ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદના મંત્રોના અર્થ ઈત્યાદિ જાણવા માટે છ વેદના અંગો મદદ કરે છે. જેમકે* (1) *શિક્ષા* (2) *કલ્પ* (3) *જ્યોતિષ* (4) *છન્દ* (5) *નિરુક્ત અને* (6) *વ્યાકરણ. સંસ્કૃત સાહિત્યમાં વેદની એક પુરુષ તરીકે કલ્પના કરીને તેના વિવિધ અંગો તરીકે આ વેદના છ અંગોને મૂકવામાં આવ્યાં છે.*

**છન્દઃ પાદૌ તુ વેદસ્ય,હસ્તૌ કલ્પોऽથ પઠ્યતે ।**

**જ્યોતિષામયનં ચક્ષુર્નિરુક્તં શ્રોત્રમુચ્યતે ॥**

**શિક્ષાઘ્રાણં તુ વેદસ્ય, મુખં વ્યાકરણં સ્મૃતમ્** (*પાણિનીય શિક્ષા*-41/42)

*અનુવાદ - વેદરૂપી પુરુષના બે પગ તે છંદ છે,બે હાથ તે કલ્પ નામના ગ્રંથો છે,ચક્ષુ (આંખો) તે જ્યોતિષશાસ્ત્ર છે, નિરુક્ત તે વેદપુરુષના કાન છે,નાસિકા(નાક) તે શિક્ષાશાસ્ત્ર છે. વ્યાકરણશાસ્ત્રને વેદનું મુખ કહેવાયું છે,માટે જેણે છ વેદાંગો સહિત વેદનું અધ્યયનકર્યું હોય છે,તે વ્યક્તિ બ્રહ્મલોકમાં પહોંચીને પૂજનીય બને છે.*

*આ છ વેદાંગોમાં 'વ્યાકરણશાસ્ત્ર' ને વેદાંગમાં મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે. મહાભાષ્યકાર પતંજલિએ પણ છ વેદાંગોમાં વ્યાકરણને પ્રધાન માન્યું છે.* 'प्रधानं च षट्स्वङ्गेषु व्याकरणम् *(પસ્પશાહ્નિક). વ્યાકરણનું મહત્વ બતાવતાં તેની પ્રશંસા કરતાં*

*આચાર્યભર્તૃહરિએ 'વાક્યપદીય' માં લખ્યું છે કે "તે (વ્યાકરણ) તો મોક્ષનું દ્વાર છે, વાણીના મળનું ચિકિત્સાશાસ્ત્ર છે, બધી વિદ્યાઓમાં તે પવિત્રવિદ્યા છે અને સૌ વિદ્યામાં વિશેષ પ્રકાશે છે. સિદ્ધિ મેળવવા માટેની જે સોપાન પંક્તિ છે તેનું પહેલું પગથિયું છે. વળી,મોક્ષ મેળવવા ઈચ્છતી વ્યક્તિઓને માટે નિન્દનીય નહીં તેવી, પ્રશંસનીય એવી આ (વ્યાકરણ- વિદ્યા) રાજમાર્ગ છે." (વાક્યપદીય*-1/15-16).

## 1.8 સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રની પરંપરા અને સંપ્રદાયો

*ઋક્તંત્રમાં બતાવ્યું છે તેમ વ્યાકરણશાસ્ત્રના આદિ પ્રવક્તા બ્રહ્મા છે. આ પછી બ્રહ્માએ વ્યાકરણનું જ્ઞાન બૃહસ્પતિને આપ્યું, બૃહસ્પતિએ ઈન્દ્રને વ્યાકરણ ભણાવ્યું. ઈન્દ્રએ પૃથ્વી પર તે જ્ઞાન ભરદ્વાજને આપ્યું,ભરદ્વાજે ઋષિઓને અને ઋષિઓએ તે જ્ઞાન બ્રાહ્મણોને આપ્યું.* 'ब्रह्मा बृहस्पते प्रोवाच, बृहस्पतिरिन्द्राय, इन्द्रो भरद्वाजाय,भरद्वाज ऋषिभ्यः, ऋषयो ब्राह्मणेभ्यः ॥*'(ઋક્ તંત્ર-૧/૪). બૃહસ્પતિએ ઈન્દ્રને કરેલા પ્રવચનનો ઉલ્લેખ પતંજલિ મહાભાષ્યમાં પણ પ્રાપ્ત થાય છે.* 'एवं हि श्रूयते बृहस्पतिरिन्द्राय दिव्यं वर्षसहस्रंप्रतिपदोक्तानां शब्दानां शब्दपारायणंप्रोवाच...। *(મહાભાષ્ય- પસ્પશાહ્નિક). અર્થાત્- ત્યાં કહ્યું છે તેમ બૃહસ્પતિએ ઈન્દ્રની સામે એક હજાર દિવ્ય વર્ષ પર્યંત પ્રતિપદોક્ત શબ્દોનું પ્રવચન કર્યું હતું.*

**(1) વ્યાકરણશાસ્ત્રના પ્રથમ વક્તા બ્રહ્મા :**

*સંસ્કૃત વ્યાકરણપરંપરા મુજબ બધી જ વિદ્યાના આદિ પ્રવક્તા બ્રહ્માજી છે. ઉપરની ચર્ચા પરથી પણ તે સાબિત થાય છે. હ્યુનસાંગે પણ પોતાની ભ્રમણયાત્રાના વિવરણમાં બ્રહ્મદેવ કૃત વ્યાકરણનો નિર્દેશ કર્યો છે.(* हुएनयांग का भारतभ्रमण वृत्तान्त, पृष्ठ–१०६, पंक्ति-१४–१५,इण्डियनप्रेस, प्रयाग, सन्–१९२६) *તદુપરાંત પંડિત ભગવદ્દત્તજીએ* भारतवर्ष का बृहद इतिहास' *ગ્રંથમાં બ્રહ્માજી દ્વારા રચાયેલા વેદજ્ઞાન, બ્રહ્મજ્ઞાન, રસતંત્ર, વ્યાકરણ આદિ બાવીસ શાસ્ત્રોને સપ્રમાણ રજૂ કરે છે.*

**(2) દ્વિતીય પ્રવક્તા - બૃહસ્પતિ :**

*ઋક તંત્ર અનુસાર વ્યાકરણશાસ્ત્રના દ્વિતીય પ્રવક્તા બૃહસ્પતિ છે. અંગીરાના પુત્ર હોવાથી તેમને 'આંગિરસ'નામથી પણ ઓળખવામાં આવે છે. બ્રાહ્મણગ્રંથોમાં તેઓને દેવોના પુરોહિત કહ્યા છે.* 'बृहस्पतिर्वै देवानां पुरोहितः *'(ઐતરેય બ્રાહ્મણ-૮/૨૬).*

*દેવગુરુ બૃહસ્પતિને નામે 'છાંદોગ્ય ઉપનિષદ' માં સામગાનનો ઉલ્લેખ છે. તેમણે અર્થશાસ્ત્રની પણ રચના કરી હતી,જેનો વિસ્તાર ત્રણ હજાર અધ્યાય બતાવ્યો છે.* अध्यायानां सहस्रैस्तु त्रिभिरेव बृहस्पतिः ।' *(શાંતિપર્વ*-59/84). *અગાઉ જોઈ ગયા તેમ મહાભાષ્ય અનુસાર બૃહસ્પતિએ ઈન્દ્રને દિવ્ય સહસ્ર વર્ષ સુધી પ્રતિપદ વ્યાકરણનો ઉપદેશ આપ્યો હતો.*

*મહાભાષ્યકાર પતંજલિએ'* शब्दपारायणं प्रोवाच –व्याकरण-ग्रंथानाम्–शब्दपारायण' *લખ્યું છે. અર્થાત્ વ્યાકરણનું અન્યનામ 'શબ્દ પારાયણ'છે, ભતૃહરિએ પણ*

*મહાભાષ્યની વ્યાખ્યામાં લખ્યું છે કે'* शब्दपारायणं रूढ़िशब्दोऽयं  कस्याचिद्' *આના ઉપરથી સિદ્ધ થાય છે કે, બૃહસ્પતિના વ્યાકરણનું નામ 'શબ્દ પારાયણ'હતું.*

**(3) તૃતીય પ્રવક્તા - ઈન્દ્ર. :**

*ઈન્દ્રના સમય સુધી વ્યાકરણશાસ્ત્રનું સ્વરૂપ પ્રતિપદપાઠ સુધી જ સીમિત હતું. પણ પછી એ દરેક પદને સમજાવવામાં - એટલે કે પ્રતિપદપાઠમાં બહુ જ વિસ્તાર કે ગૌરવ થવા માંડયા, તેથી દેવોએ ઈન્દ્રનું આ બાબત તરફ ધ્યાન ખેંચ્યું. આથી ઈન્દ્રે વ્યાકરણશાસ્ત્રના સંક્ષેપ માટે પ્રકૃતિ અને પ્રત્યયની યોજના અપનાવી અને એ રીતે આમાં લાઘવ આણ્યું. આ રીતનો નિર્દેશ તૈત્તિરીયસંહિતામાં અને સાયણભાષ્યમાં જોવા મળે છે.* वाग्वै पराच्यव्याकृतावदत् । ते देवा इन्द्रमब्रुवन्मिमां नो वाचं व्याकुर्विति ।'... तामिन्द्रो मध्यतोऽवक्रम्य व्याकरोत् ।' *(તૈતિરીયસંહિતા-6/4/7)આના ઉપરનું સાયણ ભાષ્ય પણ જોવા યોગ્ય છે, જેમ* तामखण्डांवाचं मध्ये विच्छिद्य प्रकृतिप्रत्ययविभागं सर्वत्राकरोत्।(सायण ऋग्भाष्य; उपोदधात् पृ.२६). *ઈન્દ્રએ પ્રવર્તાવેલી પદોના પ્રકૃતિ-પ્રત્યયના વિભાજન દ્વારાશબ્દોપદેશની યોજનાનું અનુસરણએ પછીના અનેક આચાર્યોએ કર્યું છે જેઆજ સુધી ચાલ્યું આવે છે.*

**પાંચવ્યાકરણસંપ્રદાયો. :**

*પ્રકૃતિ-પ્રત્યયની યોજના ધરાવનાર આ સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રના કાલાન્તરે જુદા જુદા અનેક સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા. પંડિત યુધિષ્ઠિર મીમાંસક એમને મળેલા (કાશિકાવૃત્તિ-4/2/60) માંના એક પ્રમાણ ઉપરથી નોંધે છે કે "તે સમયે અર્થાત્ કાશિકાકારના સમયમાં વ્યાકરણના પાંચ સંપ્રદાયો અસ્તિત્વમાં હતા. આ પાંચ વ્યાકરણ સંપ્રદાયો ઐન્દ્ર, ચાન્દ્ર, પાણિનીય, કાશકૃત્સ્ન અને આપિશલ હોવાની તેઓ સંભાવના કરે છે.*

*કેટલાક વિદ્વાનો પંચ વ્યકરણનો અર્થ સૂત્રપાઠ, ધાતુપાઠ, ગણપાઠ, ઉણાદિપાઠ અને લિંગાનુંશાસન માને છે, તથા અન્ય કેટલાક વિદ્વાનો પદચ્છેદ, સમાસ, અનુવૃત્તિ, વૃત્તિ અને ઉદાહરણને માને છે. પરંતુ આ મતસર્વ સ્વીકૃત નથી.*

**આઠ વ્યાકરણ સંપ્રદાયો :**

*અર્વાચીન ગ્રંથકારો મુખ્યરૂપે આઠ વ્યાકરણ સંપ્રદાયો માને છે. જેનો ઉલ્લેખ અનેક ગ્રંથોમાં જોવા મળે છે. આચાર્ય બોપદેવ પોતાના 'કવિકલ્પદ્રુમ' ગ્રંથના પ્રારંભમાં નિમ્નોક્ત આઠ વૈયાકરણોનો ઉલ્લેખ કરે છે.*

**इन्द्रश्चन्द्रः काशकृत्स्नापिशली शाकटायन : ।**

**पाणिन्यमरजैनेन्द्राः जयन्त्वष्टादिशाब्दिकाः ॥ (કવિકલ્પદ્રુપ)**

*અર્થાત્ - ઐન્દ્ર, ચાન્દ્ર, કાશકૃત્સ્ન, આપિશલ, શાકટાયન, પાણિનિ, અમર અને જૈનેન્દ્ર આ આઠ વૈયાકરણો છે. ભોજવિરચિત 'સરસ્વતી કંઠાભરણ' ની પ્રાચીન ટીકામાં પણ 'આઠ વ્યાકરણ' નો સ્પષ્ટ ઉલ્લેખ છે.* सा च पाणिन्यादि अष्टव्याकरणोदित..... । *ત્યાર બાદ ભાસ્કરાચાર્ય પ્રણીત લીલાવતી ગ્રંથની હસ્તલેખીત*

*ગ્રંથના અંતમાં આઠ વ્યાકરણનો ઉલ્લેખ છે.* ''अष्टौ व्याकरणानि षट् च भिषजां...।''
*નિરુક્તના વૃત્તિકાર દુર્ગાચાર્ય એ પણ* व्याकरणमष्टप्रभेदम्' *એવો ઉલ્લેખ કર્યો છે.*

**નવ વ્યાકરણ સંપ્રદાયો. :**

*રામાયણના ઉત્તરકાંડ* (36/47)*માં નવ વ્યાકરણનો ઉલ્લેખ છે.* सोऽयं नवव्याकरणार्थवेत्त । *'ભાંડારકર રિસર્ચઈન્સ્ટિટ્યૂટ પૂનાના સંગ્રહમાં 'ગીતાસાર' નામક ગ્રંથની એક હસ્તપ્રતમાં નવ વ્યાકરણનો ઉલ્લેખ છે. જેમકે*

**"अष्टादश पुराणानि नव व्याकरणानि च ।**

**निर्मच्य चतुरो वेदान् मुनिना भारतं कृतम् ॥"**

*તદુપરાંત '* श्रातत्वविधि *'નામક વૈષ્ણવગ્રંથમાં નવ વ્યાકરણ સંપ્રદાયોનો ઉલ્લેખ છે.*

"**ऐन्दं चान्द्रं काशकृत्स्नं कौमारं शाकटायनम् ।**

**सारस्वतं चापिशलं शाकलं पाणिनीयकम् ॥"**

*અહી આપેલ શ્લોકમાંના નવ વૈયાકરણોના સંપ્રદાયોના નામમાં ઉપરોક્ત આઠ નામોમાંથી અમર અને જૈનેન્દ્ર એ બે નામો નથી,જ્યારે કૌમાર, સારસ્વત અને શાકલ એ ત્રણ વ્યાકરણસંપ્રદાયોનો ઉમેરો થાય છે.*

*આ બધા જ સંપ્રદાયોની કુલ સંખ્યા અગિયાર થાય છે. આચાર્ય પાણિનિએ પોતાના અષ્ટાધ્યાયી નામના ગ્રંથમાં પણ પોતાની પૂર્વે થઈ ગયેલા દશઆચાર્યોના નામનો ઉલ્લેખ કર્યો છે,જે આ મુજબ છે - આપિશલી,કાશ્યપ, ગાર્ગ્ય, ગાલવ, ચાક્વર્મણ,ભારદ્વાજ, શાકટાયન, શાકલ્ય, સનક અને સ્ફોટાયન. આ બધા પણ કોઈને કોઈ વ્યાકરણ ગ્રંથના કર્તા કે પછી કોઈ સંપ્રદાય સાથે જોડાયેલા હોવા જોઈએ.*

*આ રીતે વિવિધ સંપ્રદાયો દ્વારા વિસ્તાર પામતા વ્યાકરણશાસ્ત્રમાં કાલક્રમે અન્ય વ્યાકરણો જેવાકે કાતંત્ર,સરસ્વતીકંઠાભરણ,સિદ્ધહેમ,સંક્ષિપ્તસાર, મુગ્ધબોધ વગેરે જોડાયા.*

*સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રના ત્રણ વિભાગ :*

*આજ સુધી સંસ્કૃત સાહિત્યમાં જેટલા પણ વ્યાકરણ ગ્રંથો છે તેને ત્રણ વિભાગમાં વહેંચી શકાય.*

(1) *છાન્દસ (વૈદિક) માત્ર - પ્રાતિશાખ્યો વગેરે*

(2) *લૌકિક માત્ર - કાતંત્ર વગેરે*

(3) *લૌકિકઅને વૈદિક બંને - આપિશલ, પાણિનીય વ્યાકરણ વગેરે*

*આમાં લૌકિક વ્યાકરણના જેટલા પણ ગ્રંથો છે,તે બધા જ પાણિનિથી અર્વાચીન છે.*

*આમ પાણિનિએ વેદની અને લોકની ઉભય પ્રકારની સંસ્કૃત ભાષાનું એક સાથે વ્યાકરણ રચ્યું છે. વ્યાકરણસંપ્રદાયમાં સૌથી વધુ ખ્યાતિ 'પાણિનીય અષ્ટાવ્યાપી' ને*

*મળી છે, કારણ કે આ વ્યાકરણ સર્વાંગીણ, અનવદ્ય તથા લૌકિક અને વૈદિક એમ બંને પ્રકારના શબ્દોનું અનુશાસન પણ બતાવે છે. આ જ વ્યાકરણ એનાં અનુગામી વ્યાકરણ સંપ્રદાયો માટે પ્રેરકબળ તરીકે પણ નીવડ્યું છે. તેથી પાણિનીય વ્યાકરણને આજેય સર્વોત્તમ માનવામાં આવે છે. અને આજ પરંપરામાં મુખ્ય 'ત્રિમુનિ વ્યાકરણ'આવે છે,તેને જોઈશું.*

## 1.9 ત્રિમુનિ વ્યાકરણ

*ત્રિમુનિ વ્યાકરણની પ્રશંસા કરતો એક શ્લોક પ્રચલિત છે.*

**वाक्यकारं वररुचि भाष्यकारं पतंजलि ।**

**पाणिनि सूत्रकारं च मुनित्रयं नमोस्तुते ॥**

*અર્થાત્ - સૂત્રકાર પાણિનિ,વાક્યકાર (વાર્તિકકાર) વરરુચિ (કાત્યાયન) તથા ભાષ્યકાર પતંજલિ આ ત્રણેય મુનિઓને નમસ્કાર કરું છું.*

*મહર્ષિ પાણિનિએ વેદની અને લોકની સંસ્કૃત ભાષાનું એક સંપૂર્ણ અને દોષ રહિત એવું વ્યાકરણ રચ્યું છે. જેનો સમયગાળો ઈ. સ. પૂર્વે 500 થી 400 ની વચ્ચે મનાય છે. આ વ્યાકરણનું નામ 'અષ્ટાધ્યાયી'વ્યાકરણ છે. પાણિનિએ સૂત્રશૈલીમાં લગભગ 4000 સૂત્રોમાં આ વ્યાકરણની રચના કરી. પાણિનિ પછી લગભગ 150 થી 200 વર્ષ બાદ બીજા એક વૈયાકરણી થઈ ગયા. તેમનું નામ વરરુચિ (કાત્યાયન) હતું. તેમણે પાણિનિના સમય પછી ભાષામાં જે પરિવર્તનો આવ્યાં હશે,નવા નવા શબ્દો ઉમેરાયા હશે તે બધાનો અભ્યાસ કરીને પાણિનિના સૂત્રોની ઊણપ દૂર કરીને,તેને નવેસરથી પરિપૂર્ણ કરવા માટે નાનાં-નાનાંવાર્તિકોની રચના કરી. તેમના ગ્રંથનું નામ 'વાર્તિક પાઠ'છે. વર્તિકનું લક્ષણ છે -'*उक्तानुक्तदुरुक्तचिन्ताप्रवर्तकत्वं वार्तिकत्वम् । *'અર્થાત્ - પાણિનિના સૂત્રોમાં જે કહેવાયું હતું (*उक्त*), તેને વિશદ કરતાં કેટલાક વાર્તિકો તેમણે રચ્યાં છે,પછી પાણિનિના સૂત્રોમાં જે નહીં કહેવાયેલું (*अनुक्त*) હતું. ભાષાનાં નવા-નવાપરિવર્તનોને સમાવિષ્ટ કરતાં વાર્તિકો રચ્યાં છે,તથા પાણિનિનાં સૂત્રોમાં જે દૂષિત કહેવાયેલું (*दुरुक्त*) હતું તેને સુધારવા માટે પણ વાર્તિકોં રચ્યાં છે.*

*ત્યારબાદ શૃંગવંશના પુષ્યમિત્ર રાજાના સમયમાં ત્રીજા એક મોટા વૈયાકરણ થઈ ગયા,તે ભગવાન પતંજલિનો સમય ઈ. સ. 150 થી 200 ની વચ્ચે મનાય છે. તેમણે પાણિનિના સૂત્રો અને કાત્યાયનનાં વાર્તિકો ઉપર પોતાનો 'વ્યાકરણ મહાભાષ્ય'નામનો ગ્રંથ લખ્યો. તેમાં કુલ 85 આહ્નિકો છે. પતંજલિને સૂત્રકાર પાણિનિની રચના 'અષ્ટાધ્યાયી' માં અખૂટ શ્રદ્ધા હતી,તેમની દ્દષ્ટિએ પાણિનિના સૂત્રોમાં કશુંય અનર્થક નથી. તેમણે વાર્તિકકાર વરરુચિ (કાત્યાયન) ના ઘણાં વાર્તિકોનું મોટેભાગે ખંડન પણ કર્યું છે. આથી જ તો ગોલ્ડસ્ટુકરના મતે પતંજલિ પાણિનિના મિત્ર છે,પણ કાત્યાયનનાં દ્વેષી છે.*

*આમ પાણિનિના સૂત્રોનું વાર્તિકકાર વરરુચિએ ખંડન કર્યું અને વરરુચિના વાર્તિકોનું પતંજલિએ મહાભાષ્યમાં ખંડન કર્યું તથા પાણિનિના સૂત્રોનું મંડન કર્યું છે. સંસ્કૃત સાહિત્યમાં ખંડન-મંડનની પરંપરા સાહિત્યને સમૃદ્ધ બનાવે છે.*

*વાસ્તવિક રીતે જોતાં આ ત્રણેય મુનિની ખંડન-મંડન પરંપરાથી તથા તેમના સંયુક્ત પ્રયાસોથી સંસ્કૃત ભાષાનું જે વ્યાકરણ તૈયાર થયું છે તે સંપૂર્ણ,સમૃદ્ધ, અનવદ્ય છે. આથી જ પાણિનીય વ્યાકરણશાસ્ત્રને 'ત્રિમુનિ વ્યાકરણ'ના નામે ઓળખવામાં આવે છે. પહેલાં વૈયાકરણ મુનિ પાણિનિ કે જેમણે પોતાના 'અષ્ટાધ્યાયી'ગ્રંથમાં વ્યાકરણનાં સૂત્રો રચ્યાં. બીજા વૈયાકરણ મુનિ વરરુચિ (કાત્યાયન) કે જેમણે સૂત્રો ઉપર સુધારા-વધારા કરતાં વાર્તિકોની રચના કરી અને છેલ્લા ત્રીજા વૈયાકરણ મુનિ આવ્યા તે પતંજલિ,કે જેમણે સૂત્રો અને વાર્તિકો ઉપર વિશાળ અને ગંભીર ચર્ચા કરતા 'વ્યાકરણ મહાભાષ્ય' ગ્રંથની રચના કરી,જે નામ પ્રમાણે જ મહા-મોટું ભાષ્ય છે. ભારતીય સમાજ તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.*

*તથ્યોના આધારે એવું કહી શકાય કે પાણિનિનો સમય ઈ. સ. પૂર્વે* 550,*ત્યારબાદ* 150 *વર્ષ બાદ એટલે કે ઈ. સ. પૂર્વે* 350 *માં કાત્યાયન થયા હશે અને તેમના પછી* 150 *વર્ષ બાદ એટલે કે ઈ. સ. પૂર્વે* 150 *આજુબાજુ પતંજલિનો સમય હોઈ શકે.*

## 1.10 સૂત્રકાર પાણિનિનું જીવન,સમય અને કૃતિઓ

येनाक्षरसमाम्नायमधिगम्य महेश्वरात् ।

कृत्स्नं व्याकरणं प्रोक्तं तस्मै पाणिनये नमः ॥

येन धौता गिरः पुंसां विमलैः शब्दवारिभि ।

तमश्चाज्ञानजं भिन्नं तस्मै पाणिनये नमः ॥ (पाणिनीयशिक्षा –५७-५८)

**જીવન :**

*સંસ્કૃત ભાષાનું સંપૂર્ણ,અનવદ્ય અને લાઘવપૂર્ણ સૂત્ર શૈલીમાં વ્યાકરણ રજૂ કરવાનો યશ મહર્ષિ પાણિનિને આપવામાં આવે છે. આવા મહાન વૈયાકરણીના વ્યક્તિગત જીવન વિશે કશી આધારભૂત માહિતી મળતી નથી,આથી લોકમાં એમના વિશેની પ્રચલિત કિંવદન્તીઓ પ્રચલિત છે. પરંપરાથી એવી કથા પ્રચલિત છે કે તાંડવનૃત્ય કરી રહેલા ભગવાન શંકરે નૃત્ય પૂરું થવા આવ્યું ત્યારે ચૌદવાર પોતાનું ડમરું વગાડ્યું. એમાંથી જે ધ્વનિઓ નિકળ્યા તે સાંભળીને પાણિનિએ* अइउण् ... *વગેરે 'માહેશ્વર સૂત્રો' ની રચના કરી. પાણિનિનું એક નામ 'શાલાતુરીય'છે. તેના વિશે 'ગણરત્નમહોદધિ' માં લખે છે કે - પાણિનિ શલાતુર ગામમાં જન્મ્યા હતા,જે અત્યારે હાલના પાકિસ્તાન દેશના ખૈબર પખ્તુનવાન પ્રાંતના સ્વાબિ જીલ્લામાં આવેલું છે.*

**પાણિનિના અન્ય નામો :**

*'ત્રિકાંડશેષ'માં પુરુષોત્તમદેવે પાણિનિના છ નામો સૂચવ્યા છે.* (1) पाणिन (2) पाणिनि (3) दाक्षीपुत्र (4) शालङ्कि (5) शालातुरीय (6) आहिक. *આ ઉપરાંત અન્ય બે નામો*(7) पाणिनेय *અને* (8) पणिपुत्र *પણ જોવા મળે છે। ઉપરોક્ત પ્રથમ બે નામો* (1) पाणिन *અને* (2) पाणिनि *બે ગોત્ર નામ માલૂમ પડે છે,ત્રીજું* (3) दाक्षीपुत्र *નામ માતાના નામ ઉપરથી, ચોથું* (4) शालङ्कि *પિતાના નામ ઉપરથી,પાંચમું* (5) शालातुरीय *જન્મસ્થળ ના નામ ઉપરથી જ્યારે છઠ્ઠું* (6) आहिक *તેમનુંપોતાનું નામ છે. આમ*

*પાણિનિનું મૂળ નામ 'આહિક'છે પિતાના નામ શાલંકી અને માતાનું નામ દાક્ષી માલૂમ પડે છે.*

**સમય :**

*વૈયાકરણી પાણિનિનો સમય વિવાદાસ્પદ છે. તેમ છતાં તથ્યો જોઈએ*'आर्यमञ्जुश्रीमूलकल्प' *'માં લખ્યું છે કે* 'तस्याप्यन्यतमः सख्यः पाणिनिर्नाम माणवः *'અર્થાત્ મહારાજ નંદનો મિત્ર એક પાણિનિનામનો માણસ હતો. '* कथासरित्सागर*'માં પાણિનિને મહારાજનંદના સમકાલીન કહ્યા છે,ઉપરોક્ત બંને સંદર્ભોના અનુસંધાને કહી શકાય કે પાણિનિ ઈ. સ. પૂર્વે 400 આજુબાજુમાં થઈ ગયા હશે.*

*પાણિનિએ 'અષ્ટાધ્યાયી' માં* 'कुमारः श्रमणादिभिः । (२-१-७०) *એવું એક સૂત્ર મૂક્યું છે. આમાં મૂકેલો'* श्रमण*'શબ્દ બૌદ્ધ સાધુ માટે વપરાતો હતો. બુદ્ધનો સમય જોઈ. સ. પૂર્વે 600 મૂકીએ તો 'શ્રમણ'શબ્દનો પ્રચાર થતાં 200 વર્ષ ગયા હશે એમ અનુમાનીને,આ વિદ્વાનો કહે છે કે પાણિનિ ઈ. સ. પૂર્વે 400 માં થઈ ગયા હશે.*

*પાણિનિ એ*'यवन *'શબ્દ પણ કહ્યો છે. જેમકે* इन्द्र - वरुण - भव - शर्व - रुद्र - मूड - यव - यवन - मातुलाचार्याणाम् आनुक' । (४-१-४९).*આ 'યવન' શબ્દ સિકન્દરના ભારત આક્રમણ (ઈ. સ. પૂર્વે - ૩૨૪) પછી ભારતમાં પ્રચલિત થયો છે. આથી પાણિનિ આ સમયના પછીના સમયમાં થઈ ગયા હશે.*

*ઉપરોક્ત મતોનો પ્રતિવાદ પણ કરવામાં આવ્યો છે. કારણકે ગૌતમ બુદ્ધના સમયની પણ પૂર્વે 'શતપથ બ્રાહ્મણ'ગ્રંથમાં'સંન્યાસી' અર્થમાં શ્રમણ શબ્દનો પ્રયોગ થયેલો જોવા મળે છે.* अत्रपिता अपिता भवति..... देवा अदेवाः, श्रमणोऽश्रमणः...इति । *બીજું કે સિકન્દરના આક્રમણની પણ પૂર્વે ભારતીયો 'યવનો'થી અને'યવન'શબ્દથી પરિચિત હતા. મહાભારતમાં પણ યવન સૈનિકો સાથે યુદ્ધ થવાનો ઉલ્લેખ છે. (સભા પર્વ,31-73 અને ઉદ્યોગ પર્વ,19-21,22). ભગવાન શ્રીકૃષ્ણે પણ 'કાલયવન'નામના રાક્ષસને માર્યો હતો. પંડિત શ્રી યુધિષ્ઠિર મીમાંસકજીનો મત છે કે પ્રાચીન ભારતકાળમાં યવનો ભારતના સરહદી પ્રાંતોમાં જ રહેતા હતાઅને પછીથી યૂનાન-ગ્રીસ તરફ ગયા છે. ડૉ. આર. જી.ભાંડારકર અને પ્રોફે. ગોલ્ડસ્ટુકરે પાણિનિનો સમય ઇ. સ. પૂર્વે 700 માન્યો છે. શ્રી વાસુદેવશરણ અગ્રવાલપણ'* पाणिनीयकालीन भारतवर्ष' *નામના ગ્રંથમાં પાણિનિએ ઇ. સ. પૂર્વે 440 થી 430 માં 'અષ્ટાધ્યાયી'ની રચના કરી હશે તેવું માને છે. શ્રી યુધિષ્ઠિર મીમાંસકે પાણિનિનો સમય વિક્રમ સંવત્પૂર્વે 2900 (અર્થાત્ ઈ. સ. પૂર્વે,2957)માં માન્યો છે.*

**મૃત્યુ :**

*'પંચતંત્ર'ના એક શ્લોક મુજબ સિંહે વ્યાકરણના કર્તા પાણિનિના પ્રાણ હરી લીધા, મીમાંસાના કર્તા જૈમિનિને હાથીએ મારી નાંખ્યા તથા છંદશાસ્ત્રના કર્તા પિંગળને મગરે મારી નાંખ્યા.*

**सिंहो व्याकरणस्य कर्तुरहरत्प्राणान् प्रियान् पाणिनेः**
**मीमांसाकृतमुन्ममाथ सहसा हस्ती मुनिं जैमिनिम्।**
**छन्दोज्ञाननिधिं जघान मकरो वेलातटम्पिङ्गलम्**
**अज्ञानावृत्तचेतसामतिरुषां कोऽर्थस्तरश्चां गुणैः॥ (પંચતંત્ર = 2/36)**

**અનુવાદ-** *સિંહે વ્યાકરણના નિર્માતા પાણિનિના પ્રિય પ્રાણોને નષ્ટ કર્યા. (અર્થાત્ મારી નાંખ્યા) અને મીમાંસાના રચયિતા જૈમિનિ મુનિને સહજ હાથીએ મારી નાંખ્યા તથા છંદશાસ્ત્રના જ્ઞાતા પિંગલ ઋષિને નદી કિનારે મગર ખાઈ ગયો. અજ્ઞાનથી આવૃત્ત ચિત્તવાળા અતિ ક્રોધી હિંસક પ્રાણીઓને ગુણોથી શું પ્રયોજન?*

*એક કિંવદન્તિ અનુસાર પાણિનિનું મૃત્યુ તેરસના દિવસે થયું હતું,પરંતુ માસ અને પક્ષની નિશ્ચિતતા ન હોવાને કારણે પાણિનીય વ્યાકરણ ભણતા અને ભણાવતા વૈયાકરણીઓ મહિનાની બંને પક્ષની તેરસના દિવસે અનધ્યાય કરતા. આ પરંપરા કાશી તથા ભારતના અન્ય પારંપરિક વ્યાકરણ શીખવતા સ્થાનોએ અત્યારે પણ ચાલુ છે.*

**કૃતિઓ :**

(1) *અષ્ટાધ્યાયી - જેમાં આઠ અધ્યાય અને લગભગ* 4000 *સૂત્રો છે.*

(2) *ધાતુપાઠ - આ દશ ગણોમાં વિભક્ત છે. અને લગભગ* 2000 *ધાતુઓ છે.*

(3) *ગણપાઠ - સૂત્રપઠિત ગણોનો પાઠ.*

(4) *લિંગાનુશાસન - લિંગ નિર્ધારણ વિષય.*

(5) *જામ્બવતી વિજય(પાતાલવિજય)મહાકાવ્ય-(આ ગ્રંથ આજે અપ્રાપ્ય છે.)*

*રાજશેખરે જહલણની સૂક્તિમુક્તાવલીમાં લખ્યું છે કે.*

'नमः पाणिनये तस्मै यस्मादाविर भूदिह ।
आदौ व्याकरणं काव्यमनु जाम्बवतीजयम् ॥'

### 1.10.1 'અષ્ટાધ્યાયી'વ્યાકરણ

*આચાર્ય પાણિનિ દ્વારા રચાયેલ 'અષ્ટાવ્યાયી'ગ્રંથને માનવમસ્તિષ્કની અનુપમ કૃતિ કહેવાય છે. પાણિનિ અને અષ્ટાધ્યાયીની પ્રશંસા કરતાં ભાષ્યકાર પતંજલિ લખે છે કે-* प्रमाणभूत आचार्यो दर्भपवित्रपाणिः शुचावकाशे प्राङ्मुख उपविश्य महता यत्नेन सूत्रं प्रणयति स्म,तत्राशक्यं वर्णेनापि अनर्थकेन भवितुं, किं पुनश्चिता सूत्रेण ॥ (*મહાભાષ્ય,*1-1-1*) અર્થાત્ - દર્ભપવિત્રપાણિ પ્રામાણિક આચાર્યએ શુદ્ધ એકાન્ત સ્થાનમાં પ્રાઙ્મુખ બેસીને એકાગ્રચિત્ત થઈને બહુ જ પ્રયત્નપૂર્વક સૂત્રોનું પ્રણયન (પ્રકરણ વિશેષ) સ્થાપન કર્યું છે. તેથી તેમાં એક પણ વર્ણ અનર્થક ન હોઈ શકે, આટલા મોટા સૂત્રના આનર્થક્યનું તો શું કહેવું ?*

*જયાદિત્ય'* उदक् च विपाशः' *(અષ્ટાધ્યાયી,4/2/74) સૂત્રની વૃત્તિમાં લખે છે કે -* महती सूक्ष्मेक्षिका वर्तते सूत्रकारस्य । *'અર્થાત્ - સૂત્રકારની દૃષ્ટિ બહુ જ સૂક્ષ્મ છે. તે સાધારણ એવા સ્વરની પણ ઉપેક્ષા નથી કરતા.*

*પાણિનીય શાસ્ત્રના ચાર નામ ઉપલબ્ધ છે. જેમકે અષ્ટક, અષ્ટાધ્યાયી, શબ્દાનુશાસન અને વૃત્તિસૂત્ર.*

*'અષ્ટાધ્યાયી' સૂત્રશૈલીમાં લખાયેલ ગ્રંથ છે. તેમાં કુલ 3978 સૂત્રો આવેલા છે. આ સૂત્રોને આઠ અધ્યાયમાં વહેંચવામાં આવ્યા છે તથા દરેક અધ્યાય ચાર પાદમાં વિભક્તછે. (આમ અષ્ટાધ્યાયીમાં 8×4=32 પાદ આવેલા છે.) આ ગ્રંથ આઠ અધ્યાયમાં વહેંચાયેલો હોવાથી તેને 'અષ્ટક'કે 'અષ્ટાધ્યાયી'ગ્રંથ કહ્યો છે.*

*પ્રાચીન યુગમાંયાદ રાખવામાં સરળતા રહે એટલા માટે શાસ્ત્રગ્રંથને પદ્યબદ્ધ કે સૂત્રબદ્ધ કરવામાં આવતા હતા. કોઈ સૂત્રમાં અર્થની કે અન્ય પ્રકારની ક્ષતિ ન રહી જાય તેથી 'સૂત્ર'ની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે.*

**स्वल्पाक्षरमसंदिग्धं सारवत् विश्वतोमुखम् ।**

**अस्तोभमनवद्यं च सूत्रम् सूत्रविदो विदुः ॥**

**अर्थात्** - *સૂત્ર ઓછા અક્ષરોમાં નિબદ્ધ હોય છે,સંદિગ્ધ (અસ્પષ્ટ) નથી, સારરૂપે છે તથા વિશ્વતોમુખ બધા વિષયોને આવરી લે છે.*

**સૂત્રોના પ્રકાર :**

*પાણિનિએ છ પ્રકારના સૂત્રો રચ્યાં છે.*

**संज्ञा च परिभाषा च विधिर्नियम एव च ।**

**अतिदेशोऽधिकारश्च षड्विधं सूत्रमुच्यते ॥**

(1) *સંજ્ઞાસૂત્રો* (2) *પરિભાષાસૂત્રો* (3) *વિધિસૂત્રો* (4) *નિયમસૂત્રો* (5) *અતિદેશસૂત્રો અને* (6) *અધિકારસૂત્રો આ છ પ્રકારના સૂત્રો છે.*

**(1) સંજ્ઞાસૂત્રો** - संज्ञासंज्ञिसम्बन्धं बोधकं सूत्रम् संज्ञासूत्रम् । *જેમકે* वृद्धिरादैश्च । *આમાં અન્વર્થ કે પારિભાષિક સંજ્ઞાઓ બતાવવામાં આવી છે. દા.ત. = સર્વનામ,કર્તા,કરણ, ટિ,ઘુ, ભ, નદી, ગુણ, વૃદ્ધિ, સવર્ણ વગેરે.*

**(2) પરિભાષાસૂત્રો** - अव्यवस्थायां व्यवस्थापादकं सूत्रम् परिभाषासूत्रम् । *જેમકે* तस्मिन्निति निर्दिष्टे पूर्वस्य । *'અષ્ટાધ્યાયી' ના અન્ય સૂત્રોનો અર્થ કરવામાં ઉપયોગી થાય છે. એટલે કે તે 'સૂત્ર માટેનાં સૂત્ર' છે.*

**(3) વિધિસૂત્રો** - आदेशादिविधायकं सूत्रम्विधिसूत्रम् । *જેમકે* -इको यणचि । *કઈ પ્રકૃતિને કયો પ્રત્યય લાગે છે,તથા પ્રકૃતિ+પ્રત્યયના યોગ દરમ્યાન કયા ધ્વન્યાત્મક ફેરફાર વગેરે કરવાના છે તે બતાવે છે. આમ વ્યાકરણની પ્રક્રિયાનું આ સૂત્રોમાં પ્રદર્શન કરવામાં આવે છે.*

**(4) નિયમસૂત્રો**- प्राप्तस्य विधेर्नियामकं सूत्रम्नियमसूत्रम् । *જેમકે* - पतिः समान एव। *અમુક વિધિનું ફલક સીમિત (મર્યાદિત)આ સૂત્રો દ્વારા કરાય છે.*

**(5) અતિદેશસૂત્રો** -अतस्मिन् तद्धर्माडडपादकं सूत्रम्अतिदेशसूत्रम् । *જેમકે* – गोतो णित्। *અમુક વિધિનું કાર્યફલક વિસ્તૃત કરનારાં છે. બીજા શબ્દોમાં કહીએ તો,અમુક ધર્મનો અન્યત્ર આરોપ કરનારા સૂત્રોને અતિદેશસૂત્ર કહે છે.*

**(6) અધિકારસૂત્રો** - उत्तरोत्तर स्वार्थसमर्थकं सूत्रम्अधिकारसूत्रम् । *જેમકે*- पूर्वत्रासिद्धम् । *એક સમગ્ર પાદ કે અધ્યાય સુધી અનુવૃત્ત થનારા ચોક્કસ વિષય, પ્રકરણ સૂચવનારા સૂત્રો અધિકારસૂત્રો છે.*

### 1.10.2 'અષ્ટાધ્યાયી'ની વિષયવ્યવસ્થા

*અષ્ટાધ્યાયીમાં તેના નામ પ્રમાણે આઠ અધ્યાય છે. તેમાં પ્રથમ અધ્યાયમાં કેટલાંક સંજ્ઞાસૂત્રો અને પરિભાષાસૂત્રો આવેલાં છે. બીજા અધ્યાયમાં વાક્યરચનાના નિયમો આપવામાં આવ્યા છે. એટલે કે કર્મ,કરણ,સંપ્રદાન,અપાદાન વગેરે કારક સંજ્ઞાઓને આધારે દ્વિતીયાવિભક્તિ કે તૃતીયા વિભક્તિ કયાં, ક્યારે લગાડવી તેનું વિધાન સમજાવતા સૂત્રો આવેલાં છે. તથા વિવિધ સમાસ શીખવતાં સૂત્રો છે. ત્રીજા અધ્યાયમાં ક્રિયાવાચક ધાતુને લગાવવામાં આવતા* तिङ् *અને* कृत् *પ્રત્યયોનું નિરૂપણ છે. ચોથા અને પાંચમા અધ્યાયોમાં એક નામ ઉપરથી અન્ય નામ બતાવનારા તદ્ધિત પ્રત્યયોનું વર્ણન છે. છઠ્ઠા અને સાતમા અધ્યાયમાં પ્રકૃતિ (નામ કે ધાતુ) + પ્રત્યયનો યોગ કર્યા પછી થતા ધ્વન્યાત્મક ફેરફારની વાત છે. અમુક શબ્દના સ્વરૂપ કે અમુક વર્ણને ખસેડીને તેના સ્થાને કયો નવો શબ્દ કે વર્ણ આદેશ રૂપે મૂકવો? તેવી રૂપાખ્યાનની પ્રક્રિયાનું ત્યાં વર્ણન કરવામાં આવ્યું છે. આઠમા અધ્યાયમાં સન્ધિવિષયક સૂત્રો રજૂ કરવામાં આવ્યા છે. આમ'અષ્ટાધ્યાયી' માં પ્રથમ વાક્યવિન્યાસ* (syntax),*પછી નામ અને ક્રિયાપદનું રૂપાખ્યાન (ઁર્ઁર્ઁહ્ઝ્ઞઅ)અને અન્તે સન્ધિ* (Morphophonemics)*અંગેનાં સૂત્રો આવેલાં છે.*

*પાણિનીય 'અષ્ટાધ્યાયી' માં મુખ્યત્વે જે જે અંગોનો સમાવેશ થયેલ છે,તે આ પ્રમાણે છે.*

(1) *ચૌદ માહેશ્વર સૂત્રો* - अइउण् *વગેરે ચૌદસૂત્રોમાં સંસ્કૃત ભાષાના શિષ્ટમાન્ય એવા સ્વર અને વ્યંજનોનો પરિચય કરવામાં આવ્યો છે.*

(2) *અષ્ટાધ્યાયી સૂત્રપાઠ - જેમાં વ્યાકરણનાં મૂળ સૂત્રો છે.*

(3) *ગણપાઠ - જેમાં અમુક નિયમિતતા અને અનિયમિતતાવાળા શબ્દસમૂહોની યાદી.*

(4) *ધાતુપાઠ - આમાં ક્રિયાવાચક મૂળ પ્રકૃતિઓ એટલે કે ધાતુઓનેદશ ગણમાં પૃથક કૃત કરવામાં આવેલ સમૂહોની યાદી આપવામાં આવી છે.*

*આમાં પરંપરાથી ચૌદ માહેશ્વર સૂત્રોના પ્રણેતા ભગવાન મહેશ્વર શંકર માનવામાં આવ્યા છે અને બાકીના ત્રણનું કર્તવ્ય પાણિનિનું મનાય છે.*

## 1.11 વાર્તિકકારકાત્યાયન

*સૂત્રકાર પાણિનિના (ઇ. સ. પૂર્વે પાંચમી થી ચોથી સદી) સમય પછી લગભગ* 150 *વર્ષે કાત્યાયન નામના વૈયાકરણ થઈ ગયા. પુરુષોત્તમદેવે પોતાના ત્રિકાંડશેષ કોષમાં કાત્યાયનના* (1) *કાત્ય* (2) *કાત્યાયન* (3) *પુનર્વસુ* (4) *મેધાજિત્અને* (5) *વરરુચિ તદ્ઉપરાંત અન્ય દશ નામોનો અન્ય ગ્રંથોમાં ઉલ્લેખ જોવા મળે છે. તેમાં સૌથી પ્રખ્યાત નામ કાત્યાયન અને વરરુચિ છે. કાત્યાયનનોજન્મ કૌશાંબીમાં થયો મનાય છે. તેમના પિતાનું નામ સોમદત્ત અને માતાનું નામ વસુદત્તા હતું.*

*સમયની સાથે ભાષામાં જે પરિવર્તનો થયા હશે કે નવા શબ્દો પ્રચારમાં આવ્યા હશે તે દરેકને પાણિનિના વ્યાકરણમાં નોંધવાની અને સમાવવાની જરૂર ઊભી થઈ હતી. આથી, તેમણે પાણિનિનાં સૂત્રો ઉપર 'વાર્તિક' લખ્યાં છે. આવાં વાર્તિકોની સંખ્યા ખૂબ જ છે. 'મહાભાષ્ય'માં પ્રાપ્ત થતાં વાર્તિકોની સંખ્યા લગભગ ૪૩૯૩ જેટલી છે. વાર્તિકનું લક્ષણ પરાશર પુરાણમાં આ પ્રમાણે આપેલ છે.*

**उक्तानुक्तदुरुक्तानां चिन्ता यत्र प्रवर्तते ।**

**तं ग्रंथं वार्तिकं प्राहुर्वार्तिकज्ञा मनीषीणः ॥ (પરાશરપુરાણ-3-18)**

*અર્થાત્ - સૂત્રના અર્થને કે ભાવને સ્પષ્ટ કરવા જે વાર્તિકો રચાયા તે ઉક્ત ચિંતા પ્રવર્તક વાર્તિકો કહેવાયા. જે સમય અને સંજોગો પ્રમાણે પરિવર્તનો થયા હોય,પરંતુ અષ્ટાધ્યાયીમાં કંઈજ ઉલ્લેખ ન હોય તેમ છતાં જરૂરી છે તેવા વાર્તિકો અનુક્ત ચિંતા પ્રવર્તક કહેવાયા અને કાત્યાયનની દ્રષ્ટિએ અષ્ટાધ્યાયીમાં કેટલાંક સૂત્રો ક્ષતિવાળા લાગતાં,તેને દૂર કરવા યોગ્ય નથી. પરંતુ યોગ્ય નિર્દેશ કરવો જરૂરી હોય તેવા વાર્તિકો દુરક્ત ચિંતા પ્રવર્તક કહેવાયા. વાર્તિકજ્ઞવિદ્વાનો તે ગ્રંથને વાર્તિકગ્રંથ કહે છે.*

*પાણિનિના સૂત્રો ઉપર વાર્તિકો લખનાર અનેક વિદ્વાનો થઈ ગયા પરંતુ તેમાં સૌથી વધુ પ્રચલિત કાત્યાયન જ છે.*

## 1.12 ભાષ્યકાર પતંજલિ

*વાર્તિકકાર કાત્યાયનના સમય (એટલે કે ઈ. સ. પૂર્વે* 150 *થી* 200*) પછી પતંજલિ નામના ત્રીજા વૈયાકરણી થઈ ગયા. તેમણે પાણિનિનાં સૂત્રો અને કાત્યાયનનાં વાર્તિકો ઉપર 'વ્યાકરણ મહાભાષ્ય'ની રચના કરી.*

*પતંજલિના જીવન વિશે કશી આધારભૂત માહિતી મળતી નથી. પરંતુ પરંપરાથી તેમને શેષના અવતાર મનાય છે. તેમના શેષરાજ,શેષાહિ,નાગનાથ, ચૂર્ણિકાર,પદકાર,ગોણિકાપુત્ર અને ગોનદીય એવા નામોલ્લેખ પણ મળે છે. ભાષ્યકાર પતંજલિ શૃંગવંશના પુષ્પમિત્રના સમયમાં થઈ ગયા હોય તેમ મનાય છે. કેમકે તેમના મહાભાષ્યમાં'* पुष्पमित्रं याजयामः । (૩/૧/૧૨૩) *એવું ઉદાહરણ જોવા મળે છે,આમ અશોક અને તે પછી મૌર્યયુગના સમયમાં પતંજલિ થઈ ગયા હશે તેમ મનાય છે.*

*પતંજલિનું જન્મ સ્થળ ગોનર્દ પ્રદેશ (ગોંડ) મનાય છે. તેમની માતા ગોણિકા મહાસતીહતા, તેવું* उभयथा गोणिकापुत्रः' *(મહાભાષ્ય* - 1-4-51) *ભાષ્ય દ્વારા જાણવા મળે છે.*

*કેટલાક વિદ્વાનો યોગસૂત્રકાર પતંજલિ,ચરકસંહિતાના પ્રતિ સંસ્કર્તા પતંજલિ અને વ્યાકરણ મહાભાષ્યકારપતંજલિને એક માને છે. જેમકે-*

**पातञ्जलमहाभाष्य चरकप्रतिसंस्कृतः ।**

**मनोवाक्कायदोषाणा हन्त्रेऽहिपतये नमः ॥ તેમજ**

**योगेन चित्तस्य पदेन वाचां मलं शरीरस्य च वैद्यकेन ।**

**योऽपाकरोतं प्रवरं मुनीनां पतञ्जलिं प्राञ्जलिरानतोऽस्मि॥**

*પરંતુ સાક્ષ્યોના આધારે પરીક્ષણ કરતાં વિદ્વાનો આ ત્રણેયને અલગ-અલગ માને છે.*

**વ્યાકરણ મહાભાષ્ય :**

*પતંજલિએ પોતાના 'વ્યાકરણ મહાભાષ્ય'માં કુલ* 85 *આહિનકો રચ્યાં છે,અથવા તો એવું કહી શકાય છે અત્યારે* 85 *અહિનકો પ્રાપ્ત થાય છે,બીજા કાલગ્રસ્ત થયા હશે. આ આહિનકોમાં પાણિનિનાં કુલ* 3978*સૂત્રોમાંથી* 1228 *સૂત્રો ઉપર ભાષ્ય લખ્યું છે. આ સૂત્રોની ચર્ચા કરતી વખતે વચ્ચે-વચ્ચે તેમણે કાત્યાયનનાં લગભગ* 4393 *જેટલાં વાર્તિકોની ચર્ચા કરી છે. વાર્તિકકારે ઘણે સ્થળે પાણિનિનાં સૂત્રોમાં ફેરફાર સૂચવ્યા છે,ઉમેરા કર્યા છે, અથવા તો સમગ્ર સૂત્રનું ખંડન કરવાનો પ્રયત્ન કર્યો છે,પરંતુ ભાષ્યકાર પતંજલિએ આવો દષ્ટિકોણ રાખ્યો નથી. તેઓ ઘણે સ્થળે જણાવે છે કે મૂળ સૂત્રકારે જે સૂત્ર રચ્યું છે તે ઉચિત છે. આમ પતંજલિ પોતાના મહાભાષ્યમાં મોટેભાગે કાત્યાયનના વાર્તિકોનું ખંડન કરે છે અને પતંજલિના સૂત્રોનું મંડન (સમર્થન દઢિકરણ) કરે છે.*

*આમ પતંજલિ મહાભાષ્યનો સૂક્ષ્મ અભ્યાસ કરતાં જણાય છે કેઆ આચાર્યો એકબીજાના વિરોધી નથી. પરંતુ વાસ્તવમાં તો તે સંસ્કૃત વ્યાકરણને સુવ્યવસ્થિત,સુદઢ અને સંપૂર્ણ કરવામાં ત્રણેય આચાર્યોનો (ત્રિમુનિનો) અમૂલ્ય ફાળો છે. આમ આ'* त्रिमुनिव्याकरणम् *'દ્વારા સંસ્કૃત વ્યાકરણ સર્વાંગી બને છે.*

*આમ વ્યાકરણના આદિમૂળનીઉત્પત્તિ, પ્રયોજન અને વ્યાકરણશાસ્ત્રની પરંપરાઓ સંપ્રદાયો તથા વ્યાકરણશાસ્ત્રરૂપી આકાશમાં ત્રણ તેજસ્વી તારલા સમાન પાણિનિ, કાત્યાયન અને પતંજલિ વિશે ઉપરોક્ત એકમમાં સંપૂર્ણ માહિતી મળે છે. જે જાણીને ધન્યતા અનુભવાય છે.*

## 1.13 તમારી પ્રગતિ ચકાસો

*નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.*

(1) *વ્યાકરણને વેદ પુરુષનું કયું અંગ મનાય છે?*

(A) *નાક* (B) *આંખ* (C) *મુખ* (D) *કાન*

(2) વેદાંગો કેટલા છે?

(A) 4 (B) 6 (C) 8 (D) 10

(3) વ્યાકરણશાસ્ત્રના પ્રથમ વક્તા કોને માનવામાં આવે છે?

(A) ઈન્દ્ર (B) વરુણ (C) બૃહસ્પતિ (D) બ્રહ્મા

(4) પાણિનિના ગ્રંથનું નામ જણાવો?

(A)અષ્ટાધ્યાયી (B) દશાધ્યાયી (C) મહાભાષ્ય (D) વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી

(5) ભાષ્યકાર તરીકે કોણ ઓળખાય છે?

(A)બૃહસ્પતિ (B) પતંજલિ (C) પાણિનિ (D)કાત્યાયન

(6) માહેશ્વર સૂત્રો કેટલા છે?

(A) દશ (B) બાર (C) ચૌદ (D) સોળ

(7) વરરુચી એ કોનું પર્યાયવાચી નામ છે?

(A)પાણિનિ (B) પતંજલિ (C)યાસ્ક (D)કાત્યાયન

(8) અષ્ટાધ્યાયીમાં કેટલા સૂત્રો છે ?

(A) 3469 (B) 3696 (C) 3996 (D) 3530

(9) इको यणचि એ કેવા પ્રકારનું સૂત્ર છે ?

(A) વિધિસૂત્ર (B) નિયમસૂત્ર (C) સંજ્ઞાસૂત્ર (D) અધિકારસૂત્ર

(10) 'વ્યાકરણ મહાભાષ્ય'માં કુલ કેટલા આહ્નિકો છે ?

(A) 75 (B) 85 (C) 95 (D) 105

**નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો.**

1. વેદાંગો કેટલા છે?કયા કયા?

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

2. વેદ પુરુષના કેટલા અંગો છે? તથા તેઅંગને કયું શાસ્ત્ર માનવામાં આવે છે?

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

3. ત્રિમુનિ વ્યાકરણમાં કયા ત્રણ મુનિઓનો સમાવેશ થાય છે?

______________________________
______________________________

4. પાણિનિના ગ્રંથનું નામ જણાવો, તેના કેટલા અધ્યાયો છે તે જણાવો?

5. પાણિનિએ કેટલા પ્રકારના સૂત્રો રચ્યા છે ? કયા કયા?

**નીચે આપેલ ટૂંકનોંધ લખો.**

1. વ્યાકરણના આદિમૂળ વિશે માહિતી આપો.
2. વ્યાકરણશાસ્ત્રની ઉત્પત્તિ વિશે જણાવો.
3. વ્યાકરણ-વેદાંગ વિશે માહિતી આપો.
4. આઠ વ્યાકરણ સંપ્રદાયો વિશે લખો.
5. પાણિનિના જીવન તેમજ અન્ય નામો વિશે માહિતી આપો.
6. પાણિનિનાસમય વિશે માહિતી આપો.
7. સૂત્રોના છ પ્રકાર વિશે લખો.
8. 'અષ્ટાધ્યાયી'ની વિષય વ્યવસ્થા વિશે લખો.
9. વાર્તિકકાર કાત્યાયન
10. ભાષ્યકાર પતંજલિ
11. વ્યાકરણ મહાભાષ્ય

**નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો.**

1. વ્યાકરણના અધ્યયનનું પ્રયોજન સવિસ્તર સમજાવો.

2. સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રની પરંપરાઓ અને સંપ્રદાયો વિશે જણાવો.

3. *ત્રિમુનિ વ્યાકરણ વિશે સવિસ્તર માહિતી આપો.*

4. *સૂત્રકાર પાણિનિના જીવન, સમય અને કૃતિઓ વિશે લખો.*

5. *'અષ્ટાધ્યાયી'વ્યાકરણ અને તેની વિષય વ્યવસ્થા વિશે જણાવો.*

6. *વાર્તિકકાર કાત્યાયન અને ભાષ્યકાર પતંજલિ વિશે માહિતી આપો.*

**લેખક : ડૉ. વૈશાલી બેન પટેલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ,**
**હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.**

## એકમ : 2 : વ્યાકરણશાસ્ત્રમાં પ્રક્રિયા ગ્રંથો

### રૂપરેખા


**2.0 હેતુઓ**

**2.1 પ્રસ્તાવના**

**2.2 વ્યાકરણશાસ્ત્રમાં પ્રક્રિયા ગ્રંથો**

- **'સૂત્ર' ની સમજૂતી**

**2.3 પાણિનીય વ્યાકરણશાસ્ત્રના ત્રણ પ્રવાહો**

**2.4 શબ્દસિદ્ધ કરનાર ગ્રંથો (રૂપાખ્યાન-Morphology)**

**ક. વૃત્તિગ્રંથો (અષ્ટાધ્યાયી પરંપરા)**

**(A) 'કાશિકાવૃત્તિ' ગ્રંથનો પરિચય**

**(B) 'કાશિકાવૃત્તિ' ની વ્યાખ્યાઓ**

**ખ. પ્રક્રિયાગ્રંથો (પ્રક્રિયાનુસારી પરંપરા)**

**(A) પ્રક્રિયાગ્રંથોનો પરિચય**

**(B) પ્રક્રિયાગ્રંથોનો ઉદ્ભવ - હેતુ અને સમીક્ષા**

**2.5 સૂત્રાર્થનિર્ણયની ચર્ચા કરતા ગ્રંથો**

**2.6 શબ્દાર્થનિર્ણયની ચર્ચા કરતા ગ્રંથો (Semantics)**

**2.7 તમારી પ્રગતિ ચકાસો**


### 2.0 હેતુઓ

1. *એકમ-2 ના અભ્યાસ દ્વારા અધ્યેતા ભારતીય વ્યાકરણશાસ્ત્રની પરંપરા તથા તેના વિશદ્ પ્રકારો દ્વારા તેની સમૃદ્ધિ જાણી શકશે.*
2. *અષ્ટાધ્યાયી એ સૂત્રગ્રંથ છે, તેથી સૂત્રની માહિતી આપેલ છે જેના દ્વારા તેની સમજ કેળવી શકશે.*
3. *અધ્યેતા પાણિનીય વ્યાકરણશાસ્ત્રના ત્રણ પ્રવાહોથી માહિતગાર થશે.*
4. *પાણિનીય વ્યાકરણશાસ્ત્રના ત્રણ પ્રવાહોની શૈલી, સમૃદ્ધિ અને જે - તે વિષયના ગ્રંથો તથા તેના કર્તાઓ વિશે માહિતી મેળવી શકશે.*

## 2.1 પ્રસ્તાવના

*ભારતીય વ્યાકરણશાસ્ત્રની પરંપરા પ્રાચીન અને સાથે - સાથે સુસમૃદ્ધ પણ છે. તેથી સ્વલ્પાક્ષર સૂત્ર વિશે જાણવું જરૂરી છે, તેની સમજણ અહીં આપવામાં આવી છે. સાથે - સાથે પાણિનીય વ્યાકરણશાસ્ત્રના જે ત્રણ પ્રવાહો છે તેને જાણવા જરૂરી છે અને તે પ્રવાહોમાં આવતા પેટા પ્રકારોમાં આવતી કૃતિના કર્તાના જીવન, સમય અને કવન વિશે માહિતી મેળવવી આવશ્યક છે. તેથી અહીં સંસ્કૃત વિષયના માસ્ટર ઓફ આર્ટ્સ* (M.A) *ના પેપર-4 ના, વિભાગ – 2 માં 'વ્યાકરણશાસ્ત્રમાં પ્રક્રિયા ગ્રંથો' ની વિસ્તારથી માહિતી આપેલ છે. તો આપણે તેનાથી માહિતગાર થઈશું.*

## 2.2 વ્યાકરણશાસ્ત્રમાં પ્રક્રિયા ગ્રંથો

● **સૂત્ર ની સમજૂતી :-**

*સૂત્રગ્રંથોની રચના અત્યંત લાઘવ (ટૂંકું) લખાણ કરવા માટે થતી હતી. 'સૂત્ર' શબ્દ* 'सूत्र वेष्टेन'- 'चौरादि ण्यन्तधातु'

*થી* 'अच्' *અથવા* "पक्षान्तर' *(અષ્ટાધ્યાયી = ૩/૩/૫૬) માં* 'घञ्' *પ્રત્યય લાગવાથી બને છે. પ્રાચીનગ્રંથકારો સૂત્ર શબ્દનો અર્થ* 'सूचनात् सूत्र' *પણ દર્શાવ્યો છે. તદનુસાર સૂત્ર (તન્તુ)ના અવયવોના સમાન અનેક અર્થોને વિંટીને પોતાનામાં ગુમ્ફિત કરવાવાળા અથવા વિસ્તૃત અર્થોને સંકેત માત્રથી સૂચિત કરીને હૃદયંગમ કરવાવાળા વ્યાખ્યાનગ્રંથોની આવશ્યકતા હોય છે. સૂત્રની વ્યાખ્યા આપતાં કહેવાયું છે કે –*

**स्वल्पाक्षरमसंदिग्धं सारवत् विश्वतोमुखम् ।**

**अस्तोभमनवद्यं च सूत्रं सूत्रविदो विदुः ॥**

**अर्थात्** *- સૂત્ર ઓછા અક્ષરોવાળું હોય છે, સંદિગ્ધ (અસ્પષ્ટ) નથી, સારરૂપ છે. તથા વિશ્વતોમુખ (બધા વિષયોને આવરી લેવાવાળું) હોય છે. તદુપરાંત વેદાન્તસારની ભામતી ટીકામાં પણ સૂત્રની વ્યાખ્યા આપી છે.*

**लघूनि सूचितार्थानि स्वल्पाक्षरपदानि च ।**

**सर्वतः सारभूतानि सूत्राण्याहुर्मनीषिणः ॥ (ભામતી ટીકા=1/1/1)**

**अर्थात्** *– સૂત્ર એ નાનું, સૂચિતઅર્થવાળું, ઓછા અક્ષરના પદવાળું હોય, બધું જ તેમાં સારભૂત હોય તેને મનીષિઓએ સૂત્ર કહ્યું છે.*

*આવા સૂત્રગ્રંથોને વિસ્તારથી સમજવા માટે તેના ઉપર વ્યાખ્યાન ગ્રંથો લખાયા છે – 'મહાભાષ્યકાર' પતંજલિએ આ પ્રમાણે વ્યાખ્યાનગ્રંથોનું સ્વરૂપ કહ્યું છે.* ''न केवलं **चर्चापदानि व्याख्यानम् = वृद्धिः, आत् ऐज् इति ! किं तर्हि ? 'उदाहरणम् प्रत्युदाहरणम्, वाक्याध्याहारः' इत्येतत् समुदितं व्याख्यानं भवति''** ।

**અર્થાત્** - *વ્યાખ્યાનમાં પદચ્છેદ, વાક્યવ્યવહાર (પૂર્વ પ્રકરણસ્થપદોની અનુવૃત્તિ અથવા સૂત્રબાહ્ય પદનો યોગ) ઉદાહરણ અને પ્રત્યુદાહરણ હોવું જોઈએ.*

*સંસ્કૃત વ્યાખ્યાન પદ્ધતિમાં પંચવ્યાખ્યાનનો એક શ્લોક પ્રસિદ્ધ છે.*

**पदच्छेदः पदार्थोक्तिर्विग्रहो वाक्ययोजना ।**

**पूर्वपक्षसमाधानं व्याख्यानं पञ्चलक्षणम् ॥**

*અર્થાત્ પદોનો છેદ, પદોનો અર્થ, બધા જ પદોનો વિગ્રહ, વાક્ય યોજના અને પૂર્વપક્ષ સમાધાન આ પાંચ વ્યાખ્યાનનાં લક્ષણો છે.*

*આ ઉપરાંત છ લક્ષણો પણ પ્રાપ્ત થાય છે. જેમકે* (1) *પદોનો છેદ* (2) *પદોનો અર્થ* (3) *સમાસ વિગ્રહ* (4) *અનુવૃત્તિ* (5) *વાક્યયોજના (અર્થ, ઉદાહરણ, પ્રત્યુદાહરણ,)* (6) *પૂર્વપક્ષ અને સમાધાન. આમ મોટા વ્યાખ્યાનોનો ઉલ્લેખ પતંજલિના 'મહાભાષ્ય' જેવા ગ્રંથોમાં જોવા મળે છે અને નાના વ્યાખ્યાનો 'વૃતિ' ગ્રંથોમાં મોટે ભાગે જોવા મળે છે.*

## 2.3 પાણિનીય વ્યાકરણશાસ્ત્રના ત્રણ પ્રવાહો

*આચાર્ય પાણિનિએ સંસ્કૃતભાષામાં (વૈદિક અને લૌકિક) એમ બંને પ્રકારનું સંપૂર્ણ વ્યાકરણ રચ્યું. પાણિનિના અમરગ્રંથનું નામ 'અષ્ટાધ્યાયી' છે. જે સૂત્રશૈલીમાં રચાયેલ છે. તેની વધુ વિગતો માટે અને સરળ બનાવવા માટે તેના ઉપર વાર્તિકકાર કાત્યાયને 'વાર્તિકો' રચ્યાં અને તેને વધારેમાં વધારે વિસ્તારથી સમજાવવા માટે આચાર્ય પતંજલિએ પોતાના 'મહાભાષ્ય' ગ્રંથમાં 'ભાષ્યો' લખ્યાં. આમ આ ત્રણેય મુનિઓ દ્વારા રચાયેલ વ્યાકરણને 'ત્રિમુનિવ્યાકરણ' કહેવાય છે. આના પછી રચાયેલા વ્યાકરણના જેટલા પણ ગ્રંથો છે તે 'ત્રિમુનિવ્યાકરણ' ના ટીકા - ટિપ્પણી કે વ્યાખ્યાન રૂપે જ છે. પાણિનીય વ્યાકરણશાસ્ત્રના આ સમગ્ર વાઙ્મયને પ્રોફે. કે.વી. અભ્યંકરજીએ (પરિભાષાસંગ્રહ,* BORI, Pune-1976 *ની પ્રસ્તાવનામાં) ત્રણ શાખાઓમાં વિભક્ત કરી બતાવ્યું છે. જે આ પ્રમાણે છે.*

**(1) શબ્દસિદ્ધ કરનાર ગ્રંથો. (રૂપાખ્યાન- રૂપસિદ્ધિ કરનારા ગ્રંથો) જેમકે,**

(A) *વૃત્તિગ્રંથો - રૂપાવતાર, કાશિકાવૃત્તિ વગેરે*

(B) *પ્રક્રિયાગ્રંથો - વૈયાકરણસિદ્ધાંત કૌમુદી વગેરે*

(2) *સૂત્રાર્થ - નિર્ણયની ચર્ચા કરનાર ગ્રંથો (જેમકે – પરિભાષાવૃત્તિગ્રંથો, પરિભાષેન્દુશેખર વગેરે)*

(3) *શબ્દાર્થ - નિર્ણયની ચર્ચા કરનાર ગ્રંથો (જેવાકે – વાક્યપદીય, વગેરે...)*

## 2.4 શબ્દસિદ્ધ કરનાર ગ્રંથો (રૂપાખ્યાન-Morphology)

*પાણિનિનાં સૂત્રો અત્યંત ટૂંકા (સ્વલ્પાક્ષર) હોઈને તથા મહાભાષ્ય જેવા ગ્રંથ અર્થગૌરવની દૃષ્ટિએ અગાધ હોઈને કાલાન્તરે વ્યાકરણશાસ્ત્રના સિદ્ધાંતો તો દુર્બોધ થયા જ, પરંતુ સૂત્રોનો અર્થ સરળતાથી કેમ કરવો ? તે સમજવા માટે આ શાખાનાં બે*

*પ્રકારો પડ્યાં.* (1) *જેઓએ પાણિનિ 'અષ્ટાધ્યાયી' ને આધાર માનીને 'સૂત્રક્રમાનુસાર' વ્યાખ્યાઓ કરી અને* (2) *જેમાં 'અષ્ટાધ્યાયી' ને આધાર બનાવીને શિક્ષણની સુવિધાના વિચારથી પ્રકરણોમાં વર્ગીકરણ કરીને પ્રક્રિયાની દષ્ટિએ સૂત્રક્રમમાં અપેક્ષિત પરિવર્તન કર્યું. આમાંથી પ્રથમ પ્રકારને 'અષ્ટાધ્યાયી પરંપરા' અને બીજા પ્રકારને 'પ્રક્રિયાનુસારી પરંપરા' કહેવાય છે.*

**(ક) વૃત્તિગ્રંથો (અષ્ટાધ્યાયી પરંપરા) :-**

*આવા વૃતિગ્રંથોમાં 'અષ્ટાધ્યાયી' નો જે સૂત્રક્રમ છે, તેમાં કોઈપણ જાતનો ફેરફાર કર્યા વગર સૂત્રો પર વ્યાખ્યા કરવામાં આવી છે.*

*'વૃત્તિ' એટલે વિવરણ. અર્થાત્ પાણિનિની 'અષ્ટાધ્યાયી' નાં પ્રત્યેક સૂત્રોનો સરળતાથી અર્થ બતાવતાં નાનાં - નાનાં વાક્યોને 'વૃત્તિ' કહે છે. આવી વૃત્તિમાં પૂર્વ સૂત્રમાંથી કોઈ પદનો અધિકાર આવતો હોય તો તે અને અનુવૃત્તિ થતાં પદો એ બંનેનો નિર્દેશ કરવામાં આવે છે તથા એ સૂત્રની પ્રવૃત્તિ થઈને કયું ઉદાહરણ (પદ) સિદ્ધ થાય છે તે પણ બતાવવામાં આવે છે. તદુપરાંત સૂત્રમાંના અમુક પદનું શું વિશેષ પ્રયોજન છે, એ પણ પ્રત્યુદાહરણ દ્વારા સ્પષ્ટ કરવામાં આવે છે.*

*પાણિનિનાં સૂત્રો ઉપર અનેક આચાર્યોએ વૃત્તિગ્રંથો રચ્યા છે. જેમાં સૌ પ્રથમ નામ પાણિનિ* (2900 *વિક્રમ સંવત પૂર્વે) નું આવે છે. પાણિનિએ સ્વોપજ્ઞ* 'अकालक' *વ્યાકરણનું અનેકવાર પ્રવચન કર્યું છે. તેના વિશે મહાભાષ્ય* (1/4/1), *કાશિકા* (4/1/117) *તથા* (4/2/104) *માં ઉલ્લેખ જોવા મળે છે. આ ગ્રંથોને આધારે સ્પષ્ટ છે કે સૂત્રકારે પોતાના સૂત્રોનું સ્વયં અનેકવાર પ્રવચન કરેલ છે. સૂત્રપ્રવચન કાળમાં સૂત્રોની વૃત્તિ, ઉદાહરણ, પ્રત્યુદાહરણ દર્શાવવું આવશ્યક છે, બીજું નામ શ્વોભૂતિ* (2900 *વિક્રમ સંવંત પૂર્વે), ત્રીજું નામ વ્યાડિ* (2800 *વિક્રમ સંવત પૂર્વે), ચોથા આચાર્ય કુણિ* (2000 *વિક્રમ સંવત પૂર્વે) આવે છે. જેમણે અષ્ટાધ્યાયી પર વૃત્તિ ગ્રંથ લખ્યો છે. જેનો ઉલ્લેખ ભર્તૃહરિ, કૈયટ અને હરદત્તે પણ કર્યો છે. પાંચમા આચાર્ય માથુર આવે છે, જેનો ઉલ્લેખ પુરુષોત્તમદેવે કર્યો છે. તદુપરાંત પ્રાચીન વૃત્તિકાર આચાર્યો ચુલ્લિભટ્ટી અને નિર્લૂર વગેરેનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. પરંતુ ઉપરોક્ત આચાર્યોના કોઈ 'વૃત્તિગ્રંથો' પ્રાપ્ત થતાં નથી. તદુપરાંત અનેક આચાર્યોએ 'વૃત્તિગ્રંથો' લખ્યા છે. અષ્ટાધ્યાયી પર જેટલા પ્રાપ્ય વૃત્તિગ્રંથો છે તેમાં વામન અને જયાદિત્યની 'કાશિકાવૃત્તિ', પુરુષોત્તમદેવની 'ભાષાવૃત્તિ' અને મૈત્રેયરક્ષિતનો 'તન્ત્રપ્રદીપ' મુખ્ય છે. તેમાં વામન અને જયાદિત્ય કૃત 'કાશિકાવૃત્તિ'' ગ્રંથ મહત્વનો છે. તો હવે તેનો પરિચય મેળવીશું.*

**(A) 'કાશિકાવૃત્તિ' ગ્રંથ પરિચય :-**

*જયાદિત્ય અને વામન વિરચિત 'કાશિકા' નામની કૃતિ પ્રસિદ્ધ છે. વર્તમાનમાં ઉપલબ્ધ પાણિનીય અષ્ટાધ્યાયી પરંપરાનાં ગ્રંથોમાં પતંજલિનું મહાભાષ્ય અને ભર્તૃહરિના ગ્રંથો પછી આ 'કાશિકાવૃત્તિ' સૌથી પ્રાચીન અને મહત્વપૂર્ણ વૃત્તિગ્રંથ છે. કાશીમાં રચાયેલ હોવાથી આ ગ્રંથનું નામ 'કાશિકા' પડ્યું છે. આના વિશે 'કાશિકા' ના વ્યાખ્યાતા હરદત્તમિશ્ર અને રામદેવ મિશ્ર લખે છે કે,* 'काशिका देशतोऽभिधानम्,

काशीषु भव' । આ ગ્રંથના રચયિતા બે વિદ્વાનો જયાદિત્ય અને વામન છે. આમાંથી પહેલા પાંચ અધ્યાય જયાદિત્ય દ્વારા રચિત છે. જ્યારે છેલ્લા ત્રણ અધ્યાય (છ થી આઠ) વામન દ્વારા રચિત છે. આમ આ ગ્રંથમાં કુલ આઠ અધ્યાયો છે. ઈત્સિંગે પોતાની ભારતયાત્રા વિવરણ ( વિક્રમ સંવત-719-722) માં આ ગ્રંથની પ્રસિદ્ધિનો ઉલ્લેખ કરેલ છે. ઈત્સિંગ અનુસાર વિક્રમ સંવંત 718 માં જયાદિત્યનું મૃત્યુ થયું હતું.

'કાશિકા' ની વિશેષતા એ છે કે તેમાં પાણિનિના પ્રત્યેક સૂત્રોની વ્યાખ્યા કરવામાં આવી છે. આ વ્યાખ્યામાં મહાભાષ્યના મતથી અલગ આચાર્યોના મતનો ઉલ્લેખ પણ જોવા મળે છે. સૌથી મહત્વની બાબત એ છે કે વાર્તિકનું સંપૂર્ણ સ્વરૂપ 'કાશિકા' માં ઉપલબ્ધ થાય છે. તદુપરાંત બીજી વિશેષતા એ છે કે 'કાશિકા' માં અપેક્ષિત ગણપાઠ પણ સૂત્રની વૃત્તિની સાથે - સાથે આપેલ છે. 'કાશિકા' માં એવા અનેક ગ્રંથોનો ઉલ્લેખ કરેલો છે જે આજે અપ્રાપ્ય છે. આના ઉપરથી એવું જાણવા મળે છે કે તે સમય સુધી આ ગ્રંથોનું અધ્યયન અવશ્ય થતું હશે. 'કાશિકા' નામક પ્રાચીન ગ્રંથમાં જે ઉદાહરણ પ્રાપ્ત થાય છે તેના પરથી તેનું ઐતિહાસિક મહત્વ સૂચવાય છે. પૂર્વના વૈયાકરણીઓ અને તેમના ગ્રંથના વિષયમાં પણ જાણકારી મળી રહે છે. 'કાશિકાવૃત્તિ' ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ્ય પાણિનિની પ્રક્રિયાને સિદ્ધ કરવાનો છે. એટલા માટે આવશ્યકતા અનુસાર અનેક વાર્તિકોને પાણિનિની ઈચ્છાની અભિવ્યક્તિ માનીને 'ઈષ્ટિયો' ના રૂપમાં ભણી લીધા છે. આ સિવાય કોઈક કોઈક જગ્યાએ કાશિકાકારે વાર્તિકોની મૂળભાષામાં પણ ફેરફાર કર્યો છે. તેનું કારણ એ છે કે વાર્તિકોને પણ સંક્ષેપની સાથે - સાથે ભાવનાત્મક અભિવ્યક્તિના રૂપમાં સામાન્ય ચર્ચાનું અંગ બનાવી શકાય.

**(B) 'કાશિકાવૃત્તિ' ની વ્યાખ્યાઓ :-**

'કાશિકાવૃત્તિ' ઉપર જિનેન્દ્રબુદ્ધિ સરસ્વતી (ઈ.સ.-700) નામના બૌદ્ધ ટીકાકારે 'ન્યાસ' (કે જેનું બીજું નામ 'કાશિકા વિવરણ પંજિકા') નામની ટીકા લખી છે અને હરદત્તે (ઈ.સ.9 થી 11 મી સદી) 'પદમંજરી' નામની ટીકા રચી છે. પુરુષોત્તમદેવ (ઈ.સ. – 1100) નામના એક બૌદ્ધ વૈયાકરણીએ 'ભાષાવૃત્તિ' ની રચના કરી. કૈયટે મહાભાષ્યની ટીકા 'પ્રદીપ' માં ન્યાસકાર જિનેન્દ્રબુદ્ધિ સરસ્વતીનું ખંડન કર્યું છે. બાણભટ્ટે પણ 'कृतन्तपदन्यासो लोक इव व्याकरणेऽपि' આમ કહીને 'ન્યાસકાર' ની બાજુ સંકેત કર્યો છે. 'ન્યાસ' 'કાશિકા' નો બહુ જ પ્રૌઢ, પ્રયોગબાહુલ્ય અને પાંડિત્યપૂર્ણ વ્યાખ્યાન ગ્રંથ છે. આમાં ગ્રંથકારે બહુ જ ઉત્તમ પ્રકારે એ મૂળ તથ્યોનું વિવરણ કર્યું છે. વળી હરદત્તની 'પદમંજરી' ટીકા 'ન્યાસ' ની અપેક્ષાએ ઘણી જ પ્રૌઢ અને કઠિન છે. આમાં પતંજલિના વ્યાકરણ મહાભાષ્યમાંથી ઘણા અંશો ઉતારવામાં આવ્યા છે. એ સાથે 'ન્યાસ' ટીકાનું અનુસરણ પણ અહીં 'પદમંજરી' માં જોવા મળે છે.

ત્યારબાદ પુરુષોત્તમદેવે અષ્ટાધ્યાયીના વૈદિક સૂત્રો સિવાયના કેવળ લૌકિક સૂત્રો ઉપર એક 'વૃત્તિ' લખી છે, જે 'લઘુવૃતિ' કે 'ભાષાવૃત્તિ' ના નામે જાણીતી છે. આમાં અનેક સ્થળોએ વિવિધ આચાર્યોના મતો ટાંકવામાં આવ્યા છે. આ જ પદ્ધતિથી

*મહામહોપાધ્યાય અન્નમભટ્ટે રચેલી એક 'પાણિનીય મિતાક્ષરા' નામની 'વૃત્તિ' પણ પ્રાપ્ત થાય છે. ત્યારબાદ વૈયાકરણ વૈયાકરણ વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદીના રચયિતા સુપ્રસિદ્ધ વૈયાકરણ ભટ્ટોજી દીક્ષિતે ભાષ્યકાર પતંજલિ, કૈયટ, હરદત્ત વગેરે આચાર્યોનાં મન્તવ્યોનો પોતાના શબ્દોમાં સંગ્રહ કરીને 'શબ્દકૌસ્તુભ' નામની એક કૃતિ તૈયાર કરી છે. જો કે આ કૃતિ હાલ સંપૂર્ણ પ્રાપ્ત થતી નથી. આ જ શબ્દકૌસ્તુભના આદર્શને દૃષ્ટિમાં રાખીને લગભગ સત્તરમી સદીના વિશ્વેશ્વરસૂરિ નામના વૈયાકરણે લખેલી 'વ્યાકરણ સિદ્ધાન્ત સુધાનિધિ' નામની સુવિસ્તૃત વૃત્તિ પણ ઉપલબ્ધ છે.*

**(ખ) પ્રક્રિયાગ્રંથો (પ્રક્રિયાનુસારી પરંપરા) : -**

**(છ) પ્રક્રિયાગ્રંથોનો પરિચય :-**

*લગભગ પહેલી સદીમાં સાતવાહન રાજ્યમાં સર્વવર્મન્ નામના વૈયાકરણીએ 'કાતન્ત્ર' વ્યાકરણની રચના કરી. આ ગ્રંથમાં સંધિ, નામપદ, આખ્યાત, ક્રિયાપદ અને કૃદન્તપદો એવા ક્રમે વિષય અનુસાર સૂત્રોની ગોઠવણી કરવામાં આવી છે. વિદ્વાનોના મતે આ કાતન્ત્ર વ્યાકરણની અસરથી પાણિનિનાં સૂત્રોને પણ વિષયવાર ગોઠવવાની શરૂઆત થઈ. એટલે કે પાણિનિના 'અષ્ટાધ્યાયી' ગ્રંથમાં જે ક્રમે સૂત્રો લખાયાં હતાં તે ક્રમ છોડી દઈને, એક વિષય (જેમકે સમાસ વગેરે) ને લગતાં 'અષ્ટાધ્યાયી' ના અનેક અધ્યાયોમાં ફેલાયેલાં સૂત્રોને ભેગા કરીને એક જગ્યાએ મૂકવાની શરૂઆત થઈ. આ નવી ગોઠવણીથી કોઈ એક રૂપની સિદ્ધિ દરમ્યાન જે - જે સૂત્રની જરૂર પડે, પછી ભલે તે સૂત્રો જુદાં - જુદાં અધ્યાયોમાં વહેંચાયેલા હોય, તેમને એક જ પ્રકરણમાં મૂકવામાં આવે છે. આથી રૂપસિદ્ધિની પ્રક્રિયામાં ઘણી સરળતા, વિશદતા પ્રાપ્ત થાય છે. આવા ગ્રંથોને 'પ્રક્રિયાગ્રંથો' કહે છે.*

*પ્રથમ તબક્કામાં અષ્ટાધ્યાયીના સૂત્રોને પ્રકરણ ક્રમમાં વ્યવસ્થિત કરનાર અર્થાત્ પ્રક્રિયાનુસારી વ્યાખ્યાન ગ્રંથોમાં સર્વાનુમતિએ પ્રથમ ગ્રંથ ધર્મકીર્તિનો 'રૂપાવતાર' આવે છે. 'રૂપાવતાર' નામ જ રૂપસિદ્ધિની પ્રધાનતા સૂચવે છે. બારમી સદીનો મધ્યભાગ ધર્મકીર્તિની સ્થિતિ મનાય છે. તેઓ બૌદ્ધ હતા. તેઓએ મંગલાચરણમાં 'સર્વજ્ઞ' ની વંદના કરી છે. રૂપાવતાર ગ્રંથ બે ભાગમાં વિભક્ત છે. તદનુસાર પૂર્વાર્ધમાં સુબન્તનું વર્ણન છે તથા આઠ અવતારો (પ્રકરણો) માં વિભાજીત છે. ઉત્તરાર્ધમાં તિઙન્ત તથા કૃદન્તનો પરિચય છે. આ ગ્રંથમાં અષ્ટાધ્યાયીના બધા સૂત્રોને સમાવ્યા છે. મુખ્ય પ્રક્રિયાના પૂરા વ્યાખ્યાન સુધી તેઓએ પોતાની કૃતિત્વને સીમિત કરેલ છે. પાણિનીય વ્યાકરણને પૂરી રીતે સમજવું - સમજાવવું તેમનું લક્ષ્ય હતું. આ ગ્રંથમાં પાણિનિના ૨૬૬૪ સૂત્રોનું સંકલન કર્યું છે. આ કૃતિમાં વૈદિક પ્રક્રિયાનાં સૂત્રોનો સમાવેશ કર્યો નથી. આ માટે પં. શ્રી ગોપાલદત્ત દર્શનકેસરી કારણ આપે છે કે ધર્મકીર્તિ બૌદ્ધ હતા. તે સ્થિતિમાં વેદના પ્રયોગ સાથે સંબંધ ધરાવનાર અષ્ટાધ્યાયીનાં વૈદિક પ્રક્રિયાવાળાં સૂત્રોની ચર્ચા તેઓ ન કરે તે સ્વાભાવિક છે.*

*ત્યારબાદ પ્રક્રિયાગ્રંથોની પરંપરામાં 'પ્રક્રિયારત્ન' નામના ગ્રંથનો ઉલ્લેખ આવે છે. જેના કર્તા અને સમય વિશે નિશ્ચિત માહિતી અપ્રાપ્ય છે. તેનો સમય વિક્રમ સંવત*

1300 પૂર્વે મનાય છે. સાયણે પોતાની 'ધાતુવૃત્તિ' માં 'પ્રક્રિયારત્ન' નામના ગ્રંથના ઉદાહરણોનો અનેકવાર ઉલ્લેખ કર્યો છે. એ ઉદાહરણોથી જાણવા મળે છે કે પાણિનીય સૂત્રો ઉપરનો કોઈક પ્રક્રિયાનુસારી વ્યાખ્યાન ગ્રંથ છે. કૃષ્ણ લીલશુકમુનિ વિરચિત 'પુરુષકાર' વ્યાખ્યાનમાં પણ 'પ્રક્રિયારત્ન' ગ્રંથનો ઉલ્લેખ છે.

આ પછી આ પરંપરામાં કાલક્રમે પ્રક્રિયાનુસારી સાહિત્ય સારા એવા પ્રમાણમાં રચાતું ગયું. તદનન્તર આ દિશામાં વિમલ સરસ્વતીની 'રૂપમાલા' નું નામ આવે છે. આનો સમય ઈ.સ. 1350 મનાયો છે. રૂપમાલાની શૈલી અને કૌમુદી ગ્રંથોની શૈલીમાં સમાનતા છે. આમાં સૂત્રોનો પ્રત્યાહાર, સંજ્ઞા, પરિભાષા, સન્ધિ, સુબન્ત, તિઙન્ત, સ્ત્રીપ્રત્યય, કારક, કૃત, તદ્ધિત અને સમાસના પ્રકરણો રાખેલ છે. આ ગ્રંથમાં શબ્દરૂપો અને ધાતુરૂપોનું વિવેચન સવિશેષ રૂપથી કરેલ છે.

'રૂપમાલા' પછી ચૌદમી સદી (ઈ.સ.1375) ના અંતમાં રામચંદ્રાચાર્યએ 'પ્રક્રિયાકૌમુદી' ગ્રંથની રચના કરી. આ ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ પ્રક્રિયાજ્ઞાન કરાવવાનો છે. ગ્રંથકર્તાએ સરળ અને સુબોધ શૈલીમાં પોતાના વિષયને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ ગ્રંથ ઉપર અનેક વ્યાખ્યાઓ લખાઈ છે. તેમાં રામચંદ્રાચાર્યના પૌત્ર વિઠ્ઠલની 'પ્રસાદ' નામની ટીકા પ્રસિદ્ધ છે. 'પ્રક્રિયાકૌમુદી' ગ્રંથ બે ભાગમાં વિભક્ત છે. તેના પૂર્વાર્ધમાં સુબન્ત શબ્દોના જ્ઞાન માટે ક્રમશઃ સંજ્ઞા, સંધિ, સ્વાદિ, સ્ત્રીપ્રત્યય, વિભક્ત્યાર્થ, સમાસ તથા તદ્ધિત પ્રકરણોનું સંકલન છે. ઉત્તરાર્ધમાં તિઙન્ત વિવરણ છે, જેમાં ભ્વાદિ દશગણીય ધાતુ, ણ્યાન્તાદિપ્રક્રિયા તથા 'કૃત' પ્રત્યયોનું ક્રમશઃ વિવેચન કરેલ છે. રૂપોની સિદ્ધિ માટે પ્રત્યેક પ્રકરણમાં ઉપાદેય સૂત્રોને ઉચિત દૃષ્ટાન્ત સાથે સમજાવેલ છે. અહીં વૈદિકપ્રક્રિયા વગેરેનાં સૂત્રો છોડી દેવાયાં છે અને પાણિનિના માત્ર 2470 સૂત્રોને જ પાણિનિ તંત્રની દૃષ્ટિએ અસાધુ કહી શકાય તેવા કેટલાક પ્રયોગોને સાચા અને નિર્દુષ્ઠ ઠરાવવામાં આવ્યા છે. રામચંદ્રાચાર્યએ 100 થી વધારે એવા શબ્દોને સિદ્ધ કરી બતાવ્યા છે જે પાણિનીય સૂત્રોથી નિષ્પન્ન નથી થઈ શક્યા. લોક વ્યવહારની દૃષ્ટિથી મુનિત્રય સિવાય કાતન્ત્ર આદિ વૈયાકરણોની પ્રામાણિકતા માન્ય છે. તેથી આ ગ્રંથની મહત્તા વધી જાય છે.

ત્યાર બાદ ભટ્ટોજી દીક્ષિત નામના વૈયાકરણી આવે છે. તેઓ 'પ્રક્રિયા કૌમુદી પ્રકાશ' ના કર્તા શ્રીકૃષ્ણ શેષના શિષ્ય હતા. તેમની પૂર્વમાં લખાયેલ પ્રક્રિયાગ્રંથો જેવાકે રૂપાવતાર, રૂપમાલા અને પ્રક્રિયા કૌમુદીમાં અષ્ટાધ્યાયીના બધા જ સૂત્રોનો સમાવેશ થતો નથી. તે ઉણપને પૂર્ણ કરવા માટે ભટ્ટોજીદીક્ષિતે 'વૈયાકરણવૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ગ્રંથની રચના કરી. તેમાં તેમણે સૂત્રોની વૃત્તિના લેખન માટે કાશિકા વગેરે પ્રાચીન વૃત્તિઓમાંના વિચાર અને ક્વચિત્ આનુપૂર્વી પણ લીધેલ છે. ભટ્ટોજીએ પોતાના ગ્રંથમાં વૈદિક પ્રક્રિયાને અધ્યાયોનાં ક્રમમાં સમજાવી છે અને સંદર્ભપ્રાપ્ત ઉદાહરણો પણ આપ્યાં છે. સ્વર પ્રક્રિયાને પણ સંપૂર્ણ રીતે રજૂ કરી છે. પાણિનીય વ્યાકરણના જેટલા પ્રક્રિયાગ્રંથો છે તે બધામાં આ ગ્રંથ સર્વોત્કૃષ્ટ છે. તે રચાયો ત્યારથી અત્યાર સુધી સમગ્ર ભારતમાં એનું અધ્યયન - અધ્યાપન (પઠન – પાઠન) પ્રચલિત રહ્યું છે. આ જ તેની સિદ્ધિ, ઉપયોગિતા અને લોકપ્રિયતા બતાવે છે.

*આ ગ્રંથ ઉપર લગભગ પચાસ જેટલી ટીકા - ઉપટીકાઓ લખાઈ છે. તેમાં ભટ્ટોજી દીક્ષિતની પોતાની જ સ્વોપજ્ઞ 'પ્રૌઢમનોરમા', જ્ઞાનેન્દ્ર સરસ્વતીની 'તત્વબોધિની', નાગેશ ભટ્ટની 'બૃહચ્છબ્દેન્દુશેખર' અને 'લઘુશબ્દેન્દુશેખર', વાસુદેવ વાજપેયીની 'બાલમનોરમા' વગેરે ટીકાઓ મુખ્ય છે.*

*ભટ્ટોજી દીક્ષિતના શિષ્ય વરદરાજે 'મધ્યવૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' અને 'લઘુસિદ્ધાન્તકૌમુદી' નામના ('વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' ના જ) બે લઘુ સંસ્કરણ તૈયાર કર્યાં. મધ્યસિદ્ધાન્તકૌમુદી એક રીતે તો સિદ્ધાન્તકૌમુદીનો જ સાર છે. જ્યારે 'લઘુસિદ્ધાન્તકૌમુદી' સંસ્કૃત વ્યાકરણના પ્રારંભિક છાત્રોને ધ્યાનમાં રાખીને રચવામાં આવી છે. આનો ઉપયોગ વેદાન્તાદિ શાસ્ત્રોના અધ્યેતાઓમાં પણ જોવા મળે છે.*

*પ્રક્રિયાગ્રથોમાં ત્યારબાદ નારાયણ ભટ્ટનું નામ મુખ્ય છે. તેમનો સમય વિક્રમ સંવંત-*1617 *થી* 1733 *મનાય છે. તેઓ કેરળના વતની હતા. તેમના ગ્રંથનું નામ 'પ્રક્રિયાસર્વસ્વ' છે. આ ગ્રંથમાં વીસ પ્રકરણ છે. આ ગ્રંથના અવલોકનથી જાણવા મળે છે કે કોઈક યણ રાજાની આજ્ઞાથી આ ગ્રંથ તેમણે લખેલ છે.*

*આમ પ્રક્રિયાગ્રંથોનાં ઈતિહાસમાં આપણે છ મુખ્ય ગ્રંથોની માહિતી મેળવી છે જેમકે,* (1) *ધર્મકીર્તિ રચિત 'રૂપાવતાર'* (2) *'પ્રક્રિયારત્ન' ગ્રંથ કે જેના કર્તા અજ્ઞાત છે.* (3) *વિમલ સરસ્વતી રચિત 'રૂપમાલા'* (4) *રામચંદ્રાચાર્ય રચિત 'પ્રક્રિયાકૌમુદી'* (5) *ભટ્ટોજી દીક્ષિત રચિત 'વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી' અને* (6) *નારાયણ ભટ્ટ રચિત 'પ્રક્રિયાસર્વસ્વ' ગ્રંથ.*

*આમ ઉપરોક્ત ચર્ચા પરથી આપણને પ્રક્રિયાગ્રંથો વિશે માહિતી મળી રહે છે.*

**(B) પ્રક્રિયાગ્રંથોનો ઉદ્ભવ, હેતુ અને સમીક્ષા :—**

*આગળ જોયું તેમ શબ્દસિદ્ધ કરનાર બે પરંપરાઓના ગ્રંથો આવે છે. એક કે જેમાં પાણિનિ 'અષ્ટાધ્યાયી' ને આધાર માનીને 'સૂત્રક્રમાનુસાર' વ્યાખ્યાઓ કરી. જેમાં પાણિનીય 'અષ્ટાધ્યાયી'માં આપેલ સૂત્રોના ક્રમાનુસાર વૃત્તિ લખીને, પાછાં એ જ ક્રમે એને પઠન - પાઠનમાં ઉપયોગમાં લેવા, આવી પદ્ધતિને 'અષ્ટાધ્યાયી પરંપરા' કહેવામાં આવી, જેમાં વૃત્તિગ્રંથોનો સમાવેશ થાય છે. આ પદ્ધતિમાં પ્રથમ ગ્રંથ 'કાશિકાવૃત્તિ' મનાય છે. તેનો સમય ઈ.સ.*600 *આજુબાજુનો છે. ત્યારથી શરૂ કરીને ઈ.સ.*1100 *સુધી આ પદ્ધતિ રહેવા પામી હતી જ્યારે બીજી પરંપરામાં 'અષ્ટાધ્યાયી' ને આધાર બનાવીને શિક્ષણની સુવિધાના વિચારથી પ્રકરણોમાં વર્ગીકરણ કરીને પ્રક્રિયાની દૃષ્ટિએ સૂત્રક્રમમાં યથોચિત પરિવર્તન કર્યું, જેને 'પ્રક્રિયાનુસારી પરંપરા' કહેવાય છે.*

*આ પ્રક્રિયાગ્રંથોના ઉદ્ભવના કારણ વિશે પંડિત શ્રી યુધિષ્ઠિર મીમાંસકજી પોતાના ગ્રંથ* 'संस्कृतव्याकरणशास्त्र का इतिहास' *ના ભાગ-*1 *ના તૃતીય સંસ્કરણના પેજ નંબર* 582 *ઉપર જણાવે છે કે "પાણિનીય વ્યાકરણની રચના પછી 'કાતન્ત્ર' વગેરે લઘુ વ્યાકરણ ગ્રંથો પ્રક્રિયાક્રમાનુસાર લખાયા છે. આ વ્યાકરણશાસ્ત્રની પ્રક્રિયા અનુસાર રચના હોવાથી તેમનામાં એવી વિશેષતા છે કે વિદ્યાર્થી આ ગ્રંથના જેટલાં ભાગનો અભ્યાસ*

*કરીને છોડી દે, તેને તેટલા વિષયનું જ્ઞાન તો થઈ જ જાય. જ્યારે પાણિનીય 'અષ્ટાધ્યાયી' વગેરે 'અષ્ટાધ્યાયી' પરંપરાના ગ્રંથોનું સંપૂર્ણ અધ્યયન ન કરે ત્યાં સુધી વિદ્યાર્થીને એ વિષયનું જ્ઞાન થતું નથી, કારણ કે એવા ગ્રંથોમાં પ્રક્રિયાનુસાર પ્રકરણની રચના હોતી નથી. જેમકે, 'અષ્ટાધ્યાયી' માં 'સમાસપ્રકરણ' બીજા અધ્યાયમાં આવેલું છે, પણ સમાસાન્ત પ્રત્યયો પાંચમા અધ્યાયમાં મૂકેલ છે. તેમજ સમાસમાં આવેલા પૂર્વોત્તર પદને નિમિત્તે થનારાં કાર્યોનું વિધાન છઠ્ઠા અધ્યાયના ત્રીજા પાદમાં છે. તથા બીજા કેટલાક સૂત્રો પ્રથમ અધ્યાયના દ્વિતીય પાદ અને દ્વિતીય અધ્યાયના ચતુર્થ પાદમાં પણ મૂક્યાં છે. આમ, સમાસના વિષય સાથે સંકળાયેલા કાર્યો 'અષ્ટાધ્યાયી' માં અનેક જગ્યાએ ફેલાયેલાં છે. આમ વિદ્યાર્થી જ્યાં સુધી 'અષ્ટાધ્યાયી' ના ઓછામાં ઓછા છ અધ્યાય ન ભણે ત્યાં સુધી તેને સમાસ - વિષયક જ્ઞાન થતું નથી. આમ અલ્પબુદ્ધિવાળા અને સંક્ષેપમાં રુચિ રાખનારા વિદ્યાર્થીઓ પાણિનીય વ્યાકરણને છોડીને 'કાતન્ત્ર' વગેરેના પ્રક્રિયાનુસારી વ્યાકરણગ્રંથોનું અધ્યયન કરવા માંડ્યા, ત્યારે પાણિનીય વૈયાકરણીઓએ પણ પોતાના વ્યાકરણની રક્ષા કરવા માટે 'અષ્ટાધ્યાયી' ની પ્રક્રિયાક્રમથી પઠન - પાઠનની નવી પદ્ધતિનો આવિષ્કાર કર્યો. વિક્રમની ૧૬ સદી પછી પાણિનીય વ્યાકરણનું સમગ્ર પઠન - પાઠન પ્રક્રિયાગ્રંથોને આધારે જ થવા માંડ્યું."*

● **પ્રક્રિયાનુસારી પરંપરાના ગુણ :-**

*કાતન્ત્રાદિ વ્યાકરણ ગ્રંથો વિષય વિભાગ મુજબ રચાયાં છે. જેમાં પ્રક્રિયા ક્રમાનુસાર જ સૂત્ર ગોઠવેલ છે અને એનાથી પ્રેરાઈને પાણિનીય વૈયાકરણોએ પણ પોતાની પઠન - પાઠનની પ્રણાલીમાં ફેરફાર કરવા વિચાર્યું હશે ? એ તર્કમાં તથ્યાંશ જરૂર હશે, પરંતુ આપણે એ વિચારવા માંગીએ છીએ કે મૂળ સૂત્રકાર પાણિનિએ જ જ્યારે 'અષ્ટાધ્યાયી' ગ્રંથની રચના કરી હશે, ત્યારે એમના મનમાં એવું શું હશે કે — "મારી 'અષ્ટાધ્યાયી' ને ભણવા માટે કોઈ પ્રક્રિયાક્રમની જરૂર જ નથી ?" બીજા શબ્દોમાં કહીએ તો અષ્ટાધ્યાયી સૂત્રપાઠમાં સૂત્રોનો જે ઉચ્ચારિત ક્રમ છે, તેમાં કોઈ જ પરિવર્તન કરી શકાય એમ નથી અને એવું પરિવર્તન કરવાની જરૂર પણ નથી". શું પાણિનિ પોતે એવું માનતા હશે ખરા ? એ જ પ્રમાણે ભાષ્યકાર પતંજલિએ પણ શું પાણિનીય સૂત્રોના ઉચ્ચારિત ક્રમ ઉપરાંત, પ્રક્રિયા દશામાં તે સૂત્રોના નવા પ્રાપ્ત થતા ઉપસ્થિતિક્રમને પણ ધ્યાનમાં લેવાનું કહેતા નથી ? તો ઉપરોક્ત પ્રશ્નોના જવાબ છે કે પાણિનીય સૂત્રોના ઉચ્ચારિતક્રમને (દા.ત- એક સંજ્ઞાધિકાર = ૧/૪/૧ થી ૨/૨/૩૮ માં) તો ધ્યાનમાં લેવો જ પડે એમ છે, પરંતુ સાથે - સાથે રૂપસિદ્ધિ દરમ્યાન બીજાં ઘણાં સંજ્ઞાદિ સૂત્રોનો ઉપસ્થિતિક્રમ પણ નવો રચાતો આવે છે અને તે નવો ક્રમાંક ધ્યાનાસ્પદ બને છે. એમ પતંજલિ જણાવતા હોય તો એ દષ્ટિએ રચાયેલા પ્રક્રિયાગ્રંથોના રચનાકાળને પાણિનીય વ્યાકરણશાસ્ત્રના વિકાસનો સુવર્ણકાળ ગણવો જોઈએ.*

*હવે આપણે પાણિનીય અષ્ટાધ્યાયીક્રમ અને ભાષ્યકાર પતંજલિએ સૂચવેલ સૂત્રોનાં ક્રમ વિશે જોઈશું.*

| **પાણિનિએ સૂચવેલ 'અષ્ટાધ્યાયી'નો ઉચ્ચારિત ક્રમ** | **મહાભાષ્યકાર પતંજલિએ પ્રક્રિયા દરમ્યાન સૂચવેલ સૂત્રોનો નવો ઉપસ્થિતિક્રમ** |
|---|---|
| (1) अइउण् *વગેરે માહેશ્વર સૂત્ર* | (1) अइउण् *વગેરે માહેશ્વર સૂત્ર* |
| (2) तुल्यास्यप्रयत्नं सवर्णम् । १.१.९<br>नाज्झलौ । १.१.१० | (२) हलन्त्यम् । १.३.३ |
| (३) अणुदित्सवर्णस्य चाप्रत्ययः । १.१.६९<br>तपरस्तत्कालस्य । १.१.७० | (३) आदिरन्त्येन सहेता । १.१.७१ |
| (४) आदिरन्त्येन सहेता । १.१.७१ | (४) तुल्यास्यप्रयत्नं सवर्णम् । १.१.९ |

*હવે આપણે પાણિનિએ જે ક્રમે આ સૂત્રો ઉચ્ચાર્યાં છે તેમને પઠન - પાઠનમાં નવા ક્રમે ફેરવવાં અનિવાર્ય છે કે નહીં ? તે વિશે જોઈશું.*

*અહીં પાણિનિએ જણાવેલ ક્રમને વળગી રહીશું તો સૂત્રાર્થ જાણી શકાશે જ નહીં: કારણ કે* अणुदित्सवर्णस्य चाप्रत्ययः । (१-१-६९) *સૂત્રમાંના* 'सवर्णस्य' *શબ્દથી જેનો ઉલ્લેખ થયો છે તે 'સવર્ણ' સંજ્ઞાનું જ્ઞાન તો* तुल्यास्यप्रयत्नं सवर्णम् । (१-१-९) *અને* नाज्झलौ । (१-१-१०) *એવા સવર્ણસંજ્ઞાનું જ્ઞાન તો* तुल्यास्यप्रयत्नं सवर्णम् । (१-१-९) *અને* नाज्झलौ । (१-१-१०) *એવા સવર્ણસંજ્ઞા વિધાયક બે સૂત્રોને જાણવાથી જ થઈ શકે છે અને આ બેમાંથી એક જે* नाज्झलौ । (१-१-१०) *એવું સૂત્ર છે, તેમાંના* 'अच्' *અને* 'हल्' *પ્રત્યાહારોને સમજવા* आदिरन्त्येन सहेता । (१-१-७१) *સૂત્રની જરૂર પડશે. (એટલે કે સૂત્ર* 1-1-10 *ને સમજવા માટે સૂત્ર ૧-૧-૭૧ ની જરૂર પડશે) તથા* आदिरन्त्येन सहेता । (१-१-७१) *સૂત્રમાંથી* 'इत्' *સંજ્ઞાને સમજવા માટે* (उपदेशे) हलन्त्यम् । *(૧-૧-૩) સૂત્ર ઉપર જવું પડશે. તથા છેલ્લે 'ઉપદેશ' માં આવેલ* 'हल्' *ને સમજવા 'ઉપદેશ' રૂપ માહેશ્વરસૂત્રોનું સ્મરણ કરવું પડે છે.*

*આથી પાણિનિએ જે ક્રમ સૂત્રોનો સૂચવ્યો છે તેને નવા ક્રમે ગોઠવીને ભણવાનું સ્વયં પતંજલિ કહે છે. જેમકે* "वर्णानामुपदेशस्तावत् । उपदेशोत्तरकाला इत्संज्ञा । इत्संज्ञोत्तर कालः 'आदिरन्त्येन सहेता' इति प्रत्याहारः । प्रत्याहारोत्तरकाला सवर्णसंज्ञा इति ॥ अणुदित्. इत्यत्र 1-1-69 महाभाष्यम् ॥" *અર્થાત્ સૌથી પહેલાં* (1) *ઉપદેશનું એટલે કે માહેશ્વરસૂત્રોને સમજવા પછી* (2) 'इत्' *સંજ્ઞા કરનારું* हलन्त्यम् । (1-1-3) *સૂત્ર જાણવું, પછી (૩)* आदिरन्त्येन सहेता । (1-1-71) *થી પ્રત્યાહાર બનાવવાની યુક્તિ શીખવી ત્યાર બાદ* (4) *સવર્ણસંજ્ઞા વિધાયક બે સૂત્રો* तुल्यास्यप्रयत्नं सवर्णम् । (1-1-9) *અને* नाज्झलौ । (1-1-10) *ને ભણવા તથા છેલ્લે (૫)* अणुदित्सवर्णस्य चाप्रत्ययः ।

(1-1-69) ને સમજવું. આમ આ નવો ક્રમ સ્વીકારીએ તો જ 'વ્યાક્યપરિસમાપ્તિ' થાય છે. (કારણ કે આ પાંચેય સૂત્રો વચ્ચે અંગાંગી - ભાવ રહેલો છે.)

આમ 'સવર્ણગ્રાહકવિધિ' નું જ્ઞાન પ્રક્રિયાક્રમે સૂત્રો ગોઠવાયાં હોય તો જ સમ્યક્ રીતે તાર્કિક ક્રમે થાય છે. એવું સ્પષ્ટ થાય છે અને પતંજલિના મુજબ આ નવા ક્રમને સમર્થન પણ મળે છે.

- **પ્રક્રિયાનુસારી પરંપરાના દોષ :-**

પાણિનિએ લાઘવસિદ્ધિ અર્થે કુશળતાથી લોકની અને વેદની સંસ્કૃત ભાષાનું વ્યાકરણ સમગ્ર 'અષ્ટાધ્યાયી' માં સાથે - સાથે જ ગૂંથ્યું છે. આથી જો પાણિનિના ક્રમાનુસાર જ આ સૂત્રોનું જ્ઞાન મેળવ્યું હોય તો વેદની ભાષાનું વ્યાકરણ પણ સાંગોપાંગ જાણી શકાય છે. તથા પાણિનિના અમુક અનુબંધોનું શું પ્રયોજન છે ? એના થકી નિષ્પન્ન થયેલો શબ્દ કેવા સ્વરવાળો હશે ? ઈત્યાદિ જાણી લેવાય છે. જે છાત્ર 'અષ્ટાધ્યાયી' ના ઉચ્ચારિત ક્રમે જ પાણિનીય શબ્દાનુશાસન ભણ્યો હશે તેને વેદમંત્રમાં 'वार्षिकम् માં આદ્યુદાત્ત જોઈને શંકા ન થાય. કારણ કે તે અગાઉ આ વિશે જાણેલ હશે. જ્યારે પ્રક્રિયાક્રમે ભણ્યો હશે (અને વૈદિક સ્વરપ્રક્રિયામાં 6-1-197 ભણવાનું બાકી હશે) તેને 'वार्तिकम् માં આદ્યુદાત્ત સ્વર જોઈને આશ્ચર્ય અને શંકા થવાની જ. પ્રક્રિયાનુસારી પરંપરાથી ભણેલ છાત્રને વ્યાકરણનું જ્ઞાન ઝડપી આવડી જશે અને ઝડપી ભૂલાઈ જશે, જ્યારે અષ્ટાધ્યાયી સૂત્રક્રમ પરંપરાથી ભણેલ છાત્રને તે જ્ઞાન ચિરસ્થાયી નીવડશે.

- **પ્રક્રિયાનુસારી પરંપરાના ગુણ - દોષની સમીક્ષા :-**

અષ્ટાધ્યાયી સૂત્રક્રમ પરંપરાથી ભણેલ વ્યાકરણ સંપૂર્ણ છે, પરંતુ તે ગ્રંથ સંપૂર્ણ ભણવો જોઈએ, જ્યારે પ્રક્રિયાનુસારી પરંપરામાં વિદ્યાર્થી જે - તે એક વિષયને ભણી તેના વિશે જ્ઞાન મેળવી શકે છે. આધુનિક સમયમાં 'અષ્ટાધ્યાયી' ના સૂત્રક્રમના જે હિમાયતીઓ છે તેમણે એ પણ યાદ કરવું જોઈએ કે સ્વામી દયાનંદ સરસ્વતીજીએ પણ જે आख्यात्रिक, नामिक, सौवरः વગેરે શીર્ષકો હેઠળ પાણિનિનાં સૂત્રોને સમજાવ્યાં છે. તેમાં પણ પ્રક્રિયાનુસારી પરંપરાનો જ આધાર લીધો છે.

આમ એવું કહી શકાય કે વ્યાકરણના વિદ્યાર્થીએ 'અષ્ટાધ્યાયીક્રમ' કે 'પ્રક્રિયાક્રમ' એ બેમાંથી કોઈ એકને વળગી રહેવું જોઈએ નહીં અને બંનેના ગુણ - દોષ જોવા જોઈએ. વિદ્યાર્થીએ સૌપ્રથમ 'અષ્ટાધ્યાયી'ને કંઠસ્થ કરીને, એ જ ક્રમે એ સૂત્રોનો અભ્યાસ કરવો જોઈએ. એમ કહેવા કરતાં 'અષ્ટાધ્યાયી' ને કંઠસ્થ કરીને, પછીથી પ્રક્રિયાક્રમે સૂત્રોનો અભ્યાસ કરવો જોઈએ. એમ કહેવું વધારે યુક્તિસંગત અને હિતકારી છે.

## 2.5 સૂત્રાર્થનિર્ણયની ચર્ચા કરતા ગ્રંથો

આ પાણિનીય વ્યાકરણશાસ્ત્રનો બીજો પ્રવાહ છે. પ્રક્રિયાગ્રંથોમાં પાણિનિનાં સૂત્રોને રૂપસિદ્ધિમાં ઉપયોગી થાય એવી રીતે વિષયવાર ગોઠવવામાં આવ્યાં છે. પરંતુ રૂપસિદ્ધિ દરમ્યાન ક્યારેક નાની – મોટી શંકાઓ ઉપસ્થિત થવાની શક્યતા છે અથવા તો સૂત્રાર્થનિર્ણયમાં થોડીક સ્પષ્ટતાની કે કોઈક નિયમની પણ આવશ્યકતા ઊભી થાય

છે. આ માટે પાણિનિએ પોતે જ 'અષ્ટાધ્યાયી' માં પરિભાષાસૂત્રો રજૂ કર્યા છે. પરંતુ આ પરિભાષાસૂત્રો પૂરતાં ન લાગવાથી ભાષ્યકારે વ્યાખ્યા દરમ્યાન જે કેટલાંક વ્યવસ્થાપક નિયમો, લૌકિક ન્યાયો રજૂ કર્યા છે તેને 'પરિભાષાવચન' કહે છે આવાં વચનો એકઠાં કરીને તેની ઉપર વૃત્તિ લખવામાં આવી છે. આને 'પરિભાષાવૃત્તિગ્રંથો' કહે છે. જેમકે વ્યાડિ કૃત્ પરિભાષાવૃત્તિગ્રંથ, પુરુષોત્તમદેવકૃત લઘુપરિભાષાવૃત્તિ, સીરદેવની બૃહત્પરિભાષાવૃત્તિ, હરિભાસ્કરનો પરિભાષાભાસ્કર, નાગેશભટ્ટકૃત પરિભાષેન્દુશેખર વગેરે મહત્વના ગ્રંથો છે. પરિભાષાવચનોને એકઠા કરીને સ્વતંત્ર ગ્રંથ લખનાર પુરુષોત્તમદેવ પ્રથમ છે અને આ પરંપરામાં શ્રેષ્ઠગ્રંથ લખીને તેને ચરમ સીમાએ પહોંચાડનાર નાગેશ ભટ્ટ છે. આવા પરિભાષાવૃત્તિગ્રંથો 'અષ્ટાધ્યાયી' ને સુદૃઢ બનાવવામાં મહત્વનો ફાળો ભજવે છે.

## 2.6 શબ્દાર્થનિર્ણયની ચર્ચા કરતા ગ્રંથો (Semantics)

પાણિનીય વ્યાકરણશાસ્ત્રનો આ ત્રીજો પ્રવાહ મનાય છે. આમાં શબ્દાર્થ (જીદ્વીહૈંછજ) ની વિચારણા કરનારા ગ્રંથો પણ રચાયા છે. જેવાકે ભર્તૃહરિકૃત વાક્યપદીય, કોણ્ડ ભટ્ટકૃત વૈયાકરણ સિદ્ધાન્તમંજૂષા, લઘુમંજૂષા અને પરમલઘુમંજૂષા. શબ્દનિત્યત્વની ચર્ચાના મૂળ ભાષ્યકાર પતંજલિની પૂર્વે વ્યાડિકૃત 'સંગ્રહ' માં હશે. એવો ઉલ્લેખ મળે છે.

પાણિનિનાં સૂત્રોમાં અન્તર્નિહિત, કાત્યાયનના વાર્તિકોમાં અંકુરિત અને પછી મહાભાષ્યમાં ફલિત થતા શબ્દ – અર્થવિજ્ઞાન અંગે ચર્ચા કરનારું અર્થાત્ વ્યાકરણના દાર્શનિક પક્ષની ચર્ચા કરનારું ઘણું સાહિત્ય લખાયું છે. મહાભાષ્ય પછી ભાષાકીય ચર્ચાઓના વિશાળ માહોલમાં વિશિષ્ટ પ્રકારનું મહત્વ ધરાવતા શબ્દ-અર્થ વિજ્ઞાનના સાહિત્યને ભર્તૃહરિના 'વાક્યપદીય' નામના ગ્રંથથી અતિશય વેગ મળ્યો છે અર્થાત્ એવું કહી શકાય કે વ્યાકરણને 'દર્શન' નું સ્વરૂપ આપવામાં ભર્તૃહરિનો મહત્વનો ફાળો છે. ભર્તૃહરિએ ધ્વનિ અને સ્ફોટ વચ્ચે અભિવ્યંજક – અભિવ્યંગ્ય ભાવ રૂપ સંબંધ રહેલ છે એમ જાહેર કર્યું છે તથા સ્ફોટ અને અર્થ વચ્ચે વાચ્ય - વાચક ભાવ સંબંધ બતાવેલ છે. વાક્યપદીય, ભૂષણ અને મંજૂષા જેવા ગ્રંથોમાં શબ્દાર્થ, સ્ફોટવાદ, શબ્દ શક્તિ વગેરે વિશે ચર્ચા કરવામાં આવી છે. આ બધાય ગ્રંથો ઉપર વિપુલ સાહિત્યનું ખેડાણ થયેલ છે.

આમ પાણિનીય વ્યાકરણશાસ્ત્રના ત્રણ પ્રવાહો કે જેમાં (1) શબ્દસિદ્ધ કરનાર ગ્રંથો - જેમાં (A) વૃત્તિગ્રંથો - કાશિકાવૃત્તિ વગેરે ગ્રંથો તેમજ (B) પ્રક્રિયાગ્રંથો - વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી વગેરે ગ્રંથોનો સમાવેશ થાય છે. કે જે રૂપાખ્યાન (Morphology) સાથે સંબંધ ધરાવે છે. (2) સૂત્રાર્થનિર્ણયની ચર્ચા કરનાર ગ્રંથો કે જેને પરિભાષાવૃત્તિગ્રંથો પણ કહે છે. જેમાં નાગેશભટ્ટનો 'પરિભાષેન્દુશેખર' ગ્રંથ મુખ્ય છે. તથા (3) શબ્દ - અર્થ નિર્ણયની ચર્ચા કરનારા ગ્રંથો જેને વ્યાકરણનો દાર્શનિક પક્ષ પણ કહે છે. જેને શબ્દાર્થ (Sementics) કહે છે. તેમાં ભર્તૃહરિનો 'વાક્યપદીય' ગ્રંથ મુખ્ય છે.

## 2.7 તમારી પ્રગતિ ચકાસો

**નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.**

(1) *'અષ્ટાધ્યાયી' ગ્રન્થ કઈ શૈલીમાં રચાયેલ છે ?*

(A) *વ્યાખ્યાન શૈલી* (B) *સૂત્રશૈલી* (C) *ભાષ્યશૈલી* (D) *વૃત્તિશૈલી*

(2) *પ્રોફે. કે. વી. અભ્યંકરજીએ પાણિનીય વ્યાકરણશાસ્ત્રના સમગ્ર વાઙ્મયને કેટલી શાખામાં વિભક્ત કરી બતાવ્યું છે ?*

(A) *ત્રણ* (B) *ચાર* (C) *પાંચ* (D) *છ*

(3) *વૃત્તિગ્રંથોમાં સૌથી મહત્વનો ગ્રંથ કયો છે ?*

(A) *અષ્ટાધ્યાયી* (B) *લઘુસિદ્ધાન્તકૌમુદી* (C) *મહાભાષ્ય* (D) *કાશિકા*

(4) *કાશિકાવૃત્તિ ગ્રંથના રચયિતાનું નામ જણાવો ?*

(A) *જયાદિત્ય-વામન* (B) *ભટ્ટોજિ દીક્ષિત* (C) *કાત્યાયન* (D) *વરદાચાર્ય*

(5) *મહાભાષ્યની 'પ્રદીપ' ટીકા કોણે લખેલ છે ?*

(A) *ઉવટ્ટ* (B) *બાણભટ્ટ* (C) *પતંજલિ* (D) *કૈયટ*

(6) *ધર્મકીર્તિના ગ્રંથનું નામ જણાવો ?*

(A) *પ્રક્રિયાકૌમુદી* (B) *લઘુસિદ્ધાન્તકૌમુદી* (C) *રૂપાવતાર* (D) *રૂપમાલા*

(7) *પ્રક્રિયાગ્રંથોમાં સૌથી મહત્વનો ગ્રંથ કયો છે ?*

(A) *લઘુસિદ્ધાન્તકૌમુદી* (B) *મધ્યસિદ્ધાન્તકૌમુદી*
(C) *ગુરુસિદ્ધાન્તકૌમુદી* (D) *વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી*

(8) *'કાશિકા' ગ્રંથનો સમય કયો મનાય છે ?*

(A) *ઈ.સ.*600 (B) *ઈ.સ.*800 (C) *ઈ.સ.*1000 (D) *ઈ.સ.*1100

(9) *નીચેનામાંથી પુરુષોત્તમદેવ કૃત કૃતિ કઈ છે ?*

(A) *પરિભાષાવૃત્તિ* (B) *બૃહત્પરિભાષા*

(C) *પરિભાષાભાસ્કર* (D) *લઘુપરિભાષા*

(10) *નીચેનામાંથી ભર્તૃહરિના ગ્રંથનું નામ જણાવો ?*

(A) *મહાભાષ્ય* (B) *શબ્દપદીય* (C) *વાક્યપદીય* (D) *અર્થપદીય*

*નીચેના પ્રશ્નોના જવાબ એક - બે વાક્યમાં જવાબ આપો.*

1. *સૂત્ર કેવું હોવું જોઈએ ?*

2. વ્યાખ્યાનના પાંચ પ્રકારો ક્યા - ક્યા છે ?

3. પાણિનીય વ્યાકરણશાસ્ત્રના ત્રણ પ્રવાહો કયા - ક્યા છે ?

4. વૃત્તિગ્રંથો કોને કહેવામાં આવે છે ?

5. પ્રક્રિયાગ્રંથો કોને કહેવામાં આવે છે ?

**નીચે આપેલ ટૂંકનોંધ લખો.**

1. સૂત્રની સમજૂતી આપો
2. વૃત્તિગ્રંથો વિશે માહિતી આપો.
3. કાશિકાવૃત્તિ ગ્રંથનો પરિચય આપો
4. કાશિકાવૃત્તિની વ્યાખ્યાઓ વિશે જણાવો.
5. પ્રક્રિયાનુસારી પરંપરાના ગુણ જણાવો.
6. પ્રક્રિયાનુસારી પરંપરાના દોષ જણાવો.
7. સૂત્રાર્થનિર્ણયની ચર્ચા કરતાં ગ્રંથો વિશે માહિતી આપો.
8. શબ્દાર્થનિર્ણયની ચર્ચા કરતાં ગ્રંથો વિશે માહિતી આપો.

**નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો.**

1. વૃત્તિગ્રંથો વિશે માહિતી જણાવી, કાશિકાવૃત્તિ ગ્રંથનો પરિચય તથા કાશિકાવૃત્તિની વ્યાખ્યાઓ વિશે સમજાવો.

2. પ્રક્રિયાગ્રંથોનો સવિસ્તર પરિચય આપો.

3. *પ્રક્રિયાગ્રંથોનો ઉદ્ભવ - હેતુ અને સમીક્ષા કરો.*

4. *પ્રક્રિયાગ્રંથોના ગુણ - દોષ જણાવો.*

**લેખક : ડૉ. વૈશાલી બેન પટેલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ,**
**હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.**

## એકમ : 3 : વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી : સામાન્ય પરિચય

### રૂપરેખા


**3.0 હેતુઓ**

**3.1 પ્રસ્તાવના**

**3.2 વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી - સામાન્ય પરિચય.**

**3.3 ભટ્ટોજી દીક્ષિત જીવન, સમય અને કૃતિઓ.**

**3.4 વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી ગ્રંથનું પ્રયોજન.**

**3.5 વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી શીર્ષક.**

**3.6 વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી ગ્રંથનો સામાન્ય પરિચય.**

**3.7 વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદીના ટીકાગ્રંથો અને ખંડન-મંડન પરંપરાનો ઈતિહાસ.**

**3.8 નવ્યવ્યાકરણ પરંપરા.**

**3.9 વ્યાકરણશાસ્ત્રના પારિભાષિક શબ્દો.**

**3.10 તમારી પ્રગતિ ચકાસો**


### 3.0 હેતુઓ

1. *એકમ-3 ના અભ્યાસ દ્વારા અધ્યેતા સંસ્કૃત વ્યાકરણની પ્રક્રિયા પરંપરાના સર્વાંગિ સમૃદ્ધ ગ્રંથ 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' નો સામાન્ય પરિચય કેળવશે.*
2. *'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ના કર્તા આચાર્ય ભટ્ટોજી દીક્ષિતના જીવન, સમય અને કવનની માહિતી મેળવી શકાશે.*
3. *'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ગ્રંથના પ્રયોજન અને શીર્ષક વિશે જાણી શકશે.*
4. *'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ના ટીકાગ્રંથો અને ખંડન - મંડન પરંપરાનો ઈતિહાસ જાણી શકાશે.*
5. *સંસ્કૃતની આધુનિક 'નવ્ય વ્યાકરણ પરંપરા' વિશે માહિતી મેળવી શકશે.*
6. *સંસ્કૃતવ્યાકરણશાસ્ત્રના પારિભાષિક શબ્દોથી અવગત થશે.*

### 3.1 પ્રસ્તાવના

*સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રની પરંપરામાં 'અષ્ટાધ્યાયી' એક ચક્રવર્તી ગ્રંથ છે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી. આ 'અષ્ટાધ્યાયી' પરંપરામાં આગળ જતાં ત્રણ પ્રવાહો પડે છે. તેમાં પ્રથમ 'શબ્દસિદ્ધ કરનારા ગ્રંથો' માં બે પરંપરા છે.* (1) *વૃત્તિગ્રંથો - જેમાં*


કાશિકા વૃત્તિ વગેરે ગ્રંથોનો સમાવેશ થાય છે. (2) પ્રક્રિયા ગ્રંથો-જેમાં 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ગ્રંથ મુખ્ય છે. તેથી 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ના કર્તાના જીવન, સમય અને કવન વિશે માહિતી મેળવવી આવશ્યક થઈ પડે છે. તદુપરાંત આ મહત્વપૂર્ણ ગ્રંથનો પરિચય પણ આવશ્યક છે. 'પ્રક્રિયાગ્રંથ' - ના આ મુખ્યગ્રંથ ઉપર અનેક ટીકાગ્રંથો લખાયા છે અને તેની પણ ખંડન - મંડન પરંપરાનો સુસમૃદ્ધ ઈતિહાસ છે. તેને જાણવો જરૂરી છે. તેથી સંસ્કૃત વિષયના માસ્ટર ઑફ આર્ટ્સ (સ.છ) ના પેપર-4 ના વિભાગ-3 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી : સામાન્ય પરિચય', નો સાંગોપાંગ અભ્યાસ જરૂરી છે. તો હવે તેના વિશે જોઈશું.

## 3.2 વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી - સામાન્ય પરિચય

અગાઉના એકમ-2 માં આપણે જોઈ ગયા કે પાણિનીય વ્યાકરણશાસ્ત્રના જે ત્રણ પ્રવાહો છે તેમાં (1) શબ્દ સિદ્ધ કરનારા ગ્રંથોમાં વૃત્તિગ્રંથો અને પ્રક્રિયાગ્રંથોનો સમાવેશ થાય છે. તેમાં પ્રક્રિયાગ્રંથોમાં સર્વાંગ સંપૂર્ણ અને મહત્વપૂર્ણ ગ્રંથ ભટ્ટોજી દીક્ષિત વિરચિત 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' છે. એકમ-૩ માં આપણે તેના કર્તા અને તે કૃતિ વિશે વિસ્તારથી માહિતી મેળવીશું.

## 3.3 ભટ્ટોજી દીક્ષિત જીવન, સમય અને કૃતિઓ

ભટ્ટોજી દીક્ષિત દક્ષિણ ભારતના મહારાષ્ટ્રીય બ્રાહ્મણ હતા. તેમના પિતાનું નામ લક્ષ્મીધર તથા નાના ભાઈનું નામ રંગોજી ભટ્ટ હતું. પંડિત યુધિષ્ઠિર મીમાંસકે નીચે મુજબ તેમનું વંશવૃક્ષ વર્ણવ્યું છે.




ભટ્ટોજી દીક્ષિતના ભત્રીજા કૌણ્ડ ભટ્ટે ભટ્ટોજી રચિત વ્યાકરણ ગ્રંથ 'વૈયાકરણ – ભૂષણકારિકા' ઉપર 'વૈયાકરણભૂષણસાર' ગ્રંથની રચના કરી હતી. તેમના પૌત્ર હરિદીક્ષિતે ભટ્ટોજી દીક્ષિતની 'પ્રૌઢમનોરમા' ગ્રંથ ઉપર 'શબ્દરત્ન' નામની ટીકા રચી હતી. હરિદીક્ષિતના સાક્ષાત્ શિષ્ય તે નાગેશ ભટ્ટ હતા. આમ ભટ્ટોજી દીક્ષિતનો

*સમગ્ર પરિવાર વિદ્યા સંપન્ન હતો અને તેમના કુળને વ્યાકરણશાસ્ત્રના પારંગત વિદ્વાનોને જન્મ દેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. તેમની કર્મભૂમિ કાશી હતી.*

*પ્રૌઢ મનોરમાનો એક હસ્તલેખ ભાંડારકર પ્રાચ્યવિદ્યાશોધ - પ્રતિષ્ઠાન પૂનાના સંગ્રહમાં વિદ્યમાન છે. તેના અંતમાં લખ્યું છે કે,* इति श्रीवेदान्तप्रतिपादिताद्वैतसिद्धान्तस्थापनाचार्यलक्ष्मीधरपुत्र भट्टोजि.....मनोरमायां कृदन्तप्रक्रिया समाप्ता । *અર્થાત્ વેદાન્તના પ્રતિપાદક, અદ્વૈત સિદ્ધાન્તના સ્થાપક અને લક્ષ્મીધરના પુત્ર ભટ્ટોજી દીક્ષિત છે. તેમણે પ્રૌઢમનોરમા નામક ગ્રંથની રચના કરેલ છે. તેમજ તેમણે વેદાન્તશાસ્ત્ર ઉપર 'તત્ત્વકૌસ્તુભ' નામક ગ્રંથ પણ લખેલ છે.*

*પંડિત જગન્નાથકૃત પ્રૌઢમનોરમાથી આપણને જાણવા મળે છે કે ભટ્ટોજી દીક્ષિતે નૃસિંહપુત્ર શ્રીકૃષ્ણ શેષ દ્વારા વ્યાકરણશાસ્ત્રનું અધ્યયન કર્યું હતું. તદુપરાંત ભટ્ટોજી દીક્ષિતે પોતાના વેદાન્તશાસ્ત્ર વિષયક 'તત્ત્વકૌસ્તુભ' નામક ગ્રંથમાં ''પ્રક્રિયા પ્રકાશ'' ગ્રંથના કર્તા શેષ કૃષ્ણને માટે ગુરુ શબ્દનો પ્રયોગ કર્યો છે.* 'तदेतत् सकलमभिधाय प्रक्रियाप्रकाशे गुरुचरणैरुक्तम् ।'

**ભટ્ટોજી દીક્ષિતનું ગુરૂ-શિષ્ય પરંપરા દર્શાવતું વિદ્યાવંશવૃક્ષ નીચે મુજબ છે.**

*ગોપાલાચાર્ય ← (બંને ભાઈઓ) → કૃષ્ણાચાર્ય*

↓

*રામચંદ્રાચાર્ય (પ્રક્રિયા કૌમુદી ગ્રંથના કર્તા)*

*(રામચંદ્રાચાર્ય એ ગોપાલાચાર્ય અને કૃષ્ણાચાર્ય એમ બંનેના શિષ્ય હતા. પરંતુ કૃષ્ણાચાર્યના પુત્ર હતા.*

**શ્રી કૃષ્ણ (શેષ) ('પ્રક્રિયાકૌમુદીપ્રકાશ' ગ્રંથના કર્તા)**

**(શ્રીકૃષ્ણ શેષે પ્રક્રિયા કૌમુદી ગ્રંથ ઉપર ટીકા લખી હતી.)**

| | | |
|---|---|---|
| *ભટ્ટોજી દીક્ષિત* | *નૃસિંહ* | *રામેશ્વર* |
| *(શિષ્ય)* | *(શિષ્ય)* | *(પુત્ર અને શિષ્ય)* |
| *વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી અને પ્રૌઢ મનોરમાના કર્તા* | | *(રામેશ્વરનું બીજું નામ વીરેશ્વર અને વટેશ્વર પણ મનાય છે.)* |

*ભટ્ટોજી દીક્ષિત* ↓ *વરદરાજ (શિષ્ય)*

*રામેશ્વર* ↓

| | | | |
|---|---|---|---|
| *વિઠ્ઠલ* | *પંડિત જગન્નાથ* | *ચક્રપાણી* | *હરિ દીક્ષિત* |
| *(શિષ્ય)* | *(શિષ્ય)* | *(શિષ્ય)* | *(પુત્ર અને શિષ્ય)* |

| | |
|---|---|
| *મધ્યસિદ્ધાન્તકૌમુદી અને લઘુસિદ્ધાન્તકૌમુદીના કર્તા* | *1.રસગંગાધર પ્રૌઢમનોરમા ‘શબ્દરત્ન’ ૨.મનોરમા- ખંડન કૃતિના ગ્રંથના કર્તા કુચમર્દિની કર્તા નાગેશ ભટ્ટ ૩.ગંગાલહરી (નવ્યવ્યાકરણના પ્રારંભ કર્તા) વગેરેના કર્તા* |

*આમ આ વિદ્યાવંશવૃક્ષમાંથી બે - ત્રણ મુદ્દાઓ જાણવા જેવા છે. જેમકે* (1) *ભટ્ટોજી દીક્ષિતે પાણિનીય ‘અષ્ટાધ્યાયી’ ગ્રંથ ઉપર જે ‘વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી’ નામનો પ્રક્રિયાગ્રંથ લખ્યો છે, તેમાં એમણે પોતાના ગુરુ શ્રીકૃષ્ણ (શેષ) રચિત ‘પ્રક્રિયાકૌમુદીપ્રકાશ’ નામના ગ્રંથમાં ‘અષ્ટાધ્યાયી’ નાં જે બધાં સૂત્રોને પ્રક્રિયાક્રમમાં ગોઠાવ્યા નહોતા, તે તમામ સૂત્રોને પ્રક્રિયાક્રમે ‘વૈયાકરણસિદ્ધાન્તકૌમુદી’ ગ્રંથમાં ગોઠવી બતાવ્યા. તેમજ ભટ્ટોજી દીક્ષિતે ‘પ્રૌઢમનોરમા’ ગ્રંથ લખીને તેમાં પોતાના જ ગુરુ શ્રીકૃષ્ણ શેષ રચિત ‘પ્રક્રિયાકૌમુદીપ્રકાશ’ ગ્રંથમાં લખેલા ઘણા સિદ્ધાન્તોનું ખંડન કર્યું,* (2) *પંડિતરાજ જગન્નાથે જોયું કે પોતાના ગુરુ વીરેશ્વર (રામેશ્વર) ના પિતા શ્રીકૃષ્ણ શેષના ગ્રંથનું ભટ્ટોજી દીક્ષિતે ‘પ્રૌઢમનોરમા’ ગ્રંથમાં ખંડન કર્યું છે. તેથી ગુસ્સે ભરાયેલા જગન્નાથે ‘મનોરમાકુચમર્દિની’ નામક ગ્રંથ લખીને ભટ્ટોજી દીક્ષિતનું ખંડન કરવાનો પ્રયાસ કર્યો છે.*

**સમય :-**

*ભટ્ટોજી દીક્ષિતનો સમય વિવાદાસ્પદ છે. આચાર્ય ધર્મવીરે પોતાના શોધ ગ્રંથ* फिटसूत्राध्यायोः स्वर-शास्त्राणां तुलनात्मकमध्ययनम्’ *માં ભટ્ટોજી દીક્ષિતના સમય - કાળ વિશે સાત મતો રજૂ કર્યા છે. પંડિત યુધિષ્ઠિર મીમાંસકે વિક્રમ સંવત* 1570 *થી* 1650 *(એટલે કે ઈ.સ.* 1707*) આજુબાજુનો અનુમાન્યો છે. ડૉ. બેલવેલકરે* “System of Sanskrit Grammar” *માં તેમનો સમય ઈ.સ.* 1600 *થી* 1650 *વચ્ચે કલ્પ્યો છે.*

**કવન (કૃતિઓ) :-**

*ભટ્ટોજી દીક્ષિતે અનેક શાસ્ત્રના વિષયને લગતા ગ્રંથો લખ્યા છે. તેમાંથી મુખ્ય ગ્રંથો નીચે મુજબ છે.*

- *વ્યાકરણશાસ્ત્ર વિષયક ગ્રંથો.* (1) *વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી* (2) *પ્રૌઢ મનોરમા* (3) *શબ્દકૌસ્તુભ અને* (4) *વૈયાકરણ ભૂષણકારિકા*
- *ધર્મશાસ્ત્ર વિષયક ગ્રંથો.* (1) *ત્રિસ્થલિસેતુ* (2) *તિથિનિર્ણય* (3) *પ્રવરનિર્ણય અને* (4) *વિંશતિમતવ્યાખ્યા.*
- *વેદાન્તશાસ્ત્ર વિષયક ગ્રંથ.* (1) *તત્ત્વકૌસ્તુભ.*

## 3.4 વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી ગ્રંથનું પ્રયોજન.

*શાસ્ત્રગ્રંથોમાં પ્રારંભે ‘અનુબંધચતુષ્ટય’ બતાવવામાં આવ્યું છે, તે મુજબ ‘વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી’ વ્યાકરણના પણ ચાર અનુબંધો સિદ્ધ થાય છે. જેમકે,* (1) *વિષય -*

વૈયાકરણોના સિદ્ધાન્તો. (2) પ્રયોજન - વૈયાકરણોના સિદ્ધાન્તનું જ્ઞાન. (3) અધિકારી – આવા જ્ઞાનનો જિજ્ઞાસુ અને (4) સંબંધ – સાધ્ય સાધક ભાવ રૂપ સંબંધ. અર્થાત્ વૈયાકરણોના સિદ્ધાન્તનું જ્ઞાન એ સાધ્ય છે અને તે જ્ઞાનનો સાધક આ ગ્રંથ છે. એટલે કે આ ગ્રંથ ભણવાથી વૈયાકરણોના સિદ્ધાન્તોનું જ્ઞાન થાય છે.

આમ આ ગ્રંથનું પ્રયોજન વૈયાકરણોના સિદ્ધાન્તોનું જ્ઞાન મેળવીને વિદ્વાન થવું. ભટ્ટોજી દીક્ષિત વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી ગ્રંથના મંગલાચરણમાં કહે છે કે,

**मुनित्रयं नमस्कृत्य तदुक्तीः परिभाव्य च ।**

**वैयाकरणसिद्धान्तकौमुदीयं विरच्यते ॥**

અર્થાત્ ત્રણ મુનિ (પાણિનિ, કાત્યાયન, પતંજલિ) ને નમસ્કાર કરીને, તેમનાં વાક્યો ઉપર વિચાર કરીને આ 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ગ્રંથ રચવામાં આવે છે.

વ્યાકરણશાસ્ત્રના આદ્ય પ્રવર્તક ત્રણ મુનિઓ થઈ ગયા. (1) પાણિનિ-જેમણે 'અષ્ટાધ્યાયી' નામનો આઠ અધ્યાયમાં વહેંચાયેલ સૂત્રશૈલીમાં ગ્રંથ રચ્યો. (2) કાત્યાયન- જેમણે પાણિનિના 'અષ્ટાધ્યાયી' ગ્રંથ ઉપર વાર્તિકો રચ્યાં. તેથી તેમને વાર્તિકકાર કહે છે. ત્યારબાદ (3) પતંજલિ - જેમણે વાર્તિકો ઉપર 'મહાભાષ્ય' ગ્રંથ રચ્યો. તેથી તેમને ભાષ્યકાર કહે છે, આ ત્રણેય મુનિઓની ઉક્તિઓ (એટલે કે સૂત્ર, વાર્તિક અને ભાષ્ય) ને સમજવા માટે 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ગ્રંથની રચના કરી.

સૂત્રશૈલીમાં લખાયેલ પાણિનિના 'અષ્ટાધ્યાયી' નો અભ્યાસ કરવાની મુખ્ય બે પદ્ધતિઓ જોવા મળે છે. જેમાં (1) વૃત્તિ પદ્ધતિ (અષ્ટાધ્યાયી પરંપરા) - ઈ.સ.ની છઠ્ઠી સદીમાં વામન અને જયાદિત્યે 'કાશિકાવૃત્તિ' નામનો ગ્રંથ રચ્યો. આ ગ્રંથમાં પાણિનિનાં સૂત્રોને સમજાવતી 'વૃત્તિ' લખવામાં આવી છે. આ વૃત્તિમાં સૂત્રોનો અર્થ, તેનું ઉદાહરણ, પ્રત્યુદાહરણ, સૂત્રના અમુક પદનું પ્રયોજન શું છે ? તેની વિચારણા વગેરેનો સમાવેશ થાય છે. આ ગ્રંથની વિશિષ્ટતા એ છે કે તેમાં પાણિનિએ જે ક્રમે સૂત્રો લખ્યાં છે તે જ ક્રમે વૃત્તિ લખવામાં આવી છે. જ્યારે (2) પ્રક્રિયા પદ્ધતિ (પ્રક્રિયાનુસારી પરંપરા) પ્રચલિત બની. જેમાં પાણિનિનાં સૂત્રોનો ક્રમ બદલીને, વિષય (Topic) ને કેન્દ્રમાં રાખીને તથા જે તે રૂપને સિદ્ધ કરવા માટે પ્રક્રિયામાં જે - જે સૂત્રોની જરૂર પડે તેમને એકત્ર કરીને તેમની ઉપર ગ્રંથ રચવામાં આવ્યા. આવા પ્રક્રિયાગ્રંથોમાં ભટ્ટોજી દીક્ષિત રચિત 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ગ્રંથ મુખ્ય છે. આ ગ્રંથ દ્વારા જ સમગ્ર ભારતમાં પાણિનીય વ્યાકરણનું પઠન - પાઠન અદ્યાવધિ થઈ રહ્યું છે.

આ ગ્રંથ ભણવાથી વિદ્યાર્થીઓ શબ્દશાસ્ત્રમાં પ્રવિણ બને છે. જે વિદ્યાર્થીઓ વ્યાકરણ સિવાયના શાસ્ત્રો (જેમકે – અલંકારશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, વેદાન્તશાસ્ત્ર. સાંખ્યશાસ્ત્ર ઈત્યાદિ) માં હજી પ્રવેશ કરતાં હોય તેમને માટે આ 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ગ્રંથ ઉપકારી છે. સંસ્કૃત ભાષાનો કોઈ પણ અભ્યાસી કે જે કાવ્ય, મહાકાવ્ય, નાટક આદિ ગમે તે સાહિત્ય જાણવા કે રચવા ઈચ્છતો હોય તેને તથા ન્યાય, વેદાન્તાદિ શાસ્ત્ર ભણવા માંગતો હોય તેમને પદે - પદે વ્યાકરણની જરૂર પડવાની, તે સમયે આ ગ્રંથ

*ઉપકારક બને છે. તેથી જ તો કહેવાયું છે કે,* 'काणादं पाणिनीयश्च सर्वशास्त्रोपकारकम् *અર્થાત્ કણાદ મુનિનું વૈશેષિક દર્શન અને પાણિનિનું વ્યાકરણશાસ્ત્ર તો બધાં જ શાસ્ત્રોનાં અભ્યાસ કરવામાં ઉપકારક બની રહે છે.*

*આમ વ્યાકરણનો સરળતાથી અને ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા માટે 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ગ્રંથ ભણવો જોઈએ, તે પ્રયોજન છે.*

## 3.5 વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી શીર્ષક

*સંસ્કૃત સાહિત્યના કવિઓ પોતાના ગ્રંથનું નામ વિષયને અનુરૂપ જ આપતા હોય છે, તેમ 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' વ્યાકરણશાસ્ત્રનો ગ્રંથ હોવાથી તેના વિષયને અનુરૂપ નામ છે.*

*જે વ્યક્તિ વ્યાકરણ જાણતો હોય કે ભણતો હોય* (यद् अधीते तद् वेद) *તેને 'વૈયાકરણ' કહેવાય છે. સંસ્કૃત ભાષાના આદ્યવૈયાકરણો ત્રિમુનિ છે. જેમકે સૂત્રકાર પાણિનિ, વાર્તિકકાર કાત્યાયન (વરરુચિ) અને ભાષ્યકાર પતંજલિ. આ ત્રણેય મુનિઓએ જે સિદ્ધાન્તો અને નિયમો નક્કી કર્યા છે, આ સિદ્ધાન્તો ઉપરની કૌમુદી (ચાંદની) ની જેમ પ્રકાશ ફેલાવનારી તે* व्याकरण सिद्धांतानां या कौमुदी प्रकाशिका (वृत्तिः) सा वैयाकरणसिद्धान्तकौमुदी । *'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' કહેવાય છે. જેમાં ત્રિમુનિના નિયમો ઉપર ઉદાહરણ, પ્રત્યુદાહરણ, શંકા - સમાધાન વગેરેની વિશદ ચર્ચા કરવામાં આવી છે.*

## 3.6 વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી ગ્રંથનો સામાન્ય પરિચય

*પ્રક્રિયાગ્રંથોમાં સૌથી વધારે મહત્ત્વપૂર્ણ ગ્રંથ ભટ્ટોજી દીક્ષિત રચિત 'વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી' છે. આ ગ્રંથમાં 'અષ્ટાધ્યાયી' ના બધા જ સૂત્રોને સંકલિત કરેલ છે. ભાષાની દૃષ્ટિથી 'વાક્ય' ને અભિલક્ષિત કરીને* (सुप्तिङन्तयो वाक्यम्) *તદનુસાર જ તેઓએ પોતાના આ ગ્રંથને પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એવા બે મુખ્ય વિભાગમાં વિભક્ત કરેલ છે. (છ) પૂર્વાર્ધમાં સુબન્ત શબ્દોની સિદ્ધિ માટે નીચે મુજબ 9 પ્રકરણો પાડ્યા છે.* संज्ञाप्रकरणम् (2) परिभाषाप्रकरणम् (3) सन्धिप्रकरणम् (4) सुबन्तप्रकरणम् (5) अव्ययप्रकरणम् (6) स्त्रीप्रत्ययप्रकरणम् *જ્યારે* (B) *ઉત્તરાર્ધમાં તિઙન્ત શબ્દોના ઉપયોગી ઉપકરણોની પૂર્તિ માટે ૫ પ્રકરણો પાડ્યાં છે. જેનો સંળગ ક્રમ આ મુજબ છે.* तिङन्तप्रकरणम् (दश –गण) (11) ण्यन्तादि प्रक्रिया प्रकरणम् (12) कृदन्तप्रकरणम् (13) वैदिकप्रक्रियाप्रकरणम् (14) स्वरप्रक्रियाप्रकरणम् *પ્રક્રિયા વિવરણના આધારે આ ચૌદે પ્રકરણો પાડેલ છે. છેલ્લા બે પ્રકરણો (૧૩)* वैदिकप्रक्रियाप्रकरणम् *અને* (14) स्वरप्रक्रियाप्रकरणम् *માં વૈદિક પ્રયોગ સંબંધી તથા વેદોમાં પ્રયુક્ત સ્વરસબંધી વિશેષતાઓનું નિદર્શન છે. આ છેલ્લા બે પ્રકરણો અષ્ટાધ્યાયીના અધ્યાય મુજબ સંકલિત કર્યા છે. પરંતુ સ્વર પ્રક્રિયામાં આ નિયમ સર્વાંશતઃ સંગૃહિત નથી. છેલ્લા બે અધ્યાયોનાં અભ્યાસથી જાણવા મળે છે કે પહેલાં ભટ્ટોજી દીક્ષિતને 'લૌકિક' શબ્દોની*

જ સિદ્ધિ અભિષ્ટ લાગી હશે, કારણ કે કૃદન્તપ્રકરણના અંતમાં પ્રાપ્ત પુષ્પિકામાં આના ઉપસંહારની સૂચના મળે છે.

**''इत्थं लौकिकशब्दानां दिङ्मात्रामिह दर्शितम् ।**

**विस्तरस्तु यथाशास्त्रं दर्शितः शब्दकौस्तुभे ॥''**

તેમ છતાં તેઓને વૈદિક પ્રયોગના સંબંધમાં નિર્વચન ન કરવાની ઉણપ લાગતાં તેઓએ છેલ્લા બે પ્રકરણના અંતમાં તેને જોડી દીધું. તે મુજબ તેમણે અંતમાં છેલ્લે અલગ પુષ્પિકાની પૂર્તિ કરી. જેમકે –

**''इत्थं वैदिकशब्दानां दिङ्मात्रमिह दर्शितम् ।**

**तदस्तु प्रीतये श्रीमद्भवानीविश्वनाथयोः ॥''**

આમ ભટ્ટોજી દીક્ષિતે લૌકિક અને વૈદિક એમ બંને પ્રકારના શબ્દોની સિદ્ધિનું વ્યાખ્યાન કરીને પ્રક્રિયાશૈલીના આ ઉત્તમગ્રંથને પૂર્ણતાના શિખર સુધી પહોંચાડ્યો છે. જો ભટ્ટોજી દીક્ષિતે વૈદિક શબ્દોની વ્યાખ્યા ન કરી હોત તો તેમનો આ 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ગ્રંથ પૂર્વાચાર્યો રચિત પ્રક્રિયા ગ્રંથોની જેમ જ અપૂર્ણ જ રહી જાત. આમ આ ગ્રંથમાં પાણિનિ કૃત 'અષ્ટાધ્યાયી'ના તમામ ૩૯૭૮ સૂત્રોને વ્યાખ્યાયિત કર્યા છે. જેમાં લૌકિક પ્રક્રિયાના વ્યાખ્યાન સૂત્રોની સંખ્યા ૩૩૮૬ છે. જ્યારે વૈદિક પ્રક્રિયામાં ૨૬૩ સૂત્રોની તથા સ્વર પ્રક્રિયામાં ૩૨૯ સૂત્રોની વ્યાખ્યા કરેલ છે. આમ 3386 + 263 + 329 = 3978 થાય છે. તદુપરાંત જો ચૌદ માહેશ્વરસૂત્રોને જોડી દઈએ તો સૂત્રોની સંખ્યા 3978 + 14 = 3992 થાય છે. स्वरसिद्धान्तचंद्रिका' ગ્રંથમાં 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ગ્રંથની સૂત્ર સંખ્યા ૩૯૯૫ બતાવી છે.

**चतु:सहस्री सूत्राणां पञ्चसूत्रविवर्जिता ।**

**अष्टाध्यायी पाणिनीया सूत्रैमाहेश्वरैः सह ॥ (સ્વરસિદ્ધાંત ચંદ્રિકા-15)**

આમ, ઉપરોક્ત ચર્ચામાં આપણે પ્રક્રિયાનુસાર ગ્રંથ વ્યવસ્થા અને સૂત્રોની સંખ્યા વિશે વિગતવાર જોયું.

હવે આપણે 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ની અનુક્રમણિકાનો અભ્યાસ કરીશું. તેમાં નીચે મુજબ પ્રકરણ વ્યવસ્થા જોવા મળે છે.

| **વિષયાનુક્રમણિકા** | |
|---|---|
| (1) સંજ્ઞા પ્રકરણ | (27) અપત્યાધિકાર પ્રકરણ |
| (2) પરિભાષા પ્રકરણ | (28) રક્તાદ્યર્થક પ્રકરણ |
| (3) અચ્ સંધિ પ્રકરણ | (29) ચાતુરાર્થિક પ્રકરણ |
| (4) પ્રકૃતિભાવ પ્રકરણ | (31) પ્રાગ્દીવ્યતીય પ્રકરણ |

| | |
|---|---|
| (5) હલ્ સંધિ પ્રકરણ | (32) પ્રાગ્વહતીય (ઠગધિકાર) પ્રકરણ |
| (6) વિસર્ગસંધિ પ્રકરણ | (33) પ્રાગ્ધિતીય પ્રકરણ |
| (7) સ્વાદીસંધિ પ્રકરણ | (34) છયદ્વિધિ પ્રકરણ |
| (8) અજન્તપુલ્લિંગ પ્રકરણ | (35) આર્હીય પ્રકરણ |
| (9) અજન્તસ્ત્રીલિંગ પ્રકરણ | (36) ઠઞધિકાર કાલાધિકાર પ્રકરણ |
| (10) અજન્તનપુકલિંગ પ્રકરણ | (37) ઠઞધિકારે પ્રકરણ |
| (11) હલન્તપુલ્લિંગ પ્રકરણ | (38) તદ્ધિતેષુ ભાવકમાર્થક પ્રકરણ |
| (12) હલન્તસ્ત્રીલિંગ પ્રકરણ | (39) તદ્ધિતેષુ પાચ્ચમિક પ્રકરણ |
| (13) હલન્તનપુંસકલિંગ પ્રકરણ | (40) મત્વર્થીય પ્રકરણ |
| (14) અવ્યય પ્રકરણ | (41) પ્રાગ્દશીય પ્રકરણ |
| (15) સ્ત્રીપ્રત્યય પ્રકરણ | (42) પ્રાગિવીય પ્રકરણ |
| (16) કારક પ્રકરણ | (43) સ્વાર્થિક પ્રકરણ |
| (17) અવ્યયીભાવસમાસ પ્રકરણ | (44) દ્વિરુક્તપ્રક્રિયા પ્રકરણ |
| (18) તત્પુરુષસમાસ પ્રકરણ | (45) નામધાતુ પ્રકરણ |
| (19) બહુવ્રીહિસમાસ પ્રકરણ | (46) કણ્ડ્વાદિ પ્રકરણ |
| (20) દ્વન્દ્વસમાસ પ્રકરણ | (47) કૃદન્ત કૃત પ્રકરણ |
| (21) એકશેષ પ્રકરણ | (48) પૂર્વકૃદન્ત પ્રકરણ |
| (22) સર્વસમાસશેષ પ્રકરણ | (49) ઉત્તરકૃદન્ત પ્રકરણ |
| (23) સમાસાન્ત પ્રકરણ | (50) વૈદિક પ્રકરણ |
| (24) અલુક્ સમાસ પ્રકરણ | (51) સ્વર પ્રકરણ |
| (25) સમાસાશ્રયવિધિ પ્રકરણ | |
| (26) તદ્ધિતાધિકાર પ્રકરણ | |

આ સિવાય અન્ય ચાર પરિશિષ્ટ જોડેલ છે. (1) પાણિનીય શિક્ષા (2) ગણપાઠ (3) ધાતુપાઠ અને (4) લિંગાનુશાસન.

ભટ્ટોજી દીક્ષિતે 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' માં સૂત્રોની વૃત્તિઓ મહત્તમ 'કાશિકા' અનુસાર લખેલ છે. જ્યારે ઉદાહરણોના વિષયની બાબતમાં ભટ્ટોજી દીક્ષિતે 'પ્રક્રિયા કૌમુદી' નું અનુસરણ કર્યું છે. બંનેમાં બહુ ઓછું અંતર જોવા મળે છે. પ્રક્રિયાના સંબંધમાં 'સુબન્ત' થી આરંભ કરીને 'તિઙન્ત'ને ઉત્તરાર્ધમાં રાખવાની પ્રેરણા તેમને

*'રૂપાવતાર' ગ્રંથમાંથી મળી છે. અન્ય પ્રક્રિયાંશ ઉપર 'પ્રક્રિયા કૌમુદી' નો પ્રભાવ પડેલ છે. 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' અને 'પ્રક્રિયા કૌમુદી' બંને વચ્ચે અંતર એ છે કે 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' માં 'અષ્ટાધ્યાયી' ના એક પણ સૂત્રને બાકી રાખ્યું નથી. બીજું અંતર એ છે કે 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' માં અધિકતર વાર્તિકો, પરિભાષાઓ અને પૂર્વ વ્યાખ્યાતાઓના વિચારોનો સમાવેશ પણ કર્યો છે. આમાં પણ વાર્તિકો વગેરેનો સન્નિવેશ 'કાશિકા' ગ્રંથના જ ક્રમાનુસાર કરેલ છે.*

*આ વિશેષતાઓને કારણે પરવર્તી સમયમાં માત્ર 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' નો પ્રચાર થયેલ છે. જ્યારે અન્ય પ્રક્રિયાગ્રંથો ઉપેક્ષિત રહી ગયેલ છે.*

## 3.7 વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદીના ટીકાગ્રંથો અને ખંડન-મંડન પરંપરાનો ઈતિહાસ

*'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ગ્રંથ ઉપર લગભગ ૫૦ જેટલા ટીકા ગ્રંથો લખાયા છે. તેમાંથી કેટલીક ટીકાઓ સંપૂર્ણ ગ્રંથ પર લખાઈ છે, જ્યારે કેટલીક ટીકાઓ જે - તે પ્રકરણ સુધી સીમિત લખાઈ છે. ડૉ. સૂર્યકાન્ત બલીએ પોતાના ગ્રંથ* "भट्टोजि दीक्षित और उनकी संस्कृत व्याकरण को देन' *માં નિમ્નલિખિત* 24 *ટીકાઓનો ઉલ્લેખ કરેલ છે. જેમાંથી કેટલીક પ્રકાશિત છે તથા કેટલીક અપ્રકાશિત છે* (1) *પ્રૌઢ મનોરમા (ભટ્ટોજી દીક્ષિતની સ્વોપજ્ઞ ટીકા),* (2) *તત્ત્વબોધિની (જ્ઞાનેન્દ્ર સરસ્વતી),* (3) *સુખબોધિની (નીલકંઠ વાજપેયી),* (4) *તત્ત્વદીપિકા (રામાનંદ),* (5) *બૃહચ્છબ્દેન્દુશેખર (નાગેશ ભટ્ટ),* (6) *લઘુ શબ્દેન્દુશેખર (નાગેશ ભટ્ટ),* (7) *રત્નાકર (રામકૃષ્ણ),* (8) *પૂર્ણિમા (રંગનાથ પજવા),* (9) *બાલમનોરમા (વાસુદેવ વાજપેયી),* (10) *રત્નાર્ણવ (કૃષ્ણમિત્ર),* (11) *સ્વરપ્રક્રિયાવ્યાખ્યા (રામચંદ્ર),* (12) *સુમનોરમા (તિરુમલ દ્વાદશાહ યાજી),* (13) *પ્રકાશ (તોખર દીક્ષિત),* (14) *લઘુ મનોરમા (અજ્ઞાત),* (15) *શબ્દસાગરી (અજ્ઞાત),* (16) *શબ્દરસાર્ણવ (અજ્ઞાત), (૧૭) સુધાંજના (અજ્ઞાત),* (18) *વિકાસ (લક્ષ્મી નૃસિંહ),* (19) *રત્નાકર (શિવરામ સરસ્વતી),* (20) *ફક્કિકા પ્રકાશ (ઈન્દ્રદત્ત ઉપાધ્યાય),* (21) *બાલબોધ (સારસ્વત વ્યૂઢ મિશ્ર),* (22) *માનસરંજની (વલ્લભદેવ),* (23) *સુબોધિની (જયકૃષ્ણ) અને* (24) *ચંદ્રકલા - લિંગાનુશાસન વિવરણ (ભૈરવ મિશ્ર).*

**'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ગ્રંથની ખંડન-મંડન પરંપરાનો ઈતિહાસ :-**

*'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ગ્રંથમાં મતમતાન્તરોનું વિવેચન કરી ભાષ્યોક્ત સિદ્ધાંતોની પ્રતિષ્ઠા કરવી એ ભટ્ટોજી દીક્ષિતનો મુખ્ય ઉદ્દેશ્ય છે. તેના ફળ સ્વરૂપે તેના કેન્દ્ર બિંદુને ધ્યાનમાં રાખી પોતાના વ્યાકરણશાસ્ત્રના ગુરુ શ્રીકૃષ્ણ શેષ રચિત 'પ્રક્રિયાકૌમુદીપ્રકાશ' માં નિહિત પૂર્વાચાર્યોના મતનું ખંડન કર્યું છે. આ જોઈ શ્રીકૃષ્ણ શેષના પૌત્ર શેષ ચક્રપાણિએ પોતાના ગ્રંથ 'પરમતખંડન' માં ભટ્ટોજી દીક્ષિતની 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' નું ખંડન કર્યું છે. તદુપરાંત પંડિત જગન્નાથે પોતાના ગ્રંથ 'મનોરમા કુચમર્દન' માં ભટ્ટોજીના સિદ્ધાન્તોની આલોચના કરી છે. આ પ્રતિક્રિયાના ફળ સ્વરૂપ ભટ્ટોજી દીક્ષિતના પુત્ર ભાનુજી દીક્ષિતે પોતાના પિતાના મતના સમર્થનમાં*

*'મનોરમા-મંડન' ગ્રંથ લખ્યો. ભટ્ટોજી દીક્ષિતના પૌત્ર હરિદીક્ષિતે પણ પોતાના દાદાના અને પિતાના સમર્થનમાં ભટ્ટોજી દીક્ષિતના 'પ્રૌઢમનોરમા' ગ્રંથના મંડન માટે 'શબ્દરત્ન' નામની વ્યાખ્યા લખી.*

*આમ 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ગ્રંથની ઉપર વિદ્વાનોએ વિરોધમાં અને સમર્થનમાં અનેક ગ્રંથો લખ્યા હતા. જેને ખંડન - મંડન પરંપરાનો ઈતિહાસ કહી શકાય છે.*

*વ્યાકરણશાસ્ત્રના વિકાસને જોઈએ તો અનુમાન થાય છે કે ઈ.સ.* 16 *મી સદીથી ઈ.સ.* 18 *મી સદી સુધીનો સમય સૂત્રાનુસારી અને પ્રક્રિયાનુસારી વ્યાખ્યાન કાળનો સંક્રમણ કાળ રહ્યો છે. આ પ્રક્રિયા પદ્ધતિમાં વ્યાકરણના મુખ્ય નિયમો જાણવા તથા તેની વધુ સંક્ષિપ્તિ માટે કેટલાક વિદ્વાનો અગ્રેસર થયા. આ કાર્યનો આરંભ ભટ્ટોજી દીક્ષિતના જીવનકાળમાં જ થઈ ગયો હતો. તેમના શિષ્ય વરદરાજ ભટ્ટાચાર્યએ પોતાના ગુરુના 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' ગ્રંથ ઉપર 'લઘુસિદ્ધાન્તકૌમુદી' અને 'મધ્યસિદ્ધાન્તકૌમુદી' બંને ગ્રંથો લખ્યા. વરદરાજે આરંભિક તબક્કામાં બાળકોને પાણિનીય વ્યાકરણશાસ્ત્રમાં સરળતાથી પ્રવેશ કરવવા માટે 'લઘુસિદ્ધાન્તકૌમુદી' ની રચના કરી છે અને તે વિશે તેઓ પોતાના 'લઘુસિદ્ધાન્તકૌમુદી' ગ્રંથના મંગલાચરણમાં જણાવે છે.*

**नत्वा सरस्वतीं देवीं शुद्धां गुण्यां करोम्यहम् ।**

**पाणिनियप्रवेशाय लघुसिद्धान्तकौमुदीम् ।।**

*આમ, આ શ્લોકમાં તેમના ગ્રંથનું લક્ષ્ય સ્પષ્ટપણે જોવા મળે છે. જે વિદ્યાર્થી વ્યાકરણ સિવાયના અન્ય શાસ્ત્ર જેવાકે, અલંકારશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, વેદાન્તશાસ્ત્ર વગેરેમાં પ્રવેશેલો હોય અને હજી બાલ્યાવસ્થામાં રહેલો છે તેને આ ગ્રંથ ઉપકારક છે. જે વિદ્યાર્થી બાલ્યાવસ્થામાં 'લઘુસિદ્ધાન્તકૌમુદી' ના જ્ઞાન દ્વારા પાણિનીય વ્યાકરણમાં પ્રવેશ મેળવી લે, તે હવે યુવાવસ્થામાં ભણવા માટે બીજા તબક્કે 'મધ્યસિદ્ધાન્તકૌમુદી' ભણે તો તે શબ્દશાસ્ત્રમાં વિશારદ થઈ વૈયાકરણી બને.*

*ભટ્ટોજી દીક્ષિતના સમયથી જ પોતાના શિષ્ય દ્વારા બે લઘુગ્રંથો* (1) *લઘુસિદ્ધાન્તકૌમુદી અને* (2) *મધ્યસિદ્ધાન્તકૌમુદીની રચના થઇ ગઈ હતી અને પઠન - પાઠનના પ્રચલન દ્વારા તેની લોકપ્રિયતા વધી ગઈ હતી. ભટ્ટોજી દીક્ષિતને સંદેહ થયો કે પોતાના શિષ્ય દ્વારા રચાયેલા ઉપરોક્ત બે ગ્રંથો ભણ્યા પછી, મારી 'વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી' કોઈ ભણશે કે કેમ ? આમ જો આ ઘટના સાચી માનીએ તો વરદરાજનું કાર્ય પણ સફળતા જ સૂચવે છે.*

## 3.8 નવ્યવ્યાકરણ પરંપરા

*ભટ્ટોજી દીક્ષિતના ગ્રંથો પછી વ્યાકરણશાસ્ત્રમાં વૈચારિક પરિવર્તન થયું. આનું પરિણામ એ આવ્યું કે મૂળગ્રંથોની રચના એક પ્રકારે બંધ થઈ ગઈ અને વ્યાખ્યાનગ્રંથો વધારે લખાવા લાગ્યા. આ વ્યાખ્યાન ગ્રંથો મૌલિક ગ્રંથોથી ઓછા મહત્ત્વપૂર્ણ ન હતા. આ વ્યાખ્યાન ગ્રંથો પૂર્વે લખાયેલા ગ્રંથોમાં પ્રતિપાદિત નિયમો, સિદ્ધાન્તો અને મતમતાન્તરોની બહુ જ ગંભીરતાની સાથે વિવેચના કરેલ છે. આ વિવેચનાઓ*

*અર્થાંશ પર વધારે આધારિત હતી, તેથી શૈલીની નવીનતાને કારણે આ વ્યાકરણને વિદ્વાનોએ 'નવ્યન્યાય વ્યાકરણ' એવું નામ આપ્યું અને આનું જોડાણ તાર્કિકતાની સાથે કર્યું. આનો પ્રારંભ નાગેશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યો હતો. તેથી તેમને સંસ્કૃતના નવ્ય વૈયાકરણોમાં સવર્શ્રેષ્ઠ એવી ઉપાધિ આપવામાં આવી હતી. તેમની રચનાઓ આજે પણ ભારતની અલગ - અલગ જગ્યાઓએ આદર પૂર્વક ભણાવાય છે. તે મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ હતા. તેમના પિતાનું નામ શિવ ભટ્ટ અને માતાનું નામ સતીદેવી હતું. તેઓ ભટ્ટોજી દીક્ષિતના પૌત્ર હરિદીક્ષિતના પ્રમુખ શિષ્ય હતા. જનશ્રુતિ અનુસાર નાગેશ ભટ્ટે પોતાના ગુરુ હરિદીક્ષિત પાસે અઢાર વાર વ્યાકરણનું અધ્યયન કર્યું હતું. તેઓ અસાધારણ પંડિત હતા.*

*પ્રયાગની પાસે આવેલ શૃંગવેરપુરના રાજા રામસિંહ તેમના આશ્રયદાતા હતા. એક જનપ્રવાદ અનુસાર વિક્રમ સંવંત 1772 માં જયપુર રાજ્યમાં અશ્વમેઘ યજ્ઞના અવસર પર તેમને આમંત્રિત કરાયા હતા, તે સમયે નાગેશ ભટ્ટે સંન્યાસ લઈ લીધો હતો. તેથી તેઓએ અશ્વમેઘ યજ્ઞના નિમંત્રણનો સ્વીકાર ન કર્યો. નાગેશ ભટ્ટનો સમય 1675 થી 1745 ની વચ્ચે મનાય છે. તેઓ દાર્શનિક વૈયાકરણી હતા, તેમણે મૌલિક રચનાઓ અને તેની સાથે – સાથે પ્રૌઢ ટીકા રચનાઓ પણ લખી છે. તેમના ગ્રંથોમાં નવી - નવી ઉદ્ભાવનાઓ કરાયેલ છે. નવા તર્કો અને ઉક્તિઓનો પ્રયોગ પણ જોવા મળે છે. આમ તેઓએ અનેક ગ્રંથોની રચના કરી છે. તેમાં નિમ્નોક્ત ગ્રંથો મુખ્ય છે. લઘુશબ્દેન્દુશેખર, બૃહચ્છબ્દેન્દુશેખર, પરિભાષેન્દુશેખર, મંજૂષા, લઘુમંજૂષા, પરમલઘુમંજૂષા, સ્ફોટવાદ, મહાભાષ્ય - પ્રત્યાખ્યાન સંગ્રહ, ઉદ્યોત ટીકા, 'વૈયાકરણ સિદ્ધાંત મંજૂષા અને રસમંજરી ગ્રંથ ઉપરનો ટીકા ગ્રંથ.*

*વૈયાકરણ સિદ્ધાંતમંજૂષા, મંજૂષા, લઘુમંજૂષા અને પરમલઘુમંજૂષા આ ચાર વ્યાકરણના દર્શનશાસ્ત્રીય ગ્રંથો છે તથા પરિભાષેન્દુશેખર એ પાણિનીય વ્યાકરણનો વ્યાખ્યાનગ્રંથ છે. આ ગ્રંથનું અધ્યયન બહુ જ થયું છે. આ યશસ્વી ગ્રંથ ઉપર અનેક ટીકાઓ ઉપલબ્ધ છે. તદુપરાંત લઘુશબ્દેન્દુશેખર અને બૃહચ્છબ્દેન્દુશેખર ગ્રંથ એ ભટ્ટોજી દીક્ષિત રચિત 'પ્રૌઢમનોરમા' ની ક્રમશઃ વ્યાખ્યા તથા વિસ્તૃત વ્યાખ્યા છે. સ્ફોટવાદ એ સ્ફોટસિદ્ધાંતનો વિવેચનાત્મક ગ્રંથ છે. પતંજલિ મહાભાષ્ય પર તેમણે 'ઉદ્યોત' નામનો સુંદર ટીકા ગ્રંથ લખ્યો છે તથા ભાનુદત્તની 'રસમંજરી' પર ટીકા ગ્રંથ પણ લખેલ છે જેની પાંડુલિપિ મળેલ છે.*

*નાગેશ ભટ્ટ બાદ 'નવ્ય વ્યાકરણ' ની પરંપરાને પ્રતિષ્ઠિત અને પલ્લવીત કરવાનો શ્રેય પંડિત ગંગારામ ત્રિપાઠીને જાય છે. તેઓ નવ્યવ્યાકરણની સાથે - સાથે પાણિનીય વ્યાકરણના પણ વિદ્વાન હતા. તેમણે 'લઘુશબ્દેન્દુશેખર' તથા 'પરિભાષેન્દુશેખર' આ બંને ગ્રંથોના પઠન - પાઠનથી નવ્ય વ્યાકરણની પરિષ્કાર શૈલીનો આરંભ કર્યો. તેનાથી આગળની પેઢીને આ નવીન શૈલીને પલ્લવિત કરવાનો અવસર મળ્યો. પંડિત ગંગારામ ત્રિપાઠીના સુપ્રસિદ્ધ વિદ્વાન શિષ્ય પંડિત કાશીનાથ શાસ્ત્રી (અષ્ટપુત્રે) એ કાશીમાં નવ્ય વ્યાકરણની નવીન પરિષ્કાર શૈલીને વધારે પ્રભાવશાળી બનાવી. તેમના દ્વારા આ શૈલી કાશીના વિદ્વાનોમાં પ્રશંસા પામી. 'નવ્ય*

વ્યાકરણ' પરંપરામાં કાશીનાથ શાસ્ત્રીના શિષ્યોમાં રાજારામ શાસ્ત્રી કાર્લેકર મુખ્ય હતા. તેઓએ કાશીમાં રાજકીય સંસ્કૃત પાઠશાળામાં વીસ વર્ષ સુધી અધ્યાપન કરાવીને અનેક શિષ્યો તૈયાર કર્યા. રાજારામ શાસ્ત્રીના શિષ્ય વૃન્દોમાં એક શિષ્ય બાલશાસ્ત્રી હતા. તેમણે જ્યોતિષ્ટોમ યજ્ઞ કર્યો હતો. તેઓએ 'પરિભાષેન્દુશેખર' પર વિવરણ લખ્યા. આ પરંપરામાં અનેક વિદ્વાનો થઈ ગયા. પરંતુ વિસ્તાર ભયના કારણે તેમના ઉલ્લેખો ટાળીએ છીએ.

આમ 'નવ્ય વ્યાકરણ' પરંપરા કાશીમાં અસ્ખલિત રીતે અદ્યવત ચાલું છે, તે આ વ્યાકરણની મહત્તા બતાવે છે.

## 3.9 વ્યાકરણશાસ્ત્રના પારિભાષિક શબ્દો

પ્રત્યેક શાસ્ત્રના પોતાના કેટલાક સાંકેતિક શબ્દો હોય છે. તેને 'પારિભાષિક' શબ્દો કહેવાય છે. શાસ્ત્રને સમજવા માટે તેના 'પારિભાષિક' શબ્દો સમજવા જરૂરી છે. હવે આપણે વ્યાકરણશાસ્ત્રમાં વપરાતા કેટલાક 'પારિભાષિક' શબ્દો જોઈશું. તેનું અહીં માત્ર સંક્ષિપ્તમાં વિવરણ છે.

(1) પરિભાષા – વ્યાખ્યા. સંસ્કૃત વ્યાકરણમાં તેને લક્ષણ કહે છે.

(2) વર્ણમાળા - કોઈ પણ ભાષાના બધા અક્ષરોના સમૂહને તેની વર્ણમાળા કહે છે. સંસ્કૃત ભાષામાં ૩૩ વ્યંજન અને ૧૩ સ્વર છે. આમ સંસ્કૃતવર્ણમાળામાં ૪૬ વર્ણો (અક્ષરો) છે.

(3) સન્ધિ - બે વર્ણો નજીક આવવાના કારણે તેમનામાં જે વિકાર અથવા પરિવર્તન આવે છે. તેને સંધિ કહે છે. જેમકે नील + अम्बर = नीलाम्बर અહીં अ અને अ મળીને आ થયો, તેને સંધિ કહે છે.

(4) સંયોગ - જ્યાં બે અથવા બેથી વધારે વ્યંજનોને જોડીને લખવામાં આવે તેને સંયોગ કહે છે. જેમકે कृष्ण માં ष् અને ण् નો સંયોગ છે. સંયોગ થયા પછી તે વર્ણને સંયુક્ત વર્ણ અથવા જોડાક્ષર કહે છે.

(5) સમાસ - બે અથવા બેથી વધારે પદો મળીને એક પદ બને તેને સમાસ કહે છે. જેમકે - रामः च लक्ष्मणः च । = रामलक्ष्मणौ ।

(6) સવર્ણ - तुल्यास्यप्रयत्नं सवर्णम् । (1.1.9) જે વર્ણોનું ઉચ્ચારણસ્થાન અને પ્રયત્ન સમાન હોય તેમને સવર્ણ કહે છે. જેમકે अ અને आ સવર્ણ છે. क અને ख સવર્ણ છે.

(7) શબ્દ- એક અથવા વધારે અક્ષરોથી બનેલ સ્વતંત્ર સાર્થક ધ્વનિને શબ્દ કહે છે.

(8) पद - શબ્દ જ્યારે વાક્યમાં પ્રયુક્ત કરવા યોગ્ય બને ત્યારે તે પદ બને છે. અર્થાત્ શબ્દને વિભક્તિ, કાળ કે વચનના પ્રયત્નો લગાડીને તૈયાર કરેલ રૂપને પદ કહે છે. શબ્દ પ્રકૃતિ છે. જ્યારે પદ તેની યથાર્થ (અર્થ સહિતની) વિકૃતિ છે. પદના બે પ્રકાર છે. સુબન્ત અને તિઙ્ન્ત

(9) સુબન્ત પદ – જેને सुप् ( स्, औ, अस् વગેરે વિભક્તિના) પ્રત્યયો લાગી શકે તેવા પદને સુબન્ત પદ કહે છે. નામ, સર્વનામ, વિશેષણ અને સંખ્યાવાચક પદો આ વિભાગમાં આવે છે.

(10) તિઙન્ત પદ – ધાતુઓ (ક્રિયાના મૂળ રૂપ) ને તિઙન્ત કહે છે. કારણ કે તેમને ति, तः, अन्ति વગેરે પ્રત્યયો લાગીને દશ લકાર રૂપો બને છે. ગુજરાતી ભાષામાં તેમને ક્રિયાપદ કહે છે.

(11) પદાન્ત - પદના અંતિમ વર્ણને પદાન્ત કહે છે. જેમકે देव પદમાં अ પદાન્ત છે.

(12) સંજ્ઞા – નામ, કોઈ વ્યક્તિ, વસ્તુ, સ્થાન, ભાવ વગેરે સૂચવવા વપરાતા ખાસ શબ્દોને 'સંજ્ઞા' કહે છે જેમકે रामः, वस्त्रम्, ग्रामः, शौर्यम् વગેરે.

(13) સર્વનામ - નામના બદલે જેનો પ્રયોગ થાય તેને સર્વનામ કહે છે. જેમકે एषः, सा, अहम् વગેરે.

(14) વિશેષણ – જે શબ્દ નામની વિશેષતા પ્રગટ કરે તેને વિશેષણ કહે છે. જેમકે शूरः राजा અહીં शूर શબ્દ राजा ની વિશેષતા છે.

(15) ક્રિયાપદ - જે પદ કોઈ કાર્ય, વ્યાપાર, ક્રિયાને પ્રગટ કરે તેને ક્રિયાપદ કહે છે. જેમકે छात्रः पठति.

અહીં पठति પદ દ્વારા પઠનક્રિયા વ્યક્ત થાય છે. पठति એ ક્રિયાપદ છે.

(16) ધાતુ - ક્રિયાના મૂળ રૂપને ધાતુ કહે છે. જેમકે करोति પદનું મૂળ રૂપ कृ ધાતુ છે

(17) અવ્યય – न व्येति तद् अव्ययम् । જેમાં કોઈ પરિવર્તન - વિકાર ન આવે તે અર્થાત્ જેમાં જાતિ, વચન, વિભક્તિ વગેરેના કારણે કોઈ પરિવર્તન ન આવે તેને અવ્યય કહે છે. च, अथवा, तत्र, यत्र વગેરે.

(18) આગમ - કોઈ વર્ણ સાથે બીજો વર્ણ મિત્રવત્ આવીને જોડાઈ જાય તેને આગમ કહે છે. જેમકે तरु + छाया = तरुच्छाया અહીં च् નો આગમ થયો છે. मित्रवदागमः ।

(19) આદેશ - કોઈ વર્ણને દૂર કરીને તેના સ્થાને શત્રુની જેમ બીજો વર્ણ આવે તેને આદેશ કહે છે. જેમકે दधि + अत्र = दध्यत्र. અહીં इ ના સ્થાને य् નો આદેશ થયો છે.

(20) વિભક્તિ – 'संख्याकारकबोधयित्री विभक्ति।' અર્થાત્ એક, બે કે બેથી વધારે સંખ્યા તથા કર્તા, કર્મ, કરણ વગેરે કારકનો બોધ કરાવનાર વિભક્તિ કહેવાય છે.

(21) ગણ - ધાતુઓને તેમની વિશેષતાઓના કારણે (વિકરણ પ્રત્યયોના આધારે) જુદા જુદા દસ સમૂહોમાં વહેંચવામાં આવ્યા છે. આ સમૂહોને ગણ કહે છે.

(22) પદ - ધાતુઓના ત્રણ પદ હોય છે. પરસ્મૈપદ, આત્મનેપદ અને ઉભયપદ. પરસ્મૈપદ અને આત્મનેપદના પ્રત્યેક કાળના જુદા - જુદા પ્રત્યયો હોય છે. પરસ્મૈપદી

ધાતુને પરસ્મૈપદના અને આત્મનેપદી ધાતુને આત્મનેપદના પ્રત્યયો લાગે છે. ઉભયપદી ધાતુઓને આત્મનેપદ અને પરસ્મૈપદ બંને પદના પ્રત્યયો લાગે છે.

(23) લકાર – વર્તમાન, ભૂત, ભવિષ્ય વગેરે કાળ અને આજ્ઞાર્થ, વિધ્યર્થ વગેરે અર્થ માટે સંસ્કૃતમાં 'લકાર' શબ્દ વપરાય છે. જુદા - જુદા કાળ અને અર્થ દર્શાવવા ધાતુનાં દસ લકારના રૂપો બનાવાય છે. જેમકે 'लट्'

એટલે વર્તમાનકાળ. 'लिट्' એટલે પરોક્ષ ભૂતકાળ. 'लोट्' એટલે આજ્ઞાર્થકાળ.

(24) માહેશ્વર સૂત્રો – સંસ્કૃત વર્ણમાળામાં ૪૬ વર્ણો છે. મહર્ષિ પાણિનિએ તેમના પ્રસિદ્ધ વ્યાકરણ ગ્રંથ 'અષ્ટાધ્યાયી' ના પ્રારંભે આપેલા ચૌદ માહેશ્વર સૂત્રો (શિવસૂત્રો) માં આ વર્ણોને વૈજ્ઞાનિક રીતે ગોઠવ્યા છે. ભગવાન શિવે ચૌદ વખત ડમરું વગાડ્યું અને તેમાંથી જે ધ્વનિ ઉત્પન્ન થયાં તે જ આ ચૌદ માહેશ્વર સૂત્રો છે.

આ માહેશ્વર સૂત્રો નીચે પ્રમાણે છે.

(1) अ,इ,उ,ण् (2) ऋ,ऌ,क् (3) ए,ओ,ङ् (4) ऐ,औ,च् (5) ह,य,व,र,ट् (6) ल,ण् (7) ञ,म,ङ,ण,न,म् (8) झ,भ,ञ् (9) घ,ढ,ध,ष् (10) ज,ब,ग,ड,द,श् (11) ख,फ,छ,ठ,थ,च,ट,त,व् (12) क,प,य् (१३) श,ष,स, र (14) ह,ल्।

આ ચૌદ સૂત્રોમાંથી ૧ થી ૪ સૂત્રોમાં સંસ્કૃત ભાષાના નવ સ્વરોને દર્શાવવામાં આવ્યાં છે. (આમાં अ,इ,उ અને ऋ સ્વરોના દીર્ઘભેદો आ, ई, ऊ અને ॠ દર્શાવામાં આવ્યા નથી.) ત્યારબાદ 5 થી 14 સૂત્રોમાં વ્યંજનો દર્શાવવામાં આવ્યા છે. ઉપરના સૂત્રોમાં પ્રત્યેક સૂત્રના અંતે આવેલ અક્ષર (हल् – હલન્ત્યમ્ - ખોડો વ્યંજન) ની इत् સંજ્ઞા અર્થાત્ લોપ થાય છે. તેથી તે સૂત્રના અંતે આવેલા અક્ષરોને વર્ણમાળામાં ગણવાના નથી. ફક્ત પ્રત્યાહાર દર્શાવવા માટે જ તેમને સૂત્રના અંતે મૂકેલા છે.

(25) પ્રત્યાહાર - વ્યાકરણમાં જ્યાં સંક્ષેપમાં અક્ષરો (વર્ણો) નો નિર્દેશ કરવાનો હોય ત્યાં બધા અક્ષરોને અલગ - અલગ ન દર્શાવતાં તેમને પ્રત્યાહાર (સંક્ષેપ) રૂપે દર્શાવવામાં આવે છે. પ્રત્યાહારનો પ્રયોગ કરવાથી અનેક અક્ષરોને સરળતાથી ટૂંકાણમાં કહી શકાય છે. પ્રત્યાહારને ધ્યાનમાં રાખીને માહેશ્વરસૂત્રોમાં વર્ણોને ગોઠવવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે 'अक्' પ્રત્યાહારનો અર્થ નીચેની રીતે શોધી શકાય. પ્રત્યાહારનો પ્રથમ અક્ષર આ સૂત્રોમાં જ્યાં આવેલો હોય ત્યાંથી ગણતરી શરૂ કરવી અને પ્રત્યાહારનો અંતિમ અક્ષર જ્યાં આવે ત્યાં અટકી જવું જોઈએ. 'अक्' પ્રત્યાહારનો પ્રથમ અક્ષર अ (પ્રથમ સૂત્રનો પ્રથમ અક્ષર)થી શરૂ કરતાં अ, इ, उ, ण्, ऋ, ऌ, क्।

क् । સુધી 'अक् ' પ્રત્યાહાર થશે. આમાંથી ઉપર જણાવ્યા મુજબ પ્રથમ સૂત્રનો અંતિમ અક્ષર 'ण्' અને બીજા સૂત્રનો અંતિમ અક્ષર 'क्' નો લોપ થશે. (તેને ગણતરીમાં લેવાતો નથી. અર્થાત્ 'इत्' સંજ્ઞા થશે.) હવે 'अक्' પ્રત્યાહાર દ્વારા अ, इ, उ, ऋ, ऌ આ પાંચ હસ્વ સ્વરો સૂચવાય છે.

*આમ પ્રત્યાહાર ચોક્કસ વર્ણ સમૂહનું સૂચન કરે છે. વ્યાકરણશાસ્ત્રમાં 'અષ્ટાધ્યાયી' જેવા ગ્રંથોમાં લાઘવતા બતાવવા આ પ્રત્યાહારોનો પ્રયોગ પાણિનિએ કર્યો છે. આવા* 14 *સૂત્રોમાંથી* 42 *પ્રત્યાહાર બને છે. તેમાંથી મહત્વના પ્રત્યાહારો આ પ્રમાણે છે.*

(1) अण् –अ, इ, उ ।

(2) अक् – अ, इ, उ, ऋ, ऌ ।

(3) इक् – इ, उ, ऋ, ऌ ।

(4) अच् - अ, इ, उ, ऋ, ऌ, ए, ओ , ऐ, औ । ( अच् - *પ્રત્યાહારમાં બધા જ નવ સ્વરોનો સમાવેશ થઈ જાય છે.)*

(5) यण् - य, व, र, ल । (यण-*પ્રત્યાહારમાં અંતસ્થ વર્ણોનો સમાવેશ થાય છે.)*

(6) ञम् - ञ, म, ङ ण, न, । (ञम् – *પ્રત્યાહારમાં પાંચ અનુનાસિક વર્ણોનો સમાવેશ થઈ જાય છે.)*

(7) हल् ह, य, व, र, ल, ञ, म, ङ ण, न, झ, भ, घ, ढ, ध, ज, ब, ग, ड, द, ख, फ, छ, ठ, थ, च, ट, त, क, प, श, ष, स, ह । (हल् – *પ્રત્યાહારમાં બધા જ વ્યંજન વર્ણોનો સમાવેશ થઈ જાય છે.)*

(8) शल् – श, ष, स, ह । (शल् – *પ્રત્યાહારમાં ઉષ્મા વર્ણોનો સમાવેશ થઈ જાય છે.)*

(9) अल् – *આ પ્રત્યાહાર દ્વારા ચૌદ માહેશ્વર સૂત્રોના બધાં જ સ્વર અને વ્યંજન વર્ણોનો સમાવેશ થઈ જાય છે. આમ, 'અષ્ટાધ્યાયી' સૂત્રો સમજવા માટે પ્રત્યાહારોનું જ્ઞાન અનિવાર્ય છે.*

## 3.10 તમારી પ્રગતિ ચકાસો

**નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.**

(1) *ભટ્ટોજી દીક્ષિતના પ્રસિદ્ધ ગ્રંથનું નામ જણાવો.*

(A) *લઘુસિદ્ધાન્તકૌમુદી* (C) *વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી*

(B) *મધ્યસિદ્ધાન્તકૌમુદી* (D) *પ્રક્રિયા કૌમુદી*

(2) *ભટ્ટોજી દીક્ષિતે વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી ઉપર લખેલ સ્વોપજ્ઞ ટીકાનું નામ જણાવો.*

(A) *પ્રૌઢમનોરમા* (C) *શબ્દરત્ન*

(B) *શબ્દકૌસ્તુભ* (D) *લઘુસિદ્ધાન્ત કૌમુદી*

**(3)** *વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી ગ્રંથમાં કેટલા સૂત્રો છે.*

(A) 3972 (B) 3978 (C) 3987 (D) 3998

(4) વૈયાકરણ સિદ્ધાન્ત કૌમુદી ગ્રંથના પ્રથમ પ્રકરણનું નામ જણાવો.

(A) સંજ્ઞા પ્રકરણ (C) સંધિ પ્રકરણ

(B) પરિભાષા પ્રકરણ (D) અવ્યય પ્રકરણ

(5) વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી ગ્રંથના દ્વિતીય પ્રકરણનું નામ જણાવો.

(A) સંધિ પ્રકરણ (C) કારક પ્રકરણ

(B) અવ્યય પ્રકરણ (D) પરિભાષા પ્રકરણ

(6) વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી ગ્રંથ ઉપર 'તત્વબોધિની'ટીકા કોણે લખેલ છે ?

(A) નાગેશ ભટ્ટ (C) જ્ઞાનેન્દ્ર સરસ્વતી

(B) વરદાચાર્ય (D) નીલકંઠ વાજપેયી

(7) લઘુસિદ્ધાન્તકૌમુદી ગ્રંથના રચયિતાનું નામ જણાવો ?

(A) ભટ્ટોજી દીક્ષિત (C) જ્ઞાનેન્દ્ર સરસ્વતી

(B) નાગેશભટ્ટ (D) વરદાચાર્ય

(8) નવ્ય વૈયાકરણોમાં સવર્શ્રેષ્ઠ કોણ મનાય છે.

(A) ભટ્ટોજી દીક્ષિત (C) નાગેશ ભટ્ટ

(B) નીલકંઠ વાજપેયી (D) વરદાચાર્ય

(9) સંસ્કૃત વર્ણમાળામાં કેટલા વર્ણો છે ?

(A) 42 (B) 46 (C) 48 (D) 52

(10) સુબન્ત અને તિઙન્ત એ કોના પ્રકાર છે.

(A) પદ (B) શબ્દ (C) કાળ (D) વિશેષણ

**નીચેના પ્રશ્નોના એક - બે વાક્યમાં જવાબ આપો.**

1. ભટ્ટોજી દીક્ષિતના પિતા અને ગુરુનું નામ જણાવો ?

2. પંડિત યુધિષ્ઠિર મીમાંસકે ભટ્ટોજી દીક્ષિતનો કયો સમય અનુમાન્યો છે ?

3. ભટ્ટોજી દીક્ષિતના વ્યાકરણશાસ્ત્ર વિષયક ચાર ગ્રંથોનાં નામ જણાવો.

4. *ભટ્ટોજી દીક્ષિતની વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદીના ખંડન અર્થે પંડિત જગન્નાથે કઈ કૃતિ રચી હતી ?*

5. *વરદાચાર્યે વૈયાકરણસિદ્ધાન્તકૌમુદીને સરળતાથી સમજવા માટે કયા બે ગ્રંથોની રચના કરી ?*

**નીચે આપેલ ટૂંકનોંધ લખો.**

1. *ભટ્ટોજી દીક્ષિતનું ગુરુ - શિષ્ય પરંપરા દર્શાવતું વિદ્યાવંશવૃક્ષ વિશે માહિતી આપો.*
2. *વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી ગ્રંથનું પ્રયોજન.*
3. *વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી - શીર્ષક.*
4. *વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદી ગ્રંથની ખંડન - મંડન પરંપરાનો ઈતિહાસ જણાવો.*
5. *નવ્ય વ્યાકરણ પરંપરા વિશે માહિતી આપો.*
6. *ચૌદ માહેશ્વર સૂત્રો જણાવી પ્રત્યાહાર વિશે સમજાવો.*

- **નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

1. *ભટ્ટોજી દીક્ષિતના જીવન, સમય અને કવન વિશે સવિસ્તાર માહિતી આપો.*

2. *વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદીનો પરિચય આપો.*

3. *વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદીના ટીકાગ્રંથો અને ખંડન - મંડન પરંપરાનો ઈતિહાસ જણાવો.*

4. *વ્યાકરણશાસ્ત્રના પારિભાષિક શબ્દો વિશે માહિતી આપો.*

**સંદર્ભસૂચિ**


1. संस्कृत व्याकरण – शास्त्र का इतिहास - प्रकाशक – युधिष्ठिर मीमांसक, (प्रथम भाग) बहालगढ, जिल्लो – सोनीपत (हरियाणा) (हिन्दी ग्रंथ) संवंत – २०४१, मुद्रक – शान्तिस्वरुप कपूर, रामलाल कपूर ट्रस्ट प्रेस, बहालगढ, जिला- सोनीपत (हरियाणा).
2. वैयाकरण सिद्धान्तकौमुदी (भाग-१,२) - व्याख्याकारः – श्रीगोपालदत्तपाण्डेय, (संस्कृत – हिन्दी ग्रंथ) प्रकाशक- चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी-२२१००१. पुनमुर्द्रित संस्करण – २००७.
3. वैयाकरण सिद्धान्तकौमुद्यां संज्ञाप्रकरणम् -*અનુવાદક - વસન્તકુમાર મ. ભટ્ટ, પ્રકાશક – સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ* -1 *(ગુજરાતી ગ્રંથ) પરિવર્તીત આવૃત્તિ* –2013 -14.
4. लघुसिद्धान्तकौमुदी (पूर्वार्धः)- *અનુવાદક – વસન્તકુમાર મ. ભટ્ટ, (ગુજરાતી ગ્રંથ) પ્રકાશક – સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ* -1 *ચતુર્થ આવૃત્તિ* –2010.
5. वैयाकरण सिद्धान्तकौमुदी संज्ञाप्रकरणम् - *સંપાદક - ડૉ.શાન્તિકુમાર એમ. પંડ્યા, પ્રકાશક – પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ. (ગુજરાતી ગ્રંથ)*
6. पस्पशाह्निकम् - *સંપાદક-પ્રો. કમલેશકુમાર છ.ચોક્સી (ગુજરાતી ગ્રંથ) પ્રકાશક – સરસ્વતી પુસ્તક ભંડાર,અમદાવાદ* -1 *પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી*, 2015 -16
7. *સંસ્કૃત વ્યાકરણ પ્રબોધ - લેખક-પ્રિ. પુરુષોત્તમ ઈ. પટેલ, પ્રકાશક – સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ -૧ અદ્યતન આવૃત્તિ* - 2012-13
8. लघुसिद्धान्तकौमुदी -*અનુવાદક – ડૉ. જિતેન્દ્ર ભાનુશાલી* (पूर्वार्धः) *પ્રકાશક - પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ બીજી આવૃત્તિ* –2006.


---


**લેખક : ડૉ. વૈશાલી બેન પટેલ, આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.**


---

# વિભાગઃ 2  : વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદીઃ સંજ્ઞાપ્રકરણ

# એકમઃ 4 : સંજ્ઞાપ્રકરણ

## રૂપરેખા

**4.1 ઉદ્દેશ્ય**

**4.2 પ્રસ્તાવના**

**4.3 સંજ્ઞા પ્રકરણ – વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સૂત્રો**

**4.4 તમારી પ્રગતિ ચકાસો**

### 4.1 ઉદ્દેશ્ય

*વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સંજ્ઞાપ્રકરણ અંતર્ગત આપણે વ્યાકરણશાસ્ત્રમાં પ્રચલિત કેટલીક પારિભાષિક સંજ્ઞાઓનું જ્ઞાન મેળવીશું. જેનાં દ્વારા વ્યાકરણમાં વપરાતી અનેકો સંજ્ઞાઓ જેમ કે – ઇત્, હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, અનુનાસિક, સવર્ણ, વૃદ્ધિ, ગુણ, ધાતુ, નિપાત, ગતિ, વિભાષા, અવસાન, સંહિતા, પદ, સંયોગ, લઘુ, ગુરુ વગેરે સંજ્ઞાઓથી પરિચિત થઈશું.*

### 4.2 પ્રસ્તાવના

*ભટ્ટોજિ દીક્ષિત નામક વ્યાકરણના મહાન્ વિદ્વાન્ થયા. તેમણે વૈયાકરણસિદ્ધાંતકૌમુદી નામક એક વ્યાકરણ ગ્રંથની રચના કરી. પાણિનીય વ્યાકરણની પરંપરામાં આ ગ્રંથને પ્રમુખ માનવામાં આવે છે. વ્યાકરણ શાસ્ત્રમાં પ્રવેશ કરવા ઈચ્છતા છાત્રો આરંભમાં પ્રાયઃ આ ગ્રંથનો જ અભ્યાસ કરતા હોય છે. આ ગ્રંથમાં ચૌદ પ્રકરણ છે. જેનાં પ્રથમ પ્રકરણમાં આચાર્ય ભટ્ટોજિદીક્ષિતે મહત્ત્વપૂર્ણ સંજ્ઞાસૂત્રોનો સમાવેશ કર્યો છે. તે સૂત્રોનો જ આ એકમમાં અભ્યાસ કરવાનો છે.*

### 4.3 સંજ્ઞા પ્રકરણ – વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સૂત્રો

| | | | |
|---|---|---|---|
| ૧. | अइउण् | २. | ऋलृक् |
| ३. | एओङ् | ४. | ऐऔच् |
| ५. | हयवरट् | ६. | लण् |
| ७. | ञमङणनम् | ८. | झभञ् |
| ९. | घढधष् | १०. | जबगडदश् |
| ११. | खफछठथचटतव् | १२. | कपय् |
| १३ | शषसर् | १४. | हल् |

**इति माहेश्वराणि सूत्राण्यणादिसंज्ञार्थानि। एषामन्त्या इतः। ' लण्'सूत्रेऽकारश्च। हकारादिष्वकार उच्चारणार्थः।**

*આ 14 સૂત્રોને માહેશ્વર સૂત્રો (ભગવાન્ મહેશ્વર શંકર પાસેથી પ્રાપ્ત થયેલા સૂત્રો) કહેવામાં આવે છે. આ સૂત્રોની રચના* अण्–अच्–अल्–हल् *વગેરે સંજ્ઞાઓ બનાવવા માટે કરવામાં આવી છે. આ સૂત્રોમાં જે અંતિમ-અંતિમ વર્ણ છે તે દરેકની* इत् *સંજ્ઞા કરવામાં આવે છે. (જેમ કે –* अइउण् *સૂત્રનો અંતિમ વર્ણ* ण्, ऋऌक् *સૂત્રનો અંતિમ વર્ણ* क्, एओङ् *સૂત્રનો અંતિમ વર્ણ* ङ्; ऐऔच् *સૂત્રનો અંતિમ વર્ણ* च् *વગેરે વગેરે) આમ, આ ચૌદ સૂત્રોનાં અંતિમ-અંતિમ વર્ણની ઈત્ એવી સંજ્ઞા થશે.* लण् *એવા છઠ્ઠા સૂત્રમાં લવર્ણ પછી આવતો 'અ' ઈત્સંજ્ઞક છે, ઉચ્ચારણ માટે નથી. પરંતુ પાંચમા* हयवरट् *સૂત્રથી લઈને ચૌદમા* हल् *એવા સૂત્ર સુધી આવતા* ह *વગેરે વ્યંજનોમાં* अ *જોડવામાં આવેલ છે તે ઈત્સંજ્ઞક નથી, ઉચ્ચારણ માટે છે એમ માનવું. (જેમ કે* हयवरट् *માં* ह+अ+य्अ +व+अ+र+अ+ट् *આમ વચ્ચે જોડેલા અકાર ઉચ્ચારણ માટે છે. કેમકે અકાર વગર એકલા વ્યંજનોનુ ઉચ્ચારણ કરવું અશક્ય છે.)*

*ઉપરોક્ત 14 માહેશ્વર સૂત્રોની મદદથી* 44 *પ્રત્યાહારો બનાવવામાં આવે છે, તે પ્રત્યાહોને દર્શાવતુ એક કોષ્ઠક નીચે મુજબ છે –*

| ક્રમ | માહેશ્વર સૂત્ર | પ્રત્યાહાર | પ્રત્યાહારમાં આવતા વર્ણો | પ્રત્યાહારનો જયાં પ્રયોગ થયો છે તેવાં સૂત્રો |
|---|---|---|---|---|
| 1. | अइउण् | अण् | अ, इ, उ | ढ्रलोपे पूर्वस्य दीर्घोण: |
| 2. | ऋऌक् | अक् | अ, इ, उ, ऋ, ऌ | अक: सवर्णे दीर्घ: |
| 3. | ऋऌक् | इक् | इ, उ, ऋ, ऌ | इको यणचि |
| 4. | ऋऌक् | उक् | उ, ऋ, ऌ | उगिदचां सर्वनामस्थानेऽधातो: |
| 5. | एओङ् | एङ् | ए, ओ | एङ: पदान्तादति |
| 6. | ऐऔच् | अच् | अ, इ, उ, ऋ, ऌ, ए, ओ, ऐ, औ | इको यणचि |
| 7. | ऐऔच् | इच् | इ, उ, ऋ, ऌ, ए, ओ, ऐ, औ | नादिचि |
| 8. | ऐऔच् | एच् | ए, ओ, ऐ, औ | एचोऽयवायाव: |
| 9. | ऐऔच् | ऐच् | ऐ, औ | वृद्धिरादैच् |
| 10. | हयवरट् | अट् | अ, इ, उ, ऋ, ऌ, | अट्कुप्वाङ्नुम्व्यवायेऽपि |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ए, औ, ह, य, व, र, | |
| 11. | लण् | अण् | अ, इ, उ, ऋ, लृ, ए, ओ, ऐ, औ, ह, य, व, र, ल | अणुदित् सवर्णस्य चाप्रत्ययः |
| 12. | लण् | इण् | इ, उ, ऋ, लृ, ए, ओ, ऐ, औ, ह, य, व, र, ल | इण्कोः |
| 13. | लण् | यण् | य, व, र, ल | इको यणचि |
| 14. | ञमङणनम् | अम् | अ, इ, उ, ऋ, लृ, ए, ओ, ऐ, औ, ह, य, व, र, ल, ञ, म, ङ, ण, न | पुमः खय्यम्परे |
| 15. | ञमङणनम् | यम् | य, व, र, ल, ञ, म, ङ, ण, न | हलो यमां यमि लोपः |
| 16. | ञमङणनम् | ङम् | ङ, ण, न | ङमो ह्रस्वादचि ङमुण् नित्यम् |
| 17. | ञमङणनम् | ञम् | ञ, म, ङ, ण, न | ञमन्ताड्डः (उणादिसूत्रम्) |
| 18. | झभञ् | यञ् | य, व, र, ल, ञ, म, ङ, ण, न, झ, भ | अतो दीर्घो यञि |
| 19. | घढधष् | झष् | झ, भ, घ, ढ, ध | एकाचो बशो भष् झषन्तस्य स्ध्वोः |
| 20. | घढधष् | भष् | भ, घ, ढ, ध | एकाचो बशो भष् झषन्तस्य स्ध्वोः |
| 21. | जबगडदश् | अश | अ, इ, उ, ऋ, लृ, ए, ओ, ऐ, औ, ह, य, व, र, ल, ञ, म, ङ, ण, न, झ, भ, घ, ढ, ध, ज, ब, ग, ड, द | भो भगो अघो अपूर्वस्य योऽशि |

| | | | | |
|---|---|---|---|---|
| 22. | जबगडदश् | हश | ह, य, व, र, ल, ञ, म, ङ, ण, न, झ, भ, घ, ढ, ध, ज, ब, ग, ड, द | हशि च |
| 23. | जबगडदश् | वश् | व, र, ल, ञ, म, ङ, ण, न, झ, भ, घ, ढ, ध, ज, ब, ग, ड, द | नेड् वशि कृति |
| 24. | जबगडदश् | झश् | झ, भ, घ, ढ, ध, ज, ब, ग, ड, द | झलां जश् झशि |
| 25. | जबगडदश् | जश् | ज, ब, ग, ड, द | झलां जश् झशि |
| 26. | जबगडदश् | बश् | ब, ग, ड, द | एकाचो बशो भष् झषन्तस्य स्ध्वोः |
| 27. | खफछठथचटतव् | छव् | छ, ठ, थ, च, ट, त | नश्छव्यप्रशान् |
| 28. | कपय् | यय् | य, व, र, ल, ञ, म, ङ, ण, न, झ, भ, घ, ढ, ध, ज, ब, ग, ड, द, ख, फ, छ, ठ, थ, च, ट, त, क, प | अनुस्वारस्य ययि परसवर्णः |
| 29. | कपय् | मय् | म, ङ, ण, न, झ, भ, घ, ढ, ध, ज, ब, ग, ड, द, ख, फ, छ, ठ, थ, च, ट, त, क, प | मय उञो वो वा |
| 30. | कपय् | झय् | झ, भ, घ, ढ, ध, ज, ब, ग, ड, द, ख, फ, छ, ठ, थ, च, ट, त, क, प | झयो होऽन्यतरस्याम् |
| 31. | कपय् | खय् | ख, फ, छ, ठ, थ, | पुमः खय्यम्परे |

| | | | | |
|---|---|---|---|---|
| | | | च, ट, त, क, प | |
| 32. | कपय् | चय् | च, ट, त, क, प | चयो द्वितीयाः शरि पौष्करसादेरिति वाच्यम् (वार्त्तिकम्) |
| 33. | शषस्र् | यर् | यर्, व, र, ल, ञ, म, ङ, ण, न, झ, भ, घ, ढ, ध, ज, ब, ग, ड, द, ख, फ, छ, ठ, थ, च, ट, त, क, प, श, ष, स | यरोऽनुनासिकेऽनुनासिको वा |
| 34. | शषसर् | झर् | झर्, भ, घ, ढ, ध, ज, ब, ग, ड, द, ख, फ, छ, ठ, थ, च, ट, त, क, प, श, ष, स | झरो झरि सवर्णे |
| 35. | शषसर् | खर् | खर्, फ, छ, ठ, थ, च, ट, त, क, प, श, ष, स | खरि च |
| 36. | शषसर् | चर् | चर्, ट, त, क, प, श, ष, स | अभ्यासे चर्च |
| 37. | शषसर् | शर् | श, ष, स | वा शरि |
| 38. | हल् | अल् | अ, इ, उ, ऋ, लृ, ए, ओ, ऐ, औ, ह, य, व, र, ल, ञ, म, ङ, ण, न, झ, भ, घ, ढ, ध, ज, ब, ग, ड, द, ख, फ, छ, ठ, थ, च, ट, त, क, प, श, ष, स, ह | अलोऽन्त्यस्य |

| | | | | |
|---|---|---|---|---|
| 39. | हल् | हल् | ह, य, व, र, ल, ञ, म, ङ, ण, न, झ, भ, घ, ढ, ध, ज, ब, ग, ड, द, ख, फ, छ, ठ, थ, च, ट, त, क, प, श, ष, स, ह | हलन्त्यम् |
| 40. | हल् | वल् | व, र, ल, ञ, म, ङ, ण, न, झ, भ, घ, ढ, ध, ज, ब, ग, ड, द, ख, फ, छ, ठ, थ, च, ट, त, क, प, श, ष, स, ह | आर्द्धधातुकस्येड्वलादेः |
| 41. | हल् | रल् | र, ल, ञ, म, ङ, ण, न, झ, भ, घ, ढ, ध, ज, ब, ग, ड, द, ख, फ, छ, ठ, थ, च, ट, त, क, प, श, ष, स, ह | रलो व्युपधाद्धलादे संश्च |
| 42. | हल् | झल् | झ, भ, घ, ढ, ध, ज, ब, ग, ड, द, ख, फ, छ, ठ, थ, च, ट, त, क, प, श, ष, स, ह | झलां जशोऽन्ते |
| 43. | हल् | शल् | श, ष, स, , ह | शलः इगुपधादनिटः क्सः |
| 44. | लण् | रँ | र, ल | उरण् रपरः |

**सूत्र ०१ हलन्त्यम् ( १.३.३ )**

**' हल्' ( प्र. सू. १४ ) इति सूत्रेऽन्त्यमित्स्यात्।**

**અનુવાદ**

(આ સૂત્ર દ્વારા ઉપદેશમાં આવતા અંતિમ हल् વ્યંજનોની ઈત્ સંજ્ઞા કરવામાં આવે છે.)

માહેશ્વરસૂત્રમાનાં અંતિમ સૂત્ર हल् નાં અંતિમ વ્યંજન ल् ની ઈત્-સંજ્ઞા થાય છે. આ સૂત્ર દ્વારા હલ્ એવા સૂત્રમાં સ્થિત અંતિમ લ્ ની ઈત્ સંજ્ઞા કરવામાં આવે છે.

**सूत्र ०२ आदिरन्त्येन सहेता ( १.१.७१ )**

**अन्त्येनेता सहित आदिर्मध्यगानां स्वस्य च संज्ञा स्यात्। इति हल्संज्ञायाम्। 'हलन्त्यम्' ( सू. १ ) उपदेशेऽन्त्यं हलित्स्यात्। उपदेश आद्योच्चारणम्। ततः 'अण्' 'अच्' इत्यादिसंज्ञासिद्धौ।**

અંતિમ ઈત્સંજ્ઞક વર્ણની સાથે ઉચ્ચારવામાં આવતો કોઈ પણ આદિ વર્ણ મધ્યગામી વર્ણ અને પોતાની પણ સંજ્ઞા બને છે. જેવી રીતે – अण् એવી એક સંજ્ઞા કરવામાં આવે, જેમાં ઈત્સંજ્ઞાવાળા ण् વર્ણને , બીજા એક આદિ વર્ણ અકારની સાથે એટલે કે अण् એવા સ્વરૂપે ઉચ્ચારવામાં આવે તો अण् એવી સંજ્ઞા अकार-इकार-उकार એવા ત્રણ વર્ણોની થાય છે. એટલે કે अण् એવી સંજ્ઞા દ્વારા अ-इ-उ નો બોધ થાય છે. આમ હલ્ એવી સંજ્ઞાનો ખ્યાલ આવી ગયા પછી हलन्त्यम् એવા સૂત્રથી ઉપદેશમાં અંતે આવતા હલ્ (વ્યંજન) વર્ણોની ઈત્ સંજ્ઞા થાય છે. વ્યાકરણશાસ્ત્ર ભણતી વખતે ઉપદેશ શબ્દનો અર્થ આદિ ઉચ્ચારણ અર્થાત્ ભગવાન્ મહેશ્વર, પાણિનિ, કાત્યાયન અને પતંજલિનાં વચનો થાય છે, એટલે કે ઉપરોક્ત મુનિઓએ જે ગ્રંથો લખ્યા છે તેમનું જે ઉચ્ચારણ છે તેને આપણે ઉપદેશ કહી શકીએ. આમ, ઈત્ સંજ્ઞાનો બોધ થઈ ગયા પછી અનેકો પ્રત્યાહારોની નિર્માણ વિધિનો ખ્યાલ આવી જાય છે. જેમ કે – अच् (अ,इ,उ,ऋ,ऌ,ए,ओ,ऐ,औ) વર્ણોનું ગ્રહણ થાય છે તેવી જ રીતે अच्, अल्, हल् વગેરે સંજ્ઞાઓ પણ બનાવવામાં આવી છે.

**सूत्र ०३ उपदेशेऽजनुनासिक इत् ( १.३.२ )** (આ સૂત્ર દ્વારા ઉપદેશમાં આવતા અનુનાસિક સ્વરોની ઈત્ સંજ્ઞા કરવામાં આવે છે.)

**उपदेशेऽनुनासिकोऽजित्संज्ञः स्यात्। प्रतिज्ञानुनासिक्याः पाणिनीयाः। 'लण्' सूत्रस्थावर्णेन सहोच्चार्यमाणो रेफो रलयोः संज्ञा। प्रत्याहारेष्वितां न ग्रहणम्।**

ઉપદેશમાં આવેલો જે અનુનાસિક अच् (સ્વર) હોય, તેની ઈત્ સંજ્ઞા થાય છે. ત્યારબાદ એ પ્રશ્ન થાય કે કયો સ્વર ક્યાં અનુનાસિક છે? એનો કેવી રીતે ખ્યાલ આવે? તો આચાર્ય કહે છે કે – પાણિનીય વ્યાકરણનાં અભ્યાસ કરનારા છાત્રો પ્રતિજ્ઞાથી એટલે કે ગુરુ-શિષ્ય પરંપરાથી અમુક જગ્યાએ અમુક સ્વર અનુનાસિક છે તેવું જાણતા હોય છે. लण् (ल् अ ण्) સૂત્રમાનાં અકારની સાથે ઉચ્ચારવામાં આવેલો हयवरट् માંનો રેફ અર્થાત્ र् + अ = र

એવો પ્રત્યાહાર રેફ અને લ એવા બે વર્ણોની સંજ્ઞા થાય છે. પ્રત્યાહારોમાં ઈત્ સંજ્ઞક વર્ણો એટલે કે સૂત્રમાં આવતા અંતિમ અંતિમ વર્ણોનું ગ્રહણ ન થાય.

**सूत्र ०४ ऊ कालोऽज्झ्रस्वदीर्घप्लुतः ( १.२.२७ )**

**उश्च ऊ श्च उ३श्च वः। वां काल इव कालो यस्य सोऽच्कमाद्ध्रस्वदीर्घप्लुतसंज्ञः स्यात्। स प्रत्येकमुदात्तादिभेदेन त्रिधा।** (*આ સૂત્ર દ્વારા સ્વરોની હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સંજ્ઞા કરવામાં આવે છે.*)

*એકમાત્રાવાળો ઉ, બે માત્રાવાળો ઊ અને ત્રણમાત્રાવાળો ઉ३ આ ત્રણેયને* वः *કહેવાય. આ ત્રણેય પ્રકારનાં ઉકારને ઉચ્ચારવામાં જેટલો સમય લાગે તેટલો જ સમય બીજા કોઈ પણ સ્વરને અનુક્રમે હસ્વસ્વર, દીર્ઘસ્વર અને પ્લુતસ્વર એવી સંજ્ઞા આપવામાં આવે છે. એટલે કે એક માત્રા હોય તો હસ્વ સ્વર, બે માત્રા હોય તો દીર્ઘ સ્વર અને ત્રણ માત્રા હોય તો તેને પ્લુત સ્વર કહેવાશે. હવે આ ત્રણેય પ્રકારનાં સ્વરોનાં ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એવા ત્રણ પ્રકારો પડે છે.*

- सूत्र ०५ उच्चैरुदात्तः (१.२.२९)
- सूत्र ०६ नीचैरनुदात्तः (१.२.३०)
- सूत्र ०७ समाहारः स्वरितः (१.२.३१)

(*આ ત્રણ સૂત્રો દ્વારા સ્વરોની ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત સંજ્ઞા કરવામાં આવે છે.*)

*આ ત્રણ સૂત્રો દ્વારા કોઈ પણ સ્વરની ત્રણ સંજ્ઞાઓ ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત કરવામાં આવે છે, તેમાં તાલુ વગેરે સ્થાનોમાં ઉપરનાં ભાગેથી ઉચ્ચારાતા સ્વરની ઉદાત્ત, નીચેનાં ભાગથી ઉચ્ચારાતા સ્વરની અનુદાત્ત અને ઉદાત્તત્વ અને ઉનુદાત્તત્વ બંન્નેનું મિશ્રણ થયું હોય તે સ્વરને સ્વરિત કહેવામાં આવે છે.*

**सूत्र ०९ मुखनासिकावचनोऽनुनासिकः ( १.१.८ )** (*આ સૂત્ર દ્વારા અનુનાસિક સંજ્ઞા કરવામાં આવે છે.*)

**मुखसहितनासिकयोच्चार्यमाणो वर्णोऽनुनासिकसंज्ञः स्यात्। तदित्थम् – अ इ उ ऋ एषां वर्णानां प्रत्येकमष्टादशभेदाः। ऌवर्णस्य द्वादश, तस्य दीर्घाभावात्। एचामपि द्वादश, तेषां ह्रस्वाभावात्।**

*મુખમાં આવેલા ઉચ્ચારણ સ્થાનો (તાલુ, મૂર્ધા, દન્ત, ઓષ્ઠ) ની સાથે નાસિકાની મદદથી જે વર્ણને ઉચ્ચારવામાં આવે, તે વર્ણની અનુનાસિક એવી સંજ્ઞા થાય છે. અર્થાત્ તેવા વર્ણોને અનુનાસિક વર્ણ કહેવામાં આવે છે.*

*આવી રીતે* अ, इ, उ, ऋ *આ ચારેય વર્ણોની અઢાર-અઢાર ભેદો થશે. પરંતુ* ऌ *વર્ણનાં બાર ભેદો થશે કારણ કે તેનો દીર્ઘભેદ નથી હોતો. આ જ પ્રમાણે* एच् *પ્રત્યાહારમાં આવતા* (ए, ओ, ऐ, औ) *આ ચાર સ્વરોનાં પણ બાર-બાર ભેદ થશે, કારણ કે આ ચાર સ્વરોનાં હ્રસ્વભેદ હોતા નથી.*

*અ સ્વરનાં અઢાર ભેદ દર્શાવતું ચિત્ર નીચે મુજબ છે –*

| | **ह्रस्व** | **दीर्घ** | **प्लुत** |
|---|---|---|---|
| उदात्त अनुनासिक | अँ | आँ | अँ३ |
| उदात्त अननुनासिक | अ | आ | अ३ |
| अनुदात्त अनुनासिक | अँ | आँ | अँ३ |
| अनुदात्त अननुनासिक | अ | आ | अ३ |
| स्वरित अनुनासिक | अँ | आँ | अँ३ |
| स्वरित अननुनासिक | अं | आं | अं३ |

*આ કોષ્ઠક મુજબ જ* इ, उ *અને* ऋ *નાં પણ અઢાર-અઢાર ભેદ થશે. અને* ऌ *નાં દીર્ઘભેદ ન હોય માટે તેના દીર્ઘ સિવાયનાં બાર ભેદ થશે, તેમજ* एच् (ए, ओ, ऐ, औ) *નાં હ્રસ્વભેદ ન હોય માટે તેના પણ બાર-બાર ભેદ થશે.*

**सूत्र १० तुल्यास्यप्रयत्नं सवर्णम् ( १.१.९ )** (*આ સૂત્ર દ્વારા વર્ણોની પરસ્પર સવર્ણ સંજ્ઞા કરવામાં આવે છે.)*

**ताल्वादिस्थानमाभ्यन्तरप्रयत्नश्चेत्येतद्द्वयं यस्य येन तुल्यं तन्मिथः सवर्णसंज्ञं स्यात्। अकुहविसर्जनीयानां कण्ठः। इचुयशानां तालु। ऋटुरषाणां मूर्धा। ऌतुलसानां दन्ताः। उपूपध्मानीयानामोष्ठौ। ञमङणनानां नासिका च। एदैतोः कण्ठतालु। ओदौतोः कण्ठोष्ठम्। वकारस्य दन्तोष्ठम्। जिह्वामूलीयस्य जिह्वामूलम्। नासिकानुस्वारस्य। इति स्थानानि। यत्नो द्विधा – आभ्यन्तरो बाह्यश्च। आद्यश्चतुर्धा – स्पृष्ट-ईषत्स्पृष्ट-विवृत-संवृतभेदात्। तत्र स्पृष्टं प्रयत्नं स्पर्शानाम्। ईषत्स्पृष्टमन्तस्थानाम्। विवृतमूष्मणां स्वराणां च। ह्रस्वस्यावर्णस्य प्रयोगे संवृतम्। प्रक्रियादशायां तु विवृतमेव। एतच्च सूत्रकारेण ज्ञापितम्। तथाहि।**

*તાલુ વગેરે ઉચ્ચારણ સ્થાનો અને આભ્યંતર પ્રયત્ન એ જે બે વર્ણોની વચ્ચે પરસ્પર સરખા મળતા આવતા હોય, તે બે વર્ણોની પરસ્પર સવર્ણ સંજ્ઞા થાય છે. હવે, ક્યા ક્યા વર્ણોની પરસ્પર સવર્ણ સંજ્ઞા થાય છે તે જાણવા માટે સૌથી પહેલા તમામ વર્ણોનાં ઉચ્ચારણ સ્થાનો અને પ્રયત્નો વિષે જાણકારી મેળવવી પડશે. તેથી હવે તેની રજૂઆત કરી છે.*

(1) *વર્ણોના ઉચ્ચારણ સ્થાન દર્શાવતું ચિત્ર –*

| **ક્રમ** | **સૂત્ર** | **ઉચ્ચારણ સ્થાન** | **વર્ણ** |
|---|---|---|---|
| ०१ | अकुहविसर्जनीयानां कण्ठः | कण्ठः | अ, क, ख, ग, घ, ङ, ह, :(विसर्गः) |
| ०२ | इचुयशानां तालु | तालु | इ, च, छ, ज, झ, ञ, |

| | | | |
|---|---|---|---|
| | | | य, श |
| ०३ | ऋटुरषाणां मूर्धा | मूर्धा | ऋ, ट, ठ, ड, ढ, ण, र, ष |
| ०४ | लृतुलसानां दन्ताः | दन्ताः | लृ, त, थ, द, ध, न, ल, स |
| ०५ | उपूपध्मानीयानामोष्ठौ | ओष्ठौ | उ, प, फ, ब, भ, म, उपध्मानीय |
| ०६ | ञमङणनानां नासिका च | नासिका च | ञ, म, ङ, ण, न |
| ०७ | एदैतोः कण्ठतालु | कण्ठ–तालु | ए, ऐ |
| ०८ | ओदौतोः कण्ठोष्ठम् | कण्ठ–ओष्ठम् | ओ, औ |
| ०९ | वकारस्य दन्तोष्ठम् | दन्त–ओष्ठम् | व |
| १० | जिह्वामूलीयस्य जिह्वामूलम् | जिह्वामूलम् | जिह्वामूलीय |
| ११ | नासिका अनुस्वारस्य | नासिका च | ं(अनुस्वारः) |

**(2)** *વર્ણોના આભ્યન્તર અને બાહ્ય પ્રયત્ન દર્શાવતુ ચિત્ર –*

| **આભ્યન્તર પ્રયત્નો** | **સ્પૃષ્ટ – 1** | | | | | **ઈષત્ સ્પૃષ્ટ – 2** | **વિવૃત – 3** | | | | | **સંવૃત - 4** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| *સંજ્ઞા* | *સ્પર્શ* | | | | | *અંતઃસ્થ* | *ઊષ્માક્ષર* | | *સ્વર* | | | |
| **વર્ણો** | क | ख | ग | घ | ङ | | | | | | | |
| | च | छ | ज | झ | ञ | य | श | | अ | इ | उ | *હ્રસ્વ* अ *(પ્રયોગમાં)* |
| | ट | ठ | ड | ढ | ण | र | ष | ह | ऋ | लृ | ए | |
| | त | थ | द | ध | न | ल | स | | ओ | ऐ | औ | |
| | प | फ | ब | भ | म | व | | | | | | |
| **બાહ્ય પ્રયત્નો** | *અલ્પ પ્રાણ* | *મહા પ્રાણ* | *અલ્પ પ્રાણ* | *મહા પ્રાણ* | *અલ્પ પ્રાણ* | *મહા પ્રાણ* | *અલ્પ પ્રાણ* | *મહા પ્રાણ* | **ઉદાત્ત-અનુદાત્ત-સ્વરિત** | | | |
| | *વિવાર શ્વાસ અઘોષ* | *સંવાર નાદ ઘોષ* | *સંવાર નાદ ઘોષ* | *સંવાર નાદ ઘોષ* | *સંવાર નાદ ઘોષ* | *સંવાર નાદ ઘોષ* | *સંવાર નાદ ઘોષ* | *સંવાર નાદ ઘોષ* | | | | |

**सूत्र १४ अणुदित् सवर्णस्य चाप्रत्ययः ( १.१.६९ )** (*આ સૂત્રને સવર્ણગ્રાહક સૂત્ર કહેવામાં આવે છે.)*

**प्रतीयते विधीयत इति प्रत्ययः। अविधीयमानोऽण् उदिच्च सवर्णस्य संज्ञा स्यात्। अत्राण् परेण णकारेण। कु चु टु तु पु एते उदितः। तदेवम्। अ इत्यष्टादशानां संज्ञा। तथेकारोकारौ। ऋकारस्त्रिंशतः। एवम् लृकारोऽपि। एचो द्वादशानाम्। ........ अनुनासिकाननुनासिकभेदेन यवला द्विधा। तेनानुनासिकास्ते द्वयोर्द्वयोः संज्ञा।**

*અમુકની પ્રત્યે લઈ જવામાં આવે છે, એટલે કે જેનું વિધાન કરવામાં આવે છે તેને પ્રત્યય કહેવામાં આવે છે. તેથી જેનું પ્રત્યય રૂપે વિધાન કરવામાં આવ્યું નથી એવો* अण् (अ, इ, उ, ऋ, ऌ, ए, ओ, ऐ, औ, ह, य, व, र, ल) *અને જેમાંથી* उ *કારની ઈત્ સંજ્ઞા થઈ છે તેવા* उदित् *વર્ણો (*क *થી* म *સુધીના 25 વર્ણો)* પોતપોતાના *સવર્ણભેદોની સંજ્ઞા થાય છે. અર્થાત્ વ્યાકરણશાસ્ત્રમાં એક* अ *કહેવાથી પોતાનાં અઢાર પ્રકારનાં* अ *નું ગ્રહણ કરાવશે, તેમજ* इ *કહેવાથી તે પાતાનાં બધા જ સવર્ણોનું ગ્રહણ કરાવશે. અને આવી જ રીતે અન્ય સ્વરો પણ સવર્ણોનું ગ્રહણ કરાવશે.*

*આ સૂત્ર* अणुदित् सवर्णस्य चाप्रत्ययः *માં જ* अण् *પ્રત્યાહારને પાછળનાં એટલે કે* लण् *સૂત્રનાં* ण् *સુધી લેવાનો છે. આથી, આ સૂત્રમાં* अण् = अ इ उ ऋ ऌ ए ओ ऐ औ ह य व र ल *એટલા વર્ણોનું ગ્રહણ કરવાનું છે.* कु-चु-टु-तु-पु *માંના ઉકારની ઈત્ સંજ્ઞા કરીને તે ઉકારનો લોપ કરવામાં આવે છે. આથી, તે* क *વર્ગનાં પાંચ વર્ણોને,* च *વર્ગનાં પાંચ વર્ણોને,* ट *વર્ગનાં પાંચ વર્ણોને,* त *વર્ગનાં પાંચ વર્ણોને,* प *વર્ગનાં પાંચ વર્ણોને* उदित् *કહેવામાં આવે છે.*

*આ રીતે, એક* अ *કાર પૂર્વમાં જણાવેલ તેનાં અઢાર પ્રકારનાં* अ *કારોની સંજ્ઞા બને છે. એ જ પ્રમાણે* इ *કાર અને* उ *કાર પણ પોતપોતાના અઢાર-અઢાર પ્રકારનાં સવર્ણોની સંજ્ઞા બને છે. આવી રીતે* ऋ *કાર એ પોતાના અઢાર સવર્ણભેદો અને* ऌ *ના બાર સવર્ણભેદો એમ કુલ ત્રીસ સવર્ણભેદોની સંજ્ઞા બને છે. (કારણ કે* ऋ *અને* ऌ *ની પરસ્પર સવર્ણ સંજ્ઞા થાય છે.) આથી,* ऋ *ને કહેલું કાર્ય* ऋ *નાં 18 ભેદોને તો લાગુ પડશે જ, પણ* ऌ *ના બાર ભેદોને પણ લાગુ પાડવાનું રહેશે. આ જ પ્રમાણે,* ऌ *કાર પણ પોતાના બાર સવર્ણ ભેદોને તથા* ऋ *કારનાં 18 સવર્ણભેદોને એમ કુલ 30 સવર્ણભેદોની સંજ્ઞા બને છે.* एच् *પ્રત્યાહારમાં આવેલા પ્રત્યેક* (ए ओ ऐ औ) *વર્ણો પોતપોતાના બાર-બાર સવર્ણભેદોની સંજ્ઞા બને છે. આ જ પ્રમાણે,* य-व-ल *એ ત્રણ વર્ણો પણ અનુનાસિક અને અનનુનાસિક રૂપે જોવા મળે છે. આથી અનનુનાસિક* य-व-ल *એ ત્રણ વર્ણો બબ્બેની સંજ્ઞા બને છે.*

**सूत्र १५ तपरस्तत्कालस्य ( १.१.७० )**

**तः परो यस्मात्स च तात्परश्चोच्चार्यमाणः समकालस्यैव संज्ञा स्यात्। तेन अत् इत् उत् इत्यादयः षण्णां संज्ञा। ऋदिति द्वादशानाम्।**

*તપર અર્થાત્* त् *કાર છે પરમાં જેની એવો વર્ણ, અને* त् *કારની પાછળ આવેલો વર્ણ જેટલી માત્રાવાળો ઉચ્ચાર્યો હોય, તે પોતપોતાના ઉચ્ચારણકાળ જેટલા જ કાળવાળા અન્ય સવર્ણ ભેદોની સંજ્ઞા થાય છે. એટલે કે જેની પાછળ* त् *કારની જોડવામાં આવે અને* त् *કારની પાછળ જે લખવામાં આવે તે વર્ણો પોતાના ઉચ્ચારણ કાળ જેટલા જ કાળવાળા અન્ય સવર્ણભેદોની સંજ્ઞા બને છે. આ સૂત્ર સમજ્યા પછી વૈયાકરણસિદ્ધાંત કૌમુદીમાં આના તરત પછી વૃદ્ધિસંજ્ઞા અને ગુણસંજ્ઞાનાં સૂત્રો આપ્યા છે તે બન્ને સૂત્રોનું અર્થઘટન કરતી વખતે આ* तपरस्तत्कालस्य *સૂત્રને ઉદાહરણ સાથે સમજીશું.*

**सूत्र १७ अदेङ्गुणः ( १.१.२ )** (*આ સૂત્ર દ્વારા* आ, ऐ *અને* औ *આ ત્રણ વર્ણોની વૃદ્ધિસંજ્ઞા કરવામાં આવે છે.)*

**अदेङ्च गुणसंज्ञः स्यात्।**

*દીર્ઘ આકાર અને* ऐच् *પ્રત્યાહારમાં આવેલા* ऐ *કાર અને* औ *કારની વૃદ્ધિ સંજ્ઞા થાય છે. અહીં* आद् *અને* ऐच् *ની વૃદ્ધિ સંજ્ઞા થાય છે અને* आद् *માં તપરકરણ છે. અર્થાત્ પાણિનિએ દીર્ઘ* आ *ની પાછળ* त् *જોડ્યો છે. આથી* तपरस्तत्कालस्य *સૂત્રની સૂચના મુજબ તે* आ *પોતાના દ્વિમાત્રિક ઉચ્ચારણકાળ જેટલા જ ઉચ્ચારણકાળવાળા અન્ય છ ભેદોનો ગ્રહણ કરાવશે અને તે છ ભેદોની વૃદ્ધિ સંજ્ઞા થશે. તથા* त् *કારની પાછળ* ऐच् *ને લખ્યો છે. આથી અહીં પણ* तपरस्तत्कालस्य *સૂત્રની સૂચના મુજબ* त् *કારની પાછળ આવેલા* ऐच् *પ્રત્યાહારથી બોધિત વર્ણો* ऐ *કાર અને* औ *કાર દ્વિમાત્રિક દીર્ઘભેદવાળા લખ્યા છે. આથી, દીર્ઘ* ऐ *અને* औ *ના છ-છ ભેદોની જ વૃદ્ધિ સંજ્ઞા થશે.*

**सूत्र १७ अदेङ्गुणः ( १.१.२ )** (*આ સૂત્ર દ્વારા* अ, ए *અને* ओ *આ ત્રણ વર્ણોની ગુણસંજ્ઞા કરવામાં આવે છે.)*

**अदेङ्च गुणसंज्ञः स्यात्।**

*હ્રસ્વ અકાર અને* एङ् *પ્રત્યાહારમાં આવેલા* ए *કાર અને* ओ *કારની ગુણ સંજ્ઞા થાય છે. અહીં* अद् *અને* एङ् *ની ગુણ સંજ્ઞા થાય છે અને* अत् *માં તપરકરણ છે. અર્થાત્ પાણિનિએ* ह्रस्व अ *ની પાછળ* त् *જોડ્યો છે. આથી* तपरस्तत्कालस्य *સૂત્રની સૂચના મુજબ તે* अ *પોતાના એકમાત્રિક ઉચ્ચારણકાળ જેટલા જ ઉચ્ચારણકાળવાળા અન્ય છ ભેદોનો ગ્રહણ કરાવશે અને તે છ ભેદોની ગુણ સંજ્ઞા થશે. તથા* त् *કારની પાછળ* एङ् *ને લખ્યો છે. આથી અહીં પણ* तपरस्तत्कालस्य *સૂત્રની સૂચના મુજબ* त् *કારની પાછળ આવેલા* एङ् *પ્રત્યાહારથી બોધિત વર્ણો* ए *કાર અને* ओ *કાર એકમાત્રિક હ્રસ્વભેદવાળા લખ્યા છે. આથી, હ્રસ્વ* ए *અને* ओ *ના છ-છ ભેદોની જ ગુણ સંજ્ઞા થશે.*

**सूत्र १८ भूवादयो धातवः ( १.३.१ )** (*આ સૂત્ર દ્વારા ધાતુસંજ્ઞા કરવામાં આવે છે.*)

**क्रियावाचिनो भ्वादयो धातुसंज्ञाः स्युः।**

*જેનો આરંભ* भू – वा *વગેરેથી થાય છે અને જે ક્રિયાના વાચક પણ છે તેવા શબ્દોની ધાતુ સંજ્ઞા થાય છે. આચાર્ય પાણિનિએ ધાતુપાઠ નામક ગ્રન્થ લખ્યો છે. તેમાં બે હજારની લગભગ શબ્દોનો(ધાતુઓનો) પાઠ કર્યો છે તે ગ્રંથનાં આરંભમાં* भू सत्तायाम् *એવો એક શબ્દ(ધાતુ) ભણેલ છે એટલે કે આદિમાં* भू *છે. તેથી,* भू *પછી જે શબ્દો ભણવામાં આવ્યા છે તે બધા ક્રિયા વાચક શબ્દો આ સૂત્ર દ્વારા ધાતુ સંજ્ઞા થશે.*

- सूत्र २१ प्रादयः (૧.૪.૫૮)
- सूत्र २२ उपसर्गाः क्रियायोगे (૧.૪.૫૯)
- सूत्र २३ गतिश्च (૧.૪.૬૦)

प्रादयः क्रियायोगे उपसर्गसंज्ञा गतिसंज्ञाश्च स्युः। प्र परा अप सम् अनु अव निस् निर् दुस् दुर् वि आङ् नि अधि अपि अति सु उत् अभि प्रति परि उप एते प्रादयः।

प्र, परा, अप, सम्, अनु *વગેરે 22 શબ્દો જો ક્રિયાપદનાં યોગમાં વપરાયા હોય તો, તેમની ઉપસર્ગ એવી સંજ્ઞા અને ગતિ સંજ્ઞા પણ થાય છે.* प्रादयः *એટલે કે* प्र *શબ્દ છે આદિમાં જેની એવો શબ્દસમૂહ. જેમ કે* पतति *એવા ક્રિયાપદની આગળ* परि *એવું જોડી દેવામાં આવે તો તે* परि *ની ઉપસર્ગ એવી સંજ્ઞા થાય છે.*

**सूत्र २७ विरामोऽवसानम् ( १.४.११० )** (*આ સૂત્ર દ્વારા અવસાનસંજ્ઞા કરવામાં આવે છે.*)

**वर्णानामभावोऽवसानसंज्ञः स्यात्।**

*વિરામ અર્થાત્ વર્ણોચ્ચારણના અભાવની અવસાન એવી સંજ્ઞા થાય છે. જેમ કે,* फलम् *એવા શબ્દમાં મકાર પછી કોઈ પણ વર્ણ નથી માટે મકાર પછી અવસાન એવું કહેવામાં આવે.*

**सूत्र २८ परः सन्निकर्षः संहिता ( १.४.१०९ )** (*આ સૂત્ર દ્વારા સંહિતાસંજ્ઞા કરવામાં આવે છે.*)

**वर्णानामतिशयितः सन्निधिः संहितासंज्ञः स्यात्।**

*વર્ણોની વચ્ચે જોવા મળતા અતિશય સાન્નિધ્યને સંહિતા છે. એટલે કે બે કે તેથી વધુ વર્ણો જ્યારે અતિશય સાન્નિધ્ય હોય તેને સંહિતા કહેવામાં આવે છે. હવે, અતિશય સન્નિધિનો અર્થ એવો લેવાનો છે કે, બે વર્ણોની વચ્ચે અર્ધી માત્રાથી વધારે સમયગાળો ન રહેતો હોય તેવી સ્થિતિ.*

**सूत्र २९ सुप्तिङन्तं पदम् ( १.४.१४ )** (*આ સૂત્ર દ્વારા પદસંજ્ઞા કરવામાં આવે છે.*)

**सुबन्तं तिङन्तं च पदसंज्ञं स्यात्।**

*સુબન્ત અને તિઙન્ત રૂપોની પદ એવી સંજ્ઞા થાય છે. આમાં સુપ્ પ્રત્યયો જેની અંતમાં હોય તેને સુબન્ત અને તિઙ્ પ્રત્યયો જેની અંતમાં હોય તેને તિઙન્ત કહેવાય છે. સુપ્ પ્રત્યયો કોઈ નામ અથવા પ્રાતિપદિકને લગાડવામાં આવે છે અને તિઙ્ પ્રત્યયો ધાતુને લગાડવામાં આવે છે. જેમ કે* राम *ને* सु *એવો પ્રત્યય લગાડવાથી* रामः *એવું રૂપ બનશે, અન* पठ् *એવી ધાતુને* तिप् *પ્રત્યય લગાડવાથી* पठति *એવું રૂપ બનશે. આ સુપ્ પ્રત્યયો અને તિઙ્ પ્રત્યયો નીચે મુજબ છે –*

| सुप्-प्रत्ययाः (२१) | | | |
|---|---|---|---|
| | एकवचनम् | द्विवचनम् | बहुवचनम् |
| प्रथमाविभक्तिः – | सु | औ | जस् |
| द्वितीयाविभक्तिः – | अम् | औट् | शस् |
| तृतीयाविभक्तिः – | टा | भ्याम् | भिस् |
| चतुर्थीविभक्तिः – | ङे | भ्याम् | भ्यस् |
| पञ्चमीविभक्तिः – | ङसि | भ्याम् | भ्यस् |
| षष्ठीविभक्तिः – | ङस् | ओस् | आम् |
| सप्तमीविभक्तिः – | ङि | ओस् | सुप् |

| तिङ्-प्रत्ययाः (१८) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | परस्मैपद-प्रत्ययाः (०९) | | | आत्मनेपद-प्रत्ययाः (०९) | | |
| | एकवचनम् | द्विवचनम् | बहुवचनम् | एकवचनम् | द्विवचनम् | बहुवचनम् |
| प्रथमपुरुषः – | तिप् | तस् | झि | त | आताम् | झ |
| मध्यमपुरुषः – | सिप् | थस् | थ | थास् | आथाम् | ध्वम् |
| उत्तमपुरुषः – | मिप् | वस् | मस् | इट् | वहि | महिङ् |

**हलोऽनन्तराः संयोगः ( १.१.७ )** *(આ સૂત્ર દ્વારા સંયોગસંજ્ઞા કરવામાં આવે છે.)*

**अज्भिरव्यवहिता हलः संयोगसंज्ञाः स्युः।**

*સ્વરથી વ્યવધાન નહીં પામેલા વ્યંજનોની સંયોગ એવી સંજ્ઞા થાય છે (કેવળ વ્યંજનોનાં સમૂહને સંયોગ કહેવાય છે.) જેમ કે* माहात्म्यम् *જેવો શબ્દ લઈએ તો તેમાં* म् आ ह् आ त् म् य् अ म्। *એવા ક્રમે સ્વર વ્યંજનો આવેલા છે. અહીં* म् *અને* ह् *વચ્ચે*

आ સ્વરનું વ્યવધાન છે, પણ त् म् य् ની વચ્ચે કોઈ સ્વર આવેલો નથી, તે ત્રણેય કેવળ વ્યંજનો જ છે, આવા વ્યંજનોનાં સમૂહને વ્યાકરણશાસ્ત્રમાં સંયોગ કહેવામાં આવે છે.

ह्रस्वं लघु (१.४.१०) (આ સૂત્ર દ્વારા લઘુસંજ્ઞા કરવામાં આવે છે.)

વ્યાકણરણશાસ્ત્રમાં જે સ્વર હ્રસ્વ હોય તેની લઘુ સંજ્ઞા થાય છે. જેમ કે शिव એવા શબ્દમાં श् પછી આવતો इ અને व् પછી अ લઘુસંજ્ઞક છે.

**संयोगे गुरु ( १.४.११ )** (આ સૂત્ર દ્વારા ગુરુસંજ્ઞા કરવામાં આવે છે.)

**संयोगे परे ह्रस्वं गुरुसंज्ञं स्यात्।**

વ્યાકરણશાસ્ત્રમાં હ્રસ્વ સ્વરની તરત પછી સંયોગ (हलोऽनन्तराः संयोगः) આવતો હોય તો તે હ્રસ્વ સ્વરની ગુરુ સંજ્ઞા કરવામાં આવે છે. જેમ કે मित्र એવા શબ્દમાં मि વર્ણનાં તરત પછી त्र સંયોગ આવે છે માટે मि નાં इ -વર્ણની ગુરુ સંજ્ઞા થશે.

**दीर्घं च ( १.४.१२ )** (આ સૂત્ર દ્વારા ગુરુસંજ્ઞા કરવામાં આવે છે.)

**दीर्घं च गुरुसंज्ञं स्यात्।**

વ્યાકણરણશાસ્ત્રમાં જે સ્વર દીર્ઘ હોય તેની ગુરુ સંજ્ઞા થાય છે. જેમ કે देवी એવા શબ્દમાં द् પછી આવતો ए અને व् પછી ई ગુરુસંજ્ઞક છે.

## 4.4 તમારી પ્રગતિ ચકાસો

1. ચૌદ માહેશ્વરસૂત્ર લખી કોઈ એક પ્રત્યાહાર બતાવો.

2. अ વર્ણનાં અઢાર ભેદ લખો.

3. ઈત્સંજ્ઞક સૂત્રો લખી તેમને સમજાવો.

4. સ્વરોનું ઉચ્ચારણસ્થાન લખો.

5. अ इ उ ऋ एषां वर्णानां प्रत्येकमष्टादशभेदाः। ऌवर्णस्य द्वादश, तस्य दीर्घाभावात्। एचामपि द्वादश, तेषां ह्रस्वाभावात्। *આ પંક્તિ સમજાવો.*

1. तुल्यास्यप्रयत्नं सवर्णम् (१.१.९) *સૂત્ર સમજાવો.*

2. उपदेशेऽजनुनासिक इत् (१.३.२) *સૂત્ર સમજાવો.*

3. क *થી* म *સુધીના વ્યંજનોનું ઉચ્ચારણ સ્થાન લખો.*

4. वृद्धिरादैच् (१.१.१) *સૂત્ર સમજાવો.*

5. सुप्तिङन्तं पदम् (१.४.१४) *સૂત્ર સમજાવો.*

**લઘુ ઉત્તર લખો.**

1. *વૈયાકરણસિદ્ધાન્ત કૌમુદીના રચયિતા કોણ છે?*
2. *માહેશ્વરસૂત્રો કેટલાં છે?*
3. *માહેશ્વરસૂત્રોની મદદથી બનતા પ્રત્યાહારોની સંખ્યા જણાવો?*
4. *ઉપદેશમાં આવતા અંતિમ વ્યંજનવર્ણોની ઈત્ સંજ્ઞા કયુ સૂત્ર કરે છે?*
5. *ઉપદેશમાં આવતા અનુનાસિક અચ્ વર્ણોની ઈત્ સંજ્ઞા કયુ સૂત્ર કરે છે?*
6. *અનુનાસિક સંજ્ઞા કયુ સૂત્ર કરે છે?*
7. अ–*વર્ણનાં કુલ કેટલા ભેદ છે?*
8. ऌ–*વર્ણનો કયો ભેદ નથી થતો?*
9. एच् (ए, ओ, ऐ, औ) *વર્ણોનો કયો ભેદ નથી થતો?*
10. *સવર્ણ સંજ્ઞા કયુ સૂત્ર કરે છે?*
11. *વિસર્ગનું ઉચ્ચારણ સ્થાન શું છે?*
12. *અનુસ્વારનું ઉચ્ચારણ સ્થાન શું છે?*
13. *કવર્ગનું ઉચ્ચારણ સ્થાન શું છે?*
14. *વર્ગનું ઉચ્ચારણ સ્થાન શું છે?*
15. *ટવર્ગનું ઉચ્ચારણ સ્થાન શું છે?*
16. *તવર્ગનું ઉચ્ચારણ સ્થાન શું છે?*
17. *પવર્ગનું ઉચ્ચારણ સ્થાન શું છે?*
18. *આભ્યન્તર યત્ન કેટલા પ્રકારનો છે?*
19. *બાહ્ય યત્ન કેટલા પ્રકારનો છે?*
20. *ધાતુસંજ્ઞા કયુ સૂત્ર કરે છે?*
21. *સવર્ણગ્રાહક સૂત્ર કયુ છે?*
22. *સંહિતા સંજ્ઞા કયુ સૂત્ર કરે છે?*
23. *પદ સંજ્ઞા કયુ સૂત્ર કરે છે?*
24. *સુપ્ પ્રત્યયો કેટલા છે?*
25. *તિઙ્ પ્રત્યયો કેટલા છે?*

**સંદર્ભ સાહિત્ય**


| ક્રમ | ગ્રંથનામ | લેખક | વ્યાખ્યાકાર | પ્રકાશક |
|---|---|---|---|---|
| 1. | वैयाकरणसिद्धान्तकौमुदी | भट्टोजिदीक्षित | श्रीगोपालदत्तपाण्डेय | चौखम्बा विद्याभवन, वाराणसी |
| 2. | वैयाकरणसिद्धान्तकौमुदी | भट्टोजिदीक्षित | श्री गोविन्दाचार्यः | चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी |
| 3. | लघुसिद्धान्तकौमुदी | वरदराजाचार्य | डॉ. वसन्तकुमार भट्ट | सरस्वती पुस्तक भंडार, अमदावाद |



**લેખક : શ્રી રવિ રાદડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ગવર્મેંટ કોલેજ, દીવ.**

# વિભાગઃ 3 : વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદીઃ સંધિ પ્રકરણ

## એકમઃ 5 : યણ્ સંધિ

### રૂપરેખા

**5.1 ઉદ્દેશ્ય**

**5.2 પ્રસ્તાવના**

**5.3 સંધિ પ્રકરણ – વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સૂત્રો**

**5.4 તમારી પ્રગતિ ચકાસો**

### 5.1 ઉદ્દેશ્ય

*વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સંજ્ઞાપ્રકરણ અંતર્ગત વ્યાકરણશાસ્ત્રમાં પ્રચલિત કેટલીક પારિભાષિક સંજ્ઞાઓનું જ્ઞાન મેળવ્યા બાદ તે ઈક્, યણ્, અચ્ વગેરે સંજ્ઞાઓની મદદથી સંધિનાં સૂત્રોને સમજીશુ. જેનાં દ્વારા કોઈ પણ શાસ્ત્ર, જેમ કે સાહિત્ય, પુરાણ, દર્શન, વેદ વગેરેમાં આવતા શ્લોકો, મન્ત્રો કે વાક્યોમાં જ્યાં જ્યાં યણ્ સંધિ હોય તે સંધિથી અને તેના સંધિ વિચ્છેદથી પરિચિત થયા બાદ તે શ્લોક, મન્ત્ર કે વાક્યનાં અર્થને જાણી તેનો મર્મ સમજી શકીશુ.*

### 5.2 પ્રસ્તાવના

*ભટ્ટોજિ દીક્ષિત નામક વ્યાકરણનાં મહાન્ વિદ્વાન્ થયાં. તેમણે વૈયાકરણસિદ્ધાંતકૌમુદી નામક એક વ્યાકરણ ગ્રંથની રચના કરી. પાણિનીય વ્યાકરણની પરંપરામાં આ ગ્રંથને પ્રમુખ માનવામાં આવે છે. વ્યાકરણ શાસ્ત્રમાં પ્રવેશ કરવા ઈચ્છતા છાત્રો આરંભમાં પ્રાયઃ આ ગ્રંથનો જ અભ્યાસ કરતા હોય છે. આ ગ્રંથમાં ચૌદ પ્રકરણ છે. જેનાં પ્રથમ પ્રકરણમાં આચાર્ય ભટ્ટોજિદીક્ષિતે વિવિધ પ્રકારનાં સંધિસૂત્રોનો સમાવેશ કર્યો છે. તે સંધિસૂત્રોમાં સર્વપ્રથમ યણ્ સંધિનાં સૂત્રો આવે છે, તે સૂત્રોનો આ એકમમાં અભ્યાસ કરવાનો છે.*

### 5.3 સંધિ પ્રકરણ – વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સૂત્રો

सूत्र ४७ इको यणचि (६.१.७७)

इकः स्थाने यण् स्यादचि संहितायां विषये। सुधी उपास्य इति स्थिते। स्थानत आन्तर्यादीकारस्य यकारः। सुध्य् उपास्यः इति जाते।

(*આ સૂત્ર દ્વારા* इक् *વર્ણોનાં સ્થાનમાં* यण् *વર્ણો કરવામાં આવે છે.*)

इक् (इ उ ऋ ऌ) *ના સ્થાનમાં* यण् (य व र ल) *વર્ણોનો આદેશ કરવામાં આવે છે. જો* अच् (अ इ उ ऋ ऌ ए ओ ऐ औ) *માંથી કોઈ પણ અસવર્ણ એટલે કે વિજાતીય સ્વર પાછળ આવેલો હોય તો, અને સંહિતાનો વિષય હોય ત્યારે.*

सुधी + उपास्यः *એવી સ્થિતિમાં* सुधी *નાં* इ *વર્ણ પછી* उ *એવો સ્વર વર્ણ આવે છે એટલે* इको यणचि *સૂત્રથી* इ *વર્ણનાં સ્થાનમાં* यण् *ની પ્રાપ્તિ થાય છે. હવે,* यण् *માં તો* (य व र ल) *એમ કુલ ચાર વર્ણોનો સમાવેશ થાય છે તો* इ *નાં સ્થાનમાં કયો વર્ણ આદેશ કરવો એ પ્રશ્ન થાય ત્યારે આચાર્ય કહે છે કે* इ *વર્ણનું ઉચ્ચારણ સ્થાન તાલુ છે માટે* य व र ल *વર્ણોમાંથી જે વર્ણનું ઉચ્ચારણ સ્થાન તાલુ હોય તે આદેશ કરવો. હવે, આપણે જોઈએ તો* य व र ल *વર્ણોમાં* य *નું ઉચ્ચારણ સ્થાન તાલુ છે.* व *નું ઉચ્ચારણ સ્થાન દન્તોષ્ઠ છે.* र *નું ઉચ્ચારણ સ્થાન મૂર્ધા છે અને* ल *નું ઉચ્ચારણ સ્થાન દન્ત છે. આમ જોતા તાલુ ઉચ્ચારણ સ્થાન વાળો એક જ વર્ણ* य *છે તો તે* इ *નાં સ્થાનમાં* य*કરવો જોઈએ. તો* इ *નાં સ્થાનમાં* य *આદેશ કરીએ તો સ્થિતિ બને* सुध् य् + उपास्यः। *આવું થઈ ગયા પછી સંધિકાર્યની પ્રક્રિયા આગળ વધે છે -*

**सूत्र ४८ अनचि च ( ८.४.४७ )**

**अचः परस्य यरो द्वे वा स्तो न त्वचि। इति धकारस्य द्वित्वम्।**

अच् *(કોઈ પણ સ્વર) ની પાછળ આવેલા* यर् *(પ્રત્યાહારનાં વર્ણો, અર્થાત્ હકાર સિવાયનાં તમામ વ્યંજનો) નું વિકલ્પે દ્વિત્વ થાય છે. પણ તે (*यर्*) ની પાછળ* अच् *ન આવેલો હોય ત્યારે જ.*

*આ સૂત્રનાં અર્થ મુજબ આપણે આપણા ઉદાહરણને તપાસીએ તો* सुध् य् + उपास्यः। *એ સ્થિતિમાં* सु *માં જે* उ *કાર આવેલો છે તે* अच् *છે, એની પાછળ* यर् *પ્રત્યાહારમાંનો* ध् *કાર આવેલો છે, અને તે* ध् *કારની પાછળ* य् *આવેલો છે, જે* अच् *નથી. આથી પ્રસ્તુત સૂત્રની સૂચના મુજબ તે* ध् *નું વિકલ્પથી દ્વિત્વ કરી શકાશે.*

*પક્ષમાં (જ્યારે* यर् *નું દ્વિત્વ થશે.) વિપક્ષમાં (જ્યારે* यर् *નું દ્વિત્વ નહીં થાય.)*

सुधी + उपास्यः

सुध् य् + उपास्यः – इको यणचि (इ *નાં સ્થાને* य् *આદેશ)*

सुध् ध् य् + उपास्यः – अनचि च (ध् सुधी + उपास्यः *નું દ્વિત્વ)* सुधी + उपास्यः

सुध् य् + उपास्यः – इको यणचि (इ य् (इ *નાં સ્થાને* य् *આદેશ)*

सुध् य् + उपास्यः –

**सूत्र ४९ स्थानिवदादेशोऽनल्विधौ ( १.१.५६ )** *(આ અતિદેશ સૂત્ર છે)*

**आदेशः स्थानिवत्स्यात् न तु स्थान्यलाश्रयविधौ। अनेनेह यकारस्य स्थानिवद्भावेनाच्त्वमाश्रित्य अनचि च ( सू. ४८ ) इति द्वित्वनिषेधो न शङ्क्योऽनल्विधाविति तन्निषेधात्।**

જેનાં સ્થાનમાં કરવામાં આવે તેને સ્થાની કહેવાય અને જેને કરવામાં આવે તેને આદેશ કહેવાય છે. જે આદેશ હોય છે તે સ્થાનિવત્ (સ્થાનિમાં જેવા ગુણધર્મો હોય તેવા ગુણધર્મવાળો) હોય છે, એમ જાણવું પરંતુ સ્થાનિ સંબંધી જે अल् તદાશ્રિત વિધિ કરવાની હોય તો આદેશ સ્થાનિવત્ થતો નથી.

આદેશ પ્રાયઃ આઠ પ્રકારનો હોય છે – 1. ધાતુ – ધાતુનો આદેશ ધાતુવત્ હોય છે. 2. અંગ – અંગનો આદેશ અંગવત્ હોય છે. 3. કૃત્ – કૃત્-નો આદેશ કૃત્-વત્ હોય છે. 4. તદ્ધિત – તદ્ધિતનો આદેશ તદ્ધિતવત્ હોય છે. 5. અવ્યય – અવ્યયનો આદેશ અવ્યયવત્ હોય છે. 6. સુપ્ – સુપ્ નો આદેશ સુપ્-વત્ હોય છે. 7. તિઙ્ – તિઙ્ નો આદેશ તિઙ્-વત્ હોય છે. 8. પદ – પદનો આદેશ પદવત્ હોય છે.

**અલ્-વિધિમાં ચાર પ્રકારનો સમાસ છે –**

| ક્રમ | સમાસ | સમાસ પ્રકાર | સમાસ-અર્થ |
|---|---|---|---|
| 1. | अलः परस्य विधिः | પંચમી તત્પુરુષ | અલ્ થી પરમાં થનારો વિધિ |
| 2. | अलः स्थाने विधिः | ષષ્ઠી તત્પુરુષ | અલ્ નાં સ્થાનમાં થનારો વિધિ |
| 3. | अलि विधिः | સપ્તમી તત્પુરુષ | અલ્ પરમાં રહેતા થનારો વિધિ |
| 4. | अला विधिः | તૃતીયા તત્પુરુષ | અલ્ દ્વારા થનારો વિધિ |

જેમ વ્યવહાર જગતમાં गुरुवत् गुरुपुत्रे अपि वर्तितव्यम्। ગુરુ પ્રત્યે જેવો વર્તાવ કરતા હોઈએ, તેવો જ વર્તાવ તેમના પુત્રની સાથે કરવો જોઈએ એવો ભવગાર પ્રવર્તે છે, તેમ શાસ્ત્રમાં કે સ્થાનિભૂત વર્ણ/પ્રકૃતિ/પ્રત્યયમાં જે ગુણધર્મો હોય, તેવા જ ગુણધર્મોવાળો આદેશ હોય છે એમ જાણવું. અર્થાત્ સ્થાનિના ગુણધર્મો આદેશમાં પણ આરોપિત કરવામાં આવે છે. (પાણિનિનાં જે સૂત્રમાં वत् એવો શબ્દ જોડ્યો હોય તે અતિદેશ પ્રકારનું સૂત્ર છે એમ જાણવું) પ્રસ્તુત સૂત્રમાં પણ 'स्थानिवद् आदेशः अनल्विधौ' वत् ગ્રહણ કર્યું છે અહીં સામાન્ય રીતે તો આદેશ સ્થાનિવત્ થતો હોય છે પણ अल्विधि માં આદેશને સ્થાનિવત્ ગણવામાં આવતો નથી. अल्विधि એટલે એક अल् = એક વર્ણને આશ્રય થનારો વિધિ.

सुध् ध् य् + उपास्यः આ પ્રયોગમાં ई ને य् આદેશ થયો છે. સ્થાનિવત્ સૂત્રથી य् ને ई રૂપી અચ્ સમજવાથી अनचि च સૂત્રથી ध् ને દ્વિત્વ ન થવું જોઈએ. એવી શંકા કરવામાં આવી છે પરંતુ अनल्विधौ इति तन्निषेधात् થી એ શંકાનું નિવારણ પણ કરવામાં આવ્યું છે.

**सूत्र ५० अचः परस्मिन् पूर्वविधौ ( १.१.५७ )**

**अल्विध्यर्थमिदम्। परनिमित्तोऽजादेशः स्थानिवत्स्यात्स्थानिभूतादचः पूर्वत्वेन दृष्टस्य विधौ कर्तव्ये। इति यणः स्थानिवद्भावे प्राप्ते।**

अल्विधि માં સ્થાનિવદ્ભાવ માટે આ સૂત્ર છે. परनिमित्तक = પરમાં આવેલ વર્ણને નિમિત્ત અથવા કારણ માનીને કરવામાં આવેલો અચ્ રૂપી આદેશ સ્થાનિવત્ થતો હોય છે. અહીં પૂર્વવિધિમાં સ્થાનીથી પૂર્વત્વ અભિપ્રેત છે. એટલે કે સ્થાની अच् ની પૂર્વ જે વર્ણ વિદ્યમાન હતો, તેની વિધિ = કાર્ય પૂર્વ સૂત્રથી અહીં અલ્-વિધિમાં સ્થાનિવદ્ભાવનો નિષેધ પ્રાપ્ત હતો. આ સૂત્ર દ્વારા પુનઃ અલ્-વિધિમાં સ્થાનિવદ્ભાવ પ્રાપ્ત થયો છે.

**सूत्र ५१ न पदान्तद्विर्वचनवरेयलोपस्वरसवर्णानुस्वारदीर्घजश्चर्विधिषु ( १.१.५८ )**

**पदस्य चरमावयवे द्विर्वचनादौ च कर्त्तव्ये परनिमित्तोऽजादेशो न स्थानिवत्। इति स्थानिवद्भावनिषेधः।**

सुध् य् + उपास्यः માં પરમાં આવેલ उ ને નિમિત્ત માનીને ई ને યણ્ આદેશ થયો છે. અને ध् નુ દ્વિત્વ કરવાનું છે માટે યણ્ ને સ્થાનિવદ્ભાવ પ્રાપ્ત છે. જો સ્થાનિવદ્ભાવ પ્રાપ્ત થઈ જાય તો ध् નુ દ્વિત્વ ન થઈ શકે.તેથી સ્થાનિવદ્ભાવનાં નિષેધ માટે न पदान्त. સૂત્ર છે.

પદાન્ત(પદનો અંતિમ અવયવ વિધેય હોવા પર) દ્વિર્વચન-વરે-યલોપ-સ્વર-સવર્ણ-અનુસ્વાર-દીર્ઘ-જશ્-ચર્ આ બધાંની વિધિમાં પરનિમિત્તક अच् આદેશ સ્થાનિવત્ નથી હોતો. अचः परस्मिन् पूर्वविधौ સૂત્રથી સ્થાનિવત્ પ્રાપ્ત હતુ. તેનો सुध् य् + उपास्यः માં પ્રતિષેધ થયો છે.

**सूत्र ५२ झलां जश् झशि ( ८.४.५३ )**

**स्पष्टम्। इति धकारस्य दकारः।**

આચાર્ય ભટ્ટોજિદીક્ષિતે આ સૂત્ર ઉપર વૃત્તિ લખ્યા વિના ટૂંકમાં એટલે જ કહ્યું છે કે આ સૂત્ર સ્વયં સ્પષ્ટ છે. પણ આ સૂત્રનો અર્થ આમ થશે – झल् પ્રત્યાહારના વર્ણોના સ્થાનમાં जश् પ્રત્યાહારનાં વર્ણો થાય છે, જો झश् પ્રત્યાહારના વર્ણોમાંથી કોઈ એક વર્ણ પરમાં આવતો હોય ત્યારે. અર્થાત્ –

झल् = झभञ्। घढधष्। जबगडदश्। खफछठथचटतव्। कपय्। शषसर्। हल् (દરેક વર્ગનાં પાંચમા ક્રમાંકના અનુનાસિક વર્ણો સિવાયના 1,2,3 કે 4 થા વર્ણો) આટલા વર્ણોનાં સ્થાનમાં

जश् = जबगडदश्।

(દરેક વર્ગનાં ત્રીજો વર્ણ) આદેશ રૂપે પ્રવૃત્ત થાય, જો

झश् = झभञ्। घढधष्। जबगडदश्। (દરેક વર્ગનાં 4 થા કે ૨ જા વર્ણમાંનો કોઈ એક વર્ણ પરમાં આવેલો હોય તો)

હવે, આ સૂત્રની સુચના મુજબ સંધિકાર્ય આગળ વધારીશું તો –

सुधी + उपास्यः

सुध् य् + उपास्यः – इको यणचि (इ *નાં સ્થાને* य् *આદેશ)*

सुध् ध् य् + उपास्यः – अनचि च (ध् *નું દ્વિત્વ)*

सुद् ध् य् + उपास्यः – *આ સ્થિતિમાં પૂર્વમાં આવેલો* ध् *વર્ણ* झल् *પ્રત્યાહારમાં આવે છે અને પરમાં આવેલો* ध् *વર્ણ* झश् *પ્રત્યાહારમાં આવે છે માટે પૂર્વ* ध् *કારનાં સ્થાનમાં* जश् *આદેશ થશે.* सुधी + उपास्यः

सुध् य् + उपास्यः – इको यणचि (इ *નાં સ્થાને* य् *આદેશ)*

सुध् य् + उपास्यः – *વિપક્ષમાં જ્યારે દ્વિત્વ નહીં થાય.*

सुध् य् + उपास्यः – *આ પક્ષમાં સૂત્ર 52 કોઈ કાર્ય નહીં કરે.*

सुध् य् + उपास्यः । *યથાવત્ રહેશે.*

झल् *નાં સ્થાન* जश् *ની પ્રાપ્તિ થયા બાદ પ્રશ્ન થશે કે* ध् *નાં સ્થાનમાં કયા* जश् *વર્ણને આદેશ રૂપે પ્રવૃત્ત કરીશું? તો સ્થાનિભૂત* ध् *કારનું ઉચ્ચારણ સ્થાન તાલુ છે અને તે તવર્ગનો વર્ણ છે. આથી,* जबगडद *માંથી આપણે એવો જ વર્ણ પસંદ કરવાનો રહેશે કે જેનું ઉચ્ચારણ સ્થાન પણ તાલુ જ હોય. તો તેવો વર્ણ તો* द *કાર જ છે, કે જે તાલુ સ્થાનવાળો છે. અને તવર્ગનો ત્રીજો વર્ણ છે. આથી* सुध् ध् य् + उपास्यः *માં* जश्त्व विधि *કરીશું તો* सुध् ध् य् + उपास्यः *એવું બની જશે.*

**सूत्र ५३ अदर्शनं लोपः ( १.१.६० )**

**प्रसक्तस्यादर्शनं लोपसंज्ञं स्यात्।**

*વ્યાકરણશાસ્ત્રમાં પ્રક્રિયા કરતી વખતે કોઈ વર્ણનું અથવા વર્ણસમૂહનું અદર્શન થાય એટલે કે સાંભળવા ન મળે, તેની લોપ સંજ્ઞા થાય છે. (એ વર્ણના આદર્શને લોપ થયો એમ કહેવાશે.)*

**सूत्र ५४ संयोगान्तस्य लोपः ( ८.२.२३ )**

**संयोगान्तं यत्पदं तदन्तस्य लोपः स्यात्। इति यलोपे प्राप्ते। यणः प्रतिषेधो वाच्यः ( वार्त्तिकम् )। यणो मयो द्वे वाच्ये ( वार्त्तिकम् )। मय इति पञ्चमी यण इति षष्ठी इति पक्षे यकारस्यापि द्वित्वम्। तदिह धकारयकारयोर्द्वित्वविकल्पाच्चत्वारि रूपाणि। एकधमेकयम्। द्विधं द्वियम्। द्विधमेयकम्। एकधं द्वियम्। सुद्ध्युपास्यः। मद्ध्वरिः। धात्त्रंशः। लाकृतिः।**

*સંયોગ છે અંતમાં જેની, એવા પદનો લોપ કરવો જોઈએ. એટલે કે* सुद् ध् य् + उपास्यः। *માં* द् + ध् + य् *નો જે સંયોગ છે (સ્વરનાં વ્યવધાન વિનાની સહોપસ્થિતિ, જુઓ 30મું સૂત્ર* हलोऽनन्तराः संयोगः) *તે સંયોગનાં અંતિમ વર્ણ* य् *નો (પ્રસ્તુત સૂત્રથી* संयोगान्तस्य लोपः) *લોપ થવા આવે છે. પણ એવો લોપ થશે નહીં, કેમકે આ સૂત્રની અંતર્ગત એક વાર્ત્તિક આપ્યું છે -* यणः प्रतिषेधो वाच्यः *તેની સૂચના મુજબ*

લોપ થશે નહીં. આ વાર્ત્તિકનો અર્થ થાય છે કે यण् પ્રત્યાહારમાં આવેલા વર્ણો (य, व, र, ल) નો લોપ થવા આવતો હોય તો, તેનો પ્રતિષેધ કરવો જોઈએ, એટલે કે सुद् ध् य् માં ના અંતિમ य् કારનો (54 મા સૂત્રથી પ્રાપ્ત થયેલો) લોપ થતો રોકી લેવો. અર્થાત્ य् ના લોપનો નિષેધ જાહેર કરવામાં આવે છે. આથી सुद् ध् य् + उपास्यः માં, હવે કોઈ વિધિ કરવાની રહેતી નથી, તેથી તે વર્ણોને ભેગા કરીને લખીશું તો सुद्ध्युपास्यः અને દ્વિત્વ અભાવ પક્ષમાં सुद्ध्युपास्यः એવું રૂપ બની જશે.

सुद्ध्युपास्यः માં य् નું દ્વિત્વ કરવા માટે यणो मयो द्वे वाच्ये આ વાર્ત્તિક છે. આ વાર્ત્તિકમાં કાર્યવશ यणः ને પંચમી અને मयः ને ષષ્ઠી બન્ને વિભક્તિઓનું રૂપ માનીને તેના અનુસાર અલગ-અલગ અર્થ કરવામાં આવે છે. આવી જ રીતે मयः એ પદને પણ કાર્યવશ પંચમી અને ષષ્ઠી વિભક્તિનું રૂપ માનવામાં આવે છે. આ પ્રકારે વાર્ત્તિકનાં બે અર્થ થાય છે –

1. યણ્ થી પરમાં મય્ ને દ્વિત્વ કરવું
2. મય્ થી પરે યણ્ ને દ્વિત્વ કરવું.

આ બન્ને અર્થોમાં मय् ને પંચમી અને यण् ને ષષ્ઠી માનવાના પક્ષમાં सुद् ध् य् + उपास्यः માં य् ને પણ દ્વિત્વ થાય છે. આવી રીતે सुद्ध्युपास्यः માં धकार અને यकार ને વિકલ્પથી દ્વિત્વ કરવાથી ચાર રૂપ બને છે.

1. एकधम् एकयम् – અહીં એક ધકાર અને એક યકાર વાળુ सुध्युपास्यः એવું પ્રથમ રૂપ છે.
2. द्विधं द्वियम् – અહીં બે ધકાર અને બે યકાર વાળુ सुद्ध्य्युपास्यः એવું દ્વિતીય રૂપ છે.
3. द्विधम् एकयम् – અહીં બે ધકાર અને એક યકાર વાળુ सुद्ध्युपास्यः એવું તૃતીય રૂપ છે
4. एकधं द्वियम् – અહીં એક ધકાર અને બે યકાર વાળું सुध्य्युपास्यः એવું ચતુર્થ રૂપ છે.

હવે, इको यणचि સૂત્રનાં બીજા ત્રણ ઉદાહરણો (मद्ध्वरिः, , धात्त्रंशः, लाकृतिः)ની રૂપસિદ્ધિ પણ આવી રીતે જ કરવામાં આવે છે, તે નીચે મુજબ છે –

मद्ध्वरिः – मधु + अरिः આવી સ્થિતિમાં स्थानेऽन्तरतमः સૂત્રની મદદથી इको यणचि સૂત્ર દ્વારા उ નાં સ્થાનમાં व् કરીને मध् व् + अरिः બને છે. અહીં, अचः परस्मिन् पूर्वविधौ સૂત્રથી व् નો સ્થાનિવદ્ભાવ કરીને દ્વિત્વનો નિષેધ પ્રાપ્ત હતો, પરંતુ न पदान्तद्विर्वचन. સૂત્રથી સ્થાનિવદ્ભાવનો નિષેધ થઈ ગયો અને अनचि च સૂત્રથી દ્વિત્વ કર્યા બાદ मध् ध् व् + अरिः એવી સ્થિતિ બને. ત્યારબાદ झलां जश् झशि સૂત્રથી પૂર્વ ધ્ નો દ્ કરીને मद् ध् व् + अरिः બને છે, હવે संयोगान्तस्य लोपः સૂત્રથી વ્ નો લોપ

*પ્રાપ્ત થયો અને* यणः प्रतिषेधो वाच्यः *થી લોપનો નિષેધ થઈ ગયો અને સંયોગ કર્યા બાદ* मद्ध्वरिः *રૂપ સિદ્ધ થાય છે.*

धात्त्रंशः – धातृ + अंशः *આવી સ્થિતિમાં* स्थानेऽन्तरतमः *સૂત્રની મદદથી* इको यणचि *સૂત્ર દ્વારા* ऋ *નાં સ્થાનમાં* र् *કરીને* धात् र् + अंश *બને છે.* अनचि च *સૂત્રથી દ્વિત્વ કર્યા બાદ* धात् त् र् + अंशः *એવી સ્થિતિ બને. હવે* संयोगान्तस्य लोपः *સૂત્રથી* र् *નો સંયોગાન્ત લોપ પ્રાપ્ત થયો અને* यणः प्रतिषेधो वाच्यः *થી લોપનો નિષેધ થઈ ગયો અને સંયોગ કર્યા બાદ* धात्त्रंशः *રૂપ સિદ્ધ થાય છે.*

लाकृतिः – ऌ + आकृतिः *આવી સ્થિતિમાં* स्थानेऽन्तरतमः *સૂત્રની મદદથી* इको यणचि *સૂત્ર દ્વારા* ऌ *નાં સ્થાનમાં* ल् *કરીને* ल् + आकृतिः *બને છે. અને સંયોગ કર્યા બાદ* लाकृतिः *રૂપ સિદ્ધ થાય છે.*

**सूत्र ५५ नादिन्याक्रोशे पुत्रस्य ( ८.४.४८ )**

**पुत्रशब्दस्य न द्वे स्त आदिनीशब्दे परे आक्रोशे गम्यमाने। पुत्रादिनी त्वमसि पापे। आक्रोशे किम्। तत्त्वकथने द्विर्वचनं भवत्येव। पुत्त्रादिनी सर्पिणी। तत्परे च ( वार्त्तिकम् )। पुत्रपुत्रादिनी त्वमसि पापे। वा हतजग्धयोः ( वार्त्तिकम् )। पुत्रहती – पुत्त्रहती। पुत्रजग्धी – पुत्त्रजग्धी।**

*આદિની શબ્દ પરમાં હોય તો પુત્ર શબ્દનાં અવયવ યર્ નું દ્વિત્વ નથી થતું, આક્રોશ = નિંદા એવા અર્થની પ્રતીતિ હોય તો.* पुत्रादिनी त्वमसि पापे *આમાં પુત્ર શબ્દની પરમાં આદિની શબ્દ છે, અને આક્રોશ = નિંદા એવો અર્થ ગમ્યમાન છે માટે* पुत्र (प् उ त् र् अ) *માં* उ *ની પરમાં આવતા* त् *ને* अनचि च *સૂત્રથી દ્વિત્વ પ્રાપ્ત હતું. પરંતુ* नादिन्याक्रोशे पुत्रस्य *સૂત્રથી દ્વિત્વનો નિષેધ થયો અને* पुत्रादिनी त्वमसि पापे *એવું રૂપ બન્યું અન્યથા દ્વિત્વ થયું હોત તો* पुत्त्रादिनी *એવું રૂપ બન્યું હોત પરંતુ અહીં આ સૂત્રથી નિષેધ થાય છે.*

वा हतजग्धयोः – *આ વાર્ત્તિક દ્વારા* हत *અથવા* जग्ध *શબ્દ પરમાં હોય તો પુત્ર શબ્દનાં અવયવ યર્ ને વિકલ્પથી દ્વિત્વ થાય છે.* पुत्त्रहती- पुत्रहती *અહીં* "पुत्रो हतो यया' *જેના દ્નારા પુત્ર મારવામા આવ્યો છે તે સ્ત્રી એવો અર્થ છે.* वा हतजग्धयोः *એવા વાર્ત્તિકથી* पुत्र *નાં અવયવ* त् *ને વિકલ્પથી દ્વિત્વ કરીને જ્યારે વિકલ્પથી દ્વિત્વ થશે ત્યારે* पुत्त्रहती *અને જ્યારે દ્વિત્વ નહીં થાય ત્યારે* पुत्रहती *એવું રૂપ બનશે. આવી જ રીતે* पुत्त्रजग्धी-पुत्रजग्धी *માં પણ વિકલ્પથી દ્વિત્વકાર્ય સમજવું.*

सूत्र ५६ त्रिप्रभृतिषु शाकटायनस्य (८.४.५०)

त्र्यादिषु वर्णेषु संयुक्तेषु वा द्वित्वम्। इन्न्द्रः – इन्द्रः। राष्ट्ट्रम् – राष्ट्रम्।

*અચ્ ની પરમાં ત્રણ અથવા તેથી અધિક હલ્ વર્ણોનો સંયોગ હોય તો શાકટાયન આચાર્યનાં મતમાં આદ્ય યર્ ને દ્વિત્વ નથી થતું. (અન્ય આચાર્યોનાં મતમાં દ્વિત્વ થાય છે. માટે આ દ્વિત્વને વૈકલ્પિક માનવામાં આવે છે.)*

इन्द्रः-इन्द्रः - अच् इ *વર્ણની પરમાં* न् द् र् *એમ ત્રણ વર્ણોનો સંયાગ છે, તેમાં આદ્ય* यर् न् *ને* त्रिप्रभृतिषु शाकटायनस्य *સૂત્રથી વિકલ્પથી દ્વિત્વ કરીયે* इन्न्द्रः *અને જ્યારે દ્વિત્વ નહીં થાય ત્યારે* इन्न्द्रः *એવું રૂપ બને છે.*

राष्ष्ट्रम् –राष्ट्रम् – अच् आ *વર્ણની પરમાં* ष् ट् र् *એમ ત્રણ વર્ણોનો સંયોગ છે, તેમાં આદ્ય* यर् ष् *ને* त्रिप्रभृतिषु शाकटायनस्य *સૂત્રથી વિકલ્પથી દ્વિત્વ કરીયે* राष्ष्ट्रम् *અને જ્યારે દ્વિત્વ નહીં થાય ત્યારે* राष्ट्रम् *એવું રૂપ બને છે.*

**सूत्र ५७ सर्वत्र शाकल्यस्य ( ८.४.५१ )**

**द्वित्वं न। अर्कः। ब्रह्मा।**

*જ્યાં જ્યાં દ્વિત્વ વિહિત છે ત્યાં ત્યાં અચ્ ની પરમાં આવતા યર્ નું દ્વિત્વ થાય છે, શાકલ્ય આચાર્યનાં મતમાં.*

अर्कः – अर्क *માં* अच् अ *વર્ણની પરમાં* र् *આવે છે અને તેનાથી પરમાં* क् *વર્ણને* अचो रहाभ्यां द्वे *સૂત્રથી દ્વિત્વ પ્રાપ્ત થાય હતું, પરંતુ શાકલ્ય આચાર્ય દ્વારા તેનો નિષેધ કરી દેવામાં આવ્યો છે અને* अर्कः *એવું જ રૂપ રહે છે. આવી જ રીતે* ब्रह्मा *શબ્દમાં પણ સમજવું.*

**सूत्र ५८ दीर्घादाचार्याणाम् ( ८.४.५२ )**

**द्वित्वं न। दात्रम्। पात्रम्।**

*કેટલાંક આચાર્યોનાં મતમાં દીર્ઘ અચ્ ની પરમાં આવતા યર્ વર્ણને દ્વિત્વ નથી થતું.*

दात्रम्-पात्रम् – *આમાં* दा *નાં* आ *અને* पा *નાં* आ *થી પરમાં આવતા યર્ વર્ણ* त्र *નાં* त् *ને* अनचि च *સૂત્રથી દ્વિત્વ પ્રાપ્ત હતું. પરંતુ* दीर्घादाचार्याणाम् *સૂત્રથી દ્વિત્વનો નિષેધ કરવામાં આવે છે અને* दात्रम्, पात्रम् *એવા રૂપો બને છે.*

**सूत्र ५९ अचो रहाभ्यां द्वे ( ८.४.४६ )**

**अचः पराभ्यां रेफहकाराभ्यां परस्य यरो द्वे वा स्तः। हर्य्यनुभवः। नह्यस्ति।**

*અચ્ વર્ણથી પરમાં રેફ અને હકાર પછી આવતા યર્ વર્ણને વિકલ્પથી દ્વિત્વ થાય છે.*

हरि + अनुभवः *એવી સ્થિતિમાં* इको यणचि *સૂત્રથી* इ *નાં સ્થાનમાં* यण् *થાય અને* हर्य् + अनुभवः

*એવી સ્થિતિ બને ત્યારે અચ્* ह *નાં* अ *ની પરમાં* रेफ *છે.* रेफ *ની પરમાં* यर् -य् *ને દ્વિત્વ કરવાથી* हर्य्यनुभवः *એવું રૂપ બનશે. જ્યારે દ્વિત્વ નહી કરીયે ત્યારે* हर्यनुभवः *એવું રૂપ બનશે. તેવી જ રીતે* नह्यस्ति *અને* नह्यस्ति *એવાં રૂપ બને છે.*

## 5.4 તમારી પ્રગતિ ચકાસો

1. यण् *સંધિનાં કોઈ ચાર ઉદાહરણ લખી રૂપસિદ્ધિ કરો.*

2. अचो रहाभ्यां द्वे *સૂત્ર સમજાવો.*

3. वा हतजग्धयोः *વાર્ત્તિક સમજાવો.*

4. संयोगान्तस्य लोपः *સૂત્ર સમજાવો.*

5. स्थानत आन्तर्यादीकारस्य यकारः। *આ પંક્તિ સમજાવો.*

**સ્વાધ્યાય**

1. इको यणचि (६.१.७७) *સૂત્ર સમજાવો.*

2. अनचि च (८.४.४७) *સૂત્ર સમજાવો.*

3. सुद्ध्युपास्यः *ની રૂપસિદ્ધિ કરો.*

4. मद्ध्वरिः *ની રૂપસિદ્ધિ કરો.*

5. झलां जश् झशि (८.४.५३) *સૂત્ર સમજાવો.*

**લઘુ ઉત્તર લખો.**

1. *વૈયાકરણસિદ્ધાન્ત કૌમુદીનાં રચયિતા કોણ છે?*
2. इक् *પ્રત્યાહારમાં કયા કયા વર્ણો આવે છે?*
3. यण् *પ્રત્યાહારમાં કયા કયા વર્ણો આવે છે?*
4. अच् *પ્રત્યાહારમાં કયા કયા વર્ણો આવે છે?*
5. *વૈયાકરણસિદ્ધાન્ત કૌમુદીનાં બીજા પ્રકરણનું નામ શુ છે?*
6. सुध्युपास्यः *નો સંધિવિચ્છેદ લખો.*
7. मध्वरिः *નો સંધિવિચ્છેદ લખો.*
8. धात्रंश *નો સંધિવિચ્છેદ લખો.*
9. लाकृतिः *નો સંધિવિચ્છેદ લખો.*
10. लोपसंज्ञा *કયા સૂત્રથી થાય છે?*
11. *પદનાં અંતમાં આવતા સંયોગનો લોપ કયા સૂત્રથી થાય છે?*
12. हर्य्यनुभवः *માં યકારનું દ્વિત્વ કયા સૂત્રથી કરવામાં આવે છે?*
13. नह्ययस्ति *માં યકારનું દ્વિત્વ કયા સૂત્રથી કરવામાં આવે છે?*
14. इन्न्द्रः *માં દ્વિત્વ કયા સૂત્રથી થાય છે?*

15. राष्ट्रम् *માં દ્વિત્વ કયા સૂત્રથી થાય છે?*

**સંદર્ભ સાહિત્ય**

| ક્રમ | ગ્રંથનામ | લેખક | વ્યાખ્યાકાર | પ્રકાશક |
|---|---|---|---|---|
| 1. | वैयाकरणसिद्धान्तकौमुदी | भट्टोजिदीक्षित | श्रीगोपालदत्तपाण्डेय | चौखम्बा विद्याभवन, वाराणसी |
| 2. | वैयाकरणसिद्धान्तकौमुदी | भट्टोजिदीक्षित | श्री गोविन्दाचार्यः | चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी |
| 3. | लघुसिद्धान्तकौमुदी | वरदराजाचार्यः | डॉ. वसन्तकुमार भट्ट | सरस्वती पुस्तक भंडार, अमदावाद |

**લેખક : શ્રી રવિ રાદડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ગવર્મેંટ કોલેજ, દીવ.**

# એકમ : 6 : ગુણ અને વૃદ્ધિ સંધિ

## રૂપરેખા

**6.1 ઉદ્દેશ્ય**

**6.2 પ્રસ્તાવના**

**6.3 સંધિ પ્રકરણ – વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સૂત્રો**

**6.4 તમારી પ્રગતિ ચકાસો**

**6.5 સંદર્ભ સાહિત્ય**

## 6.1 ઉદ્દેશ્ય

*વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સંજ્ઞાપ્રકરણ અંતર્ગત વ્યાકરણશાસ્ત્રમાં પ્રચલિત કેટલીક પારિભાષિક સંજ્ઞાઓનું જ્ઞાન મેળવ્યા બાદ તે વૃદ્ધિ, ગુણ વગેરે સંજ્ઞાઓની મદદથી સંધિનાં સૂત્રોને સમજીશુ. જેનાં દ્વારા કોઈ પણ શાસ્ત્ર, જેમ કે સાહિત્ય, પુરાણ, દર્શન, વેદ વગેરેમાં આવતા શ્લોકો, મન્ત્રો કે વાક્યોમાં જ્યાં જ્યાં ગુણ અને વદ્ધિ સંધિ હોય તે સંધિથી અને તેના સંધિ વિચ્છેદથી પરિચિત થયા બાદ તે શ્લોક, મન્ત્ર કે વાક્યનાં અર્થને જાણી તેનો મર્મ સમજી શકીશુ.*

## 6.2 પ્રસ્તાવના

*ભટ્ટોજિ દીક્ષિત નામક વ્યાકરણનાં મહાન્ વિદ્વાન્ થયાં. તેમણે વૈયાકરણસિદ્ધાંતકૌમુદી નામક એક વ્યાકરણ ગ્રંથની રચના કરી. પાણિનીય વ્યાકરણની પરંપરામાં આ ગ્રંથને પ્રમુખ માનવામાં આવે છે. વ્યાકરણ શાસ્ત્રમાં પ્રવેશ કરવા ઈચ્છતા છાત્રો આરંભમાં પ્રાયઃ આ ગ્રંથનો જ અભ્યાસ કરતા હોય છે. આ ગ્રંથમાં ચૌદ પ્રકરણ છે. જેનાં પ્રથમ પ્રકરણમાં આચાર્ય ભટ્ટોજિદીક્ષિતે વિવિધ પ્રકારનાં સંધિ સૂત્રોનો સમાવેશ કર્યો છે. તે સંધિ સૂત્રોમાં યણ્ સંધિનાં અભ્યાસ બાદ ગુણ અને વૃદ્ધિ સંધિનાં સૂત્રો આવે છે, તે સૂત્રોનો આ એકમમાં અભ્યાસ કરવાનો છે.*

## 6.3 સંધિ પ્રકરણ – વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સૂત્રો

**सूत्र ६९ आद्गुणः ( ६.१.८७ )**

**अवर्णादचि परे पूर्वपरयोरेको गुण आदेशः स्यात् संहितायाम्। उपेन्द्रः। रमेशः। गङ्गोदकम्।**

*અવર્ણની પાછળ જો અચ્ પ્રત્યાહારનો કોઈ પણ વર્ણ આવેલો હોય તો, પૂર્વવર્ણ અને પરવર્ણ એમ કુલ બે વર્ણોનાં સ્થાનમાં ગુણ સંજ્ઞાવાળો કોઈ એક વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે.*

**આ સૂત્ર દ્વારા થતો ગુણ આદેશ કયા વર્ણનાં સ્થાનમાં કયા રૂપે થશે તે દર્શાવતું કોષ્ઠક**

| સ્થાની | | ઉચ્ચારણ સ્થાન | | આદેશ | ઉચ્ચારણ સ્થાન | ઉદાહરણ |
|---|---|---|---|---|---|---|
| अ + इ | – | कण्ठः + तालु | ए | – | कण्ठतालु | उपेन्द्रः |
| अ + उ | – | कण्ठः + ओष्ठम् | ओ | – | कण्ठोष्ठम् | गङ्गोदकम् |
| अ + ऋ | – | कण्ठः + मूर्धा | अ (अर्) | – | कण्ठः + मूर्धा (उरण् रपरः) | कृष्णर्द्धिः |
| अ + ऌ | – | कण्ठः + दन्ताः | अ (अल्) | – | कण्ठः + दन्ताः (उरण् रपरः) | तवल्कारः |

उपेन्द्रः – उप + इन्द्रः *આ સ્થિતિમાં* प *કારમાંના* अ *કારની પાછળ* अच् *રૂપ* इन्द्र *શબ્દનો* इ *કાર આવેલો છે. તેથી પૂર્વવર્ણ* अ *અને પરવર્ણ* इ *એ બન્નેનાં સ્થાનમાં એક ગુણસંજ્ઞક* (अ, ए, ओ) *વર્ણ આદેશ રૂપે લાવવો એમ* आद्गुणः *સૂત્ર સૂચના આપે છે. હવે પ્રશ્ન થશે કે* अ *અને* इ *ને ખસેડીન, એ બન્નેના સ્થાનમાં જે ગુણ સંજ્ઞાવાળા વર્ણોની પ્રાપ્તિ થાય છે, તે તો કુલ ત્રણ વર્ણો છે તો તેમાંથી કયા એકને પસંદ કરીશું, અને પછી આદેશ રૂપે બેસાડીશું. તો સ્થાનિભૂત જે બે વર્ણોને ખસેડી કાઢવાના છે, તે પૂર્વવર્તી વર્ણ* अ *કાર કંઠ્ય છે અને પરવર્તી વર્ણ* इ *કાર તાલુસ્થાનીય છે. તેથી ગુણાદેશ રૂપે પ્રાપ્ત થયેલા ત્રણેય વર્ણોમાંથી કેવળ* ए *કાર જ એવો વર્ણ છે કે જે કંઠ-તાલુ સ્થાનવાળો છે. આથી આપણે તેને પસંદ કરીને આદેશ રૂપે પ્રવૃત્ત કરીશું. હવે સ્થિતિ બનશે –* उप् + ए + न्द्रः *હવે* प् *વ્યંજનને* ए *કારમાં જોડી દઈશું, તો* उपेन्द्रः *બની જશે.*

रमेशः – रमा + ईशः *આ સ્થિતિમાં* मा *નાં* आ *ની પાછળ રૂપ* ईशः *શબ્દનો* ई *કાર* अच् *આવેલો છે. તેથી પૂર્વવર્ણ* आ *અને પરવર્ણ* ई *એ બન્નેનાં સ્થાનમાં એક ગુણસંજ્ઞક* (अ, ए, ओ) *વર્ણ આદેશ રૂપે લાવવો એમ* आद्गुणः *સૂત્ર સૂચના આપે છે. હવે ગુણ સંજ્ઞાવાળા વર્ણોની ત્રણ છે તો તેમાંથી કયા એકને પસંદ કરીશું, અને આદેશ રૂપે બેસાડીશું.* आ *કાર કંઠ્ય છે અને પરવર્તી વર્ણ* ई *કાર તાલુસ્થાનીય છે. તેથી આદેશ રૂપે પ્રવૃત્ત કરીશું. હવે સ્થિતિ બનશે –* रम् + ए + शः म् *વ્યંજનને* ए *કારમાં જોડી દઈશું, તો* रमेशः *બની જશે.*

**गङ्गोदकम् —** गङ्गा + उदकम् *આ સ્થિતિમાં* आ *ની પાછળ* अच् *રૂપ* उदकम् *શબ્દનો* उ *કાર આવેલો છે. તેથી પૂર્વવર્ણ* आ *અને પરવર્ણ* उ *એ બન્નેનાં સ્થાનમાં એક ગુણસંજ્ઞક* (अ, ए, ओ) *વર્ણ આદેશ રૂપે લાવવો એમ* आद्गुणः *સૂત્ર સૂચના આપે છે. હવે પ્રશ્ન થશે કે* आ *અને* उ *ને ખસેડીને, એ બન્નેના સ્થાનમાં જે ગુણ સંજ્ઞાવાળા વર્ણોની પ્રાપ્તિ થાય છે, તે તો કુલ ત્રણ વર્ણો છે તો તેમાંથી કયા એકને પસંદ કરીશું, અને પછી આદેશ રૂપે બેસાડીશું. તો સ્થાનિભૂત જે બે વર્ણોને ખસેડી કાઢવાના છે, તે પૂર્વવર્તી વર્ણ* आ *કાર કંઠ્ય છે અને પરવર્તી વર્ણ* उ *કાર ઓષ્ઠસ્થાનીય છે. તેથી ગુણાદેશ રૂપે પ્રાપ્ત થયેલા ત્રણેય વર્ણોમાંથી કેવળ* ओ *કાર જ એવો વર્ણ છે કે જે કંઠ-ઓષ્ઠ સ્થાનવાળો છે. આથી આપણે તેને પસંદ કરીને આદેશ રૂપે પ્રવૃત્ત કરીશું. હવે સ્થિતિ બનશે —* गङ्ग् + ओ + दकम् ग् *વ્યંજનને* ओ *કારમાં જોડી દઈશું, તો* गङ्गोदकम् *બની જશે.*

**सूत्र ७० उरण् रपरः ( १.१.५१ )**

**ऋ इति त्रिंशतः संज्ञेत्युक्तम्। तत्स्थाने योऽण् स रपरः सन्नेव प्रवर्तते। तत्रान्तरतम्यात् कृष्णर्द्धिरित्यत्राऽर् तवल्कार इत्यत्राऽल्। अचो रहाभ्याम् द्वे ( सू. ५९ ) इति पक्षे द्वित्वम्।**

ऋ *કાર એ ત્રીસ (અઢાર પ્રકારના* ऋ *કાર અને બાર પ્રકારના* ऌ *કાર) સવર્ણીભેદોની સંજ્ઞા થાય છે. એ ત્રીસ ભેદોનાં સ્થાનમાં જો* अण् *(પ્રત્યાહારમાંનો કોઈ વર્ણ) નું વિધાન કરવામાં આવે, તો તે રપર(રેફ છે પરમાં જેની એવો) થઈને જ પ્રવૃત્ત થાય છે. અર્થાત્* अण् *માં ના* अ *કારને જો* ऋ *ના સ્થાનમા બેસાડવાનો હોય તો, તે* अ *કારની પાછળ રેફ જોડીને =* अर् *રૂપે બેસાડવો. હવે આ સૂત્રની મદદથી જે ઉદાહરણની રૂપસિદ્ધિ થાય છે તે જોઈએ —*

कृष्णर्द्धिः — कृष्ण + ऋद्धिः *આ સ્થિતિમાં* अ *વર્ણની પાછળ* अच् *રૂપ* ऋद्धिः *શબ્દનો* ऋ *કાર આવેલો છે. તેથી પૂર્વવર્ણ* अ *અને પરવર્ણ* ऋ *એ બન્નેનાં સ્થાનમાં એક ગુણસંજ્ઞક* (अ, ए, ओ) *વર્ણ આદેશ રૂપે લાવવો એમ* आद्गुणः *સૂત્ર સૂચના આપે છે. હવે સ્થાનિભૂત જે બે વર્ણો ખસેડવા છે, તેમના સ્થાન અનુક્રમે કંઠ અને મૂર્ધા છે. પણ બન્નેનાં સ્થાનમાં પ્રવૃત્ત થવા માટે આવેલા ત્રણ ગુણસંજ્ઞક વર્ણોમાંથી એક પણ કંઠ-મૂર્ધા સ્થાનવાળો નથી. આમ એક ન્યાય મુજબ* अ *અને* ऋ *ના સ્થાનમાં* अ *જ કરવાનો રહે છે. ત્યારે* कृष्ण् + अ + द्धिः *એવી સ્થિતિ બને. હવે* उरण् रपरः *સૂત્ર મુજબ* ऋ *વર્ણને ખસેડીને જે* अण् *(પ્રત્યાહારમાંના કોઈ પણ એક વર્ણ) ને પ્રવૃત્ત કરવામાં આવે, તેની પાછળ રેફ જોડીને પછી જ પ્રવૃત્ત કરવો. અર્થાત્* अ + ऋ *ના સ્થાનમાં જે ગુણસંજ્ઞક એક* अ *કારને પ્રવૃત્ત કરવાનું સ્વીકાર્યું છે, તેને* अर् *બનાવીને પ્રવૃત્ત કરવો. આથી* कृष्ण् + अर्+ द्धिः *એવી સ્થિતિ બને અને વ્યંજનને પરવર્તી વર્ણ સાથે જોડી દઈશું તો* कृष्णर्द्धिः *બનશે.*

*આવી જ રીતે* तवल्कार *માં પણ* तव + लृकारः *એવી સ્થિતિમાં પૂર્વવર્તી* अ *કાર અને પરવર્તી* लृ *કારનાં સ્થાનમાં* उरण् रपरः *સૂત્રની સહાયતાથી* अल् *કરવાથી* तवल्कारः *એવું રૂપ બની જશે.*

**सूत्र ७१ झरो झरि सवर्णे ( ८.४.६५ )**

**हलः परस्य झरो लोपो वा स्यात्सवर्णे झरि। द्वित्वाभावे लोपे सत्येकधम्। असति लोपे द्वित्वलोपयोर्वा द्विधम्। सति द्वित्वे लोपे चासति त्रिधम्। कृष्णर्धिः। कृष्णर्द्धिः। कृष्णर्द्द्धिः। यण इति पञ्चमी मय इति षष्ठीति पक्षे ककारस्य द्वित्वम्। लस्य तु अनचि च ( सू. ४८ ) इति। तेन तवल्कार इत्यत्र रूपचतुष्टयम्।**

**द्वित्वं लस्यैव कस्यैव नोभयोरुभयोरपि।**

**तवल्कारादिषु बुधैर्बोध्यं रूपचतुष्टयम्।**

हल् *પ્રત્યાહારમાં આવેલો હોય એવા કોઈ વર્ણની પરમાં આવેલા* झर् *પ્રત્યાહારનાં વર્ણનો વિકલ્પથી લોપ થાય છે, જો સવર્ણ* झर् *પ્રત્યાહારનો કોઈ વર્ણ પરમાં હોય તો.*

कृष्ण + ऋद्धिः *આવી સ્થિતિમાં ક્યારેક વિકલ્પથી* झरो झरि सवर्णे *સૂત્રથી* द् *નો લોપ થાય છે, ક્યારેક આ સૂત્રથી લોપ નથી થતો. ક્યારેક* अचो रहाभ्यां द्वे *સૂત્રથી દ્વિત્વ થાય છે એમ કુલ ત્રણ રૂપો બને છે, તે નીચે મુજબ છે -*

1. द्वित्वाभावे लोपे सत्येकधम् – कृष्णर्धिः
2. असति लोपे द्वित्वलोपयोर्वा द्विधम् – कृष्णर्द्धिः
3. सति द्वित्वे लोपे चासति त्रिधम् – कृष्णर्द्द्धिः

*આવી જ રીતે* तव + लृकारः *એવી સ્થિતિમાં પણ* तवल्कारः, तवल्क्कारः, तवल्क्कारः, तवल्क्कारः *આમ ચાર રૂપો બને છે.*

तव + लृकारः

तवल्कारः, तवल्क्कारः, तवल्ल्कारः, तवल्ल्क्कारः

सूत्र ७२ वृद्धिरेचि (६.१.८८)

आदेचि परे वृद्धिरेकादेशः स्यात्। गुणापवादः। कृष्णैकत्वम्। गङ्गौघः। देवैश्वर्यम्। कृष्णौत्कण्ठ्यम्।

*અઢારેય પ્રકારનાં અકારની પરમાં* एच्(ए, ओ, ऐ, औ) *પ્રત્યાહારનો કોઈ વર્ણ આવેલો હોય તો પૂર્વવર્ણ અને પરવર્ણ એમ કુલ બે વર્ણોનાં સ્થાનમાં વૃદ્ધિરૂપી એકાદેશ થાય છે. આ સૂત્ર* आद्गुणः *સૂત્રનું અપવાદ = બાધક સૂત્ર છે.*

*આ સૂત્ર દ્વારા થતો વૃદ્ધિ આદેશ કયા વર્ણનાં સ્થાનમાં કયા રૂપે થશે તે દર્શાવતું કોષ્ઠક*

| સ્થાની | - | ઉચ્ચારણ સ્થાન | આદેશ | - | ઉચ્ચારણ સ્થાન | ઉદાહરણ |
|---|---|---|---|---|---|---|
| अ + ए | – | कण्ठः +कण्ठतालु | ऐ | – | कण्ठतालु | कृष्णैकत्वम् |
| अ + ओ | – | कण्ठः +कण्ठोष्ठम् | औ | – | कण्ठोष्ठम् | गङ्गौघः |
| अ + ऐ | – | कण्ठः + + कण्ठतालु ऐ | – | कण्ठतालु | देवैश्वर्यम् | अ + ऐ |
| अ + औ | – | कण्ठः + कण्ठोष्ठम् | औ | – | कण्ठोष्ठम् | कृष्णौत्कण्ठ्यम् |

कृष्णैकत्वम् – कृष्ण + एकत्वम् *આવી સ્થિતિમાં* ष्ण *નાં* अ *કારની પાછળ* एच् *પ્રત્યાહારનો* ए *વર્ણ આવેલો છે. તેથી, તે બે વર્ણોનાં સ્થાનમાં વૃદ્ધિ-એકાદેશ પ્રાપ્ત થશે. અહીં* अ *ની પાછળ* एकत्वम् *નો* ए *કાર આવેલો છે, તે* ए *કારને* एच् *પ્રત્યાહારમાંનો વર્ણ ગણીને આપણે* वृद्धिरेचि *સૂત્રને પ્રવૃત્ત કરવાનું કહીએ છીએ, પણ* अ *ની પાછળ* ए *આવ્યો હોય તો* आद्गुणः *સૂત્રને પ્રવૃત્ત થવા જે નિમિત્તની જરૂર છે, તે પણ અહીં હાજર છે. જેમ કે* आद्गुणः *કહે છે કે* अ *ની પાછળ જો* अच् *આવેલો હોય તો પૂર્વવર્તી અને પરવર્તી વર્ણનાં સ્થાનમાં ગુણ એકાદેશ થાય છે. તો અહીં* एकत्वम् *નો* ए *કાર* अच् *માં પણ આવી જાય છે. તેથી શંકા થાય છે કે* कृष्ण + एकत्वम् *એ સ્થિતિમાં* आद्गुणः *સૂત્રથી ગુણ કરવો કે* वृद्धिरेचि *સૂત્રથી વૃદ્ધિ કરવી? એવી સ્થિતિમાં આચાર્ય ભટ્ટોજિદીક્ષિત કહે છે કે* वृद्धिरेचि *સૂત્ર દ્વારા કહેવામાં આવેલું વૃદ્ધિરૂપી કાર્ય ગુણનું અપવાદ છે. માટે* कृष्ण + एकत्वम् *એવી સ્થિતિમાં ગુણનો બાધ કરીને વૃદ્ધિરૂપી કાર્ય પ્રવૃત્ત થાય છે.*

*વૃદ્ધિરૂપી કાર્ય કરો એમ કહેવાથી વૃદ્ધિસંજ્ઞક ત્રણ વર્ણો આદેશ રૂપે પ્રવૃત્ત થવા આવીને ઊભા રહેશે. હવે તે ત્રણમાંથી સ્થાનિભૂત પૂર્વવર્તીવર્ણ* अ *અને પરવર્તી* ए *કાર છે, તેમનું ઉચ્ચારણ સ્થાન કયું કયું છે તે તપાસવાનું છે. જેમ કે,* अ *કાર કંઠ અને* ए *કાર કંઠતાલુ ઉચ્ચારણ સ્થાનવાળો છે. આથી એ બે વર્ણોને ખસેડીને એમના બદલે, એમની જગ્યાએ આદેશરૂપે પ્રવૃત્ત કરવા વૃદ્ધિસંજ્ઞક વર્ણો* आ, ऐ, औ *માંથી એવા જ વર્ણને પસંદ કરી શકાશે, કે જે કંઠતાલુ સ્થાનવાળો હોય. તો આ ત્રણ વર્ણોમાં કંઠતાલુ સ્થાનવાળો એક જ* ऐ *વર્ણ છે, આથી એને પસંદ કરીને આદેશરૂપે પ્રવૃત્ત કરીશું તો* कृष्ण् + ऐ + कत्वम् *એવી સ્થિતિ બને ત્યારે વ્યંજનને પરવર્તી વર્ણ સાથે જોડી દઈએ તો* कृष्णैकत्वम् *એવું રૂપ બનશે.*

गङ्गौघः — गङ्गा + ओघः *આવી સ્થિતિમાં પૂર્વવર્તી* आ *કાર અને પરવર્તી* ओ *કારનાં સ્થાનમાં વૃદ્ધિરૂપી* औ *કાર આદેશ રૂપે પ્રવૃત્ત થશે અને* गङ्गौघः *એવું રૂપ બનશે.*

देवैश्वर्यम् — देव + ऐश्वर्यम् *આવી સ્થિતિમાં પૂર્વવર્તી* अ *કાર અને પરવર્તી* ऐ *કારનાં સ્થાનમાં વૃદ્ધિરૂપી* ऐ *કાર આદેશ રૂપે પ્રવૃત્ત થશે અને* देवैश्वर्यम् *એવું રૂપ બનશે.*

कृष्णौत्कण्ठ्यम् — कृष्ण + औत्कण्ठ्यम् *આવી સ્થિતિમાં પૂર્વવર્તી* अ *કાર અને પરવર્તી* औ *કારનાં સ્થાનમાં વૃદ્ધિરૂપી* औ *કાર આદેશ રૂપે પ્રવૃત્ત થશે અને* कृष्णोत्कण्ठ्यम् *એવું રૂપ બનશે.*

**सूत्र ७२ एत्येधत्यूठ्सु ( ६.१.७९ )**

**अवर्णादेजाद्योरेत्येधत्योरूठि च परे वृद्धिरेकादेशः स्यात्। पररूपगुणापवादः। उपैति। उपैधते। प्रष्ठौहः। ( एजाद्योः किम्। उपेतः। मा भवान्प्रेदिधत्। पुरस्तादपवादन्यायेनेयं वृद्धिः एङि पररूपम् ( सू. ७८ ) इत्यस्यैव बाधिका न तु ओमाडोश्च ( सू. ८० ) इत्यस्य। तेनावैहीति वृद्धिरसाधुरेव।) अक्षादूहिन्यामुपसङ्ख्यानम् ( वार्त्तिकम् )। अक्षौहिणी सेना। स्वरादीरेरिणोः ( वार्त्तिकम् )। स्वेनेरितुं शीलमस्येति स्वैरी। लिङ्गविशिष्टपरिभाषया स्वैरिणी। प्रादूहोढोढ्येषैष्येषु ( वार्त्तिकम् )। प्रौहः। प्रौढः।**

**ळअर्थवद्ग्रहणे नानर्थकस्य ( प. १५ )। व्रश्चे ( सू. २९४ ) इति सूत्रे राजेः पृथग्भ्राजिग्रहणाज्ज्ञापकात्। तेन ऊढग्रहणेन क्तान्तमेव गृह्यते न तु क्तवत्वन्तस्यैकदेशः। प्रोढवान्। प्रौढिः। इष इच्छायां तुदादिः। इष गतौ दिवादिः। इष आभीक्ष्ण्ये क्र्यादिः। एषां घञि ण्यति च एषः एष्यः इति रूपे। तत्र पररूपे प्राप्तेऽनेन वृद्धिः। प्रैषः। प्रैष्यः। यस्तु ईष उञ्छे। यश्च ईष गतिहिंसादर्शनेषु। तयोर्दीर्घोपधत्वात्। ईषः। ईष्यः। तत्राद्गुणे। प्रेषः। प्रेष्यः।) ऋते च तृतीयासमासे ( वार्त्तिकम् )। सुखेन ऋतः सुखार्तः। तृतीयेति किम्। परमर्तः। प्रवत्सतरकम्बलवसनार्णदशानामृणे। ( वार्त्तिकम् )। प्रार्णम्। वत्सतरार्णमित्यादि। ऋणस्यापनयनाय यदन्यदृणं क्रियते तदृणार्णम्। दशार्णो देशः। नदी च दशार्णा। ऋणशब्दो दुर्गभूमौ जले च।**

अ *વર્ણની પાછળ,* एजादि *હોય એવા* एति *અને* एधते, *તથા* ऊठ् *પરમાં રહે ત્યારે વૃદ્ધિ રૂપી એકાદેશ થાય છે. આ સૂત્રથી કહેવામાં આવેલું કાર્ય વૃદ્ધિ રૂપી કાર્ય 'પરરૂપ વિધિ' અને 'ગુણ વિધિ' નો અપવાદ=બાધક છે. આનાથી ત્રણ રૂપો સિદ્ધ થાય છે.* 1. उप + एति = उपैति। २. उप + एधते = उपैधते। ३. प्रष्ठ + ऊहः = प्रष्ठौहः।

उपैति – उप + एति *એવી સ્થિતિમાં* एत्येधत्यूठ्सु *સૂત્ર મુજબ* प *કારોત્તરવર્તી* अ *કારની પાછળ* एजादि *હોય એવું* एति (इण् गतौ *ધાતુનું વર્તમાનકાળ, પ્ર. પુ. એ. વ. નું રૂપ) આવેલું છે. તેથી પૂર્વવર્તી* अ *કાર અને પરવર્તી* ए *કારનાં સ્થાનમાં વૃદ્ધિરૂપ એકાદેશ પ્રવૃત્ત કરીશું તો* ऐ *કાર થશે અને સ્થિતિ બનશે* उप् + ऐ + ति। *હવે વ્યંજનને પરવર્તી વર્ણ સાથે જોડી દઈશું તો* उपैति *એવું રૂપ બની જશે.*

उपैधते – उप + एधते *એવી સ્થિતિમાં* एत्येधत्यूठ्सु *સૂત્રથી પૂર્વવત્ વૃદ્ધિ એકાદેશ પ્રાપ્ત છે. ત્યારે પૂર્વવર્તી* अ *કાર અને પરવર્તી* ए *કારનાં સ્થાનમાં* ऐ *કાર રૂપી એકાદેશ કરીશું તો* उपैधते *એવું રૂપ બનશે.*

प्रष्ठौहः – प्रष्ठ + ऊहः *એવી સ્થિતિમાં* एत्येधत्यूठ्सु *સૂત્રથી પૂર્વવત્ વૃદ્ધિ એકાદેશ પ્રાપ્ત છે. ત્યારે પૂર્વવર્તી* अ *કાર અને પરવર્તી* ऊ *કારનાં સ્થાનમાં* औ *કાર રૂપી એકાદેશ કરીશું તો* प्रष्ठौहः *એવું રૂપ બનશે.*

*આ સૂત્ર અંતર્ગત વૃદ્ધિ એકાદેશ કરનારા અનેકો વાર્ત્તિક આચાર્ય ભટ્ટોજિદીક્ષિત દ્વારા મુકવામાં આવ્યા છે. તેમાંના પ્રમુખ વાર્ત્તિકો અને તેમનાં ઉદાહરણો નીચે મુજબ છે –*

अक्षादूहिन्यामुपसङ्ख्यानम् – अक्ष + ऊहिनी *એવી સ્થિતિમાં* आद्गुणः *સૂત્રથી ગુણ થઈ* अक्षोहिनी *જ બને, પણ લોકમાં તો* अक्ष *શબ્દની પાછળ જો* ऊहिनी *શબ્દ આવેલો હોય, તો* अ + ऊ *ની વૃદ્ધિ* औ *સાંભળવા મળે છે. તેથી આ વાર્ત્તિક દ્વારા સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે* अक्ष *શબ્દની પરમાં* ऊहिनी *શબ્દ આવેલો હોય, તો ત્યાં પણ વૃદ્ધિરૂપી એકાદેશ થાય છે અને* अक्षौहिणी *એવું રૂપ બને છે.*

प्रादूहोढोढ्येषैष्येषु – प्र *ઉપસર્ગનાં* अ *કારની પરમાં* ऊह, ऊढ, ऊढि, एष, एष्य *વગેરે શબ્દો આવ્યા હોય, તો પાણિનિના* आद्गुणः *સૂત્ર મુજબ તો* प्र + ऊहः = प्रोहः। प्र + ऊढः = प्रोढः। प्र + ऊढि = प्रोढिः *અને* एङि पररूपम् *સૂત્ર મુજબ તો* प्र + एषः = प्रेषः *અને* प्र + एष्य = प्रेष्यः *એવા રૂપ બને પરંતુ આ બધી જ સ્થિતિમાં* प्रादूहोढोढ्येषैष्येषु *એ વાર્ત્તિક મુજબ વૃદ્ધિ એકાદેશ જ કરવો. તેથી* प्रौहः, प्रौढः, प्रौढिः, प्रैषः, प्रैष्यः *એવા રૂપો બનશે.*

ऋते च तृतीयासमासे – *તૃતીયા તત્પુરુષ સમાસ બનાવતાં હોઈએ ત્યારે અને* ऋत *એવો શબ્દ પરમાં હોય ત્યારે પણ (ગુણ નહીં થતા) વૃદ્ધિ કરવામાં આવે છે.* सुख + ऋतः (सुखेन ऋतः, तृ. त. स.) *એવી સ્થિતિમાં પૂર્વવર્તી* अ *કાર અને પરવર્તી* ऋ *કારનાં સ્થાનમાં* उरण् रपरः *સૂત્રની મદદથી વૃદ્ધિ કરીશું તો* आर् *એવી વૃદ્ધિ થશે અને* सुख् + आर्+ तः *એવી સ્થિતિ બને ત્યારે વ્યંજનોને પરવર્તી વર્ણો સાથે જોડી દઈએ તો* सुखार्तः *એવું રૂપ બનશે.*

प्रवत्सतरकम्बलवसनार्णदशानामृणे – प्र, वत्सतर, कम्बल, वसन, ऋण, दश *આ શબ્દોની પાછળ* ऋण *એવો શબ્દ આવેલો હોય તો પણ (ગુણ નહીં થતાં) વૃદ્ધિ જ થાય છે અને ક્રમશઃ* प्रार्णम्, वत्सतरार्णम्, कम्बलार्णम्, वसनार्णम्, ऋणार्णम्, दशार्णम् *એવા રૂપો બનશે.*

## सूत्र ७४ उपसर्गादृति धातौ ( ६.१.९१ )

**अवर्णान्तादुपसर्गादृकारादौ धातौ परे वृद्धिरेकादेशः स्यात्। उपार्च्छति। प्रार्च्छति।**

अ  વર્ણ છે અંતમાં જેની એવા ઉપસર્ગની પાછળ, જો ऋ કારથી શરૂ થતો ધાતુ આવેલો હોય તો, ત્યાં (તે अ  અને ऋ નાં સ્થાનમાં) વૃદ્ધિ રૂપી એકાદેશ થાય છે.

उपार्च्छति – उप + ऋच्छति એવી સ્થિતિમાં અવર્ણાન્ત ઉપસર્ગ उप  ની પાછળ ऋ કારાદિ ધાતુ ऋच्छति  આવેલ છે. આવી સ્થિતિમાં પૂર્વ અને પરનાં સ્થાનમાં (ગુણ ન થતાં) વૃદ્ધિ એકાદેશ કરીયે તો उप् + आर् + च्छति એવી સ્થિતિ બને અને વ્યંજનોને પરવર્તી વર્ણ સાથે જોડી દઈએ તો उपार्च्छति  એવું રૂપ બનશે.

**सूत्र ७५ अन्तादिवच्च ( ६.१.८५ )**

**योऽयमेकादेशः स पूर्वस्यान्तवत्परस्यादिवत्स्यात्। इति रेफस्य पदान्तत्वे।**

આ વ્યાકરણશાસ્ત્રમાં જે-જે ('ગુણ' રૂપ, 'વૃદ્ધિ' રૂપ કે 'પરરૂપ' રૂપ) એકાદેશો વર્ણવાયા છે. તે પૂર્વવર્ણના અંતિમ અવયવ સમાન ગણાય છે. અથવા પરવર્ણના આદિ અવયવ સમાન ગણાય છે.

**सूत्र ७६ वा सुप्यापिशलेः ( ६.१.९२ )**

**अवर्णान्तादुपसर्गादृकारादौ सुब्धातौ परे वृद्धिरेकादेशः वा स्यात्। ( आपिशलिग्रहणं पूजार्थम्। )प्रार्षभीयति। प्रर्षभीयति। सावर्ण्यात् ऌवर्णस्य ग्रहणम्। प्राल्कारीयति। प्रल्कारीयति। तपरत्वाद्दीर्घे न। उपॠकारीयति। उपर्कारीयति।**

અવર્ણાન્ત ઉપસર્ગની પરમાં ઋકારાદિ સુબન્ત-પ્રકૃતિક ધાતુ (નામધાતુ) આવતું હોય તો પૂર્વ અને પરનાં સ્થાનમાં વિકલ્પથી વૃદ્ધિ એકાદેશ થાય છે.

प्रार्षभीयति-प्रर्षभीयति – प्र + ऋषभीयति આવી સ્થિતિમાં प्र એ અવર્ણાન્ત ઉપસર્ગ છે અને તેની પાછળ સુબન્ત-પ્રકૃતિક ધાતુ ऋषभीयति  આવેલો છે તો પૂર્વ અને પરનાં સ્થાનમાં વિકલ્પથી વૃદ્ધિ કરીશું તો पर् + आर् + षभीयति એવી સ્થિતિ બનશે અને વ્યંજનોને પરવર્તી વર્ણો સાથે જોડી દઈએ તો प्रार्षभीयति  એવું રૂપ બની જશે. प्र + ऋषभीयति એવી સ્થિતિમાં જ્યારે વિકલ્પથી आद्गुणः सूत्रથી ગુણ કરીશું ત્યારે  प्र् + अर् + षभीयति એવી સ્થિતિ બને અને વ્યંજનોને પરવર્તી વર્ણો સાથે જોડી દઈએ તો प्रर्षभीयति  રૂપ બની જશે.

## 6.4 તમારી પ્રગતિ ચકાસો

1. ગુણ સંધિનાં કોઈ બે  રૂપસિદ્ધિ પ્રયોગનની પ્રક્રિયા લખો?

2. उरण् रपरः સૂત્ર સમજાવો?

3. झरो झरि सवर्णे સમજાવો ?

4. વૃદ્ધિ સંધિનાં કોઈ બે ઉદાહરણ લખી રૂપસિદ્ધિ કરો ?

5. एत्येधत्यूठ्सु (६.१.८९) સૂત્ર સમજાવો?

1. आद्गुणः (૬.૧.૮૭) *સૂત્ર સમજાવો.*

2. वृद्धिरेचि (૬.૧.૮૮) *સૂત્ર સમજાવો.*

3. कृष्णर्द्धिः *ની રૂપસિદ્ધિ કરો.*

4. देवैश्वर्यम् *ની રૂપસિદ્ધિ કરો.*

5. उपसर्गादृति धातौ (૬.૧.૯૧) *સૂત્ર સમજાવો.*

**લઘુ ઉત્તર લખો.**

1. *વૈયાકરણસિદ્ધાન્ત કૌમુદીનાં રચયિતા કોણ છે?*
2. *ગુણ સંજ્ઞા કયા કયા વર્ણોની થાય છે?*
3. *વૃદ્ધિ સંજ્ઞા કયા કયા વર્ણોની થાય છે?*
4. उपेन्द्रः *માં કઈ સંધિ છે?*
5. गङ्गोदकम् *માં કઈ સંધિ છે?*
6. गङ्गौघः *નો સંધિવિચ્છેદ લખો.*
7. उपैति *નો સંધિવિચ્છેદ લખો.*
8. प्रार्च्छति *નો સંધિવિચ્છેદ લખો.*

9. *વૃદ્ધિ સંજ્ઞા ક્યા સૂત્રથી થાય છે?*
10. *ગુણસંજ્ઞા કયા સૂત્રથી થાય છે?*
11. सुखार्तः *માં કયા વાર્ત્તિક દ્વારા સંધિ થાય છે?*
12. प्रार्णम् *માં કયા વાર્ત્તિક દ્વારા સંધિ થાય છે?*
13. अक्षौहिणी *માં કયા વાર્ત્તિક દ્વારા સંધિ થાય છે?*
14. प्रार्षभीयति *માં કયા સૂત્ર દ્વારા સંધિ થાય છે?*
15. कृष्णैकत्वम् *નો સંધિવિચ્છેદ લખો.*

## 6.5 સંદર્ભ સાહિત્ય

| ક્રમ | ગ્રંથનામ | લેખક | વ્યાખ્યાકાર | પ્રકાશક |
|---|---|---|---|---|
| 1. | वैयाकरणसिद्धान्तकौमुदी | भट्टोजिदीक्षित | श्रीगोपालदत्तपाण्डेय | चौखम्बा विद्याभवन, वाराणसी |
| 2. | वैयाकरणसिद्धान्तकौमुदी | भट्टोजिदीक्षित | श्री गोविन्दाचार्यः | चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी |
| 3. | लघुसिद्धान्तकौमुदी | वरदराजाचार्यः | डॉ. वसन्तकुमार भट्ट | सरस्वती पुस्तक भंडार, अमदाबाद |

**લેખક : શ્રી રવિ રાદડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ગવર્મેંટ કોલેજ, દીવ.**

# એકમ : 7 : વૃદ્ધિ સંધિનાં અંતથી અચ્ સંધિ સમાપ્તિ સુધી

## રૂપરેખા

**7.1 ઉદ્દેશ્ય**

**7.2 પ્રસ્તાવના**

**7.3 સંધિ પ્રકરણ – વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સૂત્રો**

**7.4 તમારી પ્રગતિ ચકાસો**

**7.5 સંદર્ભ સાહિત્ય**

## 7.1 ઉદ્દેશ્ય

*વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સંજ્ઞાપ્રકરણ અંતર્ગત વ્યાકરણશાસ્ત્રમાં પ્રચલિત કેટલીક પારિભાષિક સંજ્ઞાઓનું જ્ઞાન મેળવ્યા બાદ તે વૃદ્ધિ, ગુણ વગેરે સંજ્ઞાઓની મદદથી સંધિનાં સૂત્રોને સમજીશુ. જેનાં દ્વારા કોઈ પણ શાસ્ત્ર, જેમ કે સાહિત્ય, પુરાણ, દર્શન, વેદ વગેરેમાં આવતા શ્લોકો, મન્ત્રો કે વાક્યોમાં જ્યાં જ્યાં પરરૂપ, સવર્ણદીર્ઘ, પૂર્વરૂપ અને પ્રકૃતિભાવ સંધિ હોય તે સંધિથી અને તેના સંધિ વિચ્છેદથી પરિચિત થયા બાદ તે શ્લોક, મન્ત્ર કે વાક્યનાં અર્થને જાણી તેનો મર્મ સમજી શકીશુ.*

## 7.2 પ્રસ્તાવના

*ભટ્ટોજિ દીક્ષિત નામક વ્યાકરણનાં મહાન્ વિદ્વાન્ થયાં. તેમણે વૈયાકરણસિદ્ધાંતકૌમુદી નામક એક વ્યાકરણ ગ્રંથની રચના કરી. પાણિનીય વ્યાકરણની પરંપરામાં આ ગ્રંથને પ્રમુખ માનવામાં આવે છે. વ્યાકરણ શાસ્ત્રમાં પ્રવેશ કરવા ઈચ્છતા છાત્રો આરંભમાં પ્રાયઃ આ ગ્રંથનો જ અભ્યાસ કરતા હોય છે. આ ગ્રંથમાં ચૌદ પ્રકરણ છે. જેનાં પ્રથમ પ્રકરણમાં આચાર્ય ભટ્ટોજિદીક્ષિતે વિવિધ પ્રકારનાં સંધિ સૂત્રોનો સમાવેશ કર્યો છે. તે સંધિ સૂત્રોમાં અચ્ સંધિપ્રકરણ અંતર્ગત ગુણ અને વૃદ્ધિ સંધિનાં અભ્યાસ બાદ પરરૂપ, સવર્ણદીર્ઘ, પૂર્વરૂપ અને પ્રકૃતિભાવ સંધિનાં સૂત્રો આવે છે, તે સૂત્રોનો આ એકમમાં અભ્યાસ કરવાનો છે.*

## 7.3 સંધિ પ્રકરણ – વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સૂત્રો

**सूत्र ७८ एङिपररूपम् ( ६.१.९४ )**

**आदुपसर्गादेङादौ धातौ परे पररूपमेकादेशः स्यात्। प्रेजते। उपोषति। इह वासुपीत्यनुवर्त्य वाक्यभेदेन व्याख्येयम्। तेन एङादौ सुब्धातौ वा। उपेडकीयति। उपैडकीयति। प्रोघीयति। प्रौघीयति। एवे चानियोगे ( वार्त्तिकम् )। नियोगोऽवधारणम्। क्वेव भोक्ष्यसे। अनवक्लृप्तावेवशब्दः। अनियोगे किम्। तवैव।**

अ *કારાન્ત ઉપસર્ગ ની પાછળ,* एङादि (ए *કાર કે* ओ *કારથી શરૂ થતો) ધાતુ આવેલો હોય, તો ત્યાં (પૂર્વવર્તી* अ *કાર અને પરવર્તી* एङ् *એ બે સ્થાનિભૂત વર્ણોનાં સ્થાનમાં) પરરૂપ નામનો એકાદેશ થાય છે. દા. ત.* प्र + एजते = प्रेजते। उप + ओषति = उपोषति।

प्रेजते – प्र + एजते *આવી સ્થિતિમાં* एङि पररूपम् *સૂત્રથી* अ *કારાન્ત ઉપસર્ગની પાછળ,* एङादि एजृ कम्पने *ધાતુ આવેલો છે, તેથી પૂર્વવર્તી* अ *કાર અને પરવર્તી* ए *કાર એ બે સ્થાનિભૂત વર્ણોનાં સ્થાનમાં પરરૂપ (પાછળનો વર્ણ જેવા રૂપ વાળો છે તેવો જ, અર્થાત્ એક નવો* ए *કાર) આદેશરૂપે પ્રવૃત્ત થાય છે. અને* प्र्+ ए + जते

*એવી સ્થિતિ બને છે. હવે, વ્યંજનોને પરવર્તી વર્ણો સાથે જોડી દઈએ તો* प्रेजते *એવું રૂપ બની જશે.*

उपोषति – उप + ओषति *આવી સ્થિતિમાં* एङि पररूपम् *સૂત્રથી* अ *કારાન્ત ઉપસર્ગની પાછળ,* एङादि ओषति

*ક્રિયાપદનાં આરંભે આવેલો* ओ *સ્વર છે, તેથી પૂર્વવર્તી* अ *કાર અને પરવર્તી* ओ *કાર એ બે સ્થાનિભૂત વર્ણોનાં સ્થાનમાં પરરૂપ (પાછળનો વર્ણ જેવા રૂપ વાળો છે તેવો જ, અર્થાત્ એક નવો* ओ *કાર) આદેશરૂપે પ્રવૃત્ત થાય છે. અને* उप् + ओ + षति *એવી સ્થિતિ બને છે. હવે, વ્યંજનોને પરવર્તી વર્ણો સાથે જોડી દઈએ તો* उपोषति *એવું રૂપ બની જશે.*

इह वासुपीत्यनुवर्त्य वाक्यभेदेन व्याख्येयम् – एङि पररूपम् *સૂત્રમાં* वा सुप्यापिशलेः *સૂત્રમાંથી* वा *અને* सुपि *ની અનુવૃત્તિ લાવીને વાક્ય ભેદ કરીને વ્યાખ્યા કરવામાં આવે છે – અવર્ણાન્ત ઉપસર્ગની પરમાં* एङादि *સુપ્-ધાતુ હોય તો પરરૂપ એકાદેશ વિકલ્પથી થાય છે, જેમ કે –*

उप + एडकीयति = उपेडकीयति *અને* उपैडकीयति *બન્ને રૂપો બને છે.*

प्र + ओघीयति = प्रोघीयति *અને* प्रौघीयति *બન્ને રૂપો બને છે.*

**सूत्र ७९ अचोऽन्त्यादि टि ( १.१.६४ )**

**अचां मध्ये योऽन्त्यः स आदिर्यस्य तत्टिसंज्ञं स्यात्। शकन्ध्वादिषु पररूपं वाच्यम् ( वार्त्तिकम् )। तच्च टेः। शकन्धुः। कर्कन्धुः। कुलटा। सीमन्तः केशवेशे ( वार्त्तिकम् )। सीमन्तोऽन्यः। मनीषा। हलीषा। लाङ्गलीषा। पतञ्जलिः। सारङ्गः पशुपक्षिणोः। साराङ्गोऽन्यः। आकृतिगणोऽयम्। मार्तण्डः। ओत्वोष्ठयोः समासे वा ( वार्त्तिकम् )। स्थूलोतुः। स्थूलौतुः। बिम्बोष्ठः। बिम्बौष्ठः। समासे किम्। तवौष्ठः।**

*(કોઈક નામનાં આવેલા)* अच् = *સ્વરોના સમુદાયમાંથી, જે અન્તિમ* (अच्) *હોય, તે (અન્તિમ* (अच् ) *છે આદિમાં જેની એવા (શબ્દરૂપ) ની* टि *સંજ્ઞા થાય છે. દા. ત.* दण्डिन् *માં* द् अ ण् ड् इ न् *એવા વર્ણો આવેલા છે, તેમાં* अ *અને* इ *એવા બે* अच्

નો સમુદાય છે એમ કહેવાશે. તે બેમાંથી જે અન્તિમ अच् છે તે इ છે. આ इ છે આદિમાં જેની એવો વર્ણસમૂહ = શબ્દસમૂહ તે इन् કહેવાશે. આ इन् ની टि સંજ્ઞા થાય છે.

शकन्ध्वादिषु पररूपं वाच्यम् – शकन्ध શબ્દ છે આદિમાં જેની એવા શબ્દસમૂહ = ગણમાં આવેલા બધા શબ્દોની અંદર પરરૂપ એકાદેશ થાય/થયો છે. એમ કહેવું જોઈએ. આ પરરૂપ એકાદેશ टि સંજ્ઞક અંશનો થયો હોય છે (એમ જાણવું). દા. ત. शक + अन्धुः = शकन्धुः। कर्क + अन्धुः = कर्कन्धुः। कुल + अटा = कुलटा॥

शक + अन्धुः

એવી સ્થિતિમાં સામાન્ય રીતે अ + अ = आ એમ થઈને शकान्धुः એવી સન્ધિ થવી જોઈએ. પણ આ શબ્દ તો શકન્ધ્વાદિ ગણ માં આવેલો છે. તેથી વાર્તિકકારની સૂચના મુજબ તે ગણના શબ્દોમાં टि ને પરરૂપ વિધિ કરવાનો રહેશે. તો शकन्ध्वादिषु पररूपं वाच्यम् આ વાર્તિકથી પરરૂપ કર્યા બાદ शक् + अ + न्धुः એવી સ્થિતિ બને ત્યારે વ્યંજનને પરવર્તી વર્ણ સાથે જોડી દઈશું તો शकन्धुः એવું રૂપ બની જશે.

कर्क + अन्धुः એવી સ્થિતિમાં સામાન્ય રીતે अ + अ = आ એમ થઈને कर्कान्धुः એવી સન્ધિ થવી જોઈએ. પણ આ શબ્દ તો શકન્ધ્વાદિ ગણ માં આવેલો છે. તેથી વાર્તિકકારની સૂચના મુજબ તે ગણના શબ્દોમાં टि ને પરરૂપ વિધિ કરવાનો રહેશે. તો शकन्ध्वादिषु पररूपं वाच्यम् આ વાર્તિકથી પરરૂપ કર્યા બાદ कर्क् + अ + न्धुः એવી સ્થિતિ બને ત્યારે વ્યંજનને પરવર્તી વર્ણ સાથે જોડી દઈશું તો कर्कन्धुः એવું રૂપ બની જશે.

આવી જ રીતે શકન્ધ્વાદિ ગણમાં આવેલા कुल + अटा = कुलटा, मनस् + ईषा = मनीषा, हल + ईषा = हलीषा, लाङ्गल + ईषा = लाङ्गलीषा, पतत् + अञ्जलिः = पतञ्जलिः, सार + अङ्गः = सारङ्गः, मृत + अण्डः = मार्तण्डः વગેરે શબ્દોની રૂપસિદ્ધિ પણ સમજવી.

ओत्वोष्ठयोः समासे वा - અવર્ણની પરમાં ओतु અને ओष्ठ શબ્દ હોય તો પૂર્વ અને પરના સ્થાનમાં પરરૂપ એકાદેશ વિકલ્પથી થાય છે, સમાસનો વિષય હોય તો.

स्थूल + ओतुः = स्थूलोतुः અને स्थूलौतुः બન્ને રૂપો થાય છે.

बिम्ब + ओष्ठः = बिम्बोष्ठः અને बिम्बौष्ठः બન્ને રૂપો થાય છે.

**सूत्र ८० ओमाङोश्च ( ६.१.९५ )**

**ओमि आङि चात्परे पररूपमेकादेशः स्यात्। शिवायों नमः। शिव एहि। शिवेहि।**

अ કારની પાછળ, ओम् કે आङ् (आ ઉપસર્ગ) આવેલો હોય ત્યારે પરરૂપ એકાદેશ થાય છે. દા. ત. शिवाय + ओम् = शिवायोम्। शिव + एहि = शिवेहि। शिवायों नमः - शिवाय + ओम् એવી સ્થિતિમાં शिवाय માં य् કારોત્તરવર્તી अ આવેલો છે. અને

*તેની પાછળ* ओम् *એવો ધ્વનિ આવેલો છે. તેથી* ओमाङोश्च *સૂત્રથી, તે પૂર્વવર્તી* अ *કાર અને ઉત્તરવર્તી* ओ *કાર એ બે સ્થાનિભૂત વર્ણોના સ્થાનમાં પરરૂપ(પાછળ જેવો* ओ *કાર આવેલો છે, તેવો જ એક નવો* ओ *કાર) એકાદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. ત્યારપછી સ્થિતિ બને છે* शिवाय् + ओ + म् *હવે, આ સ્થિતિમાં* य् *વ્યંજનને* ओ *સ્વરમાં ભેળવી દઈશું. તો* शिवायोम् *એવું રૂપ બની જશે.*

शिवेहि – शिव + आ + इहि *એવી સ્થિતિમાં* आ *ઉપસર્ગ અને ધાતુના* इ *ની* आद्गुणः *સૂત્રથી ગુણસન્ધિ થાય છે. તેથી પૂર્વવર્તી* आ *કાર અને પરવર્તી* इ *કાર એમ કુલ બે સ્થાનિભૂત વર્ણોના સ્થાનમાં ગુણ રૂપી એકાદેશ રૂપે* ए *કારની પ્રવૃત્તિ કરવામાં આવે છે અને* शिव + एहि *એવી સ્થિતિ બને છે. હવે* ओमाङोश्च *સૂત્ર દ્વારા પૂર્વવર્તી* अ*કાર અને પરવર્તી* ए *કારનાં સ્થાનમાં એક નવો* ए *કાર એકાદેશ રૂપે બેસાડીશું તો સ્થિતિ બનશે* शिव + एहि *હવે,* व्

*વ્યંજનને* ए *કારમાં જોડી દઈશું તો* शिवेहि *એવું રૂપ બની જશે.*

**सूत्र ८४ झलां जशोऽन्ते ( ८.२.३९ )**

**पदान्ते झलां जशः स्युः। पटत्पटदिति।**

*પદના અન્તે આવેલા* झल् = झ, भ, घ, ढ, ध, ज, ब, ग, ड, द, ख, फ, छ, ठ, थ, च, ट, त, क, प, श, ष, स, ह *વર્ણોના સ્થાનમાં* जश् = ज, ब, ग, ड, द *આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે.* (1) *સ્થાનકૃત સામ્યથી* चवर्ग (2) *અને* श् *ના સ્થાનમાં* ज्, (4) पवर्ग *ના સ્થાનમાં* ब्, (3) कवर्ग *ના સ્થાનમાં* ग्, चवर्ग *અને* ष् *ના સ્થાનમાં* ड्, (5) तवर्ग *અને* स् *ના સ્થાનમાં* द् *આદેશ થાય છે.*

पटत्पटदिति – पटत् + पटत् + इति *આવી સ્થિતિમાં દ્વિતીય* पटत् *નો* त् *પદનો અંતિમ વર્ણ છે અને* झल् *માં પણ આવે છે તેથી* झलां जशोऽन्ते *એવા સૂત્રની મદદથી આપણે તેના સ્થાનમાં* जश् *પ્રત્યાહારમાં આવતો કોઈ એક વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત કરીશું તો* त् *વર્ણનું ઉચ્ચારણ સ્થાન મૂર્ધા છે અને* जश् *પ્રત્યાહારમાં આવતા વર્ણોમાં* द् *વર્ણનું જ ઉચ્ચારણ સ્થાન મૂર્ધા છે, હવે* त् *ના સ્થાનમાં* द् *ને આદેશ રૂપે પ્રવૃત્ત કરીશું તો સ્થિતિ બનશે* पटत् + पटद् + इति *હવે વ્યંજનને ઈકાર સાથે જોડી દઈશું તો* पटत्पटदिति *એવું રૂપ બની જશે.*

**सूत्र ८५ अकः सवर्णे दीर्घः ( ६.१.१०१ )**

**अकः सवर्णेऽचि परे दीर्घ एकादेशः स्यात्। दैत्यारिः। श्रीशः। विष्णूदयः। अचि किम्। कुमारी शेते। नाज्झलाविति सावर्ण्यनिषेधस्तु न दीर्घशकारयोः। ग्रहणकशास्त्रस्य सावर्ण्यविधिनिषेधाभ्यां प्रागनिष्पत्तेः। अकः किम्। हरये। अकोऽकि दीर्घ इत्येव सुवचम्। ऋति सवर्णे ऋ वा ( वार्त्तिकम्)। होतॄकारः। होतृकारः। पक्षे ऋकारः सावर्ण्यात्। ऋति ऋ वा लृति लृ वा इत्युभयत्रापि विधेयं वर्णद्वयं द्विमात्रम्।**

**आद्यस्य मध्ये द्वौ रेफौ तयोरेका मात्रा। अभितोऽज्भक्तेरपरा। द्वितीयस्य तु मध्ये द्वौ ल्कारौ। शेषं प्राग्वत्। इहोभयत्रापि ऋत्यकः**

अक् *એવા પ્રત્યાહારમાં આવેલા* अ इ उ ऋ ऌ *વર્ણોની પાછળ જો સવર્ણ* अच् *આવેલો હોય, તો પૂર્વવર્ણ અને પરવર્ણના સ્થાનમાં દીર્ઘ એકાદેશ થાય છે.*

दैत्यारिः – दैत्य + अरिः *એવી સ્થિતિમાં* दैत्य *શબ્દમાં* अक् *પ્રત્યાહારમાંનો જે* अ *કાર છે તેની પાછળ બીજો એના જેવો જ* अ *કાર, કે જેને આપણે સવર્ણ* अच् *કહીએ છીએ તે આવેલો છે. તો* अकः सवर्णे दीर्घः *સૂત્ર કહે છે કે એ બે* (अ + अ) *વર્ણોના સ્થાનમાં દીર્ઘ એકાદેશ પ્રવૃત્ત કરીવો. દીર્ઘ એકાદેશ કરીયે સ્થિતિ બને છે* **–** दैत्य् + आ + रिः *હવે* त्य् *વ્યંજનસમૂહને પરવર્તી સ્વરમાં ભેળવી દઈશું તો* दैत्यारिः *એવું રૂપ બની જશે.*

श्रीशः **– –** श्री + ईशः *આ સ્થિતિમાં* ई = अक् *ની પાછળ, સવર્ણ* अच् ई *આવેલો છે. તેથી પ્રસ્તુત સૂત્રથી તે બન્ને* ई *ના સ્થાનમાં એક નવો દીર્ઘ* ई *એકાદેશ રૂપે પ્રવૃત્ત થશે. તો* श्र्+ ई + शः *એવી સ્થિતિ બનશે જ્યારે* श्र् *વ્યંજનસમૂહને પરવર્તી સ્વરમાં ભેળવી દઈશું તો* श्रीशः *એવું રૂપ બની જશે.*

*આવી જ રીતે* विष्णु + उदयः *એવી સ્થિતિમાં પૂર્વવર્તી* उ *અને પરવર્તી* उ *ના સ્થાનમાં સવર્ણ દીર્ઘ* ऊ *એકાદેશ રૂપે પ્રવૃત્ત કરીશું તો* विष्ण् + ऊ + दयः *બનશે અને વ્યંજનોસમૂહને પરવર્તી સ્વરમાં ભેળવી દઈશું તો* विष्णूदयः *એવું રૂપ બની જશે.*

**सूत्र ८६ एङः पदान्तादति ( ६.१.१०९ )**

**पदान्तादेङोऽति परे पूर्वरूपमेकादेशः स्यात्। हरेऽव। विष्णोऽव।**

*આ સૂત્ર દ્વારા પૂર્વરૂપ એકાદેશ સન્ધિ શીખવવામાં આવી છે. પદના અંતે* एङ् (ए, ओ) *આવેલો હોય. અને એની પાછળ હ્રસ્વ* अ *કાર (થી શરૂ થતો શબ્દ) આવેલો હોય તો, પૂર્વવર્ણ અને પરવર્ણ એમ કુલ બે વર્ણોના સ્થાનમાં પૂર્વવર્ણના જેવો જ એક બીજો નવો એનો એ જ વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. તેને પૂર્વરૂપ નામનો એકાદેશ કહેવામાં આવે છે.*

हरेऽव **–** हरे + अव *એ સ્થિતિમાં* हरे *એ પદના અંતે* ए *કાર આવેલો છે અને તેની પાછળ હ્રસ્વ* अ *કાર આવેલો છે તો પૂર્વવર્ણ અને પરવર્ણ એમ બન્નેના સ્થાનમાં પૂર્વરૂપ એકાદેશ કરવો એવુ પ્રસ્તુત સૂત્ર દ્વારા કહેવામા આવે છે ત્યારે સ્થિતિ બનશે* ह ्+ ए + व *આમ* र् *વ્યંજનવર્ણને સ્વર સાથે જોડી દઈશું તો* हरेव/हरेऽव

*એવું રૂપ બની જશે. હવે જે* हरेव *રૂપ તૈયાર થયું, તેમાં જો આપણે એવું સૂચવવા માંગીએ કે પૂર્વના* ए *કારમાં પાછળનો હ્રસ્વ* अ *કાર ભળી ગયો છે. તો* रे *ની પાછળ અવગ્રહ (ऽ) નું નિશાન મૂકાય છે.*

विष्णोऽव – विष्णो + अव *એ સ્થિતિમાં* विष्णो *એ પદના અંતે* ओ *કાર આવેલો છે અને તેની પાછળ હ્રસ્વ* अ *કાર આવેલો છે તો પૂર્વવર્ણ અને પરવર્ણ એમ બન્નેના સ્થાનમાં પૂર્વરૂપ એકાદેશ કરવો એવુ પ્રસ્તુત સૂત્ર દ્વારા કહેવામા આવે છે ત્યારે સ્થિતિ બનશે* विष्ण् + ओ + व *આમ વ્યંજનસમૂહને સ્વર સાથે જોડી દઈશું તો એવું રૂપ બની જશે.*

### सूत्र ८७ सर्वत्र विभाषा गोः ( ६.१.१२२ )

**लोके वेदे चैङन्तस्य गोरति वा प्रकृतिभावः स्यात्पदान्ते। गो अग्रम्। गोऽग्रम्। एङन्तस्य किम्। चित्रग्वग्रम्। पदान्ते किम्। गोः।**

*આ સૂત્રમાં એક નવા પ્રકારની સન્ધિ શીખવવામાં આવી છે, જેનું નામ પ્રકૃતિભાવ છે. આ શબ્દનો અર્થ થાય છેઃ મૂળની સ્થિતિ ચાલુ રહેવી, અર્થાત્ સન્ધિનો અભાવ. આ સૂત્રમાં આવેલ સર્વત્ર અર્થાત્ લૌકિક સંસ્કૃતમાં અને વૈદિક સંસ્કૃત ભાષામાં* एङन्त *એવા, અર્થાત્* ओ *કારાન્ત હોય એવા,* गो *શબ્દની પાછળ, જો હ્રસ્વ* अ *કાર આવેલો હોય તો તે પદાન્તે આવેલા* गो *શબ્દને વિકલ્પે પ્રકૃતિભાવ થાય છે. (જ્યાં પ્રકૃતિભાવ નહીં થાય, તે પક્ષમાં પૂર્વોક્ત પૂર્વરૂપ એકાદેશ પણ થઈ શકશે.)*

गो अग्रम्/ गोऽग्रम् — गो + अग्रम् *એવી સ્થિતિમાં* सर्वत्र विभाषा गोः *સૂત્રથી,* ओ *અને* अ *સ્વર પાસે પાસે આવીને ઊભા રહ્યા હોવા છતાંય, કોઈ વિકાર રૂપ સન્ધિકાર્ય થશે નહીં. એટલે કે પ્રકૃતિભાવ નામની સન્ધિ થાય અને* गो अग्रम् *એવું જ રૂપ બની રહે છે.*

*પરંતુ* गो अग्रम् *એવી સ્થિતિમાં પ્રકૃતિભાવ રૂપ કાર્ય વૈકલ્પિક કરવાનું હોવાથી, કોઈવાર જો આપણે પ્રકૃતિભાવ રૂપ કાર્ય કરવાનું પસંદ ન કરીએ તો, પૂર્વોક્ત પૂર્વરૂપ એકાદેશ નામનો વિધિ પણ થઈ શકે. આમ, જ્યારે પૂર્વરૂપ એકાદેશ કરીશું તો* ग् + ओ + ग्रम् *એવી સ્થિતિ બનશે અને વ્યંજનસમૂહને સ્વર સાથે જોડી દઈશું તો* गोऽग्रम् *એવું રૂપ બની જશે.*

### सूत्र ८८ अवङ्स्फोटायनस्य ( ६.१.१२३ )

**अतीति निवृत्तम्। अचि परे पदान्ते गोरवङ्वा स्यात्। गवाग्रम्। पदान्ते किम्। गवि। व्यवस्थितविभाषया गवाक्षः।**

*સ્ફોટાયન નામના આચાર્યના મતે પદના અંતે આવેલા અને* एङन्त=ओ *કારાન્ત હોય એવા* गो *શબ્દના સ્થાનમાં* अवङ् *એવો આદેશ વિકલ્પે થાય છે, જો* अच् *પરમાં હોય તો.*

गवाग्रम् – गो + अग्रम् *એવી સ્થિતિમાં પદના અંતે આવેલા ઓકારાન્ત ગો શબ્દની પરમાં અચ્ હોવાથી ગો શબ્દને* अवङ् स्फोटायनस्य *સૂત્રથી સ્ફોટાયન આચાર્યના મતમાં વિકલ્પથી* अवङ् *આદેશ થાય છે. અને સ્થિતિ બને છે* ग् + अवङ् + अग्रम् *આ સ્થિતિમાં* हलन्त्यम् *સૂત્રથી અંતિમ* हल् – ङ् *ની ઇત્ સંજ્ઞા અને* तस्य लोपः *સૂત્રથી* ङ्

*નો લોપ થાય છે. હવે, સ્થિતિ બને છે* ग् + अव + अग्रम् *હવે,* अकः सवर्णे दीर्घः *સૂત્રથી* अ *ની પાછળ સવર્ણ* अच् *બીજો* अ *કાર જ આવેલો છે, તેથી દીર્ઘ* आ *કાર રૂપ એકાદેશ થશે. તો* गवाग्रम् *એવું રૂપ બનશે.*

*આમ કુલ મળીને* गो + अग्रम् *એ સ્થિતિમાં ત્રણ રૂપો બને છે તે નીચે મુજબ છે –*

| ક્રમ | સૂત્ર | સૂત્ર દ્વારા થતું કાર્ય | ઉદાહરણ |
|---|---|---|---|
| 1. | सर्वत्र विभाषा गोः | *પ્રકૃતિભાવ* | गो अग्रम् |
| 2. | एङि पररूपम् | *પરરૂપ* | गोग्रम्/गोऽग्रम् |
| 3. | अवङ् स्फोटायनस्य | अवङ् *આદેશ* | गवाग्रम् |

**सूत्र ८९ इन्द्रे च ( ६.१.१२४ )**

**गोरवङ्स्यादिन्द्रे। गवेन्द्रः।**

*ઈન્દ્ર એવો શબ્દ પરમાં રહ્યો હોય ત્યારે પણ* गो *શબ્દના (અંતિમ* ओ *કારના) સ્થાનમાં* अवङ् *આદેશ થાય છે.*

गवेन्द्रः – गो + इन्द्रः *એવી સ્થિતિમાં* गो *શબ્દની પાછળ,* इन्द्रः *એવો શબ્દ આવેલો છે તો* गो *શબ્દના અંતિમ* ओ *કારના સ્થાનમાં* अवङ् *આદેશ થાય છે તો સ્થિતિ બને છે* ग् + अव + इन्द्रः *આ સ્થિતિમાં* हलन्त्यम् *સૂત્રથી અંતિમ* हल् – ङ् *ની ઈત્ સંજ્ઞા અને* तस्य लोपः *સૂત્રથી* ङ् *નો લોપ થાય છે. હવે, સ્થિતિ બને છે* ग् + अव + इन्द्रः *હવે,* आद्गुणः *સૂત્રની પ્રવૃત્તિ થતાં* अ + इ *ના સ્થાનમાં* ए *કાર રૂપ ગુણ એકાદેશ થશે. તો* गवेन्द्रः *એવું રૂપ બની જશે.*

## 7.4 તમારી પ્રગતિ ચકાસો

1. सर्वत्र विभाषा गोः *સૂત્ર સમજાવો.*

2. अकः सवर्णे दीर्घः *સૂત્ર સમજાવો.*

3. शकन्ध्वादिषु पररूपं वाच्यम् *વાર્તિક સમજાવો..*

4. *પરરૂપ સંધિનાં કોઈ બે ઉદાહરણ લખી રૂપસિદ્ધિ કરો.*

5. एङः पदान्तादति (६.१.८९)*સૂત્ર સમજાવો.*

1. एङि पररूपम् (६.१.९४) *સૂત્ર સમજાવો.*

2. अचोऽन्त्यादि च (१.१.६४) *સૂત્ર સમજાવો.*

3. उपोषति *ની રૂપસિદ્ધિ કરો.*

4. शिवेहि *ની રૂપસિદ્ધિ કરો.*

5. झलां जशोऽन्ते (८.२.३९) *સૂત્ર સમજાવો.*

**લઘુ ઉત્તર લખો.**

1. *પદના અંતે આવતા* झल् *ના સ્થાનમાં* जश् *કયા સૂત્રથી થાય છે?*
2. एङि पररूपम् *સૂત્ર દ્વારા કઈ સંધિ થાય છે?*
3. टि *સંજ્ઞા કરનારું સૂત્ર કયું છે?*
4. शकन्धुः *માં કયા વાર્તિકની પ્રવૃત્તિ થાય છે?*
5. ओमाङोश्च *સૂત્ર દ્વારા કઈ સંધિ થાય છે?*
6. शिवायोम् *નો સંધિવિચ્છેદ લખો.*
7. हरेऽव *નો સંધિવિચ્છેદ લખો.*
8. प्रेजते *નો સંધિવિચ્છેદ લખો.*
9. उपोषति *નો સંધિવિચ્છેદ લખો.*
10. दण्डिन् *શબ્દમાં* टि *સંજ્ઞા કોની થાય છે?*
11. गवेन्द्रः *માં* अवङ् *આદેશ કયા સૂત્રથી થાય છે?*
12. पतञ्जलिः *માં કયા વાર્તિક દ્વારા સંધિ થાય છે?*
13. श्रीशः *માં કયા સૂત્ર દ્વારા સંધિ થાય છે?*

14. दैत्यारिः *માં કયા સૂત્ર દ્વારા સંધિ થાય છે?*

15. गोऽग्रम् *માં કયા સૂત્ર દ્વારા સંધિ થાય છે?*

## 7.5 સંદર્ભ સાહિત્ય

| ક્રમ | ગ્રંથનામ | લેખક | વ્યાખ્યાકાર | પ્રકાશક |
|---|---|---|---|---|
| 1. | वैयाकरणसिद्धान्तकौमुदी | भट्टोजिदीक्षित | श्रीगोपालदत्तपाण्डेय | चौखम्बा विद्याभवन, वाराणसी |
| 2. | वैयाकरणसिद्धान्तकौमुदी | भट्टोजिदीक्षित | श्री गोविन्दाचार्यः | चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी |
| 3. | लघुसिद्धान्तकौमुदी | वरदराजाचार्य | डॉ. वसन्तकुमार भट्ट | सरस्वती पुस्तक भंडार, अमदाबाद |
| 4. | वैयाकरणसिद्धान्तकौमुदी | भट्टोजिदीक्षित | डॉ. अर्कनाथ चौधरी | जगदीश संस्कृत पुस्तकालय, जयपुर |

**લેખક : શ્રી રવિ રાદડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ગવર્મેંટ કોલેજ, દીવ.**

## એકમ : 8 હલ્ સંધિ

### રૂપરેખા

**8.1** ઉદ્દેશ્ય

**8.2** પ્રસ્તાવના

**8.3** સંધિ પ્રકરણ – વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સૂત્રા

**8.4** તમારી પ્રગતિ ચકાસો

**8.5** સંદર્ભ સાહિત્ય

### 8.1 ઉદ્દેશ્ય

*વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સંજ્ઞાપ્રકરણ અંતર્ગત વ્યાકરણશાસ્ત્રમાં પ્રચલિત કેટલીક પારિભાષિક સંજ્ઞાઓનું જ્ઞાન મેળવ્યા બાદ તે વૃદ્ધિ, ગુણ વગેરે સંજ્ઞાઓની મદદથી સંધિનાં સૂત્રોને સમજીશુ. જેનાં દ્વારા કોઈ પણ શાસ્ત્ર, જેમ કે સાહિત્ય, પુરાણ, દર્શન, વેદ વગેરેમાં આવતા શ્લોકો, મન્ત્રો કે વાક્યોમાં જ્યાં જ્યાં હલ્ સંધિ હોય તે સંધિથી અને તેના સંધિ વિચ્છેદથી પરિચિત થયા બાદ તે શ્લોક, મન્ત્ર કે વાક્યનાં અર્થને જાણી તેનો મર્મ સમજી શકીશુ.*

### 8.2 પ્રસ્તાવના

*ભટ્ટોજિ દીક્ષિત નામક વ્યાકરણનાં મહાન્ વિદ્વાન્ થયાં. તેમણે વૈયાકરણસિદ્ધાંતકૌમુદી નામક એક વ્યાકરણ ગ્રંથની રચના કરી. પાણિનીય વ્યાકરણની પરંપરામાં આ ગ્રંથને પ્રમુખ માનવામાં આવે છે. વ્યાકરણ શાસ્ત્રમાં પ્રવેશ કરવા ઈચ્છતા છાત્રો આરંભમાં પ્રાયઃ આ ગ્રંથનો જ અભ્યાસ કરતા હોય છે. આ ગ્રંથમાં ચૌદ પ્રકરણ છે. જેનાં દ્વિતીય પ્રકરણમાં આચાર્ય ભટ્ટોજિદીક્ષિતે વિવિધ પ્રકારનાં સંધિ સૂત્રોનો સમાવેશ કર્યો છે. તે સંધિ સૂત્રોમાં હલ્ સંધિનાં સૂત્રો આવે છે, તે સૂત્રોનો આ એકમમાં અભ્યાસ કરવાનો છે.*

### 8.3 સંધિ પ્રકરણ – વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સૂત્રો

**सूत्र १११ स्तोः श्चुना श्चुः ( ८.४.४० )**

**सकारतवर्गयोः शकारचवर्गाभ्यां योगे शकारचवर्गौ स्तः। हरिश्शेते। रामश्चिनोति। सच्चित्। शार्ङ्गिञ्जय।**

*સકાર અને તવર્ગ (ત્, થ્, દ્, ધ્, ન્ ના સ્થાનમાં, અનુક્રમે શકાર અને ચવર્ગ (ચ્, છ્, જ્, ઝ્, ઞ) આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે, જો તેમને (સકાર અને કવર્ગના વર્ણોને) આગળ કે પાછળ શકાર કે ચવર્ગના વર્ણોનો યોગ (સાન્નિધ્ય) હોય તો. (આ સૂત્ર દ્વારા કરવામાં આવતી વિધિને શાસ્ત્રીય ભાષામાં શ્ચુત્વ-વિધિ કહેવામાં આવે છે.)*

**हरिश्शेते** – हरिस् + शेते *આ સ્થિતિમાં (*हरि *ની પાછળ પ્રથમા વિભક્તિનો* सु – स् *પ્રત્યય લગાડ્યો છે, તે)* स् *કારને તેની પાછળ આવેલા* श् *કારનો યોગ છે, તેથી* स्तोः श्चुना श्चुः *સૂત્રથી* स् *કારના સ્થાનમાં* श् *કારને આદેશ રૂપે પ્રવૃત્ત કરીશું. તો* हरिश्शेते *એવું રૂપ બની જાય છે.*

**रामश्चिनोति** – रामस् + चिनोति *આ સ્થિતિમાં (*राम *ની પાછળ પ્રથમા વિભક્તિનો* सु – स् *પ્રત્યય થયો છે, તે)* स् *કારને તેની પાછળ આવેલા* चिनोति *ના* च् *કારનો યોગ છે, તેથી* स्तोः श्चुना श्चुः *સૂત્રથી દન્ત્ય* स् *કારના સ્થાનમાં તાલવ્ય* श् *કારને આદેશ રૂપે પ્રવૃત્ત કરીશું. તો* रामश्चिनोति *એવું રૂપ બની જાય છે.*

**सच्चित्** – सत् + चित् *આ સ્થિતિમાં* च *કારનો પાછળ યોગ હોવાથી, પૂર્વમાં આવેલા દન્ત્ય* त् *કારના સ્થાનમાં તાલવ્ય* च् *કાર આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે અને* सच्चित् *એવું રૂપ સિદ્ધ થાય છે.*

**शार्ङ्गिञ्जय** – शार्ङ्गिन् + जय *એવી સ્થિતિમાં* ज *કારનો પાછળ યોગ હોવાથી, પૂર્વમાં આવેલા* न् *કારનાં સ્થાનમાં* ञ् *કાર આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે અને* शार्ङ्गिञ्जय *એવું રૂપ બને છે.*

### सूत्र ११२ शात् ( ८.४.४४ )

**शात्परस्य तवर्गस्य चुत्वं न स्यात्। विश्नः। प्रश्नः।**

श् *કારની પાછળ આવેલા* त् *વર્ગના વર્ણોને* चुत्व *કાર્ય થતું નથી. (અર્થાત્* त *વર્ગના વર્ણોને, જો પૂર્વમાં* श् *કારનો યોગ હોય તો, તે* त् *વર્ગના વર્ણોના સ્થાનમાં* च *વર્ગના વર્ણો આદેશ રૂપે પ્રવૃત્ત થતા નથી.)*

विश्नः – विश् + नः *આવી સ્થિતિમાં* स्तोः श्चुना श्चुः *સૂત્ર અનુસાર* श् *કાર અને* न *કારનો યોગ છે, તેથી* न *કારના સ્થાનમાં* ञ् *કાર પ્રાપ્ત હતો, પરંતુ પ્રસ્તુત સૂત્ર દ્વારા તેનો નિષેધ કરી દેવામાં આવ્યો અને* श् *ની પાછળ આવેલા* त *વર્ગના પંચમ વર્ણ* न *ને* च *વર્ગનો પંચમ વર્ણ* ञ् *આદેશ રૂપે થતો નથી તેથી* विश्नः *એવું જ રૂપ બને છે. આવી જ રીતે* प्रश् + नः *અવસ્થામાં પ્રસ્તુત સૂત્રથી નિષેધ પ્રાપ્ત થાય અને* प्रश्नः *એવું રૂપ બને.*

### सूत्र ११३ ष्टुना ष्टुः ( ८.४.४१ )

**स्तोः ष्टुना योगे ष्टुः स्यात्। रामष्षष्ठः। रामष्टीकते। पेष्टा। तट्टीका। चक्रिण्ढौकसे।**

*જો* ष् *કાર અને* टु (ट, ठ, ड, ढ, ण *વર્ણો) નો યોગ હોય તો,* स् *કાર અને* त (त, थ, द, ध, न *વર્ણો) ના સ્થાનમાં અનુક્રમે* ष् *કાર અને* टु (ट, ठ, ड, ढ, ण *વર્ણો) આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે.*

**रामष्षष्ठः –** रामस् + षष्ठः *આ સ્થિતિમાં પ્રસ્તુતુ સૂત્ર અનુસાર દન્ત્ય* स् *કારને, તેની પાછળ આવેલા મૂર્ધન્ય* ष् *કારનો યોગ છે, તેથી તે દન્ત્ય* स् *ના સ્થાનમાં મૂર્ધન્ય* ष् *કાર આદેશ રૂપે થશે અને* रामष्षष्ठः *એવું રૂપ બની જશે.*

**रामष्टीकते –** रामस् + टीकते *આ સ્થિતિમાં પ્રસ્તુતુ સૂત્ર અનુસાર દન્ત્ય* स् *કારને, તેની પાછળ આવેલા* ट् *કારનો યોગ છે, તેથી તે દન્ત્ય* स् *ના સ્થાનમાં મૂર્ધન્ય* ष् *કાર આદેશ રૂપે થશે અને* रामष्टीकते *એવું રૂપ બની જશે.*

*આવી જ રીતે* पेष् + ता = पेष्टा, तत् + टीका = तट्टीक त्वह्न चक्रिन् + ढौकसे = चक्रिण्ढौकसे *ના રૂપો ની સિદ્ધિ કરવી.*

**सूत्र ११४ न पदान्ताट्टोरनाम् ( ८.४.४२ )**

**'अनाम्' इति लुप्तषष्ठीकं पदम्। पदान्ताट्टवर्गात्परस्यानामः स्तोः ष्टुर्न स्यात्। षट् सन्तः। षट् ते। पदान्तात् किम्। ईट्टे। टोः किम्। सर्पिष्टमम्। अनाम्नवतिनगरीणामिति वाच्यम् ( वार्त्तिकम् )। षण्णाम्। षण्णवतिः। षण्णगर्यः।**

*પદના અંતે આવેલા* ट *વર્ગના વર્ણો પાછળ જો* स् *કાર અને* त *વર્ગના વર્ણો આવેલા હોય તો, તેમના (*स् *અને* तु *ના) સ્થાનમાં અનુક્રમે* ष् *કાર અને* ट *વર્ગના વર્ણો આદેશ રૂપે થતા નથી, પણ પદાન્તે આવેલા* ट *વર્ગના વર્ણોની પાછળ જો* नाम् *એવો શબ્દ (પ્રત્યય) આવેલો હોય તો તે* त *વર્ગના* न् *કારને સ્થાને* ट *વર્ગનો પંચમ વર્ણ* ण् *આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે.*

षट् सन्तः – षट् + सन्तः *આ સ્થિતિમાં* ष्टुना ष्टुः *સૂત્રથી* ट *ના યોગમાં આવેલા* स् *કારને* ष् *આદેશ થવા આવે છે, પણ એનો નિષેધ કરવા પ્રસ્તુત સૂત્ર આવીને ઊભું રહે છે. પ્રસ્તુત સૂત્ર અહીં એમ કહે છે કે પૂર્વમાં જે* ट् *નો યોગ છે, તે* ट् *કાર* षट् *એવા પદના અંતે આવેલો છે, તેથી તેની પરમાં આવેલા* स् *કારને મૂર્ધન્યીકરણ થશે નહીં, એટલે કે* स् *નો* ष् *થશે નહીં* (षट्सन्तः। *એમ જ ચાલુ રહેશે.) આવી જ રીતે* षट् ते *માં પણ સમજવું.*

अनाम्नवतिनगरीणामिति वाच्यम् *– પદાન્તે આવેલા* ट *વર્ગના વર્ણોની પાછળ* नाम्, नवति *કે* नगरी *એ ત્રણ શબ્દોમાંથી કોઈ પણ શબ્દ આવેલો હોય તો* ष्टुत्व *નો નિષેધ લાગતો નથી, અર્થાત્ આ ત્રણ શબ્દોના આદિ વર્ણ* न् *કારને સ્થાને મૂર્ધન્ય* ण् *કાર આદેશ રૂપે થાય જ છે.*

षड् + नाम् *અહીં* ट *વર્ગના* ड् *કારની પાછળ* नाम् *શબ્દ આવેલો છે, તેથી* त *વર્ગના* न् *કારના સ્થાનમાં મૂર્ધન્ય* ट *વર્ગનો* ण् *કાર આદેશ રૂપે થઈ શકશે. એટલે* षड् + णाम् *એવું બને પછી* प्रत्यये भाषायां नित्यम् *એવા વાર્તિકથી* ड् *ને* ण् *માં ફેરવવામાં આવે છે. તેથી* प्रत्यये भाषायां नित्यम् *એવું રૂપ બને છે.*

*આવી જ રીતે* अनाम्नवतिनगरीणामिति वाच्यम् *આ વાર્ત્તિકથી* षड् + नवतिः = षण्णवतिः *અને* षड् + नगर्यः = षण्णगर्यः *ની રૂપસિદ્ધિ પણ સમજવી.*

**सूत्र ११६ यरोऽनुनासिकेऽनुनासिको वा ( ८.४.४५ )**

**यरः पदान्तस्याऽनुनासिके परेऽनुनासिको वा स्यात्। एतन्मुरारिः। एतद्मुरारिः। स्थानप्रयत्नाभ्यामन्तरतमे स्पर्शे चरितार्थो विधिरयं रेफे न प्रवर्तते। चतुर्मुखः। प्रत्यये भाषायां नित्यम्। तन्मात्रम्। चिन्मयम्। कथं तर्हि मदोदग्रा ककुद्मन्त इति। यवादिगणे दकारनिपातनात्।**

*પદના અંતે આવેલા* यर् *પ્રત્યાહારના વર્ણોના સ્થાનમાં, વિકલ્પે અનુનાસિક વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે, જો તે* यर् *વર્ણની પાછળ અનુનાસિક વર્ણ આવેલો હોય તો.*

एतन्मुरारिः-एतद्मुरारिः – एतद् + मुरारिः *નો* म् *કાર* प *વર્ગના પંચમ વર્ણ તરીકે અનુનાસિક છે, તેથી પદાન્તે આવેલ* यर् =द् *કારના સ્થાનમાં* न् *કાર અનુનાસિક આદેશ થશે, તો* एतन् + मुरारिः = एतन्मुरारिः *થશે. જ્યારે આવો અનુનાસિક આદેશ વિકલ્પ પક્ષમાં નહી થાય ત્યારે* एतद् + मुरारिः = एतद्मुरारिः *એવું રૂપ બનશે.*

प्रत्यये भाषायां नित्यम्– *લૌકિક સંસ્કૃત ભાષામાં અનુનાસિક વર્ણથી શરૂ થતો પ્રત્યય પરમાં રહેલો હોય ત્યારે તે* यर् *ના સ્થાનમાં અનુનાસિક આદેશ વિકલ્પે નહીં, પણ નિત્ય થાય છે. હવે,* तत् + मात्रम् – मात्रच् *પ્રત્યય છે, અને તે અનુનાસિક* म *વર્ણથી શરૂ થાય છે, તેથી* त् *કારના સ્થાનમાં* न् *કાર અનુનાસિક નિત્ય થશે અને* तन्मात्रम् *એવું રૂપ બનશે. તેવી જ રીતે* चित् + मयम् = चिन्मयम् *પણ બનશે.*

**सूत्र ११७ तोर्लि ( ८.४.६० )**

**तवर्गस्य लकारे परे परसवर्णः स्यात्। तल्लयः। विद्वाँल्लिखति। नकारस्यानुनासिको लकारः।**

ल् *કાર પરમાં આવેલો હોય ત્યારે,* त *વર્ગના વર્ણોના સ્થાનમાં પરસવર્ણ નામનો એકાદેશ થાય છે.*

तल्लयः – तत् + लयः *એવી સ્થિતિમાં* ल् *કાર પરમાં છે, તેથી* तत् *નો* त् *કાર પરમાં આવેલા* ल् *કાર જેવો (પરસવર્ણ) થઈ જશે. તો સ્થિતિ બનશે* तल् + लयः *હવે, વ્યંજનને પરવર્તી વર્ણ સાથે ભેળવી દઈએ તો* तल्लयः *એવું રૂપ બનશે.*

विद्वाल् लिखति – विद्वान् + लिखति *એવી સ્થિતિમાં* ल् *કાર પરમાં છે, તેથી* त *વર્ગના અનુનાસિક* न *કારના સ્થાનમાં અનુનાસિક હોય એવો જ લ કાર આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે અને સ્થિતિ બને છે* विद्वाल् + लिखति *હવે, વ્યંજનને પરવર્તી વર્ણ સાથે ભેળવી દઈએ તો* विद्वाल्लिखति *એવું રૂપ બની જશે.* त *વર્ગના પંચમ વર્ણ* न् *ના*

*સ્થાનમાં પરસવર્ણ આદેશ રૂપે જ* ल् *કાર પ્રવૃત્ત કરવાનો છે તે* ल् *કાર પણ આપણે અનુનાસિક ભેદવાળો* लँ् *જ પસંદ કરવાનો રહેશે.*

**सूत्र ११९ झयो होऽन्यतरस्याम् ( ८.४.६३ )**

**झयः परस्य हस्य पूर्वसवर्णो वा स्यात्। ( घोषवतो नादवतो महाप्राणस्य संवृतकण्ठस्य हस्य तादृशो वर्गचतुर्थ एवादेशः। वाग्घरिः। वाग्हरिः। )**

झय् *પ્રત્યાહારના વર્ણની પરમાં આવેલા* ह *કારના સ્થાનમાં પૂર્વસવર્ણ નામનો આદેશ વિકલ્પે થાય છે.*

वाग्घरि**:**-वाग्हरि**:** - वाक् + हरि**:** *એવી સ્થિતિમાં સૌથી પહેલાં* झलां जशोऽन्ते *સૂત્રથી પદના અંતે આવેલા* क् *ના સ્થાનમાં* जश्त्व *થશે, અર્થાત્ તૃતીયવર્ણ આદેશરૂપે થશે, તો* वाग् + हरिः *એવું બનશે. પછી* वाग् + हरि**:** *માં નાદ, ઘોષ, સંવાર અને મહાપ્રાણ પ્રયત્નવાળા* ह् *કારના જેવો જ* क *વર્ગનો ચોથો* घ *વર્ણ છે, તે* हरि *નાં* ह् *કારના સ્થાનમાં પ્રવૃત્ત કરીશું તો સ્થિતિ બનશે* वाग् + घरि**:** *હવે, વ્યંજનને પરવર્તી વર્ણ સાથે જોડી દઈએ તો* वाग्घरि**:** *એવું રૂપ બની જશે. અથવા આ સૂત્ર વૈકલ્પિક હોઈને, કોઈકવાર પ્રવૃત્ત નહીં કરીએ તો* वाग् + हरि**:**

*એવી સ્થિતિ બાદ જોડી દેતા* वाग्हरि**:** *એવું બની જશે.*

सूत्र १२० शश्छोटि (८.४.६३)

पदान्तात् झय**:** परस्य शस्य छो वा स्यादटि। दस्य श्चुत्वेन जकारे कृते।

झय् *પ્રત્યાહારના કોઈ વર્ણની પાછળ આવેલા* श् *કારના સ્થાનમાં, વિકલ્પે* छ् *કાર આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે, જો* अट् *પ્રત્યાહારનો કોઈ વર્ણ પરમાં હોય તો.*

तद् + शिव**:** *આવી સ્થિતિમાં સૌ પ્રથમ* स्तो**:** श्चुना श्चु**:** *સૂત્રથી પરમાં* श् *કારનો યોગ છે તેથી, તેની પૂરવમાં આવેલા* त *વર્ગના તૃતીય વર્ણ* द् *કારના સ્થાનમાં* च *વર્ગનો તૃતીય વર્ણ* ज् *કાર આદેશ રૂપે પ્રવૃત્ત થાય અને સ્થિતિ બને* तज् + शिव**:** *ત્યારબાદની પ્રક્રિયા આગળના સૂત્ર દ્વારા થાય છે -*

**सूत्र १२१ खरि च ( ८.४.५५ )**

**खरि परे झलां चरः स्युः। इति जकारस्य चकारः। तच्छिवः। तच्शिवः। छत्वममीति वाच्यम् ( वार्त्तिकम् )। तच्श्लोकेन। अमि किम्। वाक् श्च्योतति।**

ख *પ્રત્યાહારમાં આવેલો હોય, એવો કોઈ વર્ણ પરમાં આવેલો હોય તો,* झल् *પ્રત્યાહારના વર્ણોના સ્થાનમાં* चर् *પ્રત્યાહારનો વર્ણ આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે.*

तज् + शिव**:** *એવી સ્થિતિ બાદ* खरि च *સૂત્રની પ્રવૃત્તિ થાય અને* ज् *કારના સ્થાનમાં* च *કારનો આદેશ થાય છે તો સ્થિતિ બને* तच् + शिव**:** = तच्शिव**:** *રૂપ બની જાય.*

*આ સ્થિતિ સિવાય* तज् + शिवः *એવી અવસ્થામાં* शश्छोऽटि *એવાં સૂત્રથી* श् *કારના સ્થાનમાં વિકલ્પથી* छ् *કાર આદેશ થાય છે, અને રૂપ બને છે* तच् + छिवः = तच्छिवः।

**सूत्र १२२ मोऽनुस्वारः ( ८.३.२३ )**

**मान्तस्य पदस्यानुस्वारः स्याद्धलि। अलोऽन्त्यस्य ( सू. ४२ )। हरिं वन्दे। पदस्येति किम्। गम्यते।**

म् *કારાન્ત પદના સ્થાનમાં અર્થાત્ પદના અંતે આવેલા* म् *કારના સ્થાનમાં અનુસ્વાર (ं) આદેશ થાય છે, જો* हल् *પરમાં હોય તો.*

हरिं वन्दे – हरिम् + *એવી સ્થિતિમાં* हरिम् *એ બીજી વિભક્તિ એકવચનનું પદ છે. આથી* हरिम् *ને* म् *કારાન્ત પદ કહેવાશે. તેની પાછળ* वन्दे *નો* व् *કાર* हल् *છે. તેથી* म् *ના સ્થાનમાં અનુસ્વાર (ं) થશે. તો રૂપ બને છે* हरिं वन्दे ।

**सूत्र १२३ नश्चापदान्तस्य झलि ( ८.३.२४ )**

**नस्य मस्य चापदान्तस्य झल्यनुस्वारः। यशांसि। आक्रंस्यते। झलि किम्। मन्यते।**

*પદના અંતે નહી આવેલા* न् *કાર અને* म् *કારો અનુસ્વાર થઈ જાય છે, જો* झल् *પરમાં હોય તો.*

यशांसि – यशान् + शि *આવી સ્થિતિમાં અપદાન્ત* न् *ને* झल् स् *પરમાં રહેતા* नश्चापदान्तस्य झलि *સૂત્રથી અનુસ્વાર થઈ જશે એને રૂપ બનશે* यशां + सि = यशांसि। *એવી જ રીતે* आक्रम् + स्यते = आक्रंस्यते *ની સિદ્ધિ પણ સમજવી.*

**सूत्र १२४ अनुस्वारस्य ययि परसवर्णः ( ८.४.५८ )**

**स्पष्टम्। अङ्कितः। अञ्चितः। कुण्ठितः। शान्तः। गुम्फितः। कुर्वन्तीत्यत्र णत्वे प्राप्ते तस्यासिद्धत्वादनुस्वारे परसवर्णे च कृते तस्यासिद्धत्वान्न णत्वम्।**

यय् *પ્રત્યાહારનો કોઈક વર્ણ પરમાં હોય તો, અનુસ્વારના સ્થાનમાં પરસવર્ણ આદેશ થાય છે.*

अङ्कितः - अं + कितः *આવી સ્થિતિમાં* अं *ના અનુસ્વારના પછી* यय् *પ્રત્યાહારમાં આવતો* क *વર્ણ છે તેથી અનુસ્વારના સ્થાનમાં પરસવર્ણ આદેશ પ્રવૃત્ત થશે. હવે સામાન્યપણે એવો નિયમ છે કે સ્થાનિના જેવા ગુણધર્મો હોય તેવા જ ગુણધર્મોવાળો આદેશ પ્રવૃત્ત કરવો આથી આપણે* अंकितः *શબ્દમાંથી જે અનુસ્વાર ખસેડી કાઢવો છે, તે ઉચ્ચારણ સ્થાનની દૃષ્ટિએ* (नासिका अनुस्वारस्य) *નાસિકા સ્થાનવાળો છે. આથી જે પરમાં આવેલા વર્ણ જેવો પરસવર્ણ આદેશ આપણે લાવવાનો છે તે પણ નાસિક્ય કે અનુનાસિક હોવો જરૂરી છે. તો* क *વર્ગના* (क, ख, ग, घ, ङ) *પાંચ વર્ણોમાંથી* ङ *કાર જ એવો છે કે જે કણ્ઠ્ય હોવા ઉપરાંત નાસિક્ય છે* (ञमङणनानां नासिका च)। *તેથી આપણે* अंकितः *ના અનુસ્વારના સ્થાનમાં* ङ् *કારને આદેશ રૂપે બેસાડીશું. તો* अङ्कितः *એવું રૂપ બની જશે.*

*આવી જ રીતે* कुं + ठितः = कुण्ठितः। शां + तः = शान्तः *વગેરેની રૂપસિદ્ધિ સમજવી.*

**सूत्र १२५ वा पदान्तस्य ( ८.४.५९ )**

**पदान्तस्यानुस्वारस्य ययि परे परसवर्णो वा स्यात्। त्वङ्करोषि। त्वं करोषि। सय्यँन्ता। संयन्ता। सव्वँत्सरः। संवत्सरः। यल्लौँकम्। यंलोकम्। अत्राऽनुस्वारस्य पक्षेऽनुनासिका यवलाः।**

*પદના અંતે અનુસ્વાર આવેલો હોય અને તેની પરમાં* यय् *પ્રત્યાહારનો કોઈ વર્ણ હોય તો અનુસ્વારના સ્થાનમાં વિકલ્પે પરસવર્ણ આદેશ થાય છે.*

त्वङ्करोषि–त्वं करोषि – त्वम् करोषि *એવી સ્થિતિમાં* त्वम् *એ પદ છે અને તેના અંતે* म् *આવેલો છે અને તે* म् *ની પાછળ* यय् *પ્રત્યાહારનો* क *વર્ણ આવેલો છે તો* म् *ના સ્થાનમાં વિકલ્પે પરસવર્ણ કરીશું તો* त्वङ्करोषि *એવું રૂપ બનશે અને જ્યારે વિકલ્પે પરસવર્ણ નહીં કરીયે ત્યારે* मोऽनुस्वारः *સૂત્રથી અનુસ્વાર થઈ જશે અને* त्वं करोषि *એવું રૂપ બનશે.*

**सूत्र १३४ ङमो ह्रस्वादचि ङमुण्नित्यम् ( ८.३.३२ )**

**ह्रस्वात्परो यो ङम् तदन्तं यत्पदं तस्मात्परस्याऽचो नित्यं ङमुडागमः स्यात्। प्रत्यङ्ङात्मा। सुगण्णीशः। सन्नच्युतः।**

*હ્રસ્વ સ્વરની પાછળ આવેલા* ङम् (ङ, ण, न) *પ્રત્યાહારના વર્ણો, તે વર્ણો છે અંતમાં જેની એવું જે પદ, તે પદની પાછળ આવેલા* अच् *પ્રત્યાહારના વર્ણોને હંમેશા* ङमुट् (ङुट्, णुट्, नुट्) *આગમો થાય છે.*

प्रत्यङ्ङात्मा – प्रत्यङ् + आत्मा *અહીં* य् *કારોત્તરવર્તી હ્રસ્વ* अ *કારની પાછળ* ङम् *પ્રત્યાહારનો* ङ् *કાર આવેલો છે, અને તેની પાછળ* आत्मा *નો* आ *કાર તે* अच् *છે. આથી આ સૂત્ર દ્વારા તે* अच् *ને* ङमुट् = ङुट् *આગમ લાગશે. હવે, સ્થિતિ બનશે* प्रत्यङ् + ङुट् + आत्मा *હવે,* ङुट् *માં થી* ट् *અને* उ *ની ઈત્ સંજ્ઞા અને લોપ થઈ જશે તો* प्रत्यङ् + ङ् + आत्मा *એવી સ્થિતિ બનશે અને વ્યંજનોને પરવર્તી વર્ણ સાથે જોડી દઈશું તો* प्रत्यङ्ङात्मा *એવું રૂપ બની જશે.*

*આવી જ રીતે* सुगण् + ईशः = सुगण्णीशः(णुट् *આગમ) અને* सन् + अच्युतः = सन्नच्युतः(नुट् *આગમ) એવા રૂપો પણ બની જશે.*

**सूत्र १४६ छे च ( ६.१.७३ )**

**ह्रस्वस्य छे परे तुगागमः स्यात्संहितायाम्। श्चुत्वस्यासिद्धत्वाज्जशत्वेन दः। ततश्चरत्वस्यासिद्धत्वात्पूर्वं श्चुत्वेन जः। तस्य चर्त्वेन चः। चुत्वस्यासिद्धत्वात् चोः कुः ( सू. ३७८ ) इति कुत्वं न। स्वच्छाया। शिवच्छाया।**

હ્રસ્વ સ્વરનેતુક્ = त् આગમ થાય છે, જો छ કાર પરમાં હોય તો. સંહિતાનો વિષય હોય તો.

स्वच्छाया – स्व + छाया એવી અવસ્થામાં छे च સૂત્રથી स्व ના अ કારને तुक् આગમ લાગશે, કેમ કે પરમાં छाया શબ્દનો छ કાર આવેલો છે. હવે, સ્થિતિ બનશે स्व + तुक् + छाया હવે, तुक् માં क् અને उ ની ઈત્ સંજ્ઞા અને લોપ થઈ જશે અને સ્થિતિ બનશે स्व + त् + छाया આવી સ્થિતિમાં झलां जशोऽन्ते સૂત્રથી त् ને द् આદેશ થાય છે અને સ્થિતિ બને स्व + द् + छाया હવે, स्तोः श्चुना श्चुः સૂત્રથી द् ને ज् થાય છે અને સ્થિતિ બને स्व + ज् + छाया ત્યારબાદ खरि च સૂત્રથી ज् ના સ્થાનમાં च् આદેશ થાય અને બને स्व + च् + छाया આવી સ્થિતિમાં વ્યંજનને પરવર્તી વર્ણ સાથે જોડી દઈએ તો स्वच्छाया એવું રૂપ બની જશે. આવી જ રીતે शिवच्छाया ની રૂપસિદ્ધિ પણ કરવી.

**सूत्र १४९ पदान्ताद्वा ( ६.१.७६ )**

**दीर्घात्पदान्ताच्छे परे तुग्वा स्यात्। लक्ष्मीच्छाया। लक्ष्मीछाया।**

પદના અંતે આવેલા દીર્ઘસ્વરને પણ तुक् આગમ વિકલ્પે થાય છે, જો छ કાર પરમાં હોય તો.

लक्ष्मीच्छाया-लक्ष्मीछाया – लक्ष्मी + छाया એવી સ્થિતિમાં क्ष्मी માં ई જે દીર્ઘસ્વર છે, તે પદાન્તે આવેલો છે, અને તેની પાછળ छ કાર પણ આવેલો છે. તેથી તે દીર્ઘસ્વર ને વિકલ્પે तुक् આગમ થશે અને પૂર્વવત્ પ્રક્રિયા કરીને लक्ष्मीच्छाया એવું રૂપ બનશે. જ્યારે વિકલ્પે तुक् આગમ નહીં થાય ત્યારે लक्ष्मीछाया એવું રૂપ બનશે.

## 8.4 તમારી પ્રગતિ ચકાસો

1. स्तोः श्चुना श्चुः સૂત્ર સમજાવો.
2. ष्टुना ष्टुः સૂત્ર સમજાવો.
3. अनाम्नवतिनगरीणामिति वाच्यम् વાર્ત્તિક સમજાવો..
4. एतन्मुरारिः - एतद्मुरारिः રૂપસિદ્ધિ કરો.
5. तोर्लि સૂત્ર સમજાવો.

1. यरोऽनुनासिकेऽनुनासिको वा સૂત્ર સમજાવો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

2. झयो होऽन्यतरस्याम् *સૂત્ર સમજાવો.*

3. तच्छिवः *ની રૂપસિદ્ધિ કરો.*

4. मोऽनुस्वारः *સૂત્ર સમજાવો.*

5. विसर्जनीयस्य सः *સૂત્ર સમજાવો.*

**લઘુ ઉત્તર લખો.**

1. हरिश्शेते *માં કયા સૂત્રથી* श्चुत्व *થાય છે?*
2. रामश्चिनोति *નો સંધિવિચ્છેદ લખો.*
3. विश्नः *માં* श्चुत्व *નિષેધ કયા સૂત્રથી થાય છે?*
4. शकन्धुः *માં કયા વાર્તિકની પ્રવૃત્તિ થાય છે?*
5. रामष्टीकते *માં કયા સૂત્રથી* ष्टुत्व *થાય છે?*
6. तन्मात्रम् *માં કયા વાર્તિકથી અનુનાસિક થાય છે?*
7. विद्वाँल्लिखति *માં કયા સૂત્રથી પરસવર્ણ થાય છે?*
8. वाग्घरिः *માં કયા સૂત્રથી પૂર્વસવર્ણ થાય છે?*
9. श्चुत्व *સંધિ કરનારું સૂત્ર લખો.*
10. ष्टुत्व *સંધિ કરનારું સૂત્ર લખો.*
11. हरिं वन्दे *માં કયા સૂત્રથી અનુસ્વાર થાય છે?*
12. शान्तः *માં કયા સૂત્ર દ્વારા પરસવર્ણ થાય છે?*
13. सुगण्णीशः *માં કયા સૂત્ર દ્વારા* ङमुट् *આગમ થાય છે?*

14. शिवच्छाया *માં કયા સૂત્રથી તુક આગમ થાય છે?*

15. लक्ष्मीच्छाया *માં કયા સૂત્રથી તુક આગમ થાય છે?*

## 8.5 સંદર્ભ સાહિત્ય

| ક્રમ | ગ્રંથનામ | લેખક | વ્યાખ્યાકાર | પ્રકાશક |
|---|---|---|---|---|
| 1. | वैयाकरणसिद्धान्तकौमुदी | भट्टोजिदीक्षित | श्रीगोपालदत्तपाण्डेय | चौखम्बा विद्याभवन, वाराणसी |
| 2. | वैयाकरणसिद्धान्तकौमुदी | भट्टोजिदीक्षित | श्री गोविन्दाचार्यः | चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी |
| 3. | लघुसिद्धान्तकौमुदी | वरदराजाचार्यः | डॉ. वसन्तकुमार भट्ट | सरस्वती पुस्तक भंडार, अमदाबाद |
| 4. | वैयाकरणसिद्धान्तकौमुदी | भट्टोजिदीक्षितः | डॉ. अर्कनाथ चौधरी | जगदीश संस्कृत पुस्तकालय, जयपुर |

**લેખક : શ્રી રવિ રાદડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ગવર્મેંટ કોલેજ, દીવ.**

# એકમ: 9 : વિસર્ગ સંધિ

## રૂપરેખા

**9.0 ઉદ્દેશ્ય**

**9.1 પ્રસ્તાવના**

**9.2 સંધિ પ્રકરણ – વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સૂત્રો**

**9.3 તમારી પ્રગતિ ચકાસો.**

**9.4 સંદર્ભ સાહિત્ય**

## 9.0 ઉદ્દેશ્ય

*વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સંજ્ઞાપ્રકરણ અંતર્ગત વ્યાકરણશાસ્ત્રમાં પ્રચલિત કેટલીક પારિભાષિક સંજ્ઞાઓનું જ્ઞાન મેળવ્યા બાદ તે વૃદ્ધિ, ગુણ વગેરે સંજ્ઞાઓની મદદથી સંધિનાં સૂત્રોને સમજીશુ. જેનાં દ્વારા કોઈ પણ શાસ્ત્ર, જેમ કે સાહિત્ય, પુરાણ, દર્શન, વેદ વગેરેમાં આવતા શ્લોકો, મન્ત્રો કે વાક્યોમાં જ્યાં જ્યાં વિસર્ગ સંધિ હોય તે સંધિથી અને તેના સંધિ વિચ્છેદથી પરિચિત થયા બાદ તે શ્લોક, મન્ત્ર કે વાક્યનાં અર્થને જાણી તેનો મર્મ સમજી શકીશુ.*

## 9.1 પ્રસ્તાવના

*ભટ્ટોજિ દીક્ષિત નામક વ્યાકરણનાં મહાન્ વિદ્વાન્ થયાં. તેમણે વૈયાકરણસિદ્ધાંતકૌમુદી નામક એક વ્યાકરણ ગ્રંથની રચના કરી. પાણિનીય વ્યાકરણની પરંપરામાં આ ગ્રંથને પ્રમુખ માનવામાં આવે છે. વ્યાકરણ શાસ્ત્રમાં પ્રવેશ કરવા ઈચ્છતા છાત્રો આરંભમાં પ્રાયઃ આ ગ્રંથનો જ અભ્યાસ કરતા હોય છે. આ ગ્રંથમાં ચૌદ પ્રકરણ છે. જેનાં દ્વિતીય પ્રકરણમાં આચાર્ય ભટ્ટોજિદીક્ષિતે વિવિધ પ્રકારનાં સંધિ સૂત્રોનો સમાવેશ કર્યો છે. તે સંધિ સૂત્રોમાં વિસર્ગ સંધિનાં સૂત્રો આવે છે, તે સૂત્રોનો આ એકમમાં અભ્યાસ કરવાનો છે.*

## 9.2 સંધિ પ્રકરણ – વૈયાકરણ સિદ્ધાંતકૌમુદીનાં સૂત્રો

**सूत्र १५० शर्परे विसर्जनीयः ( ८.३.३५ )**

**शर्परे खरि विसर्जनीयस्य विसर्गनीयः न त्वन्यत्। कः त्सरुः। घनाघनः क्षोभणः। इह यथायथं सत्वं**

*વિસર્ગની પરમાં* **खर्** *પ્રત્યાહારનો કોઈ વર્ણ આવતો હોય અને તે* **खर्** *પ્રત્યાહારના વર્ણ પછી* **शर्** *પ્રત્યાહારનો કોઈ વર્ણ આવતો હોય તો વિસર્ગના સ્થાનમાં વિસર્ગ જ આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે. અન્ય કોઈ આદેશ નહીં.*

**कः त्सरुः – कः** + **त्सरुः** *આવી સ્થિતિમાં વિસર્ગની પરમાં* **खर्** *પ્રત્યાહારમાં આવતો* **त्** *વર્ણ છે અને તે* **त्** *વર્ણ પછી* **शर्** *પ્રત્યાહારમાં આવતો* **स्** *વર્ણ છે તેથી* **खर्** *પરમાં રહેતાં* **विसर्जनीयस्य सः** *સૂત્રથી પ્રાપ્ત* **स्** *નો બાધ કરીને* **शर्परे विसर्जनीयः** *સૂત્રથી* **कः** *ના વિસર્ગને વિસર્ગ જ આદેશ કરતા* **कः त्सरुः** *એવું રૂપ બને છે.*

**घनाघनः क्षोभणः – घनाघनः** + **क्षोभणः** *આવી સ્થિતિમાં વિસર્ગની પરમાં* **खर्** *પ્રત્યાહારમાં આવતો* **क्** *વર્ણ છે અને તે* **क्** *વર્ણ પછી* **शर्** *પ્રત્યાહારમાં આવતો* **ष्** *વર્ણ છે તેથી* **खर्** *પરમાં રહેતા* **शर्परे विसर्जनीयः** *સૂત્રથી વિસર્ગના સ્થાનમાં વિસર્ગ જ આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે અને રૂપ બને છે* **घनाघनः क्षोभणः** *અહીં* **घनाघनः क्षोभणः** *એ સ્થિતિમાં વિસર્ગની પરમાં* **क्** *કાર છે તેથી* **कुप्वोः क पौ च** *સૂત્રથી વિસર્ગના સ્થાનમાં જિહ્વામૂલીયની પ્રાપ્તિ હતી પરંતુ તેનો આ સૂત્ર દ્વારા બાધ કરવામાં આવે છે.*

### सूत्र १५१ वा शरि ( ८.३.३६ )

**शरि परे विसर्जनीयस्य विसर्गनीय एव वा स्यात्। हरिः शेते। हरिश्शेते। खर्परे शरि वा विसर्गलोपो वक्तव्यः ( वार्त्तिकम् )। राम स्थाता। रामः स्थाता। हरि स्फुरति। हरिः स्फुरति। पक्षे विसर्गे सत्वे च त्रैरूप्यम्। कुप्वोः क≍ पौ≍ च ( सू. १४२ )। क≍ करोति। क≍ खनति। कः खनति। क≍ पचति। कः पचति। क≍ फलति। कः फलति।**

*વિસર્ગની પરમાં* **शर्** *પ્રત્યાહારનો કોઈ વર્ણ આવતો હોય તો વિસર્ગના સ્થાનમાં વિસર્ગનો વિકલ્પે આદેશ થાય છે.*
**हरिः शेते – हरिः + शेते** *આવી સ્થિતિમાં* **हरिः** *ના વિસર્ગની પરમાં* **शर्** *પ્રત્યાહારનો* श् *વર્ણ આવે છે તેથી* **हरिः** *ના વિસર્ગના સ્થાનમાં* **वा शरि** *સૂત્રથી વિકલ્પે વિસર્ગનો આદેશ કરવાથી* **हरिः शेते** *એવું રૂપ બને છે. જ્યારે વિકલ્પે વિસર્ગ આદેશ નહી કરીયે તો* **स्तोः श्चुना श्चुः** *સૂત્ર દ્વારા* **श्चुत्व** *વિધિ કરીને* **हरिश्शेते** *રૂપ બને છે.*

**खर्परे शरि वा विसर्गलोपो वक्तव्यः**– *વિસર્ગની પરમાં* शर् *પ્રત્યાહારમાં આવતા વર્ણોની અવ્યવહિત પરમાં* खर् *પ્રત્યાહારમાં આવતો કોઈક વર્ણ હોય તો વિસર્ગનો વિકલ્પે લોપ થાય છે.*

**राम स्थाता-रामः स्थाता – रामः** + **स्थाता** *એવી સ્થિતિમાં* **खर् थ** *પરક* **शर् स्** *હોવાથી* **रामः** *ના વિસર્ગનો* **खर्परे शरि वा विसर्गलोपो वक्तव्यः** *એ વાર્ત્તિકથી વિકલ્પે લોપ પ્રાપ્ત થાય છે અને રૂપ બને છે* **राम स्थाता।** *જ્યારે વિકલ્પે લોપ નહી કરીયે તો* **वा शरि** *સૂત્રથી વિસર્ગને વિસર્ગ આદેશ પ્રાપ્ત થાય અને રૂપ બને* **रामः स्थाता। हरि**

**स्फुरति-हरिः स्फुरति – हरिः** + **स्फुरति** *એવી સ્થિતિમાં* **खर् फ** *પરક* **शर् स्** *હોવાથી* **हरिः** *ના વિસર્ગનો* **खर्परे शरि वा विसर्गलोपो वक्तव्यः** *એ વાર્તિકથી વિકલ્પે લોપ પ્રાપ્ત થાય છે અને રૂપ બને છે* **हरि स्फुरति।** *જ્યારે વિકલ્પે લોપ નહી કરીયે તો* **वा शरि** *સૂત્રથી વિસર્ગને વિસર્ગ આદેશ પ્રાપ્ત થાય અને રૂપ બને* **हरिः स्फुरति।**

**कुप्वोः क≍ पौ≍ च** – *વિસર્ગની પરમાં* **क** *વર્ગનો વર્ણ આવતો હોય તો વિસર્ગના સ્થાનમા જિહ્વામૂલીય અને વિકલ્પે વિસર્ગ થાય છે અને વિસર્ગની પરમાં* प *વર્ગનો વર્ણ આવતો હોય વિસર્ગના સ્થાનમાં ઉપધ્માનીય અને વિકલ્પે વિસર્ગ આદેશ થાય છે.*

**क≍ करोति-कः करोति – कः** + **करोति** *એવી સ્થિતિમાં* **कः** *ના વિસર્ગની પરમાં* क *વર્ગ નો* क् *વર્ણ આવે છે તેથી તે* कः *ના વિસર્ગના સ્થાને* **कुप्वोः क≍ पौ≍ च** *વાર્તિકથી વિકલ્પે જિહ્વામૂલીય કરવામાં આવે છે અને રૂપ બને છે* **क≍ करोति।** *જ્યારે વિકલ્પે લોપ નહીં કરીયે તો રૂપ બનશે* **कः करोति।**

**क≍ खनति-कः खनति** - **कः** + **खनति** *એવી સ્થિતિમાં* कः *ના વિસર્ગની પરમાં* **क** *વર્ગ નો* **ख्** *વર્ણ આવે છે તેથી તે* कः *ના વિસર્ગના સ્થાને* **कुप्वोः क≍ पौ≍ च** *વાર્તિકથી વિકલ્પે જિહ્વામૂલીય કરવામાં આવે છે અને રૂપ બને છે* **क≍ खनति।** *જ્યારે વિકલ્પે લોપ નહીં કરીયે તો રૂપ બનશે* **कः खनति।**

**क≍ पचति-कः पचति – कः** + **पचति** *એવી સ્થિતિમાં* **कः** *ના વિસર્ગની પરમાં* प *વર્ગ નો* **प्** *વર્ણ આવે છે તેથી તે* **कः** *ના વિસર્ગના સ્થાને* **कुप्वोः क≍ पौ≍ च** *વાર્તિકથી વિકલ્પે ઉપધ્માનીય કરવામાં આવે છે અને રૂપ બને છે* **क≍ पचति।** *જ્યારે વિકલ્પે લોપ નહીં કરીયે તો રૂપ બનશે* **कः पचति।**

**क≍ फलति-कः फलति** - **कः** + **फलति** *એવી સ્થિતિમાં* **कः** *ના વિસર્ગની પરમાં* **प** *વર્ગ નો* **फ्** *વર્ણ આવે છે તેથી તે* **कः** *ના વિસર્ગના સ્થાને* **कुप्वोः क≍ पौ≍ च** *વાર્તિકથી વિકલ્પે ઉપધ્માનીય કરવામાં આવે છે અને રૂપ બને છે* **कः फलति।** *જ્યારે વિકલ્પે લોપ નહીં કરીયે તો રૂપ બનશે* **कः फलति।**

### सूत्र १५२ सोऽपदादौ ( ८.३.३८ )

**विसर्जनीयस्य सः स्यादपदाद्योः कुप्वोः परयोः। पाशकल्पककाम्येष्विति वाच्यम् ( वार्त्तिकम्)। पयस्पाशम्। यशस्कल्पम्। यशस्कल्पम्। यशस्कम्। यशस्काम्यति। अनव्ययस्येति वाच्यम् ( वार्त्तिकम्।। प्रातः कल्पम्। काम्ये रोरेवेति वाच्यम् ( वार्त्तिकम् )। नेह। गीः काम्यति।**

*વિસર્ગની પરમાં અપદાદિ કવર્ગ અને પવર્ગ હોય તો વિસર્ગના સ્થાનમાં* **स्** *આદેશ થાય છે.* **पाशकल्पककाम्येष्विति वाच्यम् – पाश, कल्प, क** *અને* **काम्य** *પ્રત્યય પરમાં હોય તો પણ વિસર્ગના સ્થાનમાં* **स्** *આદેશ થાય છે એમ કહેવું જોઈએ.* **पयस्पाशम्** – **पयः** + **पाशम्** *એવી સ્થિતિમાં વિસર્ગની પરમાં* **प्** *વર્ણ છે તેથી* **कुप्वोः क≍ पौ≍ च** *સૂત્રથી ઉપધ્માનીય પ્રાપ્ત હતું પરંતુ* **सोऽपदादौ** *સૂત્ર અંતર્ગત આવેલ* **पाशकल्पककाम्येष्विति वाच्यम्** *વાર્તિકની મદદથી વિસર્ગની પરમાં* **पाश** *પ્રત્યય હોવાથી વિસર્ગના સ્થાનમાં* **स्** *કાર આદેશ થાય છે અને રૂપ બને છે* **पयस्पाशम्।**
**यशस्कल्पम् – यशः** + **कल्पम्** *એવી સ્થિતિમાં વિસર્ગની પરમાં* **क्** *વર્ણ છે તેથી* **कुप्वोः क≍ पौ≍ च** *સૂત્રથી જિહ્વામૂલીય પ્રાપ્ત હતું પરંતુ* सोऽपदादौ *સૂત્ર અંતર્ગત આવેલ* पाशकल्पककाम्येष्विति वाच्यम् *વાર્તિકની મદદથી વિસર્ગની પરમાં* कल्प *પ્રત્યય હોવાથી વિસર્ગના સ્થાનમાં* स् *કાર આદેશ થાય છે અને રૂપ બને છે* यशस्कल्पम्।

**यशस्कल्पम् – यशः** + **कम्** *એવી સ્થિતિમાં વિસર્ગની પરમાં* **क्** *વર્ણ છે તેથી* **कुप्वोः क≍ पौ≍ च** *સૂત્રથી જિહ્વામૂલીય પ્રાપ્ત હતું પરંતુ* सोऽपदादौ *સૂત્ર અંતર્ગત આવેલ* पाशकल्पककाम्येष्विति वाच्यम् *વાર્તિકની મદદથી વિસર્ગની પરમાં* **क** *પ્રત્યય હોવાથી વિસર્ગના સ્થાનમાં* **स्** *કાર આદેશ થાય છે અને રૂપ બને છે* यशस्कम् **। यशस्काम्यति – यशः** + **काम्यति** *એવી સ્થિતિમાં વિસર્ગની પરમાં* **क्** *વર્ણ છે તેથી* **कुप्वोः क≍ पौ≍ च** *સૂત્રથી જિહ્વામૂલીય પ્રાપ્ત હતું પરંતુ* **सोऽपदादौ** *સૂત્ર અંતર્ગત આવેલ* **पाशकल्पककाम्येष्विति वाच्यम्** *વાર્તિકની મદદથી વિસર્ગની પરમાં* **काम्य** *પ્રત્યય હોવાથી વિસર્ગના સ્થાનમાં* **स्** *કાર આદેશ થાય છે અને રૂપ બને છે* **यशस्काम्यति।**

## सूत्र १५३ इणः षः ( ८.३.३९ )

**इणः परस्य विसर्गस्य षकारः स्यात्पूर्वविषये। सर्पिष्पाशम्। सर्पिष्कल्पम्। सर्पिष्कम्। सर्पिष्काम्यति।**

**इण्** *ની પરમાં વિસર્ગ આવતો હોય અને તે વિસર્ગની પરમાં* **पाश, कल्प, क** *અને* **काम्य** *આવતાં હોય તો વિસર્ગના સ્થાનમાં* **ष** *કાર આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે.*

**सर्पिष्पाशम् – सर्पिः** + **पाशम्** *એવી સ્થિતિમાં વિસર્ગની પરમાં* **प्** *વર્ણ છે તેથી* **कुप्वोः क≍ पौ≍ च** *સૂત્રથી ઉપધ્માનીય પ્રાપ્ત હતું પરંતુ* **इणः षः** *સૂત્રની મદદથી વિસર્ગની પરમાં* **पाश** *પ્રત્યય હોવાથી વિસર્ગના સ્થાનમાં* **ष्** *કાર આદેશ થાય છે અને રૂપ બને છે* **सर्पिष्पाशम्।**

**सर्पिष्कल्पम् – सर्पिः** + **कल्पम्** *એવી સ્થિતિમાં વિસર્ગની પરમાં* **क्** *વર્ણ છે તેથી* कुप्वोः क≍ पौ≍ च *સૂત્રથી જિહ્વામૂલીય પ્રાપ્ત હતું પરંતુ* इणः षः *સૂત્રની મદદથી વિસર્ગની પરમાં* कल्प *પ્રત્યય હોવાથી વિસર્ગના સ્થાનમાં* **ष्** *કાર આદેશ થાય છે અને રૂપ બને છે* **सर्पिष्पाशम्।**

**सर्पिष्कम् - सर्पिः + कम** *એવી સ્થિતિમાં વિસર્ગની પરમાં* **क्** *વર્ણ છે તેથી* कुप्वोः क≍ पौ≍ च *સૂત્રથી જિહ્વામૂલીય પ્રાપ્ત હતું પરંતુ* इणः षः *સૂત્રની મદદથી વિસર્ગની પરમાં* क *પ્રત્યય હોવાથી વિસર્ગના સ્થાનમાં* ष् *કાર આદેશ થાય છે અને રૂપ બને છે* **सर्पिष्कम् ।**

**सर्पिष्काम्यति** – **सर्पिः** + **काम्यति** *એવી સ્થિતિમાં વિસર્ગની પરમાં* **क्** *વર્ણ છે તેથી* **कुप्वोः क≍ पौ≍ च** *સૂત્રથી જિહ્વામૂલીય પ્રાપ્ત હતું પરંતુ* **इणः षः** *સૂત્રની મદદથી વિસર્ગની પરમાં* **काम्य** *પ્રત્યય હોવાથી વિસર્ગના સ્થાનમાં* **ष्** *કાર આદેશ થાય છે અને રૂપ બને છે* **सर्पिष्काम्यति।**

**सूत्र १५४ नमस्पुरसोर्गत्योः ( ८.३.४० )**

**गतिसंज्ञयोरनयोर्विसर्गस्य सः कुप्वोः परयोः। नमस्करोति। साक्षात्प्रभृतित्वात्कृञो योगे विभाषा गतिसंज्ञा। तदभावे नमः करोति। पुरोऽव्ययम् ( सू. ७६८ ) इति नित्यं गतिसंज्ञा। पुरस्करोति। अगतित्वान्नेह। पूः पुरौ पुरः प्रवेष्टव्या।**

*ગતિસંજ્ઞક* **नमस्** *શબ્દ અને* **पुरस्** *શબ્દના વિસર્ગના સ્થાનમાં* **स्** *કાર આદેશ થાય છે,* क *વર્ગ અથવા* प *વર્ગનો કોઈ વર્ણ પરમાં હોય તો.*

**नमस्करोति – नमः** + **करोति** *એવી સ્થિતિમાં ગતિસંજ્ઞક ((* **साक्षात् प्रभृतीनि च** *સૂત્રથી વિકલ્પે ગતિસંજ્ઞા)* **नमः** *ના વિસર્ગની પાછળ* **क** *વર્ગ નો* **क्** *વર્ણ આવે છે તેથી* **कुप्वोः क≍ पौ≍ च** *સૂત્રથી વિસર્ગનાં સ્થાનમાં જિહ્વામૂલીયની પ્રાપ્તિ હતી પરંતુ* **नमस्पुरसोर्गत्योः** *સૂત્ર દ્વારા વિસર્ગના સ્થાનમાં* **स्** *કાર આદેશ થાય છે અને રૂપ બને છે* **नमस्करोति।**

**पुरस्करोति – पुरः** + **करोति** *એવી સ્થિતિમાં ગતિસંજ્ઞક* **पुरः** *ના વિસર્ગની પાછળ* **क** *વર્ગ નો* **क्** *વર્ણ આવે છે તેથી* **कुप्वोः क≍ पौ≍ च** *સૂત્રથી વિસર્ગનાં સ્થાનમાં જિહ્વામૂલીયની પ્રાપ્તિ હતી પરંતુ* **नमस्पुरसोर्गत्योः** *સૂત્ર દ્વારા વિસર્ગના સ્થાનમાં* **स्** *કાર આદેશ થાય છે અને રૂપ બને છે* **पुरस्करोति।**

**सूत्र १५५ इदुदुपधस्य चाप्रत्ययः ( ८.३.४१ )**

**इकारोकारोपधस्याप्रत्ययस्य विसर्गस्य षः स्यात्कुप्वोः। निष्प्रत्यूहम्। आविष्कृतम्। दुष्कृतम्। अप्रत्ययस्य किम्। अग्निः करोति। वायुः करोति।**

**एकादेशशास्त्रनिमित्तकस्य न षत्वम् (वार्त्तिकम्)। कस्कादिषु भ्रातुष्पुत्रशब्दस्य पाठात्। तेनेह न। मातुः कृपा। मुहुषः प्रतिषेधः (वार्त्तिकम्)। मुहुः कामा।**

*ઈકારોપધ અને ઉકારોપધ પ્રત્યયના અવયવથી ભિન્ન વિસર્ગના સ્થાનમાં* **ष्** *આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે જો કવર્ગ અથવા પવર્ગ પરમાં હોય તો.*

**निष्प्रत्यूहम् – निर्+ प्रत्यूहम्** *એવી સ્થિતિમાં* **खरवसानयोर्विसर्जनीयः** *સૂત્રથી* **र्** *ના સ્થાનમાં વિસર્ગ કરીયે તો* **निः + प्रत्यूहम्** *એવી સ્થિતિ બને છે ત્યારબાદ* **निः** *ના વિસર્ગ પછી* **प्** *કાર આવેલો છે તેથી* **कुप्वोः क≍ पौ≍ च** *સૂત્રથી વિસર્ગના સ્થાનમાં ઉપધ્માનીયની પ્રાપ્તિ થાય છે પરંતુ* **इदुदुपधस्य चाप्रत्ययस्य** *સૂત્ર દ્વારા વિસર્ગના સ્થાનમાં* **ष्** *આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે અને રૂપ બને છે* **निष्प्रत्यूहम्।**

**आविष्कृतम् – आविः + कृतम्** *એવી સ્થિતિમાં* **आविः** *ના વિસર્ગ પછી* **क्** *વર્ણ આવેલો છે તેથી* **कुप्वोः क≍ पौ≍ च** *સૂત્રથી વિસર્ગના સ્થાનમાં જિહ્વામૂલીયની પ્રાપ્તિ થાય છે પરંતુ તેનો બાધ કરીને* **इदुदुपधस्य चाप्रत्ययस्य** *સૂત્ર દ્વારા વિસર્ગના સ્થાનમાં* **ष्** *આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે અને રૂપ બને છે* **आविष्कृतम्।**

**दुष्कृतम् – दुर् + कृतम्** *એવી સ્થિતિમાં* **खरवसानयोर्विसर्जनीयः** *સૂત્રથી* **र्** *ના સ્થાનમાં વિસર્ગ કરીયે તો* **दुः + कृतम्** *એવી સ્થિતિ બને છે ત્યારબાદ* **दुः** *ના વિસર્ગની પાછળ* **क्** *વર્ણ આવેલો છે તેથી* कुप्वोः क≍ पौ≍ च *સૂત્રથી વિસર્ગના સ્થાનમાં જિહ્વામૂલીયની પ્રાપ્તિ થાય છે પરંતુ તેનો બાધ કરીને* इदुदुपधस्य चाप्रत्ययस्य *સૂત્ર દ્વારા વિસર્ગના સ્થાનમાં* **ष्** *આદેશ રૂપે પ્રવૃત્ત થાય છે અને રૂપ બને છે* **दुष्कृतम्।**

**सूत्र १५६ तिरसोऽन्यतरस्याम् ( ८.३.४२ )**

**तिरसो विसर्गस्य सो वा स्यात् कुप्वोः। तिरस्कर्ता। तिरः कर्ता।**

**तिरस्** *શબ્દના વિસર્ગના સ્થાનમાં વિકલ્પે* **स्** *કાર આદેશ થાય છે, જો કવર્ગ અથવા પવર્ગ પરમાં હોય તો.*

**तिरस्कर्ता-तिरः कर्ता – तिरस् + कर्त्ता** *એવી સ્થિતિમાં* **ससजुषो रुः** *સૂત્રથી* **स्** *ના સ્થાનમાં* **रु** *આદેશ અને* **खरवसानयोर्विसर्जनीयः** *સૂત્રથી* **रेफ** *ના સ્થાનમાં વિસર્ગ કરીને* **तिरः + कर्त्ता** *એવી સ્થિતિ બને હવે,* **तिरः** *ના વિસર્ગની પાછળ* **क्** *વર્ણ આવેલો છે તેથી* **कुप्वोः क≍ पौ≍ च** *સૂત્રથી વિસર્ગના સ્થાનમાં જિહ્વામૂલીયની પ્રાપ્તિ થાય છે પરંતુ તેનો બાધ કરીને* तिरसोऽन्यतरस्याम् *સૂત્રથી વિસર્ગના સ્થાનમાં* **स्** *કાર આદેશ કરીયે તો રૂપ બને છે* तिरस्कर्ता। *જ્યારે વિકલ્પે વિસર્ગ આદેશ નહી કરીયે તો* तिरः कर्ता *એવું રૂપ બનશે.*

## सूत्र १५७ द्विस्त्रिश्चतुरिति कृत्वोऽर्थे ( ८.३.४३ )

**कृत्वोऽर्थे वर्तमानानामेतेषां विसर्गस्य षकारो वा स्यात् कुप्वोः। द्विष्करोति। द्विः करोतीत्यादि। कृत्वोऽर्थे किम्। चतुष्कपालः।**

**कृत्वसुच्** *પ્રત્યયના અર્થમાં વિદ્યમાન* **द्विः त्रिः** *અને* **चतुः** *શબ્દસંબંધી વિસર્ગના સ્થાનમાં વિકલ્પે* **ष** *કાર આદેશ થાય છે, જો* **क** *વર્ગ અથવા* **प** *વર્ગનો કોઈ વર્ણ પરમાં હોય તો.*

**द्विः करोति-द्विष्करोति – द्विस्** + **करोति** *એવી સ્થિતિમાં* **ससजुषो रुः** *સૂત્રથી* **द्विस्** *ના* **स्** *ના સ્થાનમાં* **रु** *આદેશ થાય છે અને સ્થિતિ બને છે* **द्विर्** + **करोति** *ત્યારબાદ* **द्विर्** *ના* रेफ *ના સ્થાનમાં* खरवसानयोर्विसर्जनीयः *સૂત્રથી વિસર્ગ આદેશ થાય અને સ્થિતિ બને* द्विः + करोति। *હવે,* द्विः + करोति। *એવી સ્થિતિમાં* द्विः *ના વિસર્ગની પાછળ* **क्** *વર્ણ આવેલો છે તેથી* कुप्वोः क≍ पौ≍ च *સૂત્રથી વિસર્ગના સ્થાનમાં જિહ્વામૂલીયની પ્રાપ્તિ થાય છે પરંતુ તેનો બાધ કરીને* द्वित्रिश्चतुरिति कृत्वोऽर्थे *સૂત્રથી વિસર્ગના સ્થાનમાં વિકલ્પે* ष *કાર આદેશ થાય છે અને રૂપ બને છે* द्विष्करोति। *જ્યારે વિકલ્પે* ष *કાર આદેશ નહી કરીયે તો* द्विः करोति *એવું રૂપ બનશે.*

## सूत्र १५८ इसुसोः सामर्थ्ये ( ८.३.४४ )

**एतयोर्विसर्गस्य षः स्याद्वा कुप्वोः। सर्पिष्करोति। सर्पिः करोति। धनुष्करोति। धनुः करोति। सामर्थ्यमिह व्यपेक्षा। सामर्थ्ये किम्। तिष्ठतु सर्पिः, पिब त्वमुदकम्।**

**इस्** *અને* **उस्** *પ્રત્યયના વિસર્ગના સ્થાનમાં વિકલ્પે* ष *કાર આદેશ થાય છે, જો* **क** *વર્ગ અથવા* **प** *વર્ગનો કોઈ વર્ણ પરમાં હોય તો.*

**सर्पिष्करोति-सर्पिः करोति – सर्पिस्** + **करोति** *એવી સ્થિતિમાં* **सर्पिस्** *એ* **इस्** *પ્રત્યયાન્ત છે, પહેલાં* **सर्पिस्** *ના* **स्** *ના સ્થાનમાં* **ससजुषो रुः** *સૂત્રથી* **रु** *આદેશ થાય છે અને સ્થિતિ બને છે* **सर्पिर्** + **करोति** *ત્યારબાદ* **सर्पिर्** + *ના* **रेफ** *ના રેફના સ્થાનમાં* **खरवसानयोर्विसर्जनीयः** *સૂત્રથી વિસર્ગ આદેશ થાય છે અને સ્થિતિ બને છે. હવે,* **सर्पिः** + **करोति** *એવી સ્થિતિમાં* **सर्पिः** *ના વિસર્ગની પાછળ* **क्** *વર્ણ આવેલો છે તેથી* कुप्वोः क≍ पौ≍ च *સૂત્રથી વિસર્ગના સ્થાનમાં જિહ્વામૂલીયની પ્રાપ્તિ થાય છે પરંતુ તેનો બાધ કરીને* इसुसोः सामर्थ्ये *સૂત્રથી વિસર્ગના સ્થાનમાં વિકલ્પે* ष *કાર આદેશ થાય છે અને રૂપ બને છે* सर्पिष्करोति। *જ્યારે વિકલ્પે* ष *કાર આદેશ નહી કરીયે તો* सर्पिः करोति *એવું રૂપ બનશે.*

*આવી જ રીતે* धनुस् + करोति *એવી સ્થિતિમાં* धनुस् *એ* **उस्** *પ્રત્યયાન્ત છે તેથી* इसुसोः सामर्थ्ये *સૂત્રથી તેના વિસર્ગના સ્થાનમાં વિકલ્પે* ष *કાર આદેશ કરતાં* धनुष्करोति *એવું બને અને વિકલ્પે* ष *કાર નહીં કરીયે તો* धनुः करोति *એવું રૂપ બનશે.*

### सूत्र १५९ नित्यं समासेऽनुत्तरपदस्थस्य ( ८.३.४५ )

**इसुसोर्विसर्गस्यानुत्तरपदस्थस्य समासे नित्यं षः स्यात् कुप्वोः परयोः। सर्पिष्कुण्डिका। धनुष्कपालकम्। अनुत्तरपदस्थस्येति किम्। परमसर्पिः कुण्डिका। कस्कादिषु सर्पिष्कुण्डिकाशब्दोऽसमासे व्यपेक्षाविरहेऽपि षत्वार्थः। व्यपेक्षायां**

*અનુત્તરપદમાં સ્થિત* **इस्** *અને* **उस्** *સંબંધી વિસર્ગને સમાસમાં નિત્ય* **ष्** *આદેશ થાય છે, જો* **क** *વર્ગ અથવા* **प** *વર્ગનો વર્ણ પરમાં હોય તો.*

**सर्पिष्कुण्डिका – सर्पिस्** + **कुण्डिका** *એવી સ્થિતિમાં* **स्** *ને રુત્વ અને વિસર્ગ કરીને* **सर्पिः** + **कुण्डिका** *એવી સ્થિતિમાં* **कुप्वोः ≍क ≍पौ च** *સૂત્રથી પ્રાપ્ત જિહ્વામૂલીયનો બાધ કરીને* **नित्यं समासेऽनुत्तरपदस्थस्य** *સૂત્રથી નિત્ય* **ष्** *થાય છે અને* सर्पिष्कुण्डिका *એવું રૂપ બને છે.* (सर्पिष्कुण्डिका *માં* सर्पिस् *એ* इस् *પ્રત્યયાન્ત છે અને* सर्पिषः कुण्डिका *એવો ષષ્ઠી તત્પુરુષ સમાસ પણ છે.)*

**धनुष्कपालम् – धनुस्** + **कपालम्** *એવી સ્થિતિમાં પૂર્વવત્* **धनुस्** *ના* **स्** *ને રુત્વ વિસર્ગ કરીને* **धनुः** + **कपालम्** *એવી સ્થિતિમાં* **नित्यं समासेऽनुत्तरपदस्थस्य** *સૂત્રથી નિત્ય* **ष्** *કાર આદેશ કરતાં રૂપ બને છે* **धनुष्कपालम्।**

### सूत्र १६० अतः कृकमिकंसकुम्भपात्रकुशाकर्णीष्वनव्ययस्य ( ८.३.४६ )

**अकारादुत्तरस्यानव्ययस्य विसर्गस्य समासे नित्यं सकारादेशः स्यात्करोत्यादिषु परेषु न तूत्तरपदस्थस्य। अयस्कारः। अयस्कामः। अयस्कंसः। अयस्कुम्भः। अयस्पात्रम्। अयःसहिता कुशा अयस्कुशा। अयस्कर्णी। अतः किम्। गीःकारः। अनव्ययस्य किम्। स्वःकामः। समासे किम्। यशःकरोति। अनुत्तरपदस्थस्य किम्। परमयशःकारः।**

*અકારથી ઉત્તર વિદ્યમાન અવ્યયથી ભિન્ન અને ઉત્તરપદમાં સ્થિત ન હોય તેવા વિસર્ગને સમાસમાં* **स्** *થાય છે,* **कृ**, **कम्**, **कंस**, **कुम्भ**, **पात्र**, **कुशा** *અને* **कर्णी** *શબ્દ પરમાં હોય તો.*

**अयस्कारः।– अयः + करोति** *એવી સ્થિતિમાં* **अयस्** *પૂર્વક* **कृ** *ધાતુથી* **कर्मण्यण्** *સૂત્રથી* **अण्**, **अयस्** + **कृ** + **अ**, **अचो ञ्णिति** *થી* **ऋ** *ના સ્થાનમાં* **आ**, **रपर**, **अयस्** + **कार**, **स्वादिकार्य**, **स्** *ને રુત્વ અને વિસર્ગ કરીને* **अयः** + **कारः** *એવી સ્થિતિમાં* **कृ**

*ધાતુનો* **कार** *પરમાં હોવાથી વિસર્ગના સ્થાનમાં* **स्** *કાર કરવાથી* **अयस्कारः** *એવું રૂપ બને છે. આવી જ રીતે* **कम्, कंस, कुम्भ, पात्र, कुशा** *અને* **कर्णी** *શબ્દ પરમાં હોય તો નીચે મુજબ રૂપો બનશે.*

**अयः + कामः = अयस्कामः**

**अयः + कंसः = अयस्कंसः**

**अयः + कुम्भः = अयस्कुम्भः**

**अयः +पात्रम् = अयस्पात्रम्**

**अयः + कुशा = अयस्कुशा**

**अयः + कर्णी = अयस्कर्णी**

**सूत्र १६१ अधः शिरसी पदे ( ८.३.४७ )**

**एतयोर्विसर्गस्य सादेशः स्यात्पदशब्दे परे। अधस्पदम्। शिरस्पदम्। समास इत्येव। अधःपदम्। शिरःपदम्। अनुत्तरपदस्थस्येत्येव। परमशिरःपदम्। कस्कादिषु च ( वार्त्तिकम् )। भास्करः।**

**अधस्** *અને* **शिरस्** *ના વિસર્ગને સમાસમાં* **स्** *આદેશ થાય છે,* **पद** *શબ્દ પરમાં હોય તો.*

**अधस्पदम् – अधः + पदम् ( पदस्य अधः** *એવો* **मयूरव्यंसकादयश्च** *થી સમાસ) એવી સ્થિતિમાં* **अधः** *ના વિસર્ગની પરમાં* **प** *વર્ણ આવેલો છે તેથી* **कुप्वोः क≍ पौ≍ च** *સૂત્રથી વિસર્ગના સ્થાનમાં ઉપધ્માનીયની પ્રાપ્તિ થાય છે પરંતુ* **अधः शिरसी पदे** *સૂત્રથી તેનો બાધ કરીને વિસર્ગના સ્થાનમાં* **स्** *કાર આદેશ કરીયે તો* **अधस्पदम्**

*એવું રૂપ બની જશે.*

**शिरस्पदम् - शिरसः + पदम् ( शिरसः पदम्** *એવો ષષ્ઠી તત્પુરુષ સમાસ) એવી સ્થિતિમાં* **शिरसः** *ના વિસર્ગની પરમાં* **प** *વર્ણ આવેલો છે તેથી* **कुप्वोः क≍ पौ≍ च** *સૂત્રથી વિસર્ગના સ્થાનમાં ઉપધ્માનીયની પ્રાપ્તિ થાય છે પરંતુ* **अधः शिरसी पदे** *સૂત્રથી તેનો બાધ કરીને વિસર્ગના સ્થાનમાં* **स्** *કાર આદેશ કરીયે તો* **शिरस्पदम्** *એવું રૂપ બની જશે.*

## 9.3 તમારી પ્રગતિ ચકાસો

1. शर्परे विसर्जनीयः *સૂત્ર સમજાવો.*
2. वा शरि *સૂત્ર સમજાવો.*
3. खर्परे शरि वा विसर्गलोपो वक्तव्यः *વાર્તિક સમજાવો..*

4. सर्पिष्पाशम् *રૂપસિદ્ધિ કરો.*

5. सोऽपदादौ *સૂત્ર સમજાવો.*

1. **इणः षः** *સૂત્ર સમજાવો.*

2. **नमस्पुरसोर्गत्योः** *સૂત્ર સમજાવો.*

3. **नमस्करोति** *ની રૂપસિદ્ધિ કરો.*

4. **इदुदुपधस्य चाप्रत्ययस्य** *સૂત્ર સમજાવો.*

5. **तिरसोऽन्यतरस्याम्** *સૂત્ર સમજાવો.*

**લઘુ ઉત્તર લખો.**

1. **कः त्सरुः** *માં કયા સૂત્રથી વિસર્ગના સ્થાનમાં વિસર્ગનો આદેશ થાય છે?*
2. **घनाघनः क्षोभणः** *માં કયા સૂત્રથી વિસર્ગના સ્થાનમાં વિસર્ગનો આદેશ થાય છે?*
3. राम स्थाता *માં કયા વાર્તિકથી વિસર્ગનો લોપ થાય છે?*
4. सोऽपदादा *સૂત્રથી વિસર્ગના સ્થાનમાં કયો આદેશ કરવામાં છે?*
5. सर्पिष्पाशम् *માં કયા સૂત્રથી* ष *કાર આદેશ થાય છે?*

6. यशस्कल्पम् *માં ક્યો પ્રત્યય પરમાં છે?*
7. नमस्करोति *માં ક્યા સૂત્રથી* स *કાર આદેશ થાય છે?*
8. *વિસર્ગની પરમાં કવર્ગનો વર્ણ હોય તો* कुप्वोः क पौ च *થી વિસર્ગના સ્થાને ક્યો આદેશ થાય છે?*
9. *વિસર્ગની પરમાં પવર્ગનો વર્ણ હોય તો* कुप्वोः क पौ च *થી વિસર્ગના સ્થાને ક્યો આદેશ થાય છે?*
10. अयस्पात्रम् *માં* स् *કાર આદેશ ક્યા સૂત્રથી થાય છે?*
11. तिरस्कर्ता *માં* स् *કાર આદેશ ક્યા સૂત્રથી થાય છે?*
12. द्विस् + करोति *સ્થિતિમાં ક્યા બે રૂપો બનશે?*
13. सर्पिष्करोति *માં ક્યા સૂત્રથી* ष *કાર આદેશ થાય છે?*
14. सर्पिष्कुण्डिका *માં* सर्पिस् *માં ક્યો પ્રત્યય છે?*
15. शिरस्पदम् *માં* स् *કાર આદેશ ક્યા સૂત્રથી થાય છે?*

## 9.4 સંદર્ભ સાહિત્ય

| ક્રમ | ગ્રંથનામ | લેખક | વ્યાખ્યાકાર | પ્રકાશક |
|---|---|---|---|---|
| 1. | **वैयाकरणसिद्धान्तकौमुदी** | **भट्टोजिदीक्षित** | **श्रीगोपालदत्तपाण्डेय** | **चौखम्बा विद्याभवन, वाराणसी** |
| 2. | **वैयाकरणसिद्धान्तकौमुदी** | **भट्टोजिदीक्षित** | **श्री गोविन्दाचार्यः** | **चौखम्बा विद्याभवन, वाराणसी** |
| 3. | **लघुसिद्धान्तकौमुदी** | **वरदराजाचार्यः** | **डॉ. वसन्तकुमार भट्ट** | **सरस्वती पुस्तक भंडार, अमदावाद** |
| 4. | **वैयाकरणसिद्धान्तकौमुदी** | **भट्टोजिदीक्षित** | **डॉ. अर्कनाथ चौधरी** | **जगदीश संस्कृत पुस्तकालय, जयपुर** |

**લેખક : શ્રી રવિ રાદડિયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, ગવર્મેંટ કોલેજ, દીવ.**

# વિભાગઃ 4 : વૈયાકરણ સિદ્ધાન્તકૌમુદીઃ સમાસ પ્રકરણ

# એકમ : 10 કેવલ અને અવ્યવીભાવ સમાસ

## રૂપરેખા

**10.0 ઉદ્દેશ**

**10.1 પ્રસ્તાવના**

**10.2 સમાસનો અર્થ**

**10.3 સમાસના પારિભાષિક શબ્દો**

**10.4 સમાસના પ્રકાર**

**10.5 કેવલ અને અવ્યવીભાવ સમાસ**

**10.6 કેવલ સમાસ- વ્યાકરણસિદ્ધાંતકૌમુદીના પદસૂત્રો**

**10.7 અવ્યવીભાવ સમાસ**

**10.8 તમારી પ્રગતિ ચકાસો**

**10.9 સંદર્ભ સાહિત્ય**

## 10.0 ઉદ્દેશ

*સંસ્કૃત સાહિત્ય વિશાળ પટ પર પથરાયેલું છે. જેમાં વૈદિક સાહિત્ય, રામાયણકાલીન સાહિત્ય અને મહાભારતકાલીન સાહિત્યમાં સામાસિક પદોથી ભરેલી વાક્યરચનાઓ ઘણી ઓછી જોવા મળે છે. પરંતુ પછીના ઉત્તરવર્તી સમયમાં  જે કાવ્યકૃતિઓ અને ગ્રંથો રચાયા તેમાં સામાસિક પદાવલીઓનું બાહુલ્ય વધતું ગયું. જેમાં પદ્ય સાહિત્યની અપેક્ષાએ ગદ્ય સાહિત્યમાં સમાસ જાણે કે એક અભિન્ન અંગ જ બની ગયા. પરિણામે અનુગામી કવિ અને વિવેચકો એવું માનવા પ્રેરાયા કે ઓજસ ગુણ અને સમાસપ્રાચુર્ય એ ગદ્ય સાહિત્યનું પ્રાણભૂત તત્ત્વ છે, જેને ટાળી શકાય નહિ. આથી સાહિત્ય રચનામાં સમાસ અનિવાર્ય બનતા ગયા. જેના ઉદ્દેશો વિશે પણ સમજવું જરૂરી છે.*

- *સમાસ એ એક રીતે લાઘવ યુક્ત રચના જ છે. તેના અભ્યાસથી સંસ્કૃત વ્યાકરણનું જ્ઞાન સરળતાથી ગ્રાહ્ય બને છે.*
- *વિદ્યાર્થીઓ સમાસના જુદા-જુદા ભેદને સમજી શકશે.*
- *સમાસનો અર્થ અને તેની પરિભાષા સમજી શકે.*
- *સમાસ દ્વારા સંસ્કૃત ભાષાનું બંધારણ અને ભાષા સહજતા સરળતાથી સમજી શકાશે.*

## 10.1 પ્રસ્તાવના

*ભાષા માનવમાત્રના ભાવો અને વિચારોનું પારસ્પરિક આદાન-પ્રદાન કરવાનું સર્વોત્તમ સાધન છે. ભાષાના માધ્યમથી જ મનુષ્ય પોતાના વિચારો એકબીજા સાથે આપ-લે કરી શકે છે. જેમાં ભાષામાં સમય જતા જેમ જેમ સાહિત્ય રચાતું ગયું તેમ તેમ દીર્ઘ સમાસ પ્રચુર રચનાઓ થવા લાગી. બાણભટ્ટની ગદ્ય કૃતિ કાદંબરી સમાસ પ્રચુર રચનાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગણાવી શકાય. આ રીતે સમયાંતરે ગદ્ય રચનાઓમાં સમાસ જાણે કે ભાષાનું એક આગવું અને અનિવાર્ય અંગ બનવા પામ્યા. પરિણામે સાહિત્યકારોમાં એવી માન્યતા પ્રબળ બનતી ગઈ કે* -ओजः समासभूयस्त्वम् एतद् गद्यस्य जीवितम् । *અર્થાત્- ઓજસ ગુણ અને સમાસોનું બાહુલ્ય-આ ગદ્ય સાહિત્યનું પ્રાણભૂત તત્ત્વ બની ગયું છે. આથી જ્યારે સંસ્કૃત ગ્રંથોનો અભ્યાસ કરવાનો થાય ત્યારે એ બાબત પણ અત્યંત આવશ્યક બની જાય છે કે સમાસ રચનાનું જ્ઞાન મેળવવું, જેનાથી ભાષામાં રચના કૌશલ અને સમાસ રચના અંગે સરળતાથી સમજી શકાય છે. આ રીતે સંક્ષેપમાં એટલું આવશ્યક કહી શકાય કે કોઈ પણ ભાષાનું શુદ્ધ અને પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે એ ભાષાના વ્યાકરણ શાસ્ત્રનું અધ્યયન અનિવાર્ય બની જાય છે.*

*સંસ્કૃત શાસ્ત્રકારોએ સમસ્ત પ્રકારની વિદ્યાઓમાં વ્યાકરણને પ્રમુખ સ્થાન આપે છે :* मुखं व्याकरणं स्मृतम् 1*આચાર્ય પાણિનીનો અષ્ટાધ્યાયી વ્યાકરણ શાસ્ત્રનો સુપરિચિત અને સર્વાધિક ખ્યાતિપ્રાપ્ત ગ્રંથ તરીકે માત્ર પ્રાચીન સમયમાં જ નહિ, અર્વાચીન સમયમાં પણ ગૌરવવંતુ સ્થાન ધરાવે છે. હવે તો વિશ્વ ક્ષેત્રે પણ આ ગ્રંથ અમેરિકા, જર્મની, બ્રિટન જેવા દેશોમાં ત્યાંની યુનિવર્સિટી અને કોલેજોમાં પણ અભ્યાસક્રમમાં નિર્ધારિત કરવામાં આવ્યો છે. આના ઉત્તરવર્તી જેટલા પણ વ્યાકરણ સંપ્રદાયોનું પ્રચલન થયું તેમનો આધાર મુખ્યત્વે પાણિનીનો અષ્ટાધ્યાયી ગ્રંથ જ છે. જો કે પાણિની પૂર્વે વ્યાકરણ ક્ષેત્રે પ્રાતિશાખ્ય ગ્રંથ વિદ્યમાન હતો. પરંતુ પ્રાતિશાખ્ય ગ્રંથ માત્ર વૈદિક પદ્ધતિઓનો નિર્દેશક હતો. આથી પાણિની વ્યાકરણ ગ્રંથ જ નિયમોને કારણે વ્યાપક ખ્યાતિને અર્જિત કરી શક્યો.*

*ભટ્ટોજી દીક્ષિતે પાણિ વ્યાકરણ પર 'વૈયાકરણસિદ્ધાંતકૌમુદી' વૃત્તિ લખી. જે માત્ર ભારતમાં જ નહિ, પરંતુ વિશ્વના અન્ય દેશોમાં પણ એટલી જ પ્રસિદ્ધ છે. વિશ્વના ઘણા એવા દેશો છે કે જેમણે સંસ્કૃત ભાષાના પરિજ્ઞાન માટે ભટ્ટોજી દીક્ષિતની આ વૃત્તિને અનિવાર્ય ગણાવી છે અને વર્તમાનમાં તેનું અધ્યયન પણ સુચારું રીતે થઈ રહ્યું છે.*

*સિદ્ધાંતકૌમુદી વ્યાકરણનો એક વ્યાપક પ્રક્રિયાત્મક ગ્રંથ છે. તે સ્વતંત્ર ગ્રંથ નથી, પરંતુ પાણિની વ્યાકરણ પરની વૃત્તિ છે. સંસ્કૃત ભાષાનું વ્યાકરણ આમાં પૂર્ણ રૂપથી સમાહિત થયેલું છે. આ એક ગ્રંથનું અધ્યયન કર્યા પછી સંસ્કૃત ભાષાના વ્યાકરણ માટે અન્ય કોઈ ગ્રંથનું અધ્યયન અપેક્ષિત રહેતું નથી. સિદ્ધાંતકૌમુદીની અનેક સંસ્કૃત ટીકાઓ પ્રકાશિત થઈ ચૂકી છે. બાલમનોરમા, તત્ત્વબોધિની વગેરે.*

## 10.2 સમાસનો અર્થ

બે નામ પદોને એકબીજા સાથે બેસાડવા અથવા જોડવા એટલે 'સમાસ'. બીજા શબ્દોમાં કહી શકાય કે જુદા-જુદા અર્થો વાળા અનેક નામ પદોથી જ્યારે એક સમસ્ત પદ સાધવામાં આવે અને આવું પદ એક જ અર્થના ભાવને પ્રગટ કરે ત્યારે તેને 'સમાસ' કહે છે.

આ રીતે બે અથવા બેથી વધુ પદોનો (શબ્દોનો) પરસ્પર જે સંયોગ રચાય તેને 'સમાસ' કહેવામાં આવે છે. સમાસ કરતા પૂર્વે પદોની વિભક્તિનું ચિહ્ન લોપ પામે છે અને અંતિમ પદમાં લિંગ, વચન આદિ અનુસાર વિભક્તિ પ્રયોજાય છે.

જેમ કે,- 'राज्ञः पुरुषः' = राजपुरुषः, અહીં, राजपुरुषः નો અર્થ પણ એ જ થાય છે કે જે राज्ञः पुरुषःનો થાય છે, પરંતુ બે પદોનો પરસ્પર સંયોગ થવાથી પૂર્વ પદ राज्ञः ની વિભક્તિનો લોપ થઈ ગયો છે.

આ રીતે સમાસ કરવાથી જે નવો શબ્દ બને છે એને समस्त -पद કહે છે. જ્યારે સમાસને તોડવાની ક્રિયાને વિગ્રહ કહે છે. વિગ્રહનો અર્થ થાય છે અલગ કરવું. વિગ્રહ કરવાથી અલગ કરેલા પ્રત્યેક શબ્દોમાં એ જ વિભક્તિ લગાવવામાં આવે છે, જે સમાસ કરતી વખતે લગાવવામાં આવેલી હોય છે. જેમ કે,- सभायाः पतिः = सभापतिः । गोविन्दः च गोपालः = गोविन्द गोपालौ । विद्यायाः आलयः = विद्यालयः ।

વૈયાકરણો સમાસની બાબતને સમજાવતા સુંદર ઉદાહરણ આપીને જણાવે છે કે જેમ કુંભાર જોડે માટી અને પાણી ભેગા થયા પછી એ માટી કે પાણીની અલગ પ્રતીતિ થતી નથી, પરંતુ એક નવા જ પીંડમાં તેનું રૂપાંતર થાય છે અને પીંડ નામનું નવું જ દ્રવ્ય બને છે તેમ અલગ-અલગ અર્થવાળા બે પદોમાંથી એક સમસ્ત પદ સધાય ત્યારે એકાર્થીભાવની પ્રતીતિ જન્મે છે. એટલે કે આવા સમાસયુક્ત પદમાંથી તેના અલગ અલગ અવયવોની અલગ અલગ પ્રતીતિ થતી નથી.

જેમ એક દીપકમાંથી બીજો દીપક પ્રગટી શકે છે એમ એક સમાસમાંથી બીજો સમાસ પણ બની શકે છે. જે નામ, વિશેષણ, ક્રિયાપદ કે અવ્યયને એકબીજા સાથે જોડીને સમાસ બનાવી શકાય છે. સંસ્કૃત ભાષામાં જ એક એવી અનન્ય વિશેષતા રહેલી છે કે એક જ પદમાં અનેક સામાસિક પદોને જોડીને એ સામાસિક પદોના બાહુલ્યથી એકથી વધુ સમાસો પણ બનાવી શકાય છે. કાદંબરીમાં અનેક સમાસોનું પ્રાચુર્ય છે.

## 10.3 સમાસના પારિભાષિક શબ્દો

સમાસ પ્રક્રિયાને સમજતાં પૂર્વે કેટલાક પારિભાષિક શબ્દોને પણ સમજવા આવશ્યક બની જાય છે. જેમ કે- राज्ञः पुरुषः । અર્થાત્ રાજાનો માણસ. અહીં બંને પદો અલગ-અલગ છે અને અલગ વિભક્તિમાં છે. આથી આને 'વિગ્રહ વાક્ય' તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ તેમનું સંયોજન થવાથી જે એક પદ બને છે તે राजपुरुषः એવું બને છે. તેને સમાસ તરીકે ઓળખવામાં આવે છે. આમાં પણ પ્રથમ પદ राज એવા શબ્દને પૂર્વપદ અને पुरुषः એવા શબ્દને ઉત્તરપદ કહેવામાં આવે છે.

राज्ञः पुरुषः । માંથી જ્યારે  राजपुरुष  એવો સમાસ થાય ત્યારે વિગ્રહ વાંકયાન્તર્ગત આવેલા વિભિન્ન પ્રત્યયોનો લોપ થાય છે. કોઈક જગ્યાએ અપવાદ રૂપે સમાસ થયા પછી પણ આવા વિભક્તિ પ્રત્યયોનો ન થયો હોય તો તેને 'અલુક સમાસ' કહે છે. જેમ કે, युधि + स्थिरः । = युधिष्ठिरः। અહીં પૂર્વપદ 'युधि' માં સપ્તમી વિભક્તિ માંના इ  પ્રત્યયનો લોપ થયો નથી.

राजपुरुष   એવા સામાસિક પદમાં વપરાયેલા શબ્દો વડે જ્યારે વિગ્રહ કરવામાં આવે ત્યારે તેને 'સ્વપદવિગ્રહ' કહે છે. જેમ કે,  राज्ञः पुरुषः । પરંતુ જ્યારે સમાસમાં વપરાયેલા શબ્દો સિવાયના શબ્દો વાપરીને જ્યારે વિગ્રહ દર્શાવવામાં આવે ત્યારે તેને 'અસ્વરપદવિગ્રહ' કહે છે. જેમ કે, अनुरूपम् = रूपस्य योग्यम् इति ।  ત્યારે તેને 'અસ્વરપદવિગ્રહ' કહે છે.

એવી જ રીતે સમાસ થઈ ગયા પછી પણ કેટલાક વ્યંજનાન્ત શબ્દોને સ્વરાંત બનાવવા માટે તે સમાસના અંતે અમુક પ્રત્યય જોડવામાં આવે છે. જેને 'સમાસાન્ત પ્રત્યય' કહે છે. જેમ કે, शरदः समीपम् = उपशरदः

ટૂંકમાં, એકથી વધારે પદોને 'એકપદ' આપીને સંસ્કૃત ભાષામાં સમાસ ની પ્રક્રિયા કરવાથી યોગ્ય સંક્ષેપ કરી શકાય છે. આમ, 'સમાસ' એ સંસ્કૃત ભાષામાં લાઘવ પ્રાપ્તિનો એક ઉત્તમ આવિષ્કાર ગણાવી શકાય. આવા સમાસ , સંધિ, કૃદંત વગેરે ના પ્રયોગોથી સંસ્કૃત ભાષા લાઘવ પ્રધાન ભાષા બની શકી છે.

સમાસમાં જે શબ્દોનો સમાવેશ થતો હોય તે શબ્દોમાં એક અર્થ પ્રગટ કરવાનું સામર્થ્ય હોવું આવશ્યક છે. એટલે કે તે શબ્દો પરસ્પર સંકલિત હોવા જોઈએ. વળી, આ શબ્દો મળીને કોઈ પણ એક અર્થને પ્રગટ કરનારા હોવા જોઈએ એ અપેક્ષિત છે.

સમાસમાં જે બે પદો અર્થ સંકલન કરવાનું સામર્થ્ય ધરાવતા હોય તેમાં એક અર્થના ભાવનો બોધ હોય છે. આ બે પદોનું જ્ઞાન તેના વિગ્રહ વાક્યથી થાય છે.

આમ, સમાસની સરળ શબ્દોમાં પરિભાષા આપવી હોય તો કહી શકાય કે 'પોતપોતાના સ્વતંત્ર અર્થ આપતાં અનેક પદોમાંથી જ્યારે એક પદ બને અને આ પદ એક જ અર્થનો બોધ કરાવે ત્યારે તે સમાસ કહેવાય છે.

## 10.4 સમાસના પ્રકાર

સમાસના વિગ્રહના આધારે સમાસના મુખ્ય બે પ્રકારો પડે છે.

1. स्वपदविग्रह , 2. अस्वपदविग्रह

1 स्वपदविग्रह - જે સમાસનાં વિગ્રહમાં તેના પોતાના જ અંગભૂત પદો વપરાય ત્યારે તે સમાસને 'स्वपद विग्रह' સમાસ કહે છે. જેમ કે,- 'पार्वतीपतिः' અહીં पार्वत्याः पतिः = शङ्करः એ વિગ્રહવાક્યના બંને અંગભૂત શબ્દો पार्वती અને पतिः એ બંનેનો પ્રયોગ થયેલો આલોકાય છે. આ સ્વપદ સમાસને 'અનિત્ય સમાસ' પણ કહેવામાં આવે છે.

2 अस्वपदविग्रह – જે સમાસના વિગ્રહમાં તેના પોતાના અંગભૂત હોય તેવા પદોનો પ્રયોગ કરીને વિગ્રહ થાય છે, ત્યારે તેને अस्वपदविग्रह સમાસ કહે છે. જેમ કે,- उपगङ्गम् = गङ्गायाः समीपम्

એવો સમાસનો વિગ્રહ થાય છે. સમાસના અંગભૂત પદ उप ના સ્થાને વિગ્રહમાં समीपम् પદનો પ્રયોગ થાય છે. આથી આ સમાસ अस्वपदविग्रह સમાસ કહેવાય છે. આ સમાસને નિત્ય સમાસ પણ કહેવામાં આવે છે.

સમાસ પદ સાથે સંબંધ ધરાવે છે, આથી સમર્થાશ્રિત હોય છે. આ આશયને પ્રગટ કરનારું સૂત્ર છે કે – समर्थः पदविधिः' આ સૂત્રમાં સમર્થ પદ સમર્થાશ્રિતમાં લાક્ષણિક છે. આથી સૂત્રનો અર્થ ફલિત થાય છે- પદસંબંધી. અર્થાત્ પદનો ઉદ્દેશ્ય કરીને જે વિધિ એટલે કે કાર્ય થાય છે તેને સમર્થાશ્રિત સમજવું જોઈએ.

સામર્થ્યના બે ભેદ પડે છે- એકાર્થીભાવ અને વ્યપેક્ષા.

એકાર્થીભાવનું લક્ષણ છે-

**'स्वार्थपर्यवसायिनां पदानां विशिष्टैकार्थोपस्थितिजनकत्वम् एकार्थीभावत्वम् '**

અર્થાત્ – અલગ-અલગ અર્થવાળા પદોમાં સમુદાયશક્તિથી એકાર્થની ઉપસ્થિતિ દ્વારા વિશેષ્ય-વિશેષણભાવના રૂપમાં મળેલા અર્થને દર્શાવનારી શક્તિનું નામ એકાર્થીભાવ છે.

આ એકાર્થીભાવ નામનું સામર્થ્ય 'રાજપુરુષ' વગેરે સમાસોમાં પણ રહેલ છે. આ પ્રકાર कृत्, तद्धित, समास, एकशेष તથા सनाद्यन्त धातुरूप - આ પાંચ પ્રકારની વૃત્તિઓમાંથી કોઈ પણ હોય, એના સમુદાયમાં જ અર્થ-પ્રત્યાયનની શક્તિ માનવામાં આવી છે. આ શક્તિ સામર્થ્ય તરીકે ઓળખાય છે તથા સમાસાદિમાં એકાર્થીભાવના નામથી તે સામર્થ્ય સ્વરૂપે રહે છે.

સામર્થ્યનો બીજો પ્રકાર છે- व्यपेक्षा જેનું લક્ષણ આ મુજબ છે - 'स्वार्थपर्यवसायिनां पदानामाकाङ्क्षादिवशाद्यः परस्पर सम्बन्धः सा व्यपेक्षा '

અર્થાત્ પોતપોતાના અર્થો દર્શાવનાર પદોનો આકાંક્ષા, યોગ્યતા અને સન્નિધિ (સામીપ્ય) દ્વારા જે પારસ્પરિક સંબંધ હોય છે તેને જ વ્યપેક્ષા નામક સામર્થ્ય તરીકે ઓળખવામાં આવે છે. જે વાક્યાર્થ પ્રતીતિનું કારણ બને છે.

ઉપરોક્ત બાબતોથી એ નિષ્કર્ષ નીકળે છે કે સમાસમાં એકાર્થીભાવરૂપ સામર્થ્ય રહેલું છે.

જ્યારે કોઈ સૂત્રથી સમાસ કરવામાં આવે છે ત્યારે સમાસ કર્યા પછી તરત જ સમાસઘટક બધા જ પદોની વિભક્તિઓનો सुपो धातुप्रातिपदिकयोः' સૂત્રથી લોપ થઈ જાય છે. ફરીથી વિભક્તિ પ્રયોજવા માટે પ્રતિપાદિક સંજ્ઞાની આવશ્યકતા રહેલી છે. પ્રતિપાદિક સંજ્ઞા-વિધાયક સૂત્ર બે છે- "अर्थवदधातुरप्रत्ययः

प्रातिपदिकम्' અને 'कृत्तद्धितसमासाश्च', આથી વિદ્યાર્થીઓએ ધ્યાન રાખવું જોઈએ કે જ્યારે પણ પ્રાતિપાદિક સંજ્ઞા થાય ત્યારે બીજા સૂત્રથી થશે, પ્રથમ સૂત્રથી નહિ.

સમાસ ભેદ વિષયક એક પદ્ય અત્યંત રોચક બની રહ્યું છે. –

**'द्वन्द्वो द्विगुरपि चाहं मद्गेहे नित्यमव्ययीभावः ।**


**तत्पुरुष ! कर्मधारय, येनाऽहं स्यां बहुव्रीहिः ॥**

અર્થાત્ અહીં કોઈ યાચક રાજાને કહે છે કે – અમે બે છીએ, હું અને મારી પત્ની. મારી પાસે બે ગાયો પણ છે, પરંતુ મારા ઘરમાં ખર્ચ માટે અભાવ છે.આથી હે પુરુષ ! મને તમે એવું કામ અપાવો કે જેથી હું પુષ્કળ ધન-ધાન્ય સંપન્ન બની શકું.

ઉપરોક્ત શ્લોકમાં સમાસના પ્રકારોનું વર્ગીકરણ પણ વણી લેવામાં આવ્યું છે. આ જ બાબત સંસ્કૃત ભાષાની લાઘવ અને વ્યંજનાપૂર્ણ વિશેષતા અને કવિની વિષય વર્ણનની વિશેષતા સૂચવે છે.

વિદ્યાર્થી મિત્રો તમારા અભ્યાસક્રમમાં ભટ્ટોજી દીક્ષિત કૃત 'વૈયાકરણસિદ્ધાંતકૌમુદી' અને તેના અંતર્ગત સમાસ પ્રકરણ જ્યારે નિયત કરવામાં આવ્યું છે ત્યારે આ પ્રકરણ વિશે વિગતે આપણે પછીના એકમોમાં ચર્ચા કરીશું.

સમાસનાં અંગભૂત પદોનો જે એકબીજા સાથે પરસ્પર સંબંધ રચાય છે, તેને આધારે સમાસના મુખ્ય ચાર પ્રકાર પડે છે.



## 10.5 કેવલ અને અવ્યવીભાવ સમાસ

### કેવલ સમાસ

*જેમાં અવ્યયીભાવ આદિ વિશેષ સંજ્ઞાનો ઉલ્લેખ ન હોય ત્યારે તેને કેવલ સમાસ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રથમ સમાસ છે.*

### અવ્યવીભાવ સમાસ

*જે અવ્યય ન હોય તેનો અવ્યય થઈ જવો તેને અવ્યવીભાવ સમાસ કહે છે. આ અર્થ જ આ સમાસને સમજવાની એક ચાવી છે. અવ્યવીભાવ સમાસમાં બે પદો રહેલા છે.*

*આ સમાસમાં પ્રથમ શબ્દ વિશેષ કરીને અવ્યય રૂપે રહેલો હોય છે અને બીજો શબ્દ સંજ્ઞા સ્વરૂપે રહેલો હોય છે. આ બંને મળીને સંજ્ઞા થઈ જાય છે. કોઈ અવ્યવીભાવ સમાસમાં રૂપ હોતા નથી. અંતિમ શબ્દ નપુંસકલિંગના એકવચનમાં જેવું રૂપ હોય છે તેવું જ રૂપ અવ્યવીભાવ સમાસનું પણ બનવા પામે છે. વળી, આ જ રૂપ નિત્ય રહે છે.*

*જેમ, કે, -*

यथाकामः – यथाकामम् – *જેટલી ઈચ્છા હોય એટલું જ*

यथाकामम् *માં બે શબ્દો આવેલા છે.* 1. यथा, *અને* 2. काम

*આમાં પ્રથમ શબ્દ પ્રધાન છે અને બંને મળીને એક અવ્યય થાય છે.*

*એવી જ રીતે,*

यथाशक्ति

अन्तर्गिरि

उपगङ्गाम्

## 10.6 કેવલ સમાસ- વ્યાકરણસિદ્ધાંતકૌમુદીના પદસૂત્રો

**सूत्र ६४७. समर्थः पदविधिः ( २.१.१. )**

**पदसम्बन्धी यो विधिः स समर्थाश्रितो बोध्यः ।**

### અનુવાદ

*પદ સબંધી વિધિ સમર્થ પદોની હોય છે.*

### વ્યાખ્યા

*એક પદનું બીજા પદ સાથે સમસ્ત થવું (ભેગું થવું) એ પદવિધિ છે. વિધિ એવા પદોની હોય છે જેમની વચ્ચે પરસ્પર સામર્થ્ય હોય છે. એટલે કે જેમની વચ્ચે પરસ્પર એકબીજા સાથે સમસ્ત થવાની યોગ્યતા હોય ત્યાં એવા પદોની સમર્થ પદવિધિ થાય છે.*

*હવે પ્રશ્ન થાય કે સામર્થ્ય એટલે શું? આને સમજીએ એ પૂર્વે સામર્થ્યના પ્રકારોને સમજીએ. સામર્થ્યના બે પ્રકાર છે. 1. વ્યપેક્ષા અને 2. એકાર્થીભાવ.*

*1. વ્યપેક્ષા- આકાંક્ષા, યોગ્યતા અને સન્નિધિને કારણે પદોનો પરસ્પર સંબંધ રહેલો હોય છે. જેમ કે,* राज्ञः पुरुषः ।

1. *અહીં 'राज्ञः' (રાજાનું) એમ કહેવાથી અર્થ પૂર્ણ નથી થતો. આથી અહીં કોઈ બીજા પદ એટલે કે पुरुषः' વગેરેની આકાંક્ષા રહે છે.*
2. *અહીં* राज्ञः पुरुषः *એ બંને પદોની પરસ્પર એકબીજા સાથે સમસ્ત થવાની યોગ્યતા રહેલી છે.*
3. राज्ञः पुरुषः *— એ બંને પદોના ઉચ્ચારણકાળમાં વ્યવધાન એટલે કે અંતરાય પણ ન આવવો જોઈએ,એ અપેક્ષિત બની જાય છે. જો પદો બોલવામાં અંતરાય આવે તો પણ સંબંધ જળવાતો નથી.*

*અહીં 'राज्ञः' કહ્યા પછી તરત જ અટક્યા વિના અવિલમ્બિત સમયમાં જ 'पुरुषः' નું ઉચ્ચારણ થવું જોઈએ. આ પ્રકારે અહીં વ્યપેક્ષા રૂપ સામર્થ્ય થવાથી અહીં સમાસ બનવા પામે છે. વ્યપેક્ષા વાક્યમાં અંતર્નિહિત સ્વરૂપે રહેલ હોય છે. 'राज्ञः पुरुषः એક વાક્ય છે. જેમાં 'राज्ञः' અને 'पुरुषः' એ બંને પદો ઉપર જણાવેલ પ્રકારથી વ્યપેક્ષા સામર્થ્ય રાખે છે.*

*જ્યાં પદોમાં જ આકાંક્ષાનો અભાવ જણાય ત્યાં સમાસ ક્યાંથી સંભવે? અલબત્ત ત્યાં સમાસ થતો જ નથી. જેમ કે,- 'पश्य कृष्णं श्रितो राममित्रम् ।' આ પદનો 'पश्य' સાથે સમન્વય છે, તેનો 'श्रित' સાથે કોઈ સંબંધ નથી. અહીં 'कृष्णं' અને श्रित' આ બંને પદોનો પરસ્પર આકાંક્ષા સંબંધ જે હોવો જોઈએ એ આલોકાતો નથી. આથી અહીં વ્યપેક્ષા સામર્થ્યનું ન હોવું એ કારણથી જ બંને પદો સમસ્ત બનતા નથી.*

*આ જ પ્રમાણે 'ऋद्धस्य राज्ञः पुरुषः' વિગ્રહમાં પૂર્વ* राज्ञः पुरुषः *નું ષષ્ઠી તત્પુરુષ સમાસ થઈ જવાને કારણે પછીથી 'राजपुरुषः ' નો 'ऋद्धस्य ' ની સાથી કોઈ સમાસ થતો નથી. આમ છતાં, અહીં 'राज्ञः' નો સંબંધ પોતાના જ વિશેષણ 'ऋद्धस्य ' ની સાથે પણ છે તો પણ જ્યારે 'राज्ञः' પદ 'पुरुष' પદની સાથે સમસ્ત થઈ જાય છે ત્યારે તેનો ''ऋद्धस्य' ની સાથે સંબંધ રહેતો નથી.*

*આથી જે પદોમાં આકાંક્ષા, યોગ્યતા અને સન્નિધિનો સમન્વય સધાય ત્યાં જ એ પદોમાં સમાસ થાય છે.*

**2. એકાર્થીભાવ –**

*સામર્થ્યનો આ બીજો પ્રકાર છે. આમાં અલગ-અલગ પદોના અર્થોની એકસાથે ઉપસ્થિતિ થાય છે. એકાર્થીભાવ બધા જ પદોમાં આલેકાય છે. જેમ કે, - 'राजपुरुषः' આમાં* राज्ञः पुरुषः *— એ બંને પદો અલગ-અલગ છે. તેમનો અર્થ પણ અલગ-અલગ છે. પરંતુ, જ્યારે આ બંને પદોનો સમાસ થઈને 'राजपुरुषः' એવું એક સુબન્ત પદ*

બની જાય છે ત્યારે એ બંને પદોના અર્થોનો એકસાથે બોધ થાય છે. આને જ એકાર્થીભાવ સામર્થ્ય કહેવામાં આવે છે.

આ પ્રકારે વ્યપેક્ષા અને એકાર્થીભાવ રૂપથી સામર્થ્યથી યુક્ત પદોનો સમાસ થઈ જાય છે.

**सह सुपा ( सूत्र )**

આ સૂત્રમાં 'सुबामन्त्रिते पराङ्गवत्स्वरे' સૂત્રથી 'सुप् પદની અનુવૃત્તિ થાય છે. 'प्राक्कडारात्समासः' થી સમાસ પદની અનુવૃત્તિ થાય છે. ભટ્ટોજી દીક્ષિતના સૂત્ર 'समर्थः पदविधिः' થી સમર્થ પદની અનુવૃત્તિ કરીને તેનું તૃતીયાન્ત રૂપમાં વિપરિણામ થાય છે. 'प्रत्ययग्रहणे यस्मात्सविधिस्तदादेस्तदन्तस्य ग्रहणम्' આ પરિભાષા અનુસાર तदादि तदन्तविधि થવાથી 'सुबन्ततदादि समर्थ सुबन्ततदादि ની સાથે સમસ્ત થાય એવું સૂત્રાર્થ ફલિત થાય છે.

'सह सुपा' આ સૂત્રમાં 'સહ' એવો યોગવિભાગ કરવામાં આવે છે. આ યોગ વિભક્ત 'સહ' ભાગ सुबामन्त्रिते पराङ्गवत्स्वरे' થી सुप् ની અનુવૃત્તિ કરીને તથા વ્યાકરણસિદ્ધાંત કૌમુદીના 'સમર્થ પદવિધિ' સૂત્રથી સમર્થ પદની અનુવૃત્તિ અને તેનું તૃત્તિયાત્ત્વેન વિપરિણામ કરવાથી સુબન્ત પદ સમસ્તની સાથે સમસ્ત થાય એવો અર્થ કરવામાં આવે છે.

જો આ પ્રકારે યોગવિભાગ ન કરવામાં આવે તો 'पर्यभूषयत् 'अनुव्यचलत्' જેવા વૈદિક પ્રયોગોમાં સમાસ થાય છે. આવા વૈદિક પ્રયોગોની સિદ્ધિ માટે 'સહ' એવો યોગવિભાગ' કરવામાં આવે છે. આમ, યોગવિભક્ત 'सुपा' ભાગમાં 'सुबामन्त्रिते.' થી 'सुप्' ની અનુવૃત્તિ કરવાથી 'सुप्सुपा' એવું સૂત્રનું સ્વરૂપ સ્થિર થાય છે. પોતાના જ સૂત્રના 'સહ' એવા ભાગનો તેના પર પ્રભાવ બનેલો જ રહે છે.આથી અગાઉ કહ્યું તેમ – 'सुबन्ततदादि समर्थ सुबन्ततदादि' ની સાથે સમસ્ત થાય એવો સૂત્રાર્થ ફલિત થાય છે. ભૂતપૂર્વ વગેરે તેના અનેક ઉદાહરણ છે.

**1. भूतपूर्वः ( प्रयोग ) –**

पूर्व भूतः' આ લૌકિક વિગ્રહમાં તથા પૂર્વ अम्, भूत, सु આ લૌકિક વિગ્રહમાં 'सह सुपा' સૂત્રાંતર્ગત 'सुबन्ततदादि' समर्थ सुबन्ततदादि ની સાથે સમસ્ત થાય एतदर्थक 'सुप्सुपा' આ યોગવિભક્ત ભાગથી સમાસ થયો. 'धात्ववयव एवं प्रातिपदिकावयव सुप्' નો લુપ થાય. આ અર્થવાળા 'सुपो धातुप्रातिपदिकयोः'સૂત્રથી પ્રાતિપાદિક અવયવ अम्, તથા सु વિભક્તિનો લોપ થઈ ગયો છે. અહીં ભૂત અને પૂર્વ એમ બંને છે, આથી આ બંનેની ઉપસર્જન સંજ્ઞા અને સમાસમમ ઉપસર્જનનો પૂર્વપ્રયોગ કરવો જોઈએ.' આ અર્થવાળા 'उपसर्जन पूर्वम् આ સૂત્રથી પૂર્વ અને ભૂત -આ બંનેનો પૂર્વપ્રયોગ પ્રાપ્ત થાય છે. આના માટે નિર્ણયરૂપ યુકિતનો અભાવ જણાતા તેના કારણે અહીં विनिगमनाविरहः થઈ જાય છે. विनिगमनाविरहः નો પ્રત્યક્ષ અર્થ છે – બે માંથી કોઈ એક પ્રત્યે પક્ષપાત કરવાની યુક્તિનો અભાવ, કે જે અહીં ઉપસ્થિત

*છે. અહીં* सु *વિભક્તિ, તેને* रुत्व *અને વિસર્ગ કરવાથી* 'भूतपूर्वः' *પ્રયોગ સિદ્ધ થાય છે. અહીં પાણિનીના સૂત્ર* 'भूतपूर्वे चरट' *નો નિર્દેશ થવાથી ભૂત શબ્દનો પૂર્વનિપાત પણ થયો છે અને ત્યારબાદ પ્રતિપાદિક સંજ્ઞા થઈ છે.*

**३. इवेन समासो विभक्त्यलोपश्च –**

इव *ની સાથે સમર્થ સુબન્ત સમસ્ત થાય તથા વિભક્તિનો લોપ ન થાય' એવું વાર્તિકકાર જણાવે છે. જેના ઉદાહરણ છે-* जीमूतस्येव (सिद्धान्त कौमुदी), वागर्थाविव (सिद्धान्त कौमुदी) । 'जीमूतस्य इव' *આ લૌકિક વિગ્રહમાં પ્રસ્તુત વાર્તિકથી સમાસ થયો છે તેમજ* सुपो धातुप्रातिपदिकयोः' *થી પ્રતિપાદિક અવયવ* सुप् *અર્થાત્ જીમૂતની આગળની* ङस *વિભક્તિનો જે લોપ પ્રાપ્ત થયો હતો, તેનો અહીં નિષેધ થયો છે. આથી* 'जीमूतस्येव' *પ્રયોગ સિદ્ધ થયો છે.* 'वागर्था इव' *માં પણ આ જ વાર્તિકનો સમાસ કરવાથી તથા* 'औ' *વિભક્તિના લોપનો નિષેધ કરવાથી* 'वागर्था इव' *પ્રયોગ સિદ્ધ થાય છે.*

**सूत्र ६४८. प्राक्कडारातसमासः ( २.१.३ )**

**कडाराः कर्मधारये ( २.२.३८ ) इत्यतः प्राक् समास इत्यधिक्रियते ।**

**અનુવાદ**

'कडाराः कर्मधारये *આ પૂર્વ સુધી સમાસનો અધિકાર છે.*

**વ્યાખ્યા**

'कडाराः कर्मधारये *પાણિની કૃત અષ્ટાધ્યાયીના દ્વિતીય પાદનું અંતિમ સૂત્ર છે. આ સૂત્ર સુધીના દ્વિતીય અધ્યાયના બધા જ સૂત્રો સમાસ-વિધિ સાથે સંબંધ ધરાવે છે. આ સૂત્ર સમાસ-પ્રકરણની સીમાને નિર્ધારિત કરે છે.*

**सूत्र – ६४९. सह सुपा ( २.१.४ )**

**'सह' इति योगो विभज्यते । सुबन्तं समर्थेन सह समस्यते ।**
**योगविभागस्येष्टसिद्ध्यर्थत्वात्कतिपयतिङन्तोत्तर पदोऽयं समासः, स च छन्दस्येव ।**
**पर्यभूषयत् । अनुव्यचलत् 'सुपा' । सुप्सुपा यह समस्यते ।**
**समासत्वात्प्रातिपादिकत्वम् ।**

**અનુવાદ**

*આ સૂત્રમાં* 'सह'' *પદને* 'सुपा' *થી અલગ કરવામાં આવે છે.*

**વ્યાખ્યા**

*અહીં સુબન્તનો સમર્થ પદ સાથે સમાસ થાય છે. આ યોગવિભાગ* 'सह''' *પદને* 'सुपा' *થી અલગ કરવાનો છે. આથી આ યોગવિભાગ સપ્રયોજન છે. આથી કેટલાક ઉત્તરવર્તી તિઙન્ત પદોનો પૂર્વવર્તી સુબન્ત પદો સાથે સમાસ થઈ જાય છે. પરંતુ આ*

*વેદમાં જ થાય છે. જેમ કે-* पर्यभूषयत्, अनुव्यचलत् । *સૂત્રના બીજા પદ* 'सुपा' *નો અર્થ છે-સુબન્તનો સુબન્તની સાથે સમાસ થાય છે. સમાસ થવાથી તેની પ્રાતિપાદિક સંજ્ઞા થાય છે.*

*અહીં સૂત્રને બે ભાગમાં વિભાજીત કરેલ છે. પ્રથમ ભાગનો અર્થ છે- સુબન્ત પદનો સમર્થની સાથે સમાસ થાય છે. સૂત્રનું વિભાજન પણ પ્રયોજનપૂર્વકનું છે. આ વિભાગોના આધારે જ આપણે સુબન્ત પદોનો તિઙન્ત પદો સાથે સમાસ કરી શકીએ છીએ, પરંતુ આ બધું વૈદિક પ્રયોગોમાં જ જોવા મળે છે.*

*યોગવિભાગમાં સૂત્રના બીજા ભાગનો અર્થ આ મુજબ છે — 'સુબન્ત પદનો સુબન્ત પદની સાથે સમાસ થવો.' આ અર્થ પ્રાયઃ લૌકિક સંસ્કૃતના સમસ્યમાન પદોમાં ચરિતાર્થ થાય છે.*

**सूत्र - ६५०. सुपो धातुप्रातिपदिकयोः ( २.४.७१ )**

**एतयोरवयवस्य सुपो लुकस्यात् । 'भूतपूर्वे चरट' ( सू. १९९९ ) इति निर्देशाद् भूतशब्दस्य पूर्वनिपातः । पूर्वभूतो भूतपूर्वः । 'इवेन सह समासो विभक्त्यलोपश्च' ( वा. १२३६ ,१३४१ ) । जीमूतस्येव ।**

**અનુવાદ**

*ધાતુ અને પ્રાતિપાદિકના અવયવભૂત 'સુપ' પ્રત્યયનો લોપ થાય છે.*

**વ્યાખ્યા**

*અહીં* 'भूतपूर्वे चरट' *આ નિર્દેશથી* 'भूत *શબ્દનો પૂર્વનિપાત થાય છે.* भूतपूर्वः- *જે પૂર્વે થઈ ચૂક્યું છે.* 'इव' *ની સાથે સુબન્તનો સમાસ થાય છે, પરંતુ અહીં વિભક્તિનો લોપ થતો નથી. જેમ કે-* जीमूतस्येव - *જીમૂતની સમાન. અહીં જીમૂત અર્થાત્ મેઘ.*

*સમાસના ત્રણ પ્રકારના ફળ હોય છે.*

1 *એકપદ બની જવું.*

2 *વિભક્તિનો લોપ થવો.*

3 *એકપદ બની જવાથી એકસ્વર થવો.*

'जीमूतस्येव ' *આ સમસ્ત પદમાં ષષ્ઠી વિભક્તિનો લોપ થયો નથી. લૌકિક વિગ્રહ* 'जीमूतस्य इव' *માં જે અવસ્થા હતી એ જ સમાસ થયા પછી પણ રહી. આથી આ એકપદ જણાતું નથી. અહીં સમાસ થઈ ગયા પછી પૂર્વ પદમાં ઉદાત્ત સ્વર આવી જાય છે. અહીં સ્વરમાં વિશેષતા આવી જવી એ સમાસનું ફળ છે.*

## 10.7 અવ્યવીભાવ સમાસ

અવ્યવીભાવ સમાસની સરળતમ વ્યાખ્યા એ છે કે- જે સમાસના પૂર્વપદમાં प्र, प्रति, अनु, यथा, स, निर्, अभि, उप વગેરે પૈકી કોઈ અવયવ આવેલો હોય અને એ જ અર્થ પ્રધાન બનતો હોય ત્યારે તેવા સમાસને અવ્યવીભાવ સમાસ તરીકે ઓળખવામાં આવે છે.

જેમ કે,- गङ्गायाः समीपम् = उपगङ्गम् । અહીં उप + गङ्गाम् = ગંગાની સમીપ એવા અર્થમાં પૂર્વપદમાં उप એવો અવયવ આવેલ છે. આથી उपगङ्गम् એવા સમાસને સાંભળતા જ 'ગંગાની નજીક' એવો અર્થ આપણને બોધ થાય છે. તેમાં સામીપ્યનો અર્થ પ્રાધાન્ય ભોગવે છે.

અવ્યવીભાવ સમાસની વ્યાખ્યા છે કે- पूर्वपदार्थप्रधानोऽव्यवीभावः । અર્થાત્ – જેમાં પૂર્વપદનો અર્થ પ્રાધાન્ય ભોગવતો હોય-એટલે કે મુખ્ય હોય તેને અવ્યવીભાવ સમાસ કહે છે.

આ સમાસનો યૌગિક અર્થ એવો થાય છે કે જે અવ્યય ન હોય એનો અવ્યય થવો. આ અર્થ જ વાસ્તવમાં આ સમાસની એક પ્રકારની ચાવી છે. અવ્યવીભાવ સમાસમાં બે પદો રહેલા છે. જેમાં પ્રથમ પદ સામાન્યતઃ અવ્યય રહે છે અને બીજું પદ સંજ્ઞા. આ બંનેનું સંયોજન થઈને જ અવ્યય બને છે. કોઈ પણ અવ્યવીભાવ સમાસમાં રૂપ હોતું નથી. અંતિમ શબ્દનું નપુંસકલિંગના એકવચનમાં જે રૂપ થાય છે તે જ રૂપ અવ્યવીભાવ સમાસનું થાય છે અને તે જ રૂપ નિત્ય રહે છે.

यथाकामः (काममनतिक्रम्य इति) यथाकामम् – જેટલી ઈચ્છા હોય એટલું જ. અહીં બે શબ્દો રહેલા છે. 1. यथा, 2. काम । આ બંને શબ્દોમાં પ્રથમ શબ્દ પ્રધાન છે. બંને મળીને એક અવ્યય થાય છે.

અવ્યવીભાવ સમાસ બનાવતા સમયે કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. જેમ કે, -

1. બીજા શબ્દનો અંતિમ વર્ણ જો દીર્ઘ હોય તો હ્રસ્વ કરવામાં આવે છે. જો અંતમાં 'ए' અથવા 'ऐ' હોય તો એ સ્થાને 'इ' 'ओ' અથવા 'औ' હોય તો એ સ્થાને 'उ' થઈ જાય છે. જેમ કે,- उप+ गङ्गा (गंगायाः समीपे) = उपगङ्गम् । આને નપુંસકલિંગ એકવચનમાં નિત્ય રાખવામાં આવે છે, આથી उपगङ्गम् । થાય છે.

અન્ય કેટલાક ઉદાહરણો,-

**उप + नदी ( नद्याः समीपे ) = उपनदि ।**

**उप + वधू ( वध्वाः समीपे )= उपवधु ।**

**उप + नौ ( नावः समीपे ) = उपनु ।**

2. अन्  *માં અંતમાં થનારી સંજ્ઞાઓ માં 'न्' પુલ્લિંગ અને સ્ત્રીલિંગમાં નિત્ય જ અને નપુંસકલિંગ માં ઈચ્છાનુસાર નિકાળી દેવામાં આવે છે. જેમ કે,-*

**उप + राजन् ( राज्ञः समीपे ) उपराज = उपराजम् ।**

**उप + सीमन् ( सीम्नः समीपे ) उपसीम = उपसीमम् ।**

3. *સંજ્ઞાઓના અંતમાં ક્યારેક ક્યારેક નિત્ય અને ક્યારેક ઈચ્છાનુસાર 'अ' જોડીને સંજ્ઞા અકારાંત બનાવવામાં આવતી હોય છે. સંજ્ઞા જો કોઈ વ્યંજનના અંતમાં હોય તો જ આ સંભવ છે. ઉદાહરણાર્થ* उप + सरित् (सरितः समीपे) उपसरितम/ उपसरित्

शरद्, विपाश्, अनस्, मनस्, उपानह्, दिव्, हिमवत्, दिश्, विश्, चेतस्, चतुर, तद्, यद्,

*વગેરેમાં 'अ' કારાન્ત અવશ્ય જોડી દેવામાં આવે છે.*

*જેમ કે, -*   उपशरदम्, उपदिशम्, अधिमनसम् ।

*અવ્યવીભાવ સમાસના વિગ્રહ સાથે ઉદાહરણો :*

1. उपगु = गवां समीपे
2. उपनदी = नद्याः समीपे
3. अनुविष्णाः = विष्णाः पश्चात्
4. उपवधू = वध्वाः समीपे
5. उपनौ = नावः समीपे

अन् *અંતવાળા પુંલ્લિંગ અને સ્ત્રીલિંગ શબ્દોના અન્ત્ય* न् *નો લોપ થાય છે અને નપુંસકલિંગ શબ્દોના અન્ત્ય* न् *નો વિકલ્પે લોપ થાય છે. જેના ઉદાહરણો નીચે પ્રમાણે છે.*

1. उप+सीमन् – उपसीमम् – सीमायाः समीपे
2. उप+चमन् – उपचर्मम् – चर्मणः समीपे
3. उप+राजन् – उपराजम् – राज्ञः समीपे
4. उप+ शरद् – उपशरदम् – शरदः समीपे
5. उप+गिरिः उपगिरि /उपगिरम् – गिरे समीपेम्
6. उप+दिशम् – उपदिशम्
7. उप + जरसम् – जरायाः (जरसः) समीपे

अक्षि  *(આંખ) ની* पूर्वे प्रति, पर, सम्, अनु *હોય તો* अक्षि  *ના* इ *નો લોપ થાય છે. દા.ત.*

1. प्रत्यक्षम् – अक्षवः /अक्षवोः पुरस्तात्
2. परोक्षम् – अक्ष्णः/अक्ष्णोः समीपे
3. समक्षम् – अक्ष्णः /अक्ष्णोः समीपे

*અવ્યયીભાવ સમાસના વિગ્રહ દ્વારા અવ્યયો કયો અર્થ સૂચવે છે, એ સ્પષ્ટ થઈ જાય છે. જેમ કે, -*

1. अधिहार- अधिहरि- हरौ इति (सप्तमी वि.)
2. अध्यात्मम् - आत्मनि इति *(આત્મામાં)*
3. अनुवनम् - वनस्य समीपम् *(સમીપ)* -
4. उपकूलम् - कूलस्य समीप (किनारा पासे)
5. समुद्रम् - मद्राणां समृद्धिः (समृद्धि)
6. दुर्यवनम् - यवनानां बुद्धिः व्यृद्धिः (नाश)
7. निर्मिक्षिकम् (निर्मक्षिकम्) - मक्षिकानाम् अभावः *(માખી રહિત)*
8. अतिहिमम् - हिमस्य अत्ययः *(શિયાળાની ઋતુ બાદ)*
9. अनुविष्णो विष्णोः पश्चात् *(વિષ્ણુની પાછળ)*

- *એવી જ રીતે* स *તેમજ* यथा *અવ્યય વિવિધ અર્થો આપે છે.*

1. सहरिः - हरेः सादृश्यम् *(હરિ જેવું,* -सादृश्यार्थ)
2. सचक्रम् - चक्रेण युगपत् *(યૌગપદ્ય- સમકાલિકતાના અર્થમાં)*
3. सानन्दम् आनन्देन सहितम् यथा स्यात् तथा
4. अनुरूपम् — रूपस्य योग्यम् (योग्यता)
5. यथाशक्ति— शक्तिम् अनतिक्रम्य यथा स्यात्

*(અનતિક્રમના અર્થમાં)*

अव्ययीभाव समास प्रकरणम्

**सूत्र - ६५१. अव्यवीभावः ( २.१.५ )**

**अधिकारोडयम् ।**

**અનુવાદ**

अव्यवीभावः (2.1.4) *આ સૂત્રનો* 'तत्पुरुषः' (2.1.22) *આ સૂત્ર સુધી અધિકાર છે.*

*વ્યાખ્યા*

*અષ્ટાધ્યાયીના 2/1/4 થી 2/1/22 સુધીના સૂત્રો દ્વારા કરવામાં આવેલા સમાસને અવ્યવીભાવ સમાસ કહે છે. સમાસ એક સામાન્ય સંજ્ઞા છે જેનો અર્થ છે સંક્ષેપ . તેના અવ્યવીભાવ, તત્પુરુષ, કર્મધારય, દ્વિગુ, દ્વંદ્વ અને બહુવ્રીહિ એવા વિભાગ છે.*

*અવ્યવીભાવ- જેમાં પૂર્વપદ અવ્યય હોય અને ઉત્તરપદ અનવ્યય હોય છે. પરંતુ સમસ્ત પદ અવ્યય થઈ જાય છે.*

*આ સમાસમાં પૂર્વપદ અવ્યયની પ્રધાનતા રહેલી હોય છે.*

**सूत्र- ६५२. अव्ययं विभक्तिसमीपसमृद्धिव्यृद्धियर्थाभावात्ययासम्प्रतिशब्दप्रादुर्भावपश्चाद्यथानुपूर्व्य-यौगपद्यसादृश्यसम्पत्तिसाकल्यान्तवच-नेषु २।१।६।**

**'अव्ययम्' इति योगो विभज्यते। अव्ययं समर्थेन सह समस्यते, सोऽव्ययीभावः।**

**અનુવાદ**

*આ સૂત્રમાં 'अव्ययम् ' એ પદ ને 'विभक्ति..वचनेषु' એ પદથી અલગ કરવામાં આવે છે. જ્યારે અલગ કરવામાં આવે છે ત્યારે 'अव्ययम् ' એક અલગ સૂત્ર થઈ જાય છે, જેનો અર્થ છે- સમર્થ સુબન્તની સાથે અવ્યયનો સમાસ થાય છે. એ સમાસને અવ્યવીભાવ સમાસ કહે છે.*

**વ્યાખ્યા**

विभक्ति सामीप्य, समृद्धि,व्यृद्धि *(ઋદ્ધિનો અભાવ)*, अर्थाभाव, अप्रत्यय, असंप्रति *(વર્તમાન કાળમાં યુક્ત ન હોવું)*, शब्दप्रादुर्भाव *(પ્રસિદ્ધિ)*, पश्चात्, यथार्थ, आनुपूर्व्य, योगपद्य, सादृश्य, सम्पत्ति, साकल्य *અને* अन्त *આ અર્થોમાંથી કોઈ પણ અર્થમાં વર્તમાન અવ્યયનો સમર્થ સુબન્ત સાથે સમાસ થાય છે.*

*આ સૂત્રમાં બે પદ છે.* 1. अव्ययम् २. विभक्ति...वचनेषु I *આ બંને પદોને અલગ-અલગ (યોગવિભાગ) કરવાથી બે સૂત્ર બનશે.* 1.अव्ययम् 2. विभक्ति...वचनेषु I *જેમાં* 'अव्ययम्'*ને અલગ સૂત્ર માની લેવાનું પરિણામ એ છે કે વિભક્તિ વગેરે અર્થોથી ભિન્ન અર્થોમાં પણ અવ્યવીભાવ સમાસ થઈ શકે છે. જેમ કે,* दिशयोमध्ये अपदिशम् I*અહીં વિભક્તિ વગેરે અર્થોમાંથી કોઈ અર્થ ન હોવા છતાં પણ અવ્યવીભાવ સમાસ થયો છે.*

**सूत्र - ६५३. प्रथमानिर्दिष्टं समास उपसर्जनम् ( १.२.४३ )**

**समासशास्त्रे प्रथमानिर्दिष्टम् उपसर्जनसंज्ञ स्यात्।**

**અનુવાદ**

*અહીં સમાસવિધાયક સૂત્રમાં જે પદનો પ્રથમ વિભક્તિમાં નિર્દેશ થયો હોય તેના દ્વારા વિગ્રહ વાક્યમાં રહેલ જે પદનો બોધ થાય તેની ઉપસર્જન સંજ્ઞા થાય છે.*

**વ્યાખ્યા**

'अव्ययं विभक्ति' (२.१.६) *– આ સૂત્રમાં 'અવ્યય' પદનો પ્રથમા વિભક્તિમાં નિર્દેશ થયેલો છે. સૂત્રના પ્રથમાન્ત પદમાં અલૌકિક વિગ્રહ વાક્યમાં* 'अधि' *અવ્યયનો બોધ થાય છે, આથી* 'अधि' *ને ઉપસર્જન કહે છે અને ઉપસર્જન થવાથી એ સમાસનો પ્રથમ અવયવ થાય છે.*

**सूत्र – ६५४. उपसर्जनं पूर्वम् २।२।३०।**

**समासे उपसर्जनं प्राक् प्रयोज्यम् ।**

**અનુવાદ**

*સમાસમાં ઉપસર્જન સંજ્ઞક પદને પ્રથમ રાખવું જોઈએ.*

**વ્યાખ્યા**

*વિગ્રહ વાક્યમાં જેને ઉપસર્જન કહેવામાં આવે છે એ જ સમાસમાં પ્રથમ અવયવ બની જાય છે.* अधिहरि *ના અલૌકિક વિગ્રહ વાક્ય* - 'हरि ङि अधि' *માં ઉપસર્જનસંજ્ઞક* अधि *ને સમાસમાં પ્રથમ રાખવામાં આવે છે.*

**सूत्र – ६५५. एकविभक्तिचापूर्वनिपाते १।२।४४।**

**विग्रहे यन्नियतविभक्तिकं तदुपसर्जनसंज्ञं स्यात्, न तु तस्य पूर्वनिपातः ।**

**અનુવાદ**

*વિગ્રહ વાક્યમાં જે પદની વિભક્તિ નિયત હોય છે, અર્થાત્ અનેક પ્રકારે વિગ્રહ કરવા છતાં પણ જે પદની વિભક્તિમાં કોઈ જ પરિવર્તન આવતું નથી એ પદની ઉપસર્જન સંજ્ઞા થાય છે, પરંતુ તેનો પૂર્વ પ્રયોગ થતો નથી.*

**વ્યાખ્યા**

*ઉપર કહ્યું તેમ* 'प्रथमानिर्दिष्टं समास उपसर्जनम्' (१.२.४३) *થી ઉપસર્જન સંજ્ઞા થવા પર* 'उपसर्जनं पूर्वम्' २।२।३०। *થી ઉપસર્જન સંજ્ઞક પદોનો પૂર્વપ્રયોગ થાય છે, પરંતુ પ્રસ્તુત સૂત્ર* 'एकविभक्ति चापूर्वनिपाते' १।२।४४। *થી જે પદની ઉપસર્જન સંજ્ઞા થઈ હોય એનો પૂર્વ પ્રયોગ થતો નથી. જેમ કે,-* **निष्कौशाम्बिः** *આ પદનો વિગ્રહ અનેક રીતે થાય છે.* निष्क्रान्तं कौशाम्ब्याः, निष्क्रान्तेन कौशाब्याः *...વગેરે. અહીં પૂર્વપદ* निष्क्रान्त *નો અનેક વિભક્તિમાં પ્રયોગ થયેલો છે. ઉત્તરપદ નિયત વિભક્તિક છે. આથી તેની ઉપસર્જક સંજ્ઞા થાય છે, પરંતુ તેનો પૂર્વપ્રયોગ થતો નથી.*

**सूत्र – ६५६. गोस्त्रियोरूपसर्जनस्य ( १.२.४८ )**

**उपसर्जनं यो गोशब्दः स्त्रीप्रत्ययान्तं च तदन्तस्य प्रातिपदिकस्य ह्रस्वः स्यात्**
**'अव्ययीभावश्च' ( सू. ४५१ ) इत्यव्यत्वम् ।**

**અનુવાદ**

*ઉપસર્જન જે ગો શબ્દ અને સ્ત્રીપ્રત્યયાન્ત શબ્દ તદંત પ્રાતિપાદિકને હ્રસ્વ થાય તો* 'अव्ययीभावश्च' (सू. ४५१) *થી આ અવ્યવીભાવ સમાસની અવ્યય સંજ્ઞા છે.*

**વ્યાખ્યા**

*જે પ્રાતિપદિકને અંતે ઉપસર્જન સંજ્ઞક ગો શબ્દ અથવા ઉપસર્જન સંજ્ઞક કોઈ સ્ત્રીપ્રત્યયાન્ત શબ્દ હોય એ શબ્દના અંત્ય સ્વરનો હ્રસ્વ થઈ જાય છે. ઉદા. તરીકે*

चित्रगुः. अतिमालः । *આ બંનેની ઉપસર્જક સંજ્ઞા બને છે. અહીં* चित्रगुः.. *અને* अतिमालः *ના લૌકિક વિગ્રહો* — चित्राः गावः *અને* अतिकान्तो मालाम् *માં* गावः *અને* मालाम् *પદોના વિગ્રહમાં હંમેશા નિયતવિભક્તિક હોવાથી તેની ઉપસર્જન સંજ્ઞા થાય છે.*

*આ જ રીતે 'अतिमालः' ના અલૌકિક વિગ્રહ* 'अति सु माला अम्' *માં ઉપસર્જન સંજ્ઞક સ્ત્રી પ્રત્યયાંત* 'माला'

*ના અંત્ય આકાર નો હ્રસ્વ અકાર થઈને* अतिमालः *રૂપ બને છે.*

**सूत्र – ६५७. नाव्ययीभावादतोऽम्त्वपञ्चम्याः ( २.४.८३ )**

**अदन्तादव्ययीभावात्सुपो न लुक्, तस्य तु पञ्चमी विना अमादेशश्च स्यात् ।**
**दिशयोर्मध्येऽपदिशम् ।'क्लीबाव्ययं त्वपदिशं दिशोर्मध्ये विदिक् स्त्रियाम् ।'**
**इत्यमरः ।**

**અનુવાદ**

*અદંત અવ્યયીભાવથી અલગ* सुप् *નો લોપ થતો નથી. તેના સ્થાને* अम् *આદેશ થાય છે, જો કે પંચમી વિભક્તિને બાદ કરીને થાય છે.*

**વ્યાખ્યા**

*આ સૂત્ર અદંત અવ્યયીભાવથી અલગ સુપ પ્રત્યયનો લોપ અને સુપને સ્થાને અમાદેશ કરે છે. જેમ કે,* - अपदिशम् *। તેના સ્થાને* अम् *આદેશ થાય છે, જો કે પંચમી વિભક્તિને બાદ કરીને થાય છે.* अपदिशम् *-બે દિશાઓની મધ્યે. અમરકોશ અનુસાર 'अपदिशम्' નો અર્થ 'બે દિશાઓની વચ્ચે' એવો થાય છે. આ અવ્યય છે અને તેનો પ્રયોગ નપુંસક લિંગમાં થાય છે.*

**सूत्र ६७८. अन्यपदार्थे च संज्ञायाम् ( २.१.२१ )**

**अन्यपदार्थ विद्यमानं सुबन्तं नदीभिः सह नित्यं समस्यते संज्ञायाम् । विभाषाधि-कारेऽपि वाक्येन संज्ञानवगमादिह नित्यसमासः । उन्मत्तगङ्गं नाम देशः। लोहितगङ्गम् ।**

**અનુવાદ**

*અન્ય પદના અર્થમાં વિદ્યમાન સુબન્તનું નદી વાચક સુબન્ત સાથે સમસ્ત થવાથી નિત્ય સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

अन्यपदार्थे च संज्ञायाम् (२.१.२१) *સૂત્ર વિભાષાના અધિકારમાં આવે છે. આ સૂત્રમાં કરેલ સમાસ સુબન્તના પક્ષમાં વિગ્રહ વાક્યમાં હોવો જોઈએ, પરંતુ થતો નથી. કેમ કે, સમસ્ત પદ સંજ્ઞાનું બોધક છે. જો કે એક આખું પદ કોઈ સંજ્ઞાનો બોધ કરાવતું હોવું જોઈએ. જો કે 'વિભાષા' નો અધિકાર થવાને કારણે પક્ષમાં વાક્ય હોય તો પણ વાક્યમાં સંજ્ઞાનો બોધ થતો નથી. આથી અહીં નિત્ય સમાસ છે.* उन्मत्तगङ्ग- *કોઈ*

*દેશનું નામ જો આપણે વાક્યમાં તેને વિગૃહિત કરીએ તો તે સંજ્ઞા બોધક રહેતું નથી. આથી ઈષ્ટ-સિદ્ધિ માટે આપણે એ સૂત્રથી વિહિત સમાસને નિત્ય માનીએ છીએ.*

## 10.8 તમારી પ્રગતિ ચકાસો

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો**

1. *સમાસના પ્રકાર કેટલા છે? કયા કયા?*

2. *કેવલ સમાસની વ્યાખ્યા આપો.*

3. *અવ્યવીભાવ સમાસ ઉદાહરણ સાથે સમજાવો.*

4. अन्यपदार्थे च संज्ञायाम् (२.१.२१) *સૂત્ર સમજાવો.*

5. नाव्ययीभावादतोऽम्त्वपञ्चम्याः (२.४.८३ ) *સૂત્ર સમજાવો.*

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો**

1. गोस्त्रियोरूपसर्जनस्य (१.२.४८) *સૂત્ર અનુવાદ સહ સમજાવો.*

2. समर्थः पदविधिः (२.१.१.) *સૂત્ર સમજાવો.*

3. नाव्ययीभावादतोऽम्त्वपञ्चम्याः (२.४.८३ ) *સૂત્ર સમજાવો.*

4. सह सुपा (२.१.४) *સૂત્ર સમજાવો.*

5. *સમાસનો અર્થ આપી કેવલ સમાસની વ્યાખ્યા આપો.*

## 10.9 સંદર્ભ સાહિત્ય

| क्रम | ग्रन्थनाम | लेखक | व्याख्याकार | प्रकाशक |
|---|---|---|---|---|
| 1. | वैयाकरण सिद्धान्त कौमुदी | भट्टोजिदीक्षित | गोपाल दत्त | चौखम्भा सुर भारती |
| 2. | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य | भीमसेन शास्त्री | भैमी प्रकाशन, लाजपत नगर, दिल्ली | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य |
| 3. | परम लघु मंजूषा | नागेश भट्ट | भीमसेन शास्त्री | चौखम्भा सुर भारती चौखम्भा सुर भारती |

**અધ્યયન સામગ્રી**

| क्रम | ग्रन्थनाम | लेखक | व्याख्याकार | प्रकाशक |
|---|---|---|---|---|
| 1. | वैयाकरण सिद्धान्त कौमुदी | भट्टोजिदीक्षित | गोपाल दत्त | चौखम्भा सुर भारती |
| 2. | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य | भीमसेन शास्त्री | | भैमी प्रकाशन, लाजपत नगर, दिल्ली |
| 3. | समास संदर्शिका | डा. बालगोविन्द झा | | चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी |
| 4. | *સંસ્કૃત વાક્ય સંરચના* | | | *વસંતકુમાર મનુભાઈ ભટ્ટ* |
| 5. | *--ગુજરાતી ભાષા સૌંદય -----* | -------- | *ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર* | *ગુજરાતી ભાષા સૌંદય* |
| 6. | *ગુજરાતી વ્યાકરણ* | *ડૉ. ભરત કુમાર ઠાકર* | *એમ. કે. મદ્રાસી શબ્દલોક પ્રકાશન, અમદાવાદ* | *ગુજરાતી વ્યાકરણ* |

**લેખક : ડૉ. જગદીશભાઈ એચ. પટેલ આસિસ્ટન્ટ પ્રોફેસર,**
**શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કોલેજ, કપડવંજ**

# એકમ : 11 : સમાનાધિકરણ તત્પુરુષ સમાસ

## રૂપરેખા


11.0 ઉદ્દેશો

11.1 પ્રસ્તાવના

11.2 એકમનું વિષયવસ્તુ

11.2.1 તત્પુરુષ સમાસની વ્યાખ્યા અને ભેદ

11.2.2 સમાનાધિકરણ તત્પુરુષ સમાસની વ્યાખ્યા અને ભેદ

11.2.3 તત્પુરુષ સમાસના સૂત્રો (685 થી 698 સુધી)

11.3 તમારી પ્રગતિ ચકાસો

11.4 સંદર્ભ સાહિત્ય


## 11.0 ઉદ્દેશો

- *સૂત્રની વ્યાખ્યા, પ્રયોગસિદ્ધિ અને સહાયક સૂત્રોના વર્ણનથી સંબંધિત તત્પુરુષ સમાસના પેટાપ્રકાર સમાનાધિકરણ તત્પુરુષ સમાસના આ એકમમાં વિદ્યાર્થીઓ આ એકમનું અધ્યયન કરીને તત્પુરુષ સમાસ અને તેના ભેદને સારી રીતે સમજી શકે એ હેતુથી તેના ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ સ્વયં પ્રવાહિત કરી શકશે.*
- *તત્પુરુષ સમાસ કોને કહે છે? તેની ઓળખ કેવી રીતે કરવી? વગેરે અંગે વિદ્યાર્થીઓ આ એકમનો અભ્યાસ કર્યા પછી સરળતાથી સમજી શકશે.*
- *વ્યાકરણસિદ્ધાંત કૌમુદીમાં સમાનાધિકરણ તત્પુરુષ સમાસના ભેદો વિશે ભટ્ટોજી દીક્ષિત દ્વારા જણાવેલ સૂત્રોને સરળતાથી સમજી શકશે.*
- *તત્પુરુષ સમાસ અંતર્ગત સમાનાધિકરણ તત્પુરુષ સમાસની પરિભાષાને સહજતાથી સમજી શકશે*
- *તત્પુરુષ સમાસના પ્રકારો અને પેટા પ્રકારોને સરળતાથી સમજી શકશે.*

## 11.1 પ્રસ્તાવના

*તત્પુરુષ સમાસના સમાનાધિકરણ તત્પુરુષ સમાસ ભેદને સમજવા માટે વ્યાકરણસિદ્ધાંત કૌમુદીમાં ભટ્ટોજી દીક્ષિતે આપેલ વ્યાખ્યા, સૂત્રો અને ઉદાહરણો દ્વારા સમાનાધિકરણ તત્પુરુષ સમાસને સરળ રીતે તેનું સ્વરૂપ રજૂ કરી સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આથી આ એકમમાં વિદ્યાર્થી તત્પુરુષ સમાસને અને તેના ભેદોને સરળ રીતે સમજી શકે એવી રીતે સૂત્રોને ઉદાહરણ સહ રજૂ કરવામાં આવ્યા છે.*

*તત્પુરુષ સમાસનો આરંભ* 'तत्पुरुषः' *સૂત્રથી થાય છે. વાસ્તવમાં અગત્યની બાબત એ છે કે આ સમાસ તેના વ્યાધિકરણ નામના અન્ય સ્વરૂપે બીજા અનેક પ્રકારોમાં પણ*

*વિભાજીત છે. આ એક જ સમાસ એવો છે કે બધી જ વિભક્તિઓમાં બનનાર સમાસ છે. પરંતુ તેના અન્ય ભેદ અને વિભક્તિમાં બનતા સમાસને આના પછીના એકમમાં સમજીશું.*

## 11.2 એકમનું વિષયવસ્તુ

### 11.2.1 તત્પુરુષ સમાસની વ્યાખ્યા અને ભેદ

*'તત્પુરુષ' એ સ્વયં જ એક સામાસિક શબ્દ છે. જેના બે રીતે વિગ્રહ થાય છે.* 1. तस्य पुरुषः इति तत्पुरुषः । *અર્થાત્ તેનો પુરુષ.* 2. सः चासौ पुरुषः इति तत्पुरुषः । *અર્થાત્ તે આ પુરુષ.*

*પ્રથમ વિગ્રહમાં એક પદ ષષ્ઠી વિભક્તિમાં છે, જ્યારે બીજું પદ પ્રથમાં વિભક્તિમાં છે. આમ, બંને પદો જુદી-જુદી વિભક્તિમાં રહેલા છે. અહીં બંને પદો અલગ-અલગ વિભક્તિ અર્થાત્ અલગ-અલગ અધિકરણમાં રહેલા હોવાથી તેને 'વ્યાધિકરણ તત્પુરુષ' સમાસ કહે છે.*

*બીજા વિગ્રહમાં બંને પદ પ્રથમા વિભક્તિમાં રહેલા છે.એટલે કે સમાન અધિકરણમાં રહેલા છે.તેથી તેને 'સમાનાધિકરણ તત્પુરુષ' અથવા કર્મધારય' સમાસ કહે છે.*

*પૂર્વપદના સ્વરૂપના આધારે વૈયાકરણોએ તત્પુરુષ સમાસના નવ પ્રકાર પાડ્યા છે.* (1) *વિભક્તિ તત્પુરુષ* (2) *અલુક તત્પુરુષ* (3) *નજ તત્પુરુષ* (4) *પ્રાદિ તત્પુરુષ,* (5) *ગતિ તત્પુરુષ,* (6) *ઉપપદ તત્પુરુષ,* (7) *કર્મધારય,* (8) *દ્વિગુ અને* (9) *મધ્યમપદલોપી.*

*ઉપરના નવ પ્રકારોમાંથી દ્વિગુ અને ગતિ તત્પુરુષ એ બે વિશેષણ તરીકે વપરાતા નથી. બાકીના પ્રકારો પ્રાયઃ વિશેષણ તરીકે પ્રયોજાય છે.*

*આ સમાસનો સંસ્કૃત રચનાઓમાં વારંવાર પ્રયોગ થાય છે. એનાં બે પદોમાંથી પ્રથમ પદ પૂર્વપદ વિશેષણવાચક/વિશેષણનું કાર્ય કરનાર અને ઉત્તરપદ વિશેષ્યવાચક હોય ત્યારે તત્પુરુષ સમાસ બને છે.*

### 11.2.2 સમાનાધિકરણ તત્પુરુષ સમાસની વ્યાખ્યા અને ભેદ

*સમાનાધિકરણ તત્પુરુષ સમાસમાં બે પદ વચ્ચે વિશેષણ-વિશેષ્ય ભાવ સંબંધ હોય છે. કહેવાનો અર્થ એ છે કે એક પદ બીજા પદના અર્થને વિશેષ રીતે સ્પષ્ટ) કરે છે. જેમ કે,-* कृष्णः सर्पः कृष्णसर्पः । *અહીં બંને પદ સમાનાધિકરણ એટલે કે એક જ વિભક્તિમાં રહેલા છે. બંને પદ પ્રથમ વિભક્તિમાં છે. અહીં કૃષ્ણ એ વિશેષણ છે અને સર્પ એ વિશેષ્ય છે.*

*આ સમાનાધિકરણ તત્પુરુષ સમાસના ચાર પ્રકારો છે*

1 *વિશેષણ પૂર્વપદ સમાનાધિકરણ*

2 *ઉપમાન પૂર્વપદ સમાનાધિકરણ*

3 *ઉપમાન ઉત્તરપદ સમાનાધિકરણ*

*4 વિશેષણ ઉભયપદ સમાનાધિકરણ*

*આ ચારેય પ્રકારોની વિગતે સમજૂતીઃ*

**1 વિશેષણ પૂર્વપદ સમાનાધિકરણ**

*આ સમાસમાં પૂર્વપદ એ વિશેષણ અને ઉત્તરપદ એ 'વિશેષ્ય' હોય છે. અર્થાત્ ઉત્તરપદનું વિશેષણ એ પૂર્વપદ હોય છે. જેમ કે,-*

कृष्णसर्पः कृष्णः सर्पः

रक्तकमलम् – रक्तम् कमलम्

पीताम्बरम् – पीतम् अम्बरम्

*વિગ્રહ સાથે ઉદાહરણો*

1. महापुरुषः – महान् च असौ पुरुषः च ।
2. कृष्णसर्पः – कृष्णः च असौ सर्पः च ।
3. महोत्सवः – महान् च असौ उत्सवः च ।
4. श्वेतकृष्णः – श्वेतः च (असौ) कृष्णः च ।
5. पीतम्बरं – पीतं च तत् अम्बरं च ।
6. परमात्मा परमः च असौ आत्मा च ।
7. कुपुत्रः – कुत्सितः च असौ पुत्रः च ।
8. महानदी – महती च असौ नदी च ।

**2 ઉપમાન પૂર્વપદ સમાનાધિકરણ**

*જે સમાનાધિકરણ સમાસનાં બે પદોમાંથી પ્રથમ પદ એટલે કે પૂર્વપદ એ પછીના ઉત્તરપદનું ઉપમાન હોય ત્યારે રચાતા સમાસને ઉપમાન પૂર્વપદ સમાનાધિકરણ સમાસ કહે છે. એટલે કે આ સમાસમાં બીજા પદને પહેલા પદની ઉપમા આપી હોય છે.*

*વિગ્રહ સાથે ઉદાહરણો*

1. हिमशीतलम् – हिम इव शीतलम् ।
2. समुद्रगभीरः – समुद्रः इव गभीरः ।
3. चन्द्रसुन्दरः – चन्द्रः इव सुन्दरः ।
4. घनश्यामः - घनः इव श्यामः ।

**3 ઉપમાન ઉત્તરપદ સમાનાધિકરણ**

*જ્યારે સમાનાધિકરણ સમાસના બે પદોમાંથી પ્રથમ પદ એ ઉપમેય હોય અને બીજું પદ એટલે કે ઉત્તરપદ તેનું ઉપમાન હોય ત્યારે ઉપમાન ઉત્તરપદ સમાનાધિકરણ સમાસ બને છે.*

1. मुखचन्द्रः - मुखं चन्द्रः एव।।
2. मुखकमलम् – मुखं कमलम् एव।
3. पुरुषव्याघ्रः – पुरुषः व्याघ्रः एव
4. नरसिंहः – नरः सिंहः एव।
5. पादपद्मम् – पादः पद्मम् एव।
6. अधरपल्लवेः – अधरः पल्लवेः एव।

*આ સમાસની વિશેષતા એ છે કે 'एव'નો પ્રયોગ થાય ત્યારે ઉપમા અલંકાર બનતા રચાતો સમાસ 'ઉપમામૂલક 'સમાનાધિકરણ' સમાસ કહેવાય છે. અહીં બે પદો વચ્ચે જ્યારે 'एव'નો પ્રયોગ થાય ત્યારે આ 'एव'ને કારણે બન્ને વચ્ચેનો ભેદ નીકળી જતાં રૂપક અલંકાર બની જાય છે. જેમ કે, 'नरः एव सिंहः' તેથી આવા સમાસને ''રૂપમ મૂલક 'સમાનાધિકરણ' સમાસ કહેવાય છે.*

**4 વિશેષણ ઉભયપદ સમાનાધિકરણ**

*બે વિશેષણ પદોથી થતો કર્મધારય સમાસ વિશેષણ ઉભયપદ સમાનાધિકરણ સમાસ કહેવાય છે. એટલે કે આ સમાસમાં બન્ને પદો પૂર્વપદ અને ઉત્તરપદ બન્ને વિશેષણરૂપે હોય છે.*

**વિગ્રહ સાથે ઉદાહરણો :**

1. शुक्लकृष्णः – शुक्लः च असौ कृष्णः च।
2. कृष्णसारङ्ग – कृष्णः च असौ सारङ्गः च।
3. सुरभिशीतलम् - सुरभिः च तद् शीतलम् च।
4. शीतमधुरम् – शीतं च तद् मधुरं च।
5. स्नातानुलिप्तः – स्नातः च अनुलिप्तः च।
6. कृताकृतम् – कृतं च तत् अकृतं च।

**11.2.3 તત્પુરુષ સમાસના સૂત્રો (685થી 698 સુધી)**

**सूत्र – तत्पुरुषः ( २.१.२२ )**

**अधिकारोऽयम्, प्राग्बहुव्रीहेः।**

**અનુવાદ**

*બહુવ્રીહિ સમાસની પૂર્વ સુધી તત્પુરુષ સમાસનો અધિકાર છે.*

**વ્યાખ્યા**

तत्पुरुषः (२.१.२२ ) *થી લઈને* शेषो बहुव्रीहिः *સુધી જે સમાસ વિધાયક સૂત્ર છે એમાં તત્પુરુષનો અધિકાર છે. અર્થાત્ એ સૂત્રોમાં જે સમાસ થાય છે તે તત્પુરુષ સમાસ કહેવાય છે.*

## सूत्र – द्विगुश्च ( २.१.२३ )

**द्विगुरपि तत्पुरुषसंज्ञः स्यात् । इदं सूत्रं त्यक्तुंशक्यम् । संख्यापूर्वो द्विगु श्चेति पठित्वा चकारबलेन संज्ञाद्वयसमावेशस्य सुवचत्यात् । समासान्ताः प्रयोजनम् ।**

**અનુવાદ**

*દ્વિગુ સમાસની પણ તત્પુરુષ સંજ્ઞા થાય છે.*

**વ્યાખ્યા**

*આ સૂત્રમાં* तत्पुरुषः (૨.૧.૨૨ ) *થી તત્પુરુષ સમાસની અનુવૃત્તિ આવે છે.*

*આથી ઉપરોક્ત સૂત્ર અનાવશ્યક છે.* 'संख्यापूर्वो द्विगुः' (૨.૧.૫૨) *આ સૂત્રમાં* 'च' *જોડી દેવાથી આ સૂત્ર દ્વારા દ્વિગુ અને તત્પુરુષ સંજ્ઞા પણ થઈ જાય છે. દ્વિગુની તત્પુરુષ સંજ્ઞા કરવાનું પ્રયોજન છે- સમાસાંત* 'टच्' *આદિ પ્રત્યયોનું વિધાન* पञ्चराजम् – *પાંચ રાજાઓનો સમૂહ. અર્થાત્ ભટ્ટોજી દીક્ષિત જણાવે છે કે આ સૂત્ર અનાવશ્યક છે.* 'संख्यापूर्वो द्विगुः' (૨.૧.૫૨)*માં* 'च' *જોડી દેવાથી દ્વિગુ અને તત્પુરુષ એમ બંને સંજ્ઞાઓનો સમાવેશ થઈ જાય છે. આ સૂત્રની દ્વિગુ સમાસની તત્પુરુષ સંજ્ઞા થઈ જાય છે. આથી અન્ય સૂત્રની આવશ્યકતા જ રહેતી નથી. દ્વિગુની તત્પુરુષ સંજ્ઞા કરવાનું પ્રયોજન છે-* टच् *પ્રત્યયનું વિધાન.*

## सूत्र – द्वितीया श्रितातीतपतितगतात्यस्तप्राप्तापन्नैः ( २.१.२४ )

**द्वितीयान्तं श्रितादिप्रकृतिकैः सुबन्तैः सह वा समस्यते, स तत्पुरुषः । कृष्णं श्रितः कृष्णश्रितः । दुखमतीतो दु:खातीत इत्यादि ।**

**અનુવાદ**

*દ્વિતીયાન્ત પદના* श्रित, अतीत, पतित, गत, अत्यस्त, प्राप्त *અને* आपन्न *-નો સુબન્ત રૂપોની સાથે વિકલ્પથી સમાસ થાય છે અને તેની 'તત્પુરુષ' એવી સંજ્ઞા થાય છે.* कृष्णंश्रितः *-કૃષ્ણને પ્રાપ્ત,* दुखातीतः *-દુ:ખથી અતીત.*

**વ્યાખ્યા**

*ઉપરોક્ત સૂત્રમાં દ્વિતીયાન્ત પદના પદના* श्रित, अतीत, पतित, गत, अत्यस्त, प्राप्त *અને* आपन्न *-વગેરેનો સુબન્ત રૂપોની સાથે વિકલ્પથી સમાસ થાય છે એમ જણાવ્યું છે. 'દ્વિતીયા' શબ્દથી દ્વિતીયાન્તનું ગ્રહણ કરવું કરવું જોઈએ. અહીં ઉપર આપેલા સ્ત્રીલિંગવાચી સુબન્તો સાથે દ્વિતીયાન્ત પદનો સમાસ થાય છે. અહી, સુપનો લોપ થઈને રુત્વ, તેમજ વિસર્ગ કરવાથી* कृष्णं श्रितः *રૂપ તૈયાર થાય છે.*

*આ રીતે* 'दुखातीतः' *આ વિગ્રહમાં પ્રસ્તુત સૂત્રથી સમાસ અને અન્ય કાર્ય કરવાથી* दुखातीतः' *એવો પ્રયોગ સિદ્ધ થાય છે.*

कृष्णं श्रितः

*લૌકિક વિગ્રહ* कृष्णं श्रितः I अलौकिक विग्रह– कृष्ण अम् श्रित सु I

*અહીં* **द्वितीया श्रितातीतपतितगतात्यस्तप्राप्तापन्नैः ( २.१.२४ )***સૂત્રથી* द्वितीयान्त कृष्णम् *નો* 'श्रित' *ની સાથે સમાસ.* 'कृत्तद्धित' १/२/४६ *થી પ્રતિપાદિક સંજ્ઞા થઈ.* 'सुपो धातु' २/४/७१ *થી* सुप् *પ્રત્યયો અર્થાત્* अम् *અને* सु *પ્રત્યયોનો લોપ થઈને* कृष्णश्रित *થવા પામ્યું.*

दुखातीतः

*લૌકિક વિગ્રહ* दुःखम् अतीतः अलौकिक विग्रह– दुःख अम् अतीत सु I

*અહીં* द्वितीया श्रितातीतपतितगतात्यस्तप्राप्तापन्नैः (२.१.२४) *સૂત્રથી* द्वितीयान्त दुःखम् *નો* अतीत *ની સાથે સમાસ થયો છે.* 'कृत्तद्धित' १/२/४६ *થી પ્રતિપાદિક સંજ્ઞા થઈ.* 'सुपो धातु' २/४/७१ *થી* सुप् *પ્રત્યયો અર્થાત્* अम् *અને* सु

*પ્રત્યયોનો લોપ થઈને :* दुःखम् अतीत *થવા પામ્યું.*

## सूत्र - खट्वा क्षेपे

**खटवाप्रकृतिकं द्वितीयान्तं त्तान्तप्रकृतिकेन सुबन्तेन समस्यते निन्दायाम् । खटवारूढो जाल्मः । नित्यसमासोऽयम् । न हि वाक्येन निन्दाऽवगम्यते ॥**

**અનુવાદ**

*દ્વિતીયાંત* खट्वा *નો સુબન્ત ક્તાન્ત વગેરેની સાથે સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

निन्दा *નો અર્થ ગમ્ય રહેવા પર દ્વિતીયાંત* खट्वा *નો સુબન્ત ક્તાન્ત વગેરેની સાથે સમાસ થાય છે. બ્રહ્મચારી વેદાદિ શાસ્ત્રોનો અધ્યેતા પૃથ્વી પર ન બેસીને ખાટ્લા પર બેઠો છે, આ તેની નિંદા પ્રતીયમાં છે, આથી આ કાર્યમાં વિચાર કરવાનો આવતો નથી. વિદ્યા સમાપ્ત કર્યા પછી ગૃહસ્થ ધર્મમાં પ્રવેશ કર્યા પછી ખાટલા પર બેસવાની ઈચ્છા થઈ આવે તો ખાટ્લા પર બેસી જવું જોઈએ, અન્યથા નહીં. અહીં* जाल्म *નો અર્થ વિચાર કર્યા વિના કાર્ય કરવું એવો થાય છે. અહીં સમાસથી જ નિંદા ગમ્યમાન છે. આથી અહીં વાક્યથી નિંદાની પ્રતીતિ ન થતી હોવાથી નિત્ય સમાસ તુલ્ય આ સમાસ છે.*

## सूत्र - कालाः

**त्तेनेत्येव । अनत्यन्तसंयोगार्थं वचनम् । मासप्रमितः । मासं परिच्छेत्तुमारब्धवानित्यर्थः ।**

**અનુવાદ**

*કાલવાચી દ્વિતીયાંત પદનો ક્ત પ્રત્યયાન્ત સુબન્ત સાથે સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*આ સૂત્રમાં કાલવાચી દ્વિતીયાંત પદનો ક્ત પ્રત્યયાન્ત સુબન્ત સાથે સમાસ થાય છે કે જ્યાં નજીકનો સંયોગ સંબંધ ન હોય. જેમ કે માસપ્રમિતમાં પ્રતિપદ તિથિના ચંદ્રમાં મહિનાનો નિયામક છે.*

*આ સૂત્રમાં* 'द्वितीयाश्रितातीत.' *આ સૂત્રથી* 'द्वितीया' *તથા* 'स्वयं क्तेन' *સૂત્રથી* 'क्तेन' *પદની અનુવૃત્તિ થાય છે.* 'सुपा' *ની અનુવૃત્તિ તથા 'વિભાષા' નો અધિકાર પણ આવે છે. આ રીતે* कालवाचक प्रकृतिक द्वितीयान्त-तदादि क्त *પ્રત્યયાંત પ્રકૃતિક સમર્થ સુબન્ત તદાદિ સાથે નિત્યરૂપે સમસ્ત થાય એવો જ સૂત્રાર્થ ફલિત થાય છે. ઉદાહરણ તરીકે-* 'मासप्रमितः'

प्र- *ઉપસર્ગપૂર્વક* मा *ધાતુ થી* 'आदिकर्मणि क्तः कर्तरि च' *સૂત્રથી* क्त- *પ્રત્યય કરવાથી* 'प्रमितः' *બને છે.* 'मासं प्रमितः' *આ વિગ્રહમાં* मास अम् *આ કાળવાચક પ્રકૃતિક* द्वितियान्त-तदादि प्रमित सु *આ* क्त *પ્રત્યયાન્ત પ્રકૃતિક સુબન્તની સાથે* 'कालाः' *સૂત્રથી સમસ્ત થાય છે.* समासत्वात् 'सुपो धातुप्रातिपदिकयोः' *થી પ્રાતિપદિક અવયવ* सुप् *નો લોપ થઈ ગયો છે તેમજ ફરીથી સમુદાયથી* सु *વિભક્તિ* रुत्व *અને વિસર્ગ કરવાથી* 'मासप्रमितः' *આ પ્રયોગ સિદ્ધ થાય છે.*

### सूत्र- अत्यन्तसंयोगे च

### काला इत्येव । अत्त्यन्तार्थं वचनं मुहूर्तं सुखं मुहूर्तसुखम् ।

**અનુવાદ**

*અત્યંત સંયોગમાં કાળવાચક સુબન્તનો સુબન્તથી ભિન્ન સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*આ સૂત્રમાં* 'द्वितीया श्रितातीत. *થી દ્વિતીયા પદની તથા* 'कालाः' *સૂત્રથી* 'कालाः' *પદની અનુવૃત્તિ થાય છે.* 'सह सुपा' *થી* 'सुपा' *પદની અનુવૃત્તિ તેમજ 'વિભાષા' નો અધિકાર પણ આવી જાય છે.* 'अत्यन्तसंयोग' *રહેવાથી કાળવાચક પ્રકૃતિક દ્વિતીયાન્ત સમર્થ સુબન્તની સાથે વિકલ્પથી સમસ્ત થઈને તે તત્પુરુષ સંજ્ઞક થઈ જાય છે. આ સૂત્રાર્થ ફલિત થાય છે.* 'काला' *સૂત્રથી ક્ત-પ્રત્યયાંત સુબન્તની સાથે જ કાળવાચક દ્વિતીયાંતનો સમાસ થતો હતો તેમજ એ પણ અત્યંત સંયોગમાં થતો હતો. જો કે, આ સૂત્રથી થનાર સમાસની બે વિશેષતા છે. એક તો અત્યંત સંયોગમાં સમાસનું વિધાન કરવામાં આવે છે તેમજ બીજી વિશેષતા એ છે કે સુબન્તમાત્રની સાથે સમાસ થાય છે, ક્ત પ્રત્યયાન્ત પ્રકૃતિક સુબન્ત સાથે નહીં. જેમ કે,* -मूहूर्तसुखम् ।

मूहूर्तसुखम् । *આ વિગ્રહમાં* मूहूर्त +अम् + सु *નો આ જ સૂત્રથી તત્પુરુષ સમાસ થયો. જેનો અર્થ થાય છે મુહૂર્ત સુધી રહેનાર સુખ. આ રીતે અહીં અત્યન્ત સંયોગ છે.*

**सूत्र - तृतीया तत्कृतार्थेन गुणवचनेन ( २.१.३० )**

**तत्कृतेति लुप्ततृतीयाकम् । तृतीयान्तं तृतीयान्तार्थकृतगुणवचनेनार्थशब्देन**

**च सह प्राग्वत् ।**

**शङ्कुलया खण्डः शङ्कुलाखण्डः । धान्येनार्थो धान्यार्थः । तत्कृतेति किम् ।**

**अक्ष्णा काणः ॥**

**અનુવાદ**

*તૃતીયાન્ત સ્વાર્થકૃત ગુણવાચક પ્રકૃતિક સમર્થ સુબન્ત અને અર્થશબ્દપ્રકૃતિક સુબન્ત વગેરેની સાથે સમસ્તથાય તેમજ એ સમાસ તત્પુરુષસંજ્ઞક થાય.*

**વ્યાખ્યા**

*આ સૂત્રમાં તત્પુરુષનો અધિકાર આવી જાય છે. 'સુપા' વગેરેની અનુવૃત્તિ પણ થાય છે. સૂત્રનો અર્થ છે કે તૃતીયાન્ત સ્વાર્થકૃત ગુણવાચક પ્રકૃતિક સમર્થ સુબન્ત અને અર્થશબ્દપ્રકૃતિક સુબન્ત વગેરેની સાથે સમસ્તથાય તેમજ એ સમાસ તત્પુરુષસંજ્ઞક થાય.' જેમ કે,-* शङ्क लाखण्डः, धन्यार्थः /

' शङ्क या खण्डः' *આ વિગ્રહમાં* शङ्कुला *'ટા' ખંડ 'સુ' નો આ જ સૂત્રથી તત્પુરુષ સમાસ થાય છે.* समासत्वात् प्रातिपदिकावयव सुप् *નો લોપ થાય છે. અહીં* ' शङ्कुलया' *આ તૃતીયાન્ત આદિ છે તથા સમુદાયથી વિભક્તિ, ઋત્વ, અને વિસર્ગ કરવાથી* शङ्कुलाखण्डः *એવું સિદ્ધ થાય છે. આથી અહીં સમાસ થાય છે.*

**सूत्र - पूर्वसदृशसमोनार्थकलहनिपुणमिश्ररलक्षणैः ( २.१.३१ )**

**तृतीयान्तमेतैः प्राग्वत् । मासपूर्वः । मातृसदृशः । पितृसमः । ऊ नार्थे । माषोनं कार्षापणम् । माषविकलम् । वाक्कलहः । आचारनिपुणः । गुडमिश्रः । आचारश्लक्ष्णः । मिश्रग्रहणे सोपसर्गस्यापि ग्रहणम् । मिश्र चानुपसर्गमसन्धावित्यत्रानुपसर्गग्रहणात् । गुडसंमिश्रा धानाः ॥ अवरस्योपसंख्यानम् ॥ मासेनावरो मासावरः ॥**

**અનુવાદ**

पूर्व, सदृश, सम्, ऊनार्थ, कलह, निपुण मिश्र, श्लक्ष्ण-- *આ શબ્દોમાં તૃતીયાન્તનો સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

पूर्व, सदृश, सम्, ऊनार्थ, कलह, निपुण मिश्र, श्लक्ष्ण-*આ શબ્દોમાં તૃતીયાન્તનો સમાસ થાય છે.*

मासपूर्वः - *માસથી પહેલા,* मातृसदृशः — *માતા સમાન,* पितृसमः — *પિતા સમાન,* ऊनार्थे - *એક માસ પરિમાણ વાળું કાર્ષાપણ.* माषविकलम् — *માસથી ઓછું,* वाक्कलहः -*વાણીથી કલહ,* आचारनिपुणः — *આચારથી નિપુણ,* गुडमिश्रः — *ગોળથી મિશ્રિત,* आचारश्लक्ष्णः — *આચારથી નિપુણ.* मिश्रग्रहणे सोपसर्गस्यापि ग्रहणम् — *મિશ્રને ગ્રહણ કરવાથી સોપસર્ગ મિશ્ર શબ્દને પણ ગ્રહણ કરવો જોઈએ.* मिश्रग्रहणे सोपसर्गस्यापि ग्रहणम् *આ સૂત્રથી અનુપસર્ગ ગ્રહણ કરવામાં આવે છે.* गुडसंमिश्रा धानाः — *ગોળથી મિશ્રિત ધાન્ય. સૂત્રમાં 'અવર' શબ્દને પણ ગ્રહણ કરવો જોઈએ.* मासावरः — *માસથી પૂર્વ.*

मिश्रग्रहणे इति l पूर्वसदृश. (२.१.३१) *આ સૂત્રથી 'મિશ્ર' શબ્દનો પ્રયોગ થયો છે. તેનો અર્થ થાય છે- મિશ્ર શબ્દનો તૃતીયાન્તની સાથે સમાસ થાય છે, પરંતુ જો મિશ્ર શબ્દ ઉપસર્ગથી યુક્ત હોય અને સંમિશ્ર વગેરે હોય તો પણ તૃતીયાન્તની સાથે તેનો સમાસ થાય છે. આમાં* 'मिश्रञ्चानुपसर्गमसन्धौ' (६.२.१५४ *આ સૂત્ર જ્ઞાપક છે. આ સૂત્ર અનુસાર તૃતીયા સમાસમાં ઉત્તરપદ મિશ્ર અન્તોદાત્ત થાય છે. પરંતુ જો તે ઉપસર્ગયુક્ત હોય તો તે અન્તોદાત્ત થતો નથી.*

*હવે અહીં વિચારવા જેવી બાબત એ છે કે જો મિશ્ર કહેવાથી ઉપસર્ગ મિશ્રનું ગ્રહણ ન થાય તો 'મિશ્રમ' એ ઉપસર્ગથી 'અનુપસર્ગ' કહેવો વ્યર્થ થઈ જાય છે. કેમ કે,* 'सत्यां प्राप्तौ निषेधः' *આ નિયમથી પ્રાપ્તિ થવા છતાં પણ નિષેધ જ રહે છે. પ્રાપ્તિ હોવા છતાં નિષેધ વ્યર્થ છે. આ પ્રકારે મિશ્ર શબ્દથી સંમિશ્ર વગેરે ઉપસર્ગયુક્ત મિશ્રના અન્તોદાત્તની પ્રાપ્તિ થવા છતાં પણ તેનો નિષેધ કર્યો છે.*

**सूत्र - कर्तृकरणे कृता बहुलम् ( २.१.३२ )**

**कर्तरि करणे च तृतीया कृदन्तेन बहुलं प्रागवत् । हरिणा त्रातो हरित्रातः । नखैर्भिन्नो नखभिन्नः ॥ नखभिन्नः ॥ कृग्रहणे गतिकारकपूर्वस्यापि ग्रहणम् ॥ नखनिर्भिन्नः । कर्तृकरणे इति किम् । भिक्षाभिरुषितः । हेतावेषा तृतीया । बहुलग्रहणं सर्वोपाधिव्यभिचारार्थम् । तेन दात्रेण लूनवानित्यादौ न । कृता किम् ।**

**काष्ठैः पचतितराम् ॥**

**અનુવાદ**

*કર્તા અને કરણમાં જો તૃતીયા, તદંત પદનો કૃદંતની સાથે પહેલાની જેમ વિકલ્પથી તત્પુરુષ સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*કર્તા અને કરણમાં જો તૃતીયા, તદંત પદનો કૃદંતની સાથે પહેલાની જેમ વિકલ્પથી તત્પુરુષ સમાસ થાય છે. જેમ કે,*

हरित्रात — *હરિથી રક્ષિત*

नखभिन्नः — *નખથી ભિન્ન કરેલ.*

*'કૃત' ને ગ્રહણ કરવાથી ગતિપૂર્વ અને કારકપૂર્વ કૃદંતનું પણ ગ્રહણ થઈ જાય છે.* नखभिन्नः *— નખોથી ભિન્ન કરેલું.*

*સૂત્રમાં* 'कर्तृकरणे' *નું શું પ્રયોજન છે?* भिक्षाभिरुषितः *— ભિક્ષા માટે રહ્યો. અહીં ?* भिक्षाभिः *માં હેતુ-તૃતીયા છે. સૂત્રમાં* बहुलग्रहणं *બધી જ ઉપાધિઓ માટે વ્યભિચાર હેતુ છે. આથી* दात्रेण लूनवान् *વગેરેમાં સમાસ થયો નથી.*

*સૂત્રમાં* 'कृता' *એમ કેમ કહ્યું ?* काष्ठैः पचतितराम् *માં સમાસ થયો નથી.*

**વ્યાખ્યા —**

कृद् ग्रहण इति l 'कर्तुकरणे कृता बहुलम् (२.१.३२) *આ સૂત્રમાં* 'कृता' *નો અર્થ થાય છે કૃદંતની સાથે.* 'समासप्रत्ययविधौ तदन्तविधिप्रतिषेधः' *આ નિયમથી ગતિપૂર્વ અને કારકપૂર્વ કૃદંતનો સમાવેશ થઈ શકતો નથી. આથી* 'कृता' *નો અર્થ શુદ્ધ કૃદંત જ થઈ શકે.*

'नखनिर्भिन्नः' *માં ગતિપૂર્વ કૃદંતની સાથે તૃતીયા સમાસ કરવા માટે પરિભાષા સૂત્રની રચના થઈ છે.* 'क्रुद्ग्रहणे गतिकारकपूर्वस्यापि ग्रहणम्' *અર્થાત્ જ્યાં સૂત્રમાં 'કૃતા' નો પ્રયોગ થયો છે ત્યાં શુદ્ધ કૃદંતની સાથે-સાથે ગતિપૂર્વ અને કારકપૂર્વ કૃદંતને પણ ગ્રહણ કરવું જોઈએ.*

'कर्तुकरणे कृता बहुलम् (२.१.३२) *આ સૂત્રમાં* 'कर्तु करणे' *નો સમાવેશ કેમ કરવામાં આવ્યો છે? આના ઉત્તરમાં કહી શકાય કે જો સૂત્રમાં* 'कर्तु करणे' *નો સમાવેશ ન થાય તો હેતુ આદિ અન્ય અર્થોમાં પણ તૃતીયા સમાસ થઈ જતો. જેમ કે,-* 'भिक्षाभिरुषितः' *— આ વાક્યમાં હેતુ તૃતીયા છે. આ વાકયનો અર્થ છે ભિક્ષા માટે રહ્યો. જો આ સૂત્રમાં* 'कर्तु करणयोः' *આ નિયમ ન હોત તો પણ અહીં સમાસ થઈ જાય. આવી જગ્યાએ તૃતીયા સમાસનું નિવારણ કરવા માટે સૂત્ર માં* कर्तु करणयोः' *નો સમાવેશ કરવામાં આવ્યો છે.*

**सूत्र - कृत्यैरधिकार्थवचने ( २.१.३३ )**

**स्तुतिनिन्दाफलकमर्थवादवचनमधिकार्थवचनं तत्र कर्तरि करणे च तृतीया कृत्यैः सह प्राग्वत् । वातच्छेद्यं तृणम् । काकपेया नदी ॥**

**અનુવાદ**

*જ્યાં સ્તુતિ અને નિન્દાના સૂચક અતિશયોક્તિ ગર્ભિત પદોનો પ્રયોગ થાય ત્યાં કર્તા અને કરણમાં તૃતીયાન્ત પદનો કૃત્યપ્રત્યયાન્તની સાથે સમાસ થાય છે.* **वातच्छेद्यं तृणम्** *— ઘાસને વાયુ પણ કાપી શકે છે.* **काकपेया नदी** *— આ જલપૂર્ણ નદી છે. કાગડો પણ આ જળ પી શકે છે.*

**વ્યાખ્યા**

*અહીં આ સૂત્રમાં કહ્યું છે કે જ્યાં સ્તુતિ અને નિન્દાના સૂચક અતિશયોક્તિ ગર્ભિત પદોનો પ્રયોગ થાય ત્યાં કર્તા અને કરણમાં તૃતીયાન્ત પદનો કૃત્યપ્રત્યયાન્તની સાથે સમાસ થાય છે.* वातच्छेद्यं तृणम् — *ઘાસને વાયુ પણ કાપી શકે છે.* काकपेया नदी — *આ જલપૂર્ણ નદી છે. કાગડો પણ આ જળ પી શકે છે.*

वातच्छेद्यं इति । 'वातच्छेद्यं तृणम् — *આ વાક્યમાં સ્તુતિ અને નિન્દા આ બંને આલોકાય છે. 1. તૃણ અર્થાત્ ઘાસ કોમળ હોય છે, આથી તેને વાયુ પણ કાપી શકે છે. આ તૃણની પ્રશંસા છે.*

*2. તૃણ દુર્બળ છે તેથી તેને વાયુ પણ કાપી શકે છે. અહીં તૃણની નિન્દા છે.*

*એવી જ રીતે* काकपेया नदी – *1. આ જળથી ભરેલી નદી છે. આથી તટે નિવાસ કરતા કાગડા પણ તેનું પાણી પી શકે છે. અહીં નદીની પ્રશંસા છે.*

*2. આ નદીમાં પાણી અલ્પ માત્રામાં છે. આથી તેના પાણીથી કાગડા પણ તૃપ્ત થઈ શકે છે. આમાં નદીની નિંદા છે.*

### सूत्र - अन्नेन व्यञ्जनम् ( २.१.३४ )

**संस्कारकद्रव्यवाचकं तृतीयान्तमन्नेन प्राग्वत् । दघ्ना ओदनो दध्योदनः इहान्तर्भूतोपसेकक्रियाद्वारा सामर्थ्यम् ॥**

**અનુવાદ**

*પાકેલી વસ્તુને સૂચિત કરનારા તૃતીયાન્ત શબ્દ ;અન્ન' નો અર્થના સૂચક શબ્દો સાથે સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*સૂત્રકાર જણાવે છે કે પાકેલી વસ્તુને સૂચિત કરનારા તૃતીયાન્ત શબ્દ ;અન્ન' નો અર્થના સૂચક શબ્દો સાથે સમાસ થાય છે. જેમ કે,-*

दध्योदनः — *દહીંથી ઉપસિક્ત ઓદન (દહીંથી પકવેલું અન્ન).*

*અહીં દહી અને ઓદનમાં ઉપસેચન ક્રિયા અંતર્ભૂત છે. દહી અને ઓદન આ બંને ક્રિયામાં સામર્થ હોવાને કારણે અહીં સમાસ બને છે.*

दघ्ना ओदनः - दध्योदनः । *અહીં* 'दघ्ना' *નો* 'ओदनः' *ની સાથે પ્રત્યક્ષ રીતે કોઈ જ સંબંધ જણાતો નથી.* 'दघ्ना' *અને* 'ओदनः' *ને પરસ્પર એકસાથે જોડવા માટે આપણે વિગ્રહ વાક્યમાં 'ઉપસિક્ત' નો અધ્યાહાર કરીએ છીએ ત્યારે જ આકાંક્ષાની પૂર્તિ થાય છે.*

*વાસ્તવમાં વિગ્રહ વાક્યમાં સમસ્ત પદમાં ઉપસેચન ક્રિયા વાચક પદનો પ્રયોગ નહીં થતો. તો પણ એનો અર્થ વિદ્યમાન રહે છે. આથી જ તેને 'અન્તર્ભૂત કહેલ છે.* 'दघ्ना ओदनः'*માં 'ઉપસિક્ત' શબ્દ નથી તો પણ તેનો અર્થ વિદ્યમાન છે. આથી જ* 'दध्योदनः' *આ સમસ્ત પદની નિષ્પત્તિ થાય છે.*

**सूत्र – भक्ष्येण मिश्रीकरणम् ( २.१.३५ )**

**गुडेन धानाः गुडधानाः । मिश्रणक्रियाद्वारा सामर्थ्यम् ॥**

**અનુવાદ**

*ગોળથી મિશ્રિત ધાન્ય. અહીં મિશ્રણ ક્રિયા દ્વારા સામર્થ્ય રહેલું છે.*

**વ્યાખ્યા**

*એક કઠિન અન્ન વાચક શબ્દનો બીજા કઠિન અન્ન વાચક શબ્દ સાથે સમાસ થાય છે. આ બંનેમાં એક કઠિન અન્ન બીજા કઠિન અન્નથી મળીને સ્વાદ ઉત્પન્ન કરી શકે છે. જેમ કે, ગોળ એ એક કઠોર ખાદ્ય પદાર્થ છે, પરંતુ ધાન્ય સાથે ભળીને તેમાં સ્વાદની વિશેષતા લાવવાનું કામ કરે છે.*

'अन्नेन व्यञ्जनम् (२.१.३४) *અને* भक्ष्येण मिश्रीकरणम् (२.१.३५) *આ બંને સૂત્રોનું ક્ષેત્ર અલગ—અલગ છે. અન્ન અને વ્યંજન બંને કોમળ પદાર્થ છે, જ્યારે ભક્ષ્ય અને મિશ્રીકરણ (એટલે કે જેમાં ખાદ્ય પદાર્થ મિશ્રિત કરવામાં આવે છે તે) એ બંને કઠોર પદાર્થ છે.*

*મિશ્રણક્રિયા અને ગોળથી મિશ્રિત એ બંને અલગ-અલગ છે. બંનેને એકબીજા સાથે પ્રત્યક્ષ રીતે કોઈ સંબંધ નથી. આથી આ બંનેને ભેગા કરવા ત્રીજા પદની જરૂર પડે છે. જેમાં ગોળથી મિશ્રિત ધાન્ય એમ કહેવાથી આ વાક્યમાં યોજનાથી ત્રીજું પદ ભળી જતાં આકાંક્ષા પૂર્ણ થાય છે.*

## 11.3 તમારી પ્રગતિ ચકાસો

1. *તત્પુરુષ સમાસની વ્યાખ્યા આપી તેના પ્રકાર જણાવો.*
2. *સમાનાધિકરણ તત્પુરુષ સમાસ એટલે શું? તેના ભેદની ચર્ચા કરો.*
3. *સૂત્ર* - तत्पुरुषः (२.१.२२ ) अधिकारोऽयम्, प्राग्बहुव्रीहेः / *સૂત્ર સમજાવો.*
4. *સૂત્ર* – खट्वा क्षेपे *સમજાવો.*
5. *તત્પુરુષ સમાસ સંબંધિત કોઈ પણ બે સૂત્રો સમજાવો.*

1. *સમાનાધિકરણ તત્પુરુષ સમાસ કોને કહે છે?*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. *વૈયાકરણોએ તત્પુરુષ સમાસના કેટલા પ્રકાર જણાવ્યા છે?*

_______________________________________________
_______________________________________________
_______________________________________________

3. સમાનાધિકરણ તત્પુરુષ સમાસના પ્રકાર કેટલા છે? કયા કયા?

4. भक्ष्येण मिश्रीकरणम् (२.१.३५) સૂત્ર અનુવાદ સહ સમજાવો.

5. तत्पुरुषः (२.१.२२ )આ સૂત્ર અનુવાદસહ સમજાવો.

## 11.4 સંદર્ભ સાહિત્ય

१ श्रीभट्टोजिदीक्षितविरचित वैयाकरण सिद्धान्तकौमुदी–

| क्रम | ग्रन्थनाम | लेखक | व्याख्याकार | प्रकाशक |
|---|---|---|---|---|
| 1. | श्रीभट्टोजिदीक्षितविरचित वैयाकरण सिद्धान्तकौमुदी– | | | |
| 2. | लघु सिद्धान्त कौमुदी | वरदराजाचार्य | भीमसेन शास्त्री | भैमी प्रकाशन, लाजपत नगर, दिल्ली |
| 3. | परम लघु मंजूषा | नागेश भट्ट | भीमसेन शास्त्री | चौखम्भा सुर भारती |

**અધ્યયન સામગ્રી**

| क्रम | ग्रन्थनाम | लेखक | व्याख्याकार | प्रकाशक |
|---|---|---|---|---|
| 1. | वैयाकरण सिद्धान्त कौमुदी | भट्टोजिदीक्षित | गोपाल दत्त | चौखम्भा सुर भारती |

| | | | | |
|---|---|---|---|---|
| 2. | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य | भीमसेन शास्त्री | भैमी प्रकाशन, लाजपत नगर, दिल्ली | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य |
| 3. | समास संदर्शिका | डा. बालगोविन्द झा | | चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी |
| 4. | *સંસ્કૃત વાક્ય સંરચના* | *વસંતકુમાર મનુભાઈ ભટ્ટ* | | *સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ*-1 |
| 5. | *ગુજરાતી ભાષા સૌંદય* | ------- | -------- | *ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર* |
| 6. | *ગુજરાતી વ્યાકરણ* | *ડૉ. ભરત કુમાર ઠાકર* | | *એમ. કે. મદ્રાસી* |

**લેખક : ડૉ. જગદીશભાઈ એચ. પટેલ આસિસ્ટન્ટ પ્રોફેસર,**
**શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કોલેજ, કપડવંજ**

# એકમ : 12 : વ્યાધિકરણ તત્પુરુષ સમાસ અને અન્ય ભેદ

## રૂપરેખા

**12.0 ઉદ્દેશો**

**12.1 પ્રસ્તાવના**

**12.2 એકમનું વિષયવસ્તુ**

**12.2.1 વ્યાધિકરણ તત્પુરુષ સમાસની વ્યાખ્યા**

**12.2.2 વ્યાધિકરણ તત્પુરુષ સમાસના ભેદ**

**12.2.3 દ્વિતીયા વ્યાધિકરણ તત્પુરુષ સમાસ**

**12.2.4 તૃતીયા તત્પુરુષ સમાસ**

**12.2.5 ચતુર્થી તત્પુરુષ સમાસ**

**12.2.6 પંચમી તત્પુરુષ સમાસ**

**12.2.7 ષષ્ઠી તત્પુરુષ સમાસ**

**12.2.8 સપ્તમી તત્પુરુષ સમાસ**

**12.3 વ્યાધિકરણ તત્પુરુષ સમાસના સૂત્રો (687 થી 829)**

**12.4 તમારી પ્રગતિ ચકાસો**

**12.5 એકમ માટે સંદર્ભ સાહિત્ય**

## 12.0 ઉદ્દેશો

- *સૂત્રની વ્યાખ્યા, પ્રયોગસિદ્ધિ અને સહાયક સૂત્રોના વર્ણનથી સંબંધિત તત્પુરુષ સમાસના પેટાપ્રકાર વ્યાધિકરણ તત્પુરુષ સમાસના આ એકમમાં વિદ્યાર્થીઓ આ એકમનું અધ્યયન કરીને તત્પુરુષ સમાસ અને તેના ભેદને સારી રીતે સમજી શકે.*
- *સમાસનો અર્થ અને તેની પરિભાષા વિદ્યાર્થીઓ જાણે અને સમાસ અંગેનું જ્ઞાન મેળવે. આથી વિદ્યાર્થીઓ વ્યાકરણને સરળ રીતે સમજી શકે.*
- *વ્યાધિકરણ તત્પુરુષ સમાસ કોને કહે છે? તેની ઓળખ કેવી રીતે કરવી? વગેરે અંગે વિદ્યાર્થીઓ આ એકમનો અભ્યાસ કર્યા પછી સરળતાથી સમજી શકશે.*
- *વ્યાકરણસિદ્ધાંત કૌમુદીમાં વ્યાધિકરણ તત્પુરુષ સમાસના ભેદો વિશે ભટ્ટોજી દીક્ષિત દ્વારા જણાવેલ સૂત્રોને સરળતાથી સમજી શકશે.*

- *તત્પુરુષ સમાસ અંતર્ગત વ્યાધિકરણ તત્પુરુષ સમાસની વિશેષતાઓને સહજતાથી સમજી શકશે*
- *તત્પુરુષ સમાસના પ્રકારો અને પેટા પ્રકારોને સરળતાથી સમજી શકશે.*

## 12.1 પ્રસ્તાવના

*તત્પુરુષ સમાસના વ્યાધિકરણ તત્પુરુષ સમાસ ભેદને સમજવા માટે વ્યાકરણસિદ્ધાંત કૌમુદીમાં ભટ્ટોજી દીક્ષિતે આપેલ વ્યાખ્યા, સૂત્રો અને ઉદાહરણો દ્વારા વ્યાધિધિકરણ તત્પુરુષ સમાસને સરળ રીતે તેનું સ્વરૂપ રજૂ કરી સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આથી આ એકમમાં વિદ્યાર્થી તત્પુરુષ સમાસને અને તેના ભેદોને સરળ રીતે સમજી શકે એવી રીતે સૂત્રોને ઉદાહરણ સહ રજૂ કરવામાં આવ્યા છે.*

*તત્પુરુષ સમાસનો આરંભ* 'तत्पुरुषः' *સૂત્રથી થાય છે. વાસ્તવમાં અગત્યની બાબત એ છે કે આ સમાસ તેના વ્યાધિકરણ નામના અન્ય સ્વરૂપે બીજા અનેક પ્રકારોમાં પણ વિભાજીત છે. આ એક જ સમાસ એવો છે કે બધી જ વિભક્તિઓમાં બનનાર સમાસ છે. પરંતુ તેના અન્ય ભેદ અને વિભક્તિમાં બનતા સમાસને આપણે આ એકમમાં સમજીશું.*

## 12.2 એકમનું વિષયવસ્તુ

### 12.2.1 વ્યધિકરણ તત્પુરુષ સમાસની વ્યાખ્યા

*જે સમાસનો પ્રથમ શબ્દ પ્રથમ વિભક્તિ સિવાય કોઈ બીજી વિભક્તિમાં હોય તેને વ્યાધિકરણ તત્પુરુષ સમાસ કહે છે.*

*તત્પુરુષ સમાસ સ્વયં જ એક સામાસિક પદ છે. આથી તત્પુરુષ સમાસનો બે રીતે વિગ્રહ કરી શકાય.* 1. तस्य पुरुषः इति – तत्पुरुषः । *અર્થાત્ - તેનો પુરુષ,* 2. सः चासौ पुरुषः इति – तत्पुरुषः । *અર્થાત્ – તે આ પુરુષ. આ સમાસમાં બે પદ હોય છે. આ બે પદોમાંથી ઉત્તરપદ પ્રધાન હોય છે અને પૂર્વપદ ગૌણ હોય છે. આ સમાસમાં ઉત્તરપદના અર્થનું નિર્ધારિણ પૂર્વપદ કરે છે.* उत्तरपदार्थप्रधानस्तत्पुरुषः ।

*આ સમાસના પૂર્વપદના સ્વરૂપના આધારે વૈયાકરણોએ તત્પુરુષ સમાસના નવ પ્રકાર પાડ્યા છે.* (1) *વિભક્તિ તત્પુરુષ* (2) *અલુક તત્પુરુષ* (3) *નञ્ તત્પુરુષ* (4) *પ્રાદિ તત્પુરુષ,* (5) *ગતિ તત્પુરુષ,* (6) *ઉપપદ તત્પુરુષ,* (7) *કર્મધારય,* (8) *દ્વિગુ અને* (9) *મધ્યમપદલોપી.*

*આ નવ પ્રકારોમાંથી દ્વિગુ અને ગતિ તત્પુરુષ એ બે વિશેષણ તરીકે વપરાતા નથી. બાકીના પ્રકારો પ્રાયઃ વિશેષણ તરીકે પ્રયોજાય છે.*

*વળી, આ સમાસ અત્યંત પ્રચલિત સમાસ છે. આ સમાસનો સંસ્કૃત રચનાઓમાં વારંવાર પ્રયોગ થાય છે. એનાં બે પદોમાંથી પ્રથમ પદ પૂર્વપદ*

*વિશેષણવાચક/વિશેષણનું કાર્ય કરનાર અને ઉત્તરપદ વિશેષ્યવાચક હોય ત્યારે તત્પુરુષ સમાસ બને છે. પ્રથમ અને બીજા પદ વચ્ચે વિભક્તિનો સંબંધ હોય છે.*

### 12.2.2 વ્યધિકરણ તત્પુરુષ સમાસના ભેદ

*આપણા આ એકમમાં વ્યધિકરણ તત્પુરુષ સમાસ અને તત્પુરુષ સમાસના અન્ય ભેદ અંગે જોઈશું.*

*વ્યધિકરણ તત્પુરુષ સમાસના છ પેટાભેદ પડે છે. જેમ કે,*

- *દ્વિતીયા તત્પુરુષ સમાસ*
- *તૃતીયા તત્પુરુષ સમાસ*
- *ચતુર્થી તત્પુરુષ સમાસ*
- *પંચમી તત્પુરુષ સમાસ*
- *ષષ્ઠી તત્પુરુષ સમાસ*
- *સપ્તમી તત્પુરુષ સમાસ*

*આ પ્રકારના તત્પુરુષ સમાસના વિગ્રહવાક્યમાં જે-જે વિભક્તિવાળું પૂર્વપદ હોય, તે વિભક્તિને અનુસંગત વિભક્તિવાળો જ તત્પુરુષ સમાસ બને છે. કહેવાનો અર્થ એ છે કે દ્વિતીયા વિભકિત પૂર્વપદ, બીજા એક નામપદ કે જે કોઈ પણ વિભક્તિનું પદ હોય તો એ પદની સાથે જ્યારે સમાસ બને ત્યારે 'દ્વિતીયા તત્પુરુષ' એવા ભેદ સાથેનો સમાસ બને છે.*

### 12.2.3 દ્વિતીયા વ્યધિકરણ તત્પુરુષ સમાસ

*તત્પુરુષ અને 6. સપ્તમી તત્પુરુષ. આ પ્રકારના તત્પુરુષ સમાસીના વિગ્રહવાક્યમાં જે જે વિભક્તિવાળું પૂર્વપદ હોય, તે તે વિભક્તિવાળો તે તત્પુરુષ કહેવાય છે. એટલે કે, દ્વિતીયા વિભક્તિવાળુ પૂર્વપદ, બીજા એક નામપદ (કોઈપણ વિભત્યના પદ)ની સાથે સમાસ પામે ત્યારે તે 'દ્વિતીયા તત્પુરુષ' એવા ઉપભેદને પામે છે.*

*જ્યારે કોઈ પણ દ્વિતીયાન્ત પદનો* पतित, अतीत, गत, श्रित, अत्यस्त, प्राप्त, आपन्न, गमिन्, आगमिन्, बुभुक्षु, भाविन्, प्रस्थायिन्, प्रतिरोधिन्, प्रतियागिन्, प्रतियोधिन् अने प्रतियोगिन्

*– આ પૈકી કોઈ પણ શબ્દની સાથે જ્યારે સમાસ થાય છે ત્યારે તેને 'દ્વિતીયા તત્પુરુષ' સમાસ કહે છે. જેમ કે,-*

1. दुःखम् अतितः: । *(દુઃખથી મુક્ત થયેલો)* दुःखातीतः ।

2. भूमि पतितः । *(જમીન પર પડેલો)* भूमिपतितः ।

3. यौवनं प्राप्तः । *(યૌવનને પ્રાપ્ત કરેલો)* यौवनप्राप्तः ।

4. ग्रामं गतः । *(ગામમાં ગયેલ)* ग्रामगतः ।

5. ग्रामं ग्रमिन् । *( ગામમાં જનારો)* ग्रामगमी ।

6. अन्नं बुभुक्षुः । *(અન્નને ખાવાની ઈચ્છાવાળો)* अन्नबुभुक्षुः ।

7. वनं प्रस्थायी । *(વનમાં પ્રસ્થાન કરનારો)* वनप्रस्थायी ।

*દ્વિતીયા વિભક્તિના* 'खट्वा' *શબ્દનો ભૂતકાળવાચક* 'त' *પ્રત્યયાન્ત વિશેષણવાચક શબ્દની સાથે સમાસ થાય છે; પણ અહીં ધ્યાન રાખવું જોઈએ કે એ સમાસ ત્યારે જ થાય જ્યારે સમાસથી જો નિંદા રૂપી અર્થબોધ કરાવવો હોય, જેમકે,* खट्वाम् आरूढः *। (ખાટલા પર બેસેલ)* - खट्वारूढः शिष्यः *। ભારતીય સંસ્કૃતિના શિષ્ટાચાર મુજબ ગુરુના ઘરમાં શિષ્યે ખાટલા ઉપર ન બેસવું જોઈએ. પણ જો કોઈ બેસે તો તે નિંદનીય છે. આવા શિષ્યને માટે આ* खट्वारूढः *શબ્દ વપરાય છે.*

*કાલવાચક દ્વિતીયાન્ત પદનો બીજા એક નામપદની સાથે સમાસ થાય છે. જેમકે,* मुहूर्तंसुखम् (मुहूर्त- *એક મુહૂર્તનું સુખ)* → मुहूर्तसुखम् । मासम् अध्ययनम् *(મહિના સુધીનું અધ્યયન)* – मासाध्ययनम् ।

### 12.2.4 તૃતીયા તત્પુરુષ સમાસ

*'કર્તા' અર્થવાળા અને 'કરણ' અર્થવાળા અર્થવાળા તૃતીયાન્ત પદનો બીજા એક કૃદન્ત શબ્દની સાથે સમાસ થાય છે. આ સમાસની વિશેષતા એ છે કે પૂર્વપદમાં હંમેશાં તૃતીયાન્ત પદ રહેતું હોવાથી, આ સમાસને 'તૃતીયા તત્પુરુષ' કહે છે. જેમ કે,* हरिणा त्रातः । *(હરિથી રક્ષાયેલો) અહીં* हरिणा *માં કર્તરિ તૃતીયા છે. એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે કર્મણિ પ્રયોગમાં કર્તાને તૃતીયામાં મૂકાય છે. તેનો 'त' પ્રત્યયાંત 'त्रात' કર્મણિ ભૂતકૃદંતની સાથે સમાસ થાય છે –'* हरित्रातः *' ।*

*તૃતીયાન્ત પદનો ગુણવાચક શબ્દની સાથે સમાસ થાય છે, જો તે ગુણ તૃતીયાન્ત પદ વાચ્ય સાધનથી ઉત્પન્ન કરવામાં આવેલ હોય તો. જેમ કે,-* शकुलया खण्डः *।અર્થાત્ સૂડીથી કરેલ ટૂકડો. આથી તેનો સમાસ* शंकुलखण्डः*।*

### 12.2.5 ચતુર્થી તત્પુરુષ સમાસ

*જ્યારે તત્પુરુષ સમાસનો પ્રથમ શબ્દ ચતુર્થી વિભક્તિમાં આવે ત્યારે તેને ચતુર્થી તત્પુરુષ સમાસ કહે છે. 'કાર્ય' વાચક ચતુર્થના પદનો 'કારણ'વાચક નામપદની સાથે સમાસ થાય છે. જેમકે, ,* वस्त्राय तूलः इति *(વસ્ત્ર બનાવવા માટેનું રૂ)*- वस्त्रतूलः ।

*[તુર્થી વિભક્તિમાં અંતે રહેલા પદનો 'અર્થ' શબ્દની સાથે સમાસ થાય છે. જેમ કે,-* द्विजार्थः (ओदनः) – *'બ્રાહ્મણ માટે રાંધેલા ભાત'* 'द्विजाय अयम् ओदनः' *એવા વિગ્રહમાંથી* 'द्विजार्थः' *સમાસ બને છે.*

### 12.2.6 પંચમી તત્પુરુષ સમાસ

*જ્યારે તત્પુરુષ સમાસનો પ્રથમ શબ્દ પંચમી વિભક્તિમાં આવે ત્યારે તેને પંચમી તત્પુરુષ સમાસ કહે છે.* भय, भीति, भी, अपेत्, अपोढ, मुक्त पतित, अपत्रस्त *વગેરે*

*જેવા શબ્દોની સાથે પંચમી વિભક્તિથી સમાસ બને છે. જેમ કે, -* चोराद् भयम् इति चोरभयम् ।

अन्य, इतर *વગેરે શબ્દોની સાથે પણ પંચમી તત્પુરુષ સમાસ બને છે. જેમ કે, - -* ग्रामाद् निर्गतः इति ग्रामनिर्गतः ।

### 12.2.7 ષષ્ઠી તત્પુરુષ સમાસ

*જેનો પ્રથમ શબ્દ ષષ્ઠી વિભક્તિમાં હોય ત્યારે તેને ષષ્ઠી તત્પુરુષ સમાસ કહે છે. ષષ્ઠીના પદનો સંબંધવાચી નામપદની સાથે સમાસ થાય છે. જેમ કે, -* राज्ञः पुरुषः इति राजपुरुषः ।

### 12.2.8 સપ્તમી તત્પુરુષ સમાસ

*જેનું પ્રથમ પદ સપ્તમી વિભક્તિમાં રહેલું હોય તેને સપ્તમી તત્પુરુષ સમાસ કહે છે. નિંદા પ્રગટ થતી હોય ત્યાં સપ્તમીપદનો તત્પુરુષ સમાસ બને છે. જેમ કે, -* तीर्थे ध्वाक्षः इति तीर्थध्वांक्षः । *અર્થાત્ તીર્થસ્થાનમાં બેઠેલો કાગડો, તીર્થસ્થાનમાં નિવાસ કરવા છતાં પુણ્યકર્મ ન કરનાર)*

## 12.3 વ્યધિકરણ તત્પુરુષ સમાસના સૂત્રો (687 થી 829)

**सूत्र – ६८८ खट्वा क्षेपे**

**खटवाप्रकृतिकं द्वितीयान्तं त्क्तान्तप्रकृतिकेन सुबन्तेन समस्यते निन्दायाम् ।**

**खटवारूढो जाल्मः । नित्यसमासोऽयम् । न हि वाक्येन निन्दाऽवगम्यते ॥**

**અનુવાદ**

निन्दा*નો અર્થ હોય તો દ્વિતીયાંત* खट्वा *નો ક્તાન્ત સુબન્ત સાથે સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

निन्दा *નો અર્થ ગમ્ય રહેવા પર દ્વિતીયાંત* खट्वा *નો સુબન્ત ક્તાન્ત વગેરેની સાથે સમાસ થાય છે.*

*બ્રહ્મચારી વેદાદિ શાસ્ત્રોનો અધ્યેતા પૃથ્વી પર ન બેસીને ખાટ્લા પર બેઠો છે, આ તેની નિંદા પ્રતીયમાં છે, આથી આ કાર્યમાં વિચાર કરવાનો આવતો નથી. વિદ્યા સમાપ્ત કર્યા પછી ગૃહસ્થ ધર્મમાં પ્રવેશ કર્યા પછી ખાટલા પર બેસવાની ઈચ્છા થઈ આવે તો ખાટ્લા પર બેસી જવું જોઈએ, અન્યથા નહીં. અહીં* जाल्म *નો અર્થ વિચાર કર્યા વિના કાર્ય કરવું એવો થાય છે. અહીં સમાસથી જ નિંદા ગમ્યમાન છે. આથી અહીં વાક્યથી નિંદાની પ્રતીતિ ન થતી હોવાથી નિત્ય સમાસ તુલ્ય આ સમાસ છે.*

**सूत्र – ६९० कालाः**

**त्क्तेनेत्येव । अनत्यन्तसंयोगार्थं वचनम् । मासप्रमितः मासं परिच्छेत्तुमारब्धवानित्यर्थः॥**

**અનુવાદ**

કાલવાચી દ્વિતીયાંત પદનો ક્ત પ્રત્યયાન્ત સુબન્ત સાથે સમાસ થાય છે.

**વ્યાખ્યા**

આ સૂત્રમાં કાલવાચી દ્વિતીયાંત પદનો ક્ત પ્રત્યયાન્ત સુબન્ત સાથે સમાસ થાય છે કે જ્યાં નજીકનો સંયોગ સંબંધ ન હોય. જેમ કે માસપ્રમિતમાં પ્રતિપદ તિથિના ચંદ્રમાં મહિનાનો નિયામક છે.

આ સૂત્રમાં 'द्वितीयाश्रितातीत.' આ સૂત્રથી 'द्वितीया' તથા 'स्वयं क्तेन' સૂત્રથી 'क्तेन' પદની અનુવૃત્તિ થાય છે. 'सुपा' ની અનુવૃત્તિ તથા 'વિભાષા' નો અધિકાર પણ આવે છે. આ રીતે 'कालवाचक प्रकृतिक द्वितीयान्त–तदादि क्त પ્રત્યયાંત પ્રકૃતિક સમર્થ સુબન્ત તદાદિ સાથે નિત્યરૂપે સમસ્ત થાય એવો જ સૂત્રાર્થ ફલિત થાય છે. ઉદાહરણ તરીકે- 'मासप्रमितः'

प्र- ઉપસર્ગપૂર્વક मा ધાતુ થી 'आदिकर्मणि क्तः कर्तरि च' સૂત્રથી क्त- પ્રત્યય કરવાથી "प्रमितः' બને છે. 'मासं प्रमितः' આ વિગ્રહમાં मास अम् આ કાળવાચક પ્રકૃતિક द्वितियान्त–तदादि प्रमित सु આ क्त પ્રત્યયાન્ત પ્રકૃતિક સુબન્તની સાથે 'कालाः' સૂત્રથી સમસ્ત થાય છે. समासत्वात् 'सुपो धातुप्रातिपदिकयोः' થી પ્રાતિપદિક અવયવ सुप् નો લોપ થઈ ગયો છે તેમજ ફરીથી સમુદાયથી सु વિભક્તિ, रुत्व અને વિસર્ગ કરવાથી 'मासप्रमितः' આ પ્રયોગ સિદ્ધ થાય છે.

### सूत्र- ६९१ अत्यन्तसंयोगे च

### काला इत्येव । अत्तान्तार्थं वचनम् मुहूर्तं सुखं मुहूर्तसुखम् ॥

**અનુવાદ**

अत्यन्तसंयोग' માં કાળવાચક પ્રકૃતિક દ્વિતીયાન્ત સમર્થ સુબન્તની સાથે વિકલ્પથી સમસ્ત થઈને તે તત્પુરુષ સંજ્ઞક થઈ જાય છે.

**વ્યાખ્યા**

આ સૂત્રમાં 'द्वितीया श्रितातीत. થી દ્વિતીયા પદની તથા 'कालाः' સૂત્રથી "काला:' પદની અનુવૃત્તિ થાય છે. 'सह सुपा' થી 'सुपा' પદની અનુવૃત્તિ તેમજ 'વિભાષા' નો અધિકાર પણ આવી જાય છે. 'अत्यन्तसंयोग' રહેવાથી કાળવાચક પ્રકૃતિક દ્વિતીયાન્ત સમર્થ સુબન્તની સાથે વિકલ્પથી સમસ્ત થઈને તે તત્પુરુષ સંજ્ઞક થઈ જાય છે. આ સૂત્રાર્થ ફલિત થાય છે. 'काला' સૂત્રથી ક્ત-પ્રત્યયાંત સુબન્તની સાથે જ કાળવાચક દ્વિતીયાંતનો સમાસ થતો હતો તેમજ એ પણ અત્યંત સંયોગમાં થતો હતો. જો કે, આ સૂત્રથી થનાર સમાસની બે વિશેષતા છે. એક તો અત્યંત સંયોગમાં સમાસનું વિધાન કરવામાં આવે છે તેમજ બીજી વિશેષતા એ છે કે સુબન્તમાત્રની સાથે સમાસ થાય છે, ક્ત પ્રત્યયાન્ત પ્રકૃતિક સુબન્ત સાથે નહીં. જેમ કે, - मूहूर्तसुखम् ।

मूहूर्तसुखम् । આ વિગ્રહમાં मूहूर्त +अम् + सु નો આ જ સૂત્રથી તત્પુરુષ સમાસ થયો. જેનો અર્થ થાય છે મુહૂર્ત સુધી રહેનાર સુખ. આ રીતે અહીં અત્યન્ત સંયોગ છે.

**सूत्र – ६९३ पूर्वसदृशसमोनार्थकलहनिपुणमिश्ररलक्षणैः ( २.१.३१ )**

**तृतीयान्तमेतैः प्राग्वत् । मासपूर्वः । मातृसदृशः । पितृसमः । ऊ नार्थे । माषोनं कार्षापणम् । माषविकलम् । वाक्कलहः । आचारनिपुणः । गुडमिश्रः । आचारश्लक्ष्णः । मिश्रग्रहणे सोपसर्गस्यापि ग्रहणम् । मिश्र चानुपसर्गमसन्धावित्यत्रानुपसर्गग्रहणात् । गुडसंमिश्रा धानाः ॥ अवरस्योपसंख्यानम् ॥ मासेनावरो मासावरः ॥**

**અનુવાદ**

पूर्व, सदृश, सम्, ऊ नार्थ, कलह, निपुण मिश्र, श्लक्ष्ण- *આ શબ્દોમાં તૃતીયાન્તનો સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*અહીં આ સૂત્ર દ્વારા* पूर्व, सदृश, सम्, ऊ नार्थ, कलह, निपुण मिश्र, श्लक्ष्ण- *આ શબ્દોમાં તૃતીયાન્તનો સમાસ થાય છે. જેમ કે, -*

मासपूर्वः - *માસથી પહેલા,*

मातृसदृशः – *માતા સમાન,*

पितृसमः – *પિતા સમાન,*

ऊ नार्थे - *એક માસ પરિમાણ વાળું કાર્ષાપણ.*

माषविकलम् – *માસથી ઓછું,*

वाक्कलहः -*વાણીથી કલહ,*

आचारनिपुणः – *આચારથી નિપુણ,*

गुडमिश्रः – *ગોળથી મિશ્રિત,*

आचारश्लक्ष्णः – *આચારથી નિપુણ.*

मिश्रग्रहणे सोपसर्गस्यापि ग्रहणम् – *મિશ્રને ગ્રહણ કરવાથી સોપસર્ગ મિશ્ર શબ્દને પણ ગ્રહણ કરવો જોઈએ.*

मिश्र चानुपसर्गमसन्धौ' *આ સૂત્રથી અનુપસર્ગ ગ્રહણ કરવામાં આવે છે.* गुडसंमिश्रा धानाः – *ગોળથી મિશ્રિત ધાન્ય. સૂત્રમાં 'અવર' શબ્દને પણ ગ્રહણ કરવો જોઈએ.* मासावरः – *માસથી પૂર્વ.*

मिश्रग्रहणे इति, पूर्वसदृश. (२.१.३१) *આ સૂત્રથી 'મિશ્ર' શબ્દનો પ્રયોગ થયો છે. તેનો અર્થ થાય છે- મિશ્ર શબ્દનો તૃતીયાન્તની સાથે સમાસ થાય છે, પરંતુ જો મિશ્ર શબ્દ ઉપસર્ગથી યુક્ત હોય અને સંમિશ્ર વગેરે હોય તો પણ તૃતીયાન્તની સાથે તેનો સમાસ થાય છે. આમાં* 'मिश्रञ्चानुपसर्गमसन्धौ' (६.२.१५४) *આ સૂત્ર જ્ઞાપક છે. આ સૂત્ર*

*અનુસાર તૃતીયા સમાસમાં ઉત્તરપદ મિશ્ર અન્તોદાત્ત થાય છે. પરંતુ જો તે ઉપસર્ગયુક્ત હોય તો તે અન્તોદાત્ત થતો નથી.*

*હવે અહીં વિચારવા જેવી બાબત એ છે કે જો મિશ્ર કહેવાથી ઉપસર્ગ મિશ્રનું ગ્રહણ ન થાય તો 'મિશ્રમ' એ ઉપસર્ગથી 'અનુપસર્ગ' કહેવો વ્યર્થ થઈ જાય છે. કેમ કે,* 'सत्यां प्राप्तौ निषेधः' *આ નિયમથી પ્રાપ્તિ થવા છતાં પણ નિષેધ જ રહે છે. પ્રાપ્તિ હોવા છતાં નિષેધ વ્યર્થ છે. આ પ્રકારે મિશ્ર શબ્દથી સંમિશ્ર વગેરે ઉપસર્ગયુક્ત મિશ્રના અન્તોદાત્તની પ્રાપ્તિ થવા છતાં પણ તેનો નિષેધ કર્યો છે.*

**सूत्र — ६९३ पूर्वसदृशसमोनार्थकलहनिपुणमिश्ररलक्षणैः ( २.१.३१ )**

**तृतीयान्तमेतैः प्राग्वत् । मासपूर्वः । मातृसदृशः । पितृसमः । ऊ नार्थे । माषोनं कार्षापणम् । माषविकलम् । वाक्कलहः । आचारनिपुणः । गुडमिश्रः । आचारश्लक्ष्णः । मिश्रग्रहणे सोपसर्गस्यापि ग्रहणम् । मिश्र चानुपसर्गमसन्धावित्यत्रानुपसर्गग्रहणात् । गुडसंमिश्रा धानाः । । अवरस्योपसंख्यानम् । । मासेनावरो मासावरः । ।**

**અનુવાદ**

*કર્તા અને કરણમાં જો તૃતીયા, તદંત પદનો કૃદંતની સાથે પહેલાની જેમ વિકલ્પથી તત્પુરુષ સમાસ થાય છે. જેમ કે,-* हरित्रात *— હરિથી રક્ષિત.* नखभिन्नः *— નખથી ભિન્ન કરેલ.*

**વ્યાખ્યા**

*'કૃત' ને ગ્રહણ કરવાથી ગતિપૂર્વ અને કારકપૂર્વ કૃદંતનું પણ ગ્રહણ થઈ જાય છે.*

*કર્તા અને કરણમાં જો તૃતીયા, તદંત પદનો કૃદંતની સાથે પહેલાની જેમ વિકલ્પથી તત્પુરુષ સમાસ થાય છે. જેમ કે,-* हरित्रात *— હરિથી રક્ષિત.* नखभिन्नः *— નખથી ભિન્ન કરેલ.*

*સૂત્રમાં* "कर्तृकरणे' *નું શું પ્રયોજન છે?* भिक्षाभिरुषितः *— ભિક્ષા માટે રહ્યો. અહીં ?* भिक्षाभिः *માં હેતુ-તૃતીયા છે. સૂત્રમાં* बहुलग्रहणं *બધી જ ઉપાધિઓ માટે વ્યભિચાર હેતુ છે. આથી* दात्रेण लूनवान् *વગેરેમાં સમાસ થયો નથી.*

*સૂત્રમાં* 'कृता' *એમ કેમ કહ્યું ?* काष्ठैः पचतितराम् *માં સમાસ થયો નથી.*

कृद् ग्रहण इति ु 'कर्तुकरणे कृता बहुलम् (२.१.३२) *આ સૂત્રમાં* 'कृता' *નો અર્થ થાય છે કૃદંતની સાથે.* 'समासप्रत्ययविधौ तदन्तविधिप्रतिषेधः' *આ નિયમથી ગતિપૂર્વ અને કારકપૂર્વ કૃદંતનો સમાવેશ થઈ શકતો નથી. આથી* 'कृता' *નો અર્થ શુદ્ધ કૃદંત જ થઈ શકે.*

'नखनिर्भिन्नः' *માં ગતિપૂર્વ કૃદંતની સાથે તૃતીયા સમાસ કરવા માટે પરિભાષા સૂત્રની રચના થઈ છે.* 'कुद्ग्रहणे गतिकारकपूर्वस्यापि ग्रहणम्' *અર્થાત્ જ્યાં સૂત્રમાં 'કૃતા' નો પ્રયોગ થયો છે ત્યાં શુદ્ધ કૃદંતની સાથે-સાથે ગતિપૂર્વ અને કારકપૂર્વ કૃદંતને પણ ગ્રહણ કરવું જોઈએ.*

'कर्तुकरणे कृता बहुलम् (२.१.३२) *આ સૂત્રમાં* 'कर्तु करणे' *નો સમાવેશ કેમ કરવામાં આવ્યો છે? આના ઉત્તરમાં કહી શકાય કે જો સૂત્રમાં* 'कर्तु करणे' *નો સમાવેશ ન થાય તો હેતુ આદિ અન્ય અર્થોમાં પણ તૃતીયા સમાસ થઈ જતો. જેમ કે,-* 'भिक्षाभिरुषितः' *– આ વાક્યમાં હેતુ તૃતીયા છે. આ વાકયનો અર્થ છે ભિક્ષા માટે રહ્યો. જો આ સૂત્રમાં* 'कर्तु करणयोः' *આ નિયમ ન હોત તો પણ અહીં સમાસ થઈ જાય. આવી જગ્યાએ તૃતીયા સમાસનું નિવારણ કરવા માટે સૂત્ર માં* 'कर्तुकरणयोः' *નો સમાવેશ કરવામાં આવ્યો છે.*

**सूत्र - ६९५ कृत्यैरधिकार्थवचने ( २.१.३३ )**

**स्तुतिनिन्दाफलकमर्थवादवचनमधिकार्थवचनं तत्र कर्तरि करणे च तृतीया कृत्यैः सह प्राग्वत् । वातच्छेद्यं तृणम् । काकपेया नदी ॥**

**અનુવાદ**

*જ્યાં સ્તુતિ અને નિન્દાના સૂચક અતિશયોક્તિ ગર્ભિત પદોનો પ્રયોગ થાય ત્યાં કર્તા અને કરણમાં તૃતીયાન્ત પદનો કૃત્યપ્રત્યયાન્તની સાથે સમાસ થાય છે.*

वातच्छेद्यं तृणम् *– ઘાસને વાયુ પણ કાપી શકે છે.* काकपेया नदी *– આ જલપૂર્ણ નદી છે. કાગડો પણ આ જળ પી શકે છે.*

**વ્યાખ્યા**

*અહીં સૂત્રકાર જણાવે છે કે જ્યાં સ્તુતિ અને નિન્દાના સૂચક અતિશયોક્તિ ગર્ભિત પદોનો પ્રયોગ થાય ત્યાં કર્તા અને કરણમાં તૃતીયાન્ત પદનો કૃત્યપ્રત્યયાન્તની સાથે સમાસ થાય છે. જેમ કે, -*

वातच्छेद्यं तृणम् *– ઘાસને વાયુ પણ કાપી શકે છે.*

काकपेया नदी *– આ જલપૂર્ણ નદી છે. કાગડો પણ આ જળ પી શકે છે.*

वातच्छेद्यं इति 'वातच्छेद्यं तृणम्'*– આ વાક્યમાં સ્તુતિ અને નિન્દા આ બંને આલોકાય છે. 1. તૃણ અર્થાત્ ઘાસ કોમળ હોય છે, આથી તેને વાયુ પણ કાપી શકે છે. આ તૃણની પ્રશંસા છે.*

*2. તૃણ દુર્બળ છે તેથી તેને વાયુ પણ કાપી શકે છે. અહીં તૃણની નિન્દા છે.*

*એવી જ રીતે* काकपेया नदी *– 1. આ જળથી ભરેલી નદી છે. આથી તટે નિવાસ કરતા કાગડા પણ તેનું પાણી પી શકે છે. અહીં નદીની પ્રશંસા છે. 2. આ નદીમાં પાણી અલ્પ માત્રામાં છે. આથી તેના પાણીથી કાગડા પણ તૃપ્ત થઈ શકે છે. આમાં નદીની નિંદા છે.*

## सूत्र – ६९६ अन्नेन व्यञ्जनम् ( २.१.३४ )

**संस्कारकद्रव्यवाचकं तृतीयान्तमन्नेन प्राग्वत् । दध्ना ओदनो दध्योदनः इहान्तर्भूतोपसेकक्रियाद्वारा सामर्थ्यम् ॥**

**અનુવાદ**

*પાકેલી વસ્તુને સૂચિત કરનારા તૃતીયાન્ત શબ્દનો અન્ન' અર્થના સૂચક શબ્દ સાથે સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*અહીં પાકેલી વસ્તુને સૂચિત કરનારા તૃતીયાન્ત શબ્દ ;અન્ન' નો અર્થના સૂચક શબ્દો સાથે સમાસ થાય છે.* दध्योदनः– *દહીંથી ઉપસિક્ત ઓદન (દહીંથી પકવેલું અન્ન). અહીં દહી અને ઓદનમાં ઉપસેચન ક્રિયા અંતર્ભૂત છે. દહી અને ઓદન આ બંને ક્રિયામાં સામર્થ હોવાને કારણે અહીં સમાસ બને છે.*

दध्ना ओदनः - दध्योदनः । *અહીં* 'दध्ना' *નો* 'ओदनः' *ની સાથે પ્રત્યક્ષ રીતે કોઈ જ સંબંધ જણાતો નથી.* 'दध्ना' *અને* 'ओदनः'' *ને પરસ્પર એકસાથે જોડવા માટે આપણે વિગ્રહ વાક્યમાં 'ઉપસિક્ત' નો અધ્યાહાર કરીએ છીએ ત્યારે જ આકાંક્ષાની પૂર્તિ થાય છે.*

*વાસ્તવમાં વિગ્રહ વાક્યમાં સમસ્ત પદમાં ઉપસેચન ક્રિયા વાચક પદનો પ્રયોગ નહીં થતો. તો પણ એનો અર્થ વિદ્યમાન રહે છે. આથી જ તેને 'અન્તર્ભૂત કહેલ છે.* 'दध्ना ओदनः''' *માં 'ઉપસિક્ત' શબ્દ નથી તો પણ તેનો અર્થ વિદ્યમાન છે. આથી જ* 'दध्योदनः' *આ સમસ્ત પદની નિષ્પત્તિ થાય છે.*

## सूत्र - ६९७ भक्ष्येण मिश्रीकरणम् ( २.१.३५ )

**गुडेन धानाः गुडधानाः । मिश्रणक्रियाद्वारा सामर्थ्यम् ॥**

**અનુવાદ**

*ગોળથી મિશ્રિત ધાન્ય. અહીં મિશ્રણ ક્રિયા દ્વારા સામર્થ્ય રહેલું છે.*

**વ્યાખ્યા**

*એક કઠિન અન્ન વાચક શબ્દનો બીજા કઠિન અન્ન વાચક શબ્દ સાથે સમાસ થાય છે. આ બંનેમાં એક કઠિન અન્ન બીજા કઠિન અન્નથી મળીને સ્વાદ ઉત્પન્ન કરી શકે છે. જેમ કે, ગોળ એ એક કઠોર ખાદ્ય પદાર્થ છે, પરંતુ ધાન્ય સાથે ભળીને તેમાં સ્વાદની વિશેષતા લાવવાનું કામ કરે છે.*

'अन्नेन व्यञ्जनम् (२.१.३४) *અને* भक्ष्येण मिश्रीकरणम् (२.१.३५) *આ બંને સૂત્રોનું ક્ષેત્ર અલગ—અલગ છે. અન્ન અને વ્યંજન બંને કોમળ પદાર્થ છે, જ્યારે ભક્ષ્ય અને મિશ્રીકરણ (એટલે કે જેમાં ખાદ્ય પદાર્થ મિશ્રિત કરવામાં આવે છે તે) એ બંને કઠોર પદાર્થ છે.*

*મિશ્રણક્રિયા અને ગોળથી મિશ્રિત એ બંને અલગ-અલગ છે. બંનેને એકબીજા સાથે પ્રત્યક્ષ રીતે કોઈ સંબંધ નથી. આથી આ બંનેને ભેગા કરવા ત્રીજા પદની જરૂર પડે છે. જેમાં ગોળથી મિશ્રિત ધાન્ય એમ કહેવાથી આ વાક્યમાં યોજનાથી ત્રીજું પદ ભળી જતાં આકાંક્ષા પૂર્ણ થાય છે.*

**सूत्र – ६९८ चतुर्थीतदर्थार्थबलिहितसुखरक्षितैः ( २.१.३६ )**

**चतुर्थ्यन्तार्थाय यत्तद्वाचिनाऽर्थादिभिश्च चतुर्थ्यन्तं वा प्राग्वत् । तदर्थेन प्रकृतिविकृतिभावः एव गृह्यते । बलिरक्षितग्रहणाज्ज्ञापकात् । यूपाय दारु यूपदारु । नेह । रन्धनाय स्थाली । अश्वघासादयस्तु षष्ठी समासाः ॥ अर्थेन नित्यसमासो विशेष्यलिङ्गता चेति वक्तव्यम् ( वा ) ॥ द्विजायायं द्विजार्थः सूपः । द्विजार्था यवागूः । द्विजार्थं पयः । भूतबलिः । गोहितम् । गोसुखम् । गोरक्षितम् ॥**

**અનુવાદ**

*ચતુર્થીના અર્થમાં નિમિત્ત જે વસ્તુ હોય, તેની વાચક પદ સાથે તેમજ અર્થ માટે, બલિ (ઉપહાર), હિત (કલ્યાણ), સુખ અને રક્ષણ આ પદો સાથે ચતુર્થીનો સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*આ સૂત્રમાં ચતુર્થીના અર્થમાં નિમિત્ત જે વસ્તુ હોય, તેનો વાચક પદ સાથે તેમજ અર્થ માટે, બલિ (ઉપહાર), હિત (કલ્યાણ), સુખ અને રક્ષણ આ પદો સાથે ચતુર્થીનો સમાસ થાય છે.* तदर्थे *નો અભિપ્રાય* 'प्रकृतिविकृतिभाव' *છે. કેમ કે સૂત્રમાં* बलि *અને* रक्षित *શબ્દોને પૃથક ગ્રહણ કરવામાં આવ્યા છે.*

यूपदारु - *યૂપ માટે દારુ*

रन्धनाय स्थाली – *પકવવા માટેની થાળી, અહીં સમાસ થયો નથી.*

अश्वघासादि *માં ષષ્ઠી સમાસ છે.*

तदर्थेनेति ।'चतुर्थी तदर्थार्थ. – (२.१.३६)*સૂત્રમાં* 'तदर्थ' *નો અર્થ ગ્રહણ થયેલ છે.* तदर्थ *નો અર્થ છે – ચતુર્થી માટે. જેમ કે, -* 'यूपाय दारु' *આ વાક્યમાં* दारु यूप *- યજ્ઞીય સ્તંભ માટે. વાક્યમાં* यूप *નો ચતુર્થી પ્રયોગ થયો છે. જ્યારે આપણે લાકડાનો થાંભલો બનાવીએ છીએ ત્યારે લાકડાનું સ્વરૂપ વિકૃત બની જાય છે. એવા વાક્યમાં જ આ સૂત્રથી સમાસ થાય છે, પરંતુ જ્યાં ચતુર્થીની વસ્તુમાં કોઈ વિકાર આવતો નથી ત્યાં ચતુર્થીના અર્થમાં સમાસ નહીં થતા. જેમ કે, - રાંધવા માટેની થાળીમાં કોઈ જ વિકાર થતો નથી. અહીં માત્ર પાક ક્રિયા નિષ્પાદનનું સાધન છે.*

**सूत्र – ६९९ पञ्चमी भयेन ( २.१.३७ )**

**चोराद्भयम्, चोरभयम् । 'भयभीतभीतिभीभिरिति वाच्यम् ।'**

**અનુવાદ**

*પંચમીનો ભયવાચક શબ્દો સાથે સમાસ થાય છે. ચોરથી ભય..વગેરે.,* भय, भीतभ, भीति *વગેરે શબ્દો સાથે પણ પંચમી સમાસ થાય છે..*

**વ્યાખ્યા**

*સુબન્ત ભય શબ્દની સાથે પંચમીનો વિકલ્પે સમાસ થાય છે. અહીં વાર્તિકકાર કહે છે કે સૂત્રમાં અત્યંત અલ્પ ભય કહ્યો છે. તેના સ્થાને ભય, ભીતિ વગેરે હોય તો પણ વિકલ્પે પંચમી સમાસ થાય છે.* वृकभीतः *– વરુથી ડરેલો*

*અહીં એક ઉદાહરણ આપેલ છે-* वृकभीतः *– વરુથી ડરેલો. અહીં કોઈ ભયથી કોઈ કર્મમાં આસક્ત ભયનો હેતુ વરુથી અપાદાનમાં પંચમી વિભક્તિ થાય છે.*

**सूत्र – ७०२ षष्ठी ( २.२.८ )**

**राज्ञः पुरुषो राजपुरुषः ।**

**અનુવાદ**

*ષષ્ઠી વિભક્તિમાં સુબન્ત સાથે સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*ષષ્ઠી વિભક્તિમાં સમર્થ સુબન્ત સાથે સમાસ સંજ્ઞા થાય છે. જેમ કે, -*

राजपुरुषः *– રાજાનો પુરુષ*

*વળી, તેની તત્પુરુષ સંજ્ઞા થાય છે.* राज्ञः पुरुषो राजपुरुषः *। અહીં* 'राजन' *શબ્દથી* 'शेषे' *સૂત્રના સંબંધમાં ષષ્ઠી વિભક્તિ છે. રાજપુરુષ અન્યનો સેવક નથી હોતો અને જે કોઈનો સેવક નથી તે પણ રાજપુરુષ નથી. આથી અહીં ભેદ સંસર્ગ અને સંસર્ગ અથવા ભેદ બંને ષષ્ઠીના વાક્ય છે.*

**सूत्र -७०३ याजकादिभिश्च ( २.२.९ )**

**एभिः षष्ठ्यन्तं समस्यते ।'तृजकाभ्यां कर्तरि' ( सूत्र-७०९ ) इत्यस्य प्रतिप्रसवोऽयम् । ब्राह्मणयाजकः । देवपूजकः 'गुणात्तरणे तरलोपश्चेति वक्तव्यम् ( वा. ३८४१ ) । तरबन्तं यद्गुणवाचि तेन सह समासस्तरलोपश्च ।'न निर्धारणे' ( सूत्र-७०४ ) इति 'पूरणगुण' ( सूत्र-७०५ ) इति च निषेधस्य प्रतिप्रसवोऽयम् । सर्वेषां श्वेततरः सर्वश्वतः । सर्वेषां महत्तरः सर्वमहान् ।'कृद्योगा च षष्ठी समस्यत इति वाच्यम्' ( वा. १३१७ ) ।**

**અનુવાદ**

*ષષ્ઠીનો યાજક વગેરે શબ્દો સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*ષષ્ઠીનો યાજક વગેરે શબ્દો સમાસ થાય છે. આ સૂત્ર* 'तृजकाभ्यां कर्तरि' *સૂત્રનો અપવાદ છે.* ब्राह्मणयाजकः *– બ્રાહ્મણનો યાજક.* देवपूजकः - *દેવતાઓનો પૂજક.*

*ગુણવાચક શબ્દથી વિહિત જો* तरप् *તદંત શબ્દની સાથે ષષ્ઠીનો વિકલ્પે સમાસ થાય અને* तरप् *નો લોપ થાય છે. આ વાર્તિક* 'न निर्धारणे' (૨.૨.૧૦) *અને* 'पूरणगुण.' (૨.૨.૧૧) *આ સૂત્રોથી ષષ્ઠી નિષેધનો અપવાદ રહેલો છે.* सर्वश्वेतः *– બધા જ પદાર્થોમાં શ્વેત.* सर्व महान् *– બધા જ મનુષ્યોમાં મહાન.*

कृदयोग *માં વર્તમાન ષષ્ઠીનો સમાસ થાય છે.* इध्मप्रवश्चनः *– કુઠાર.*

याजक *વગેરે ગણના નામ છે, જેમાં નિમ્ન શબ્દ છે.* याजक, पूजक, परिचारक, परिवेषक, स्नापक, अध्यापक, उत्साहक, उद्वर्तक, होतृ, भतृ, रथगणक, पतिगणक।

'याजकादिभिश्च (૨.૨.૯) *સૂત્ર* 'तृजकाभ्यां कर्तरि (૨.૨.૧૫) *સૂત્રનો અપવાદ છે.* 'तृजकाभ्याम् (૨.૨.૧૫) *સૂત્ર કર્તાના અર્થમાં પ્રયુક્ત* तृच् *અને* अक, अन्त *વાળા શબ્દોની સાથે ષષ્ઠી સમાસનો નિષેધ છે અને આ સૂત્ર* 'याजकादिभिश्च' *એ સૂત્રના નિષેધનો અપવાદ છે.*

## सूत्र- ७०४ न निर्धारणे ( २.२.१० )

**निर्धारणे या षष्ठी सा न समस्यते । नृणां द्विजः श्रेष्ठः । 'प्रतिपदविधाना षष्ठी न समस्यत इति वाच्यम्' ( वा.( वा. १३२० ) सर्पिषो ज्ञानम्**

**અનુવાદ**

*નિર્ધારણ અર્થમાં જે ષષ્ઠીનું વિધાન થયું છે, તેનો સમાસ થતો નથી.* नृणां द्विजः श्रेष्ठः *– મનુષ્યોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. કર્તા, કર્મ, કરણ વગેરે કારકના નામથી જે ષષ્ઠીનું વિધાન છે તેનો સમાસ થતો નથી.* सर्पिषो ज्ञानम् *– ઘી નું જ્ઞાન*

**વ્યાખ્યા**

*નિર્ધારણમાં વિહિત ષષ્ઠી તદંતનો સુબન્ત સાથે સમાસ થતો નથી. મનુષ્ય સમુદાયમાં દ્વિજ- બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. આમાં ષષ્ઠી સમાસ થતો નથી.* 'प्रतिपद इति । 'षष्ठी शेषे' (૨.૩.૫૦) *આ સૂત્રથી જે ષષ્ઠી વિભક્તિને ત્યાગીને અન્ય ષષ્ઠી પ્રતિપદવિધાન કહેવાય છે.* सर्पिषो ज्ञानम् *– માં પ્રતિપદોક્ત ષષ્ઠીનું વિધાન છે. આથી અહીં સમાસ ન થયો. વાસ્તવમાં વાર્તિકનું સૂત્ર 3.3.51 વ્યર્થ છે. કેમ કે, શેષથી ષષ્ઠી કરીને સમાસ થઈ જાય છે.*

## सूत्र-७०५ पूरणगुणसुहितार्थसदव्ययतव्यसमानाधिकरणेन ( २.२.११ )

**पूरणाद्यर्थैः सदादिभिश्च षष्ठी न समस्यते । पूरणे । सतां षष्ठः । गुणे । काकस्य कार्ण्यम् । ब्राह्मणस्य शुक्लाः । यदा प्रकरणादिना दन्ता इति विशेष्यं ज्ञातं तदेवमुदाहरणम् । अनित्योऽयं गुणेन निषेधः । तदाशिष्यं संज्ञाप्रमाणत्वात् ( सूत्र-**

**१२९५) इत्यादिनिर्देशात् । तेनार्थगौरवम् बुद्धिमान्द्यमित्यादि सिद्धम् । सुहितार्थास्तृप्त्यर्थाः । फलानां सुहितः । तृतीयासमासस्तु स्यादेव । स्वरे विशेषः । सत् । द्विजस्य कुर्वन्कुर्वाणो वा । किंकरः इत्यर्थः । अव्ययम् । ब्राह्मणस्य कृत्वा । पूर्वोत्तरसाहचर्यात्कृदव्ययमेव गृह्यते । तेन तदुपरीत्यादि सिद्धमिति रक्षितः । तव्ये । ब्राह्मणस्य कर्तव्यम् । तव्यता तु भवत्येव । स्वकर्तव्यम् स्वरे भेदः । समानाधिकरणेन । सर्पस्य । विशेषणसमासस्त्विह बहुलग्रहणान्न । गोर्धेनोरित्यादिषु पोटायुवति ( सूत्र-७४४ ) इत्यादीनां विभक्त्यन्तरे चरितार्थानां परत्वाद्बाधकः षष्ठीसमासः प्राप्तः । सोऽप्यनेन वार्यते ।**

**અનુવાદ**

પૂરણ, ગુણ, सुहित - *આ અર્થવાચક શબ્દો સાથે અને* सद्, अव्यव, तव्य *અને સમાનાધિકરણની સાથે ષષ્ઠીનો સમાસ થતો નથી.*

**વ્યાખ્યા**

*ઉપરોક્ત ઉદાહરણોથી પ્રાચીન સમાજની સ્થિતિનું દિગ્દર્શન થાય છે. એ સમયે જાતિની સુગમતા માટે જ્ઞાન હેતુ દાંત રંગવાની પ્રથા અનિવાર્ય હતી. પ્રશ્ન વિના જાતે જ બ્રાહ્મણ વગેરેનું જ્ઞાન થઈ જતું હતું. માત્ર બ્રાહ્મણોના જ દાંત સફેદ હતા. અન્ય વર્ણોના દાંત સફેદ નહોતા. સફેદ વસ્ત્રોનું પરિધાન પણ બ્રાહ્મણો જ કરતા હતા. અધિક સ્વચ્છતા પ્રિય પણ બ્રાહ્મણો જ હતા. અન્ય વર્ણ નહિ, ક્ષત્રિયોના દાંત રક્ત રંગના હતા, શુદ્રોના દાંત કૃષ્ણ રંગના હતા, બ્રાહ્મણોના દાંત શુક્લ વર્ણના હતા.*

*આમ, ગુણની સાથે સમાસ નિષેધ અનિત્ય છે. આ જ કારણે ષષ્ઠીનો ગુણવાચક સુબન્ત પદો સાથે સમાસ થાય છે. જેમ કે,* - अर्थस्य गौरवम्- अर्थ गौरवम् ।

*વાસ્તવમાં ગુણની સાથે સમાસ નિષેધ કરીને કોઈ જ ફળ નથી.*

सूत्र – ७०६ क्तेन च पूजायाम् (२.२.१२)

सूत्र – ७०७ अधिकरणवाचिना च (२.२.१३)

सूत्र - ७०८ कर्मणि च (२.२.१४)

सूत्र - ७०९ तृजकाभ्यां कर्तरि (२.२.१५)

सूत्र - ७१० कर्तरि च (२.२.१६)

**અનુવાદ અને વ્યાખ્યા**

*ઉપરોક્ત સૂત્ર 706 થી 710 માં 'ક્ત' યોગથી, અધિકરણમાં, કર્મ માં, કર્તાના અર્થમાં ષષ્ઠી સમાસ થતો નથી. જેમ કે, ઘડાનું નિર્માણ કરનાર કુંભારને પણ પ્રજાપતિ કહે છે અને બ્રહ્માને પણ પ્રજાપતિ કહે છે. આ બંને વચ્ચે સ્પર્ધા અને ક્લેશ અસ્વાભાવિક છે. કેમ કે, અત્યંત ઉચ્ચ વ્યક્તિ સાથે અધમનો ક્લેશ હોય તો એના વિશે એવું કહેવાય છે કે- 'ક્યાં એ અને ક્યાં હું.' આમ, કર્તાના વાચક* तृच् *અને* अक *સુબન્ત સાથે ષષ્ઠી સમાસ થતો નથી.*

**सूत्र- ७११ नित्यं क्रीडाजीविकयोः ( २.२.५७ )**

**एतयोरर्थयोरकेन नित्यं षष्ठी समस्यते । उद्दालकपुष्पभञ्जिका। क्रीडाविशेषस्य संज्ञा । 'संज्ञायाम' ( सूत्र-३२८६ ) इति भावे ण्वुल् । जीविकायां । दन्तलेखकः । तत्र क्रीडायां विकल्पे जीविकायां 'तृजकाभ्यां कर्तरि' ( सूत्र- ७०९ ) इति निषेधे प्राप्ते वचनम् ।**

**અનુવાદ**

*ક્રીડા અને આજીવિકાના અર્થોમાં* 'अक' *પ્રત્યયાન્ત શબ્દોની સાથે ષષ્ઠીનો નિત્ય સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*અહીં સૂત્રકાર જણાવે છે કે ક્રીડા અને આજીવિકાના અર્થોમાં* 'अक' *પ્રત્યયાન્ત શબ્દોની સાથે ષષ્ઠીનો નિત્ય સમાસ થાય છે.* उद्दालकपुष्पाणां भञ्जनम् *– અને સંજ્ઞા સૂત્રથી* 'भाव' *માં* ण्वुल् *પ્રત્યય થયો છે. અહીં* विभाषा (२.१.११) *નો અધિકાર થવાથી વૈકલ્પિક ષષ્ઠી સમાસ પ્રાપ્ત થયો.* नित्यं क्रीडाजीविकयो**:** (२.२.५७) *થી નિત્ય સમાસ થયો.* दन्तलेखक**:** *– આજીવિકાના અર્થમાં નિત્ય સમાસ થયો છે.*

*અહીં* दन्तानां लेखनेन जीवति' *એવા પ્રકારે હસ્વ પદથી વિગ્રહ થાય છે* उद्दालकपुष्पभञ्जिका *– આ એક ક્રીડાનું નામ છે. જેમાં નિત્ય સમાસ થવાથી અહીં સ્વપદમાં વિગ્રહ થતો નથી.* उद्दालकपुष्पाणां भञ्जनम् *આ રીતે તેનો હસ્વપદ વિગ્રહ થાય છે. અહીં* विभाषा (२.१.११) *નો અધિકાર થવાથી વૈકલ્પિક ષષ્ઠી સમાસ પ્રાપ્ત હતો. વળી, એ સમયે દાંતો પર લેખન ક્રિયા કરી આજીવિકા રળવાનું પણ કેટલાક લોકો માટે એક આગવું કૌશલ હતું. આથી લેખક સાથે ષષ્ઠી દાંતનો સમાસ નિશેધ પ્રાપ્ત હતો. આથી અહીં હસ્વપદ વિગ્રહ થયો છે.*

**सूत्र-७१२ - पूर्वापराधरोत्तरमेकदेशिनैकाधिकरणे ( २.२.१ )**

**अवयविना सह पूर्वादयः समस्यन्ते एकत्वसंख्याविशिष्टश्चेदवयवी । षष्ठीसमासापवादः । पूर्वं कायस्य पूर्वकायः । अपरकायः । एकदेशिना किम् । पूर्वं नाभेः कायस्य । एकाधिकरणे किम् । पूर्वश्छात्राणाम् । सर्वोऽप्येकदेशोऽह्ना समस्यते । संख्याविसाय ( सूत्र-२३८ ) इति ज्ञापकात् । मध्याह्नः । सायाह्नः । केचित्तु सर्वोप्येकदेशः कालेन समस्यते न त्वहैव । ज्ञापकस्य सामान्यापेक्षत्वात् । तेन मध्यरात्रः । उपारताः पश्चिमरात्रगोचरा इत्यादि सिद्धमित्याहुः । ।**

**અનુવાદ**

पूर्व, अपर, अधर, उत्तर *– આ અવયવ વાચક શબ્દોનો અવયવી વાચક શબ્દો સાથે સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*અહીં એ નોધવું જોઈએ કે જો અવયવી એકવચનાંત સંખ્યાયુક્ત હોય તો જ સમાસ થાય છે. આ સૂત્ર ષષ્ઠી સમાસનો અપવાદ છે.* पूर्वकायः । अपरकायः । *સૂત્રમાં* 'एकदेशिना' । *એમ કેમ કહ્યું છે ? આનો ઉત્તર એ છે કે* पूर्व नाभे कायस्य । *અહીં* पूर्व *અને* नाभेः *નો સમાસ ન થાય. સૂત્રમાં* एकाधिकरणे किम् *એમ કેમ કહ્યું છે? એનો ઉત્તર એ છે કે-* पूर्वश्छात्राणाम् *-અહીં સમાસ નથી. બધા જ અવયવ* 'अह्न' *શબ્દ સાથે સમસ્ત થઈ જાય છે.* मध्याह्नः - *દિવસનો મધ્ય ભાગ,* सायाह्नः – *દિવસનો સાયંકાળનો ભાગ,* मध्यरात्रः – *મધ્યરાત્રીનો ભાગ વગેરે ઉદાહરણોમાં બધા જ અવ્યવ* 'अह्न' *શબ્દ સાથે સમસ્ત થઈ જાય છે.*

**सूत्र – ७१३ अर्धं नपुंसकम् ( २.२.२ )**

**समांसवाच्यर्ध शब्दो नित्यं क्लीबे स प्राग्वत् । । एकविभक्तावषष्ठ्यन्तवचनम् ( वा. ६७३ ) । एकदेशिसमासविषयको ऽयमुपसर्जनसंज्ञानिषेधः । तेन पञ्चखट्वी इत्यादि सिद्ध्यति । अर्धं पिपल्या अर्धपिप्पली । क्लीबे किम् । ग्राम्यार्धः । द्रव्यैक्य एव । अर्धं पिप्पलीनाम् । ।**

**અનુવાદ**

*અડધા ભાગનો વાચક જો નિત્ય નપુંસક અર્ધ શબ્દ હોય તો તેનો સુબન્ત સાથે સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*બરાબર અડધા ભાગનો વાચક જો નિત્ય નપુંસક અર્ધ શબ્દ હોય તો તેનો સુબન્ત સાથે સમાસ થાય છે. '.* 'एकविभक्ति चापूर्वनिपाते' *માં* 'अषष्ठयन्त' *પદને ગ્રહણ કરવું જોઈએ. એકદેશી સમાસમાં આ વાર્તિકની ઉપસર્જન સંજ્ઞાનો નિષેધ કર્યો છે. આનાથી* 'पञ्चखट्वी' *વગેરે પ્રયોગ સિદ્ધ થાય છે.* अर्धपिप्पली – *પિપ્પલીનું અર્ધું. નપુંસકલિંગમાં અર્ધશબ્દ સુબન્ત સાથે સમાસ થાય છે. એમ કેમ કહ્યું?* ग्रामार्धः - *અહીં સમાસ નથી. બરાબર અર્ધા ભાગનો વાચક અને નપુંસકલિંગ વાચી અર્ધ શબ્દનો સુબન્ત સાથે સમાસ થાય છે.*

**सूत्र – ७१४ द्वितीयतृतीयचतुर्थतुर्याण्यन्यतरस्याम् ( २.२.३ )**

**एतान्येकदेशिना सह प्राग्वद्वा । द्वितीयं भिक्षाया द्वितीयभिक्षा । एकदेशिना किम् । द्वितीयं भिक्षाया भिक्षुकस्य । अन्यतरस्यांग्रहणसामर्थ्यात् पूरणगुण ( सूत्र-७०५ ) इति निषेधं बाधित्वा पक्षे षष्ठीसमासः । भिक्षाद्वितीयम् । ।**

**અનુવાદ**

*દ્વિતીય, તૃતીય, ચતુર્થી અને તુર્ય શબ્દોનો અવયવી સાથે વિકલ્પથી સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*અહીં, સૂત્રકાર જણાવે છે કે દ્વિતીય, તૃતીય, ચતુર્થી અને તુર્ય શબ્દોનો અવયવી સાથે વિકલ્પથી સમાસ થાય છે. જેમ કે,* 'द्वितीयं भिक्षायाः' *ભિક્ષાનો બીજો ભાગ. અવયવી*

*સાથે સમાસ થાય એવું કેમ કહ્યું છે?* द्वितीयं भिक्षाया भिक्षुकस्य *અહીં દ્વિતીયનો ભિક્ષુક સાથે સમાસ થતો નથી. સૂત્રમાં* 'अन्यतरस्याम्' *પદને ગ્રહણ કરવાનું સામર્થ્યથી* 'पूरणगुण' (२.२.११) *આ નિષેધને બાધિત કરીને ષષ્ઠી સમાસ થાય છે.* भिक्षाद्वितीयम् *–ભિક્ષા નો બીજો ભાગ.*

**सूत्र – ७१५ प्राप्तापन्ने च द्वितीयया ( २.२.४ )**

**पक्षे द्वितीयाश्रिता- ( सूत्र. ६८६ ) इति समासः । प्राप्तो जीविकां प्राप्तजीविकः । जीविकाप्राप्तः । आपन्नजीविकः । जीविकापन्नः । इह सूत्रे ' द्वितीयया । अ' इति छित्त्वा अकारोऽपि विधीयते । तेन जीविकां प्राप्ता स्त्री प्राप्तजीविका । आपन्नजीविका ।**

**અનુવાદ**

*પ્રાપ્ત અને આપન્ન શબ્દોનો દ્વિતીય પદો સાથે સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*આ સૂત્રમાં જણાવ્યું છે કે પ્રાપ્ત અને આપન્ન શબ્દોનો દ્વિતીય પદો સાથે સમાસ થાય છે. પક્ષમાં* "द्वितीया श्रित' (२.१.२४) *સૂત્રથી સમાસ થાય છે* प्राप्तजीविकः – *જીવિકાને પ્રાપ્ત,* आपन्नजीविकः – *જીવિકાને પ્રાપ્ત,* जीविकापन्नः *। આ સૂત્રમાં* 'द्वितीयया अ' *એવો પદચ્છેદ કરીને અકાર પણ થઈ શકે છે. તેનાથી* प्राप्तजीविका *રૂપ બને છે.* आपन्नजीविका *– જીવિકાને પ્રાપ્ત (સ્ત્રી.).*

*પ્રાપ્ત અને આપન્ન શબ્દોનો દ્વિતીયાંત પદની સાથે સમાસ થઈ જાય છે. સ્ત્રી પ્રત્યયાંત* 'प्राप्ता' *અને* 'आपन्ना' *સાથે જ્યારે દ્વિતીય પદનો સમાસ થાય છે ત્યારે આ બંને પદોમાં અંતિમ* 'आ' *નો* 'प्राप्तापन्ने' (2.2.4) *આ સૂત્રથી* 'अ' प्राप्तजीविका *અને* आपन्नजीविका *રૂપ બને છે.*

**सूत्र – ७१६ कालाः परिमाणिना ( २.२.५ )**

**परिच्छेद्यवाचिना सुबन्तेन सह कालाः समस्यन्ते । मासो जातस्य मासजातः । द्व्यहजातः । द्वयोरह्नोः समाहारा द्व्यहः। व्यहो जातस्य यस्य सः इति विग्रहे 'उत्तरपदेन परिमाणिना द्विगोः सिद्धये बहूनां तत्पुरुषस्योपसंख्यानम्' ( वा. 1288) । द्वे अहनी जातस्य यस्य सः ह्नजातः । 'अह्नोऽह्न'- ( सू. 790) इति वक्ष्यमाणोऽह्नादेशः । पूर्वत्र तु 'न सङ्ख्यादेशः समाहारे' ( सू. 793) इति निषेधः ।**

**અનુવાદ**

*પરિમેયવાચી સુબન્તની સાથે કાળવાચક શબ્દોનો સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*પરિમેયવાચી સુબન્તની સાથે કાળવાચક શબ્દોનો સમાસ થાય છે.*

मासजातः - જેનો જન્મ થયાને એક મહિનો થયો છે.

द्वयहजातः – બે દિવસનો સમાહાર

द्वयहः/ द्वयहो जातस्य – જેનો જન્મ થયાને બે જ દિવસ થયા છે.

આ વિગ્રહમાં द्वयहःजातः । પરંતુ, द्वे अहनी जातस्य यस्य – આ વિગ્રહમાં 'उत्तरपदे' એ વાર્તિકથી ત્રિપદ તત્પુરુષ સમાસ થયો. પહેલા ઉદાહરણમાં આદેશનો નિષેધ છે.

सप्तम्यन्तं शौण्डादिभिः प्राग्वद्वा । अक्षेषु शौण्डः अक्षशौण्डः । अधिशब्दोऽत्र पठ्यते । 'अध्युत्तरपदात्' (सू.२०७९) इति खः । ईश्वराधीनः । અનુવાદ

સપ્તમી પદના "शौण्ड' વગેરે શબ્દોની સાથે સમાસ થાય છે.

**વ્યાખ્યા**

સપ્તમી પદના 'शौण्ड' વગેરે શબ્દોની સાથે સમાસ થાય છે. अक्षशौण्डः – દ્યુત (જુગાર)માં નિપુણ. शौण्डादि ગણમાં 'अधि' શબ્દનો પાઠ મળે છે. 'अध्युत्तरपदात्' સૂત્રથી 'ख' પ્રત્યય. ईश्वराधीनः -ઈશ્વરને આધીન.

અહીં शौण्डादि એક ગણ છે, જેમાં शौण्ड, धूर्त, कितव, व्याड, प्रवीण, संवति, अन्तर, अधि, पटु, पण्डित, कुशल, चपल, निपुण વગેરે શબ્દો છે. शौण्डादि ગણમાં 'अधि' શબ્દનો પાઠ મળે છે. 'अधि' શબ્દની સાથે સપ્તમી ઈશ્વર શબ્દનો સમાસ થયો છે.

## 12.4 તમારી પ્રગતિ ચકાસો

1. વ્યાધિકરણ તત્પુરુષ સમાસની વ્યાખ્યા આપી તેના પ્રકાર જણાવો.

2. વ્યધિકરણ તત્પુરુષ સમાસના કેટલા ભેદ છે? તેના ભેદની ચર્ચા કરો.

3. सूत्र -७१७ सप्तमी शौण्डैः (२.१.४०) સમજાવો.

4. सूत्र – ७१५ द्वितीयतृतीयचतुर्थतुर्याण्यन्यतरस्याम् (२.२.३) સમજાવો.

5. વ્યધિકરણ દ્વિતીયા તત્પુરુષ સમાસના કોઈ બે ઉદાહરણ આપો.

1. વ્યાધિકરણ તત્પુરુષ સમાસ ક્યારે બને છે?

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

2. વ્યધિકરણ તત્પુરુષ સમાસના ભેદો જણાવો.

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

3. *દ્વિતીયા તત્પુરુષ સમાસ ઉદાહરણ સાથે સમજાવો.*

4. *તૃતીયા તત્પુરુષ સમાસ ઉદાહરણ સાથે સમજાવો.*

5. राज्ञः पुरुषो राजपुरुषः । *-ષષ્ઠી તત્પુરુષનું સૂત્ર સમજાવો*

## 12.5 સંદર્ભ સાહિત્ય

१ श्रीभट्टोजिदीक्षितविरचित वैयाकरण सिद्धान्तकौमुदी–

| क्रम | ग्रन्थनाम | लेखक | व्याख्याकार | प्रकाशक |
|---|---|---|---|---|
| 1. | वैयाकरण सिद्धान्त कौमुदी | भट्टोजिदीक्षित | गोपाल दत्त | चौखम्भा सुर भारती |
| 2. | लघु सिद्धान्त कौमुदी | वरदराजाचार्य | भीमसेन शास्त्री | भैमी प्रकाशन, लाजपत नगर, दिल्ली |
| 3. | परम लघु मंजूषा | नागेश भट्ट | भीमसेन शास्त्री | चौखम्भा सुर भारती |

**અધ્યયન સામગ્રી**

| क्रम | ग्रन्थनाम | लेखक | व्याख्याकार | प्रकाशक |
| --- | --- | --- | --- | --- |
| 1. | वैयाकरण सिद्धान्त कौमुदी | भट्टोजिदीक्षित | गोपाल दत्त | चौखम्भा सुर भारती |
| 2. | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य भीमसेन शास्त्री | भैमी प्रकाशन, लाजपत नगर, दिल्ली | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य भीमसेन शास्त्री | भैमी प्रकाशन, लाजपत नगर, दिल्ली |
| 3. | समास संदर्शिका | डा. बालगोविन्द झा | | चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी |
| 4. | સંસ્કૃત વાક્ય સંરચના | વસંતકુમાર મનુભાઈ ભટ્ટ | -------------- | સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-1 |
| 5. | ગુજરાતી ભાષા સૌંદય | ------- | -------- | ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર |
| 6. | ગુજરાતી વ્યાકરણ | ડૉ. ભરત કુમાર ઠાકર | | એમ. કે. મદ્રાસી |

**લેખક : ડૉ. જગદીશભાઈ એચ. પટેલ આસિસ્ટન્ટ પ્રોફેસર,**
**શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કોલેજ, કપડવંજ**

# એકમ : 13 : બહુવ્રીહિ સમાસ

## રૂપરેખા


**13.0 ઉદ્દેશો**

**13.1 પ્રસ્તાવના**

**13.2 બહુવ્રીહિ સમાસની વ્યાખ્યા**

**13.3 બહુવ્રીહિ સમાસના ભેદ**

**13.4 બહુવ્રીહિ સમાસના સૂત્રો**

**13.5 તમારી પ્રગતિ ચકાસો.**

**13.6 સંદર્ભ સાહિત્ય**

**13.7 અધ્યયન સામગ્રી**


## 13.0 ઉદ્દેશો

- *સૂત્રની વ્યાખ્યા, પ્રયોગસિદ્ધિ અને સહાયક સૂત્રોના વર્ણનથી સંબંધિત બહુવ્રીહિ સમાસના પેટાપ્રકાર વ્યાધિકરણ તત્પુરુષ સમાસના આ એકમમાં વિદ્યાર્થીઓ આ એકમનું અધ્યયન કરીને તત્પુરુષ સમાસ અને તેના ભેદને સારી રીતે સમજી શકે.*
- *બહુવ્રીહિ સમાસનો અર્થ અને તેની પરિભાષા વિદ્યાર્થીઓ જાણે અને સમાસ અંગેનું જ્ઞાન મેળવે. આથી વિદ્યાર્થીઓ વ્યાકરણને સરળ રીતે સમજી શકે.*
- *બહુવ્રીહિ સમાસ કોને કહે છે? તેની ઓળખ કેવી રીતે કરવી? વગેરે અંગે વિદ્યાર્થીઓ આ એકમનો અભ્યાસ કર્યા પછી સરળતાથી સમજી શકશે.*
- *વ્યાકરણસિદ્ધાંત કૌમુદીમાં બહુવ્રીહિ સમાસના ભેદો વિશે ભટ્ટોજી દીક્ષિત દ્વારા જણાવેલ સૂત્રોને સરળતાથી સમજી શકશે.*
- *બહુવ્રીહિ સમાસ અંતર્ગત આ સમાસની વિશેષતાઓને સહજતાથી સમજી શકશે*
- *બહુવ્રીહિ સમાસના પ્રકારો અને પેટા પ્રકારોને સરળતાથી સમજી શકશે.*

## 13.1 પ્રસ્તાવના

*બહુવ્રીહિ સમાસના બહુવ્રીહિ સમાસ ભેદને સમજવા માટે વ્યાકરણસિદ્ધાંત કૌમુદીમાં ભટ્ટોજી દીક્ષિતે આપેલ વ્યાખ્યા, સૂત્રો અને ઉદાહરણો દ્વારા બહુવ્રીહિ સમાસને સરળ રીતે તેનું સ્વરૂપ રજૂ કરી સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આથી આ એકમમાં વિદ્યાર્થી તત્પુરુષ સમાસને અને તેના ભેદોને સરળ રીતે સમજી શકે એવી રીતે સૂત્રોને ઉદાહરણ સહ રજૂ કરવામાં આવ્યા છે.*

આ એક જ સમાસ એવો છે કે જે અન્ય શબ્દના વિશેષણ સ્વરૂપે બને છે. બહુવ્રીહિ સમાસ અને તેના અન્ય ભેદ વિશે આપણે આ આ એકમમાં સમજીશું.

બહુવ્રીહિ સમાસમાં બંને પદો વચ્ચે વિશેષણ અને વિશેષ્ય વચ્ચેનો સંબંધ ઉપમાન અને ઉપમેયનો હોય છે. બહુવ્રીહિ સમાસમાં પૂર્વપદ વિશેષણ અને ઉત્તરપદ વિશેષ્ય હોય છે. વળી, બહુવ્રીહિ સમાસમાં બંને પદો વચ્ચે પ્રથમ સિવાયની વિભક્તિનો સંબંધ હોય છે.

બહુવ્રીહિ સમાસમાં બંને શબ્દોમાંથી કોઈનું પણ પ્રાધાન્ય હોતું નથી. બંને મળીને ત્રીજાનું (જેનું એ બંને પદો વિશેષણ સ્વરૂપ હોય) પ્રધાન્ત્વ સૂચિત કરે છે.

## 13.2 બહુવ્રીહિ સમાસની વ્યાખ્યા

જ્યારે સમાસમાં આવેલા બે અથવા વધુ હોય તો બધા જ શબ્દ જ્યારે કોઈ અન્ય શબ્દના વિશેષણ સ્વરૂપે હોય ત્યારે તેને બહુવ્રીહિ સમાસ તરીકે ઓળખવામાં આવે છે.

બહુવ્રીહિ શબ્દનો યૌગિક અર્થ છે- बहुव्रीहि (धान्य) यस्य अस्तिः सः बहुव्रीहिः । અર્થાત્ – જેની પાસે વિપુલ પ્રમાણમાં ચોખા છે. એમાં બે શબ્દ છે – बहु અને व्रीहि । પ્રથમ શબ્દ બીજા શબ્દનું વિશેષણ બને છે. વળી, આ બંને શબ્દો મળીને ત્રીજા જ શબ્દનું વિશેષણ બને છે. આથી જ આવા પ્રકારના શબ્દોથી બનતા સમાસને બહુવ્રીહિ સમાસ તરીકે ઓળખવામાં આવે છે.

બહુવ્રીહિ અને તત્પુરુષ સમાસમાં પ્રથમ દષ્ટિએ દેખાતો ભેદ એ છે કે તત્પુરુષમાં પ્રથમ શબ્દ બીજા શબ્દનું વિશેષણ બને છે.

જેમ કે, - पीतं अम्बरं = पीताम्बरम् – कर्मधारय तत्पुरुष

જેમ કે, - पीताम्बरः – पीतं अम्बरं यस्यः सः = श्रीकृष्णः

આ પ્રકારે એક જ સમાસ પ્રકરણની આવશ્યક્તા અનુસાર તત્પુરુષ અથવા બહુવ્રીહિ થઈ શકે છે. આના ઉદારહણ માટે એક મનોરંજક આખ્યાયિકા છે. એકવાર એક યાચક ફાટેલાં- જૂનાં કપડાં પહેરીને રાજદરબારમાં જઈને બોલ્યો – अहं च त्वं च राजेन्द्र, लोकनाथावुभावपि ( હે રાજન, હું પણ લોકનાથ છું અને તમે પણ લોકનાથ છો, આપણે બંને લોકનાથ છીએ.)

યાચકની આ ઉક્તિ સાંભળીને સભામાં રાજકર્મચારીઓ તેની ધૃષ્ટતા પર ગુસ્સે થઈને કહેવા લાગ્યા કે આ પાગલ, મૂર્ખ વ્યક્તિની ધૃષ્ટતા તો જુઓ ! આ તો રાજાથી પોતાની સમાનતા કરી રહ્યો છે, આને દરબારમાંથી બહાર કાઢો ત્યારે એ યાચકે બીજા અંશને તરત રજૂ કર્યો કે-

**'बहुव्रीहिरहं राजन् षष्ठीतत्पुरुषो भवान्'**

*અર્થાત્ – હે રાજન ! હું બહુવ્રીહિ સમાસ છું અને તમે ષષ્ઠી તત્પુરુષ છો. આથી મારા માટે તમે જ લોકનાથનો અર્થ છો.* लोकाः प्रजाः नाथाः पालकाः यस्य सः = *જેની બધા જ રક્ષા અને પાલન કરે . તમારા માટે આનું તાત્પર્ય એ છે કે –* लोकस्य नाथः = लोकनाथः । *આ સાંભળીને બધા જ રાજદરબારીઓ હસી પડ્યા અને એ યાચકને રાજાએ યોગ્ય પુરસ્કાર આપીને એનું લોકનાથતત્વ દૂર કર્યું.*

## 13.3 બહુવ્રીહિ સમાસના ભેદ

*બહુવ્રીહિ સમાસના મુખ્ય બે ભેદ હોય છે.*

1. *સમાનાધિકરણ બહુવ્રીહિ*
2. *વ્યધિકરણ બહુવ્રીહિ*

*સમાનાધિકરણ બહુવ્રીહિ*

*સમાનાધિકરણ બહુવ્રીહિ સમાસની વ્યાખ્યા આ રીતે આપી શકાય – જેમાં બંને અથવા બધા જ પદો સમાન અધિકરણ હોય. એક જ આસન અથવા સમયમાં હોય. અર્થાત્ તે પ્રથમ વિભક્તિમાં હોય.*

*જેમ કે,* - पीताम्बर ।

*વ્યાધિકરણ બહુવ્રીહિ એટલે એવો સમાસ કે જેના બંને પદો પ્રથમા વિભક્તિમાં ન હોય.*

*જેમ કે,* - चन्द्रशेखरः – चन्द्र शेखरे यस्यः सः = (शिव)

चक्रपाणिः – चक्रं पाणौ यस्यः सः = (विष्णु)

चन्द्रकान्ति – चन्द्रस्य कान्तिः इव कान्तिः यस्यः सः

*વ્યાધિકરણ બહુવ્રીહિમાં બંને શબ્દ પ્રથમાં વિભક્તિમાં નથી હોતા, માત્ર એક જ હોય છે. બીજો શબ્દ ષષ્ઠી અથવા સપ્તમે વિભક્તિમાં હોય છે.*

*બહુવ્રીહિ સમાસમાં ધ્યાનમાં રાખવા જેવી બાબતો*

*સમાનાધિકરણ બહુવ્રીહિમાં જો પ્રથમ શબ્દ પુલ્લિંગ શબ્દથી બનેલો સ્ત્રીલિંગ શબ્દ હોય (દા.ત., રૂપવાન-રૂપવતી, સુંદર-સુંદરી વગેરે) અને 'ઉ' કારાન્ત ન હોય તેમજ બીજો શબ્દ સ્ત્રીલિંગ હોય તો પ્રથમ શબ્દનું સ્ત્રીલિંગ રૂપ હતાવિને આદિ રૂપ પુલ્લિંગ રાખવામાં આવે છે. જેમ કે,-*

रूपवती भार्या यस्यः सः रुपवद्भार्यः (रूपवतीभार्यः *નહિ)*

*આ ઉદાહરણમાં સમાસનો પ્રથમ શબ્દ* 'रूपवती' *હતો દ્વિતિય શબ્દ* 'भार्या' *સ્ત્રીલિંગમાં હતો, આથી પ્રથમ શબ્દનું પુલ્લિંગ રૂપ થઈ ગયું.*

चित्राः गावः यस्यः सः चित्रगुः (चित्रागुः *નહીં)*

*પરંતુ* गङ्गा भार्या यस्य सः गङ्गाभार्यः (गङ्गाभार्यः *નહીં)*

*કેમ કે, ગંગા શબ્દ કોઈ પુલ્લિંગ શબ્દનું સ્ત્રીલિંગ રૂપ નથી.*

*જો સમાસને અંતે* इन *માં* अन्त *થનાર શબ્દ આવે તેમજ પૂરો સમાસ સ્ત્રીલિંગ બનાવવો હોય તો નિત્ય* कप् *પ્રત્યય જોડી દેવામાં આવે છે.*

बहवः दण्डिनः यस्यां सा बहुदण्डिका (नगरी)

*પરતું જો પુલ્લિંગ બનાવવો હોય તો* कप् *પ્રત્યય જોડવો ન જોડવો ઈચ્છા પર હોય છે.*

*જેમ કે, -*

बहुदण्डिको ग्रामः, बहुदण्डी ग्रामः वा ।

*પરંતુ જો બહુવ્રીહિ સમાસનો અંતિમ શબ્દ ઋ કારાન્ત પુલ્લિંગ, સ્ત્રીલિંગ અથવા નપુંસકલિંગ હોય અથવા સ્ત્રીલિંગનો ઈ કારાન્ત અથવા ઉ કારાન્ત હોય તો* कप् *પ્રત્યય અવશ્ય લાગે છે.*

*જેમ કે, -* ईश्वरः कर्ता यस्य सः ईश्वरकर्तुकः (संसारः)

अन्नं धातृ यस्य सः अन्नधातृकः (पुरुषः)

सुशीला माता यस्य सः सुशीलमातृकः (मनुष्यः)

रूपवती स्त्री यस्य सः रूपवत्स्त्रीकः (मनुष्यः)

*જો અંતિમ શબ્દ આકારાન્ત હોય તો ઈચ્છાનુસાર આકાર ને અકાર બનાવી શકાય છે.*

*જેમ કે, -* पुष्पमालाकः , पुष्पमालकः

*એવી જ રીતે, જો કોઈ સમાસનો વિગ્રહ જ ન થઈ શકે, તો તેને નિત્ય સમાસ કહે છે.*

*જેમ કે,-* इव *ની સાથે કોઈ શબ્દનો =* जीमूतस्य इव जीमूतस्येव *આ નિત્ય સમાસ છે.*

## 13.4 બહુવ્રીહિ સમાસના સૂત્રો

**॥ अथ बहुव्रीहिसमासप्रकरणम् ॥**

**सूत्र – ८२९ शेषो बहुव्रीहिः ( २.२.२३ )**

**अधिकारोऽयम् । 'द्वितीया श्रिता. ( सूत्र ६८६ ) इत्यादिना यस्य त्रिकस्य विशिष्य समासो नोक्तः स शेषः प्रथमान्तमित्यर्थः ॥**

**અનુવાદ**

*આ અધિકાર સૂત્ર છે.* 'द्वितीया श्रिता. (सूत्र ६८६) *આ સૂત્રથી વિશેષ કરીને જે ત્રિકનો સમાસ કહ્યો નથી, તે શેષ અર્થાત્ પ્રથમાંત છે.*

**વ્યાખ્યા**

*જે પદોનો જે અર્થમાં અવ્યવીભાવ આદિ સમાસ ન થાય તેને શેષ કહે છે. બહુવ્રીહિ મોટેભાગે અન્ય પદાર્થ પ્રધાન થાય છે, પરંતુ આ લક્ષણ* 'उन्मत्तगङ्गांम्' *અવ્યવીભાવમાં અતિવ્યાપ્ત છે.*

*ઉપરના સૂત્રમાં વિભક્તિનું નામ લઈને તત્પુરુષ સમાસ થયો છે.* शेषे प्रथमा *વિભક્તિ છે, જેનો સમાસશાસ્ત્રમાં ઉલ્લેખ નથી. આથી પ્રથમાં વિભક્તિમાં બહુવ્રીહિ સમાસ થાય છે.*

*શેષ સમાસને ઉપરોક્ત સૂત્ર દ્વારા બહુવ્રીહિ કહે છે.* इव

शेषो बहुव्रीहिः (२.२.२३) *અધિકાર સૂત્ર છે, જેનો અધિકાર* चार्थे द्वन्द्वः २/२/२९ *એ સૂત્રની પૂર્વ સુધી જે સમાસ થાય છે એ સમસ્ત સમાસોની બહુવ્રીહિ સંજ્ઞા થાય છે.*

*તત્પુરુષમાં વિગ્રહ અવસ્થામાં બે પદ હોય છે. જેમ કે, -* राज्ञः पुरुषः -राजपुरुषः / *બહુવ્રીહિમાં વિગ્રહાવસ્થામાં ત્રણ પદ હોય છે. જેમ કે,* प्राप्तमुदक यं (बहु.) सः — प्राप्तोदकः

**सूत्र — ८३० अनेकमन्यपदार्थे ( २.२.२४ )**

**अनेकं प्रथमान्तमन्यपदार्थे वर्तमानं वा समस्यते स बहुव्रीहिः । अप्रथमाविभक्त्यर्थे बहुव्रीहिरिति समानाधिकरणानामिति च फलितम् । प्राप्तमुदकं यं प्राप्तोदको ग्रामः । ऊढरथोऽनवान् । उपहृतपशू रुद्रः । उद्धृतौदना स्थाली । पीताम्बरो हरिः । । वीरपुरुषको ग्रामः । प्रथमार्थे तु न । वृष्टे देवे गतः । व्यधिकरणानामपि न । पञ्चभिर्भुक्तमस्य ।' प्रादिभ्यो धातुजस्य वाच्यो वा चोत्तरपदलोपः' ( वा. १३६० ) प्रपतितपर्णः प्रपर्णः ॥ नञोऽस्त्यर्थानां वाच्यो वाचोत्तरपदलोपः ( वा. १३६१ ) अविद्यमानपुत्रः अपुत्रः । अस्तीति विभक्तिप्रतिरूपकमव्ययम् । अस्तिक्षीरा गौः ।**

**અનુવાદ**

*અન્ય પદના અર્થમાં વર્તમાન અનેક પ્રથમાંન્ત પદનો વિકલ્પે સમાસ થાય છે તેને બહુવ્રીહિ સમાસ કહે છે. આ પરથી એવું ફલિત થાય છે કે બહુવ્રીહિ સમાસ પ્રથમા વિભક્તિના અર્થમાં નથી હોતો અને સમાનાધિકરણનો હોય છે.* प्राप्तमुदकं यं सः प्राप्तोदको ग्रामः *— જે ગામમાં જળ પહોંચી ગયું છે.* ऊढरथोऽनवान् *-જે બળદે ગાડું જોતરાઈને હંકાર્યું છે.* उपहृतपशू रुद्रः *— જે રુદ્રને પશુ આપવામાં આવ્યું છે.* उद्धृतौदना स्थाली *— જે તપેલીમાંથી ભાત કાઢવામાં આવ્યા છે.* पीताम्बरो हरिः *- જેના વસ્ત્રો પીળા છે.* वीरपुरुषको ग्रामः *— જે ગામમાં વીર મનુષ્ય રહેતા હોય. પ્રથમા વિભક્તિના અર્થમાં બહુવ્રીહિ સમાસ હોતો નથી, આથી* वृष्टे देवे गतः *— વરસાદ વરસી રહ્યા પછી ગયો. આ વાક્યમાં સમાસ થયો નથી. એવી જ રીતે વ્યધિકરણ પદોનો પણ સમાસ થતો નથી. જેમ કે,* पञ्चभिर्भुक्तमस्य *— પાંચ જણા સાથે એમનું ભોજન થયું.* प्र *આદિથી પર ધાતુથી બનેલો શબ્દ છે તેમાં તદન્તનો ઉત્તરપદ સાથે*

સમાસ થાય છે તેમજ પ્ર આદિના ઉત્તરપદનો પણ લોપ વિકલ્પથી થાય છે. જેમ કે, प्रपतितपर्णः प्रपर्णः - જે વૃક્ષનું પર્ણ વૃક્ષ પરથી નીચે પડી ચુક્યું છે. નજથી સ્વતંત્ર વિદ્યમાનતાના અર્થના વાચક જે પદ હોય તેમના અનુરૂપ ઉત્તર પદની સાથે સમાસ થાય છે તેમજ નજના ઉત્તરવર્તી પદનો વિકલ્પથી લોપ પણ થઈ જાય છે. अविद्यमानपुत्रः अपुत्रः – જેમને પુત્ર નથી/જેમને પુત્ર વિદ્યમાન નથી. અવ્યય પદોનો પણ ઉત્તરપદની સાથે બહુવ્રીહિ સમાસ થાય છે. જેમ કે, उच्चैर्मुखः – જેણે પોતાનું મુખ ઉપર કરેલું છે તે. अस्तिक्षीरा આદિ પદ પણ બહુવ્રીહિ સમાસ છે. अस्ति એ વિભક્તિપ્રતિ રૂપક અવ્યય છે. अस्तिक्षीरा – દૂધ આપનારી ગાય/ જે ગાય દૂધ આપનારી છે તે.

**વ્યાખ્યા**

અન્ય પદાર્થના બોધક અનેક પ્રથમાંન્ત પદનો વિકલ્પે સમાસ થાય છે તેને બહુવ્રીહિ સમાસ કહે છે. બહુવ્રીહિ સમાસ પ્રથમ વિભક્તિના અર્થમાં નથી બનતો, સમાનાધિકરણનો હોય છે. અન્ય પદના અર્થમાં વર્તમાન અનેક પ્રથમાન્ત પદોનો સમાસ થાય છે. એ સમાસ બહુવ્રીહિ સમાસ કહેવાય છે. અન્ય પદના અર્થમાં પ્રથમા વિભક્તિને છોડીને દ્વિતીયાદિ કોઈ એક વિભક્તિથી કહેવાય છે. પ્રથમાન્તોનો બહુવ્રીહિ સમાસ થાય છે એમ કહેવાથી બહુવ્રીહિ પ્રાયઃ સમાનાધિકરણ પદોનો જ થાય છે એમ અહીં આ ઉપરોક્ત સૂત્ર અને તેની વૃત્તિમાં સ્પષ્ટતા કરવામાં આવી છે.

જેમ કે, -

प्राप्तमुदकं यं सः प्राप्तोदको ग्रामः – જે ગામમાં જળ પહોંચી ગયું છે.

ऊढरथोऽनवान् - -જે બળદે ગાડું જોતરાઈને હંકાર્યું છે.

उपहृतपशू रुद्रः – જે રુદ્રને પશુ આપવામાં આવ્યું છે.

उद्धृतौदना स्थाली – જે તપેલીમાંથી ભાત કાઢવામાં આવ્યા છે.

पीताम्बरो हरिः - જેના વસ્ત્રો પીળા છે.

वीरपुरुषको ग्रामः – જે ગામમાં વીર મનુષ્ય રહેતા હોય.

પ્રથમાંના અર્થમાં બહુવ્રીહિ સમાસ થતો નથી. આથી 'वृष्टे देवे गतः' – વર્ષા થઈ ગયા પછી ગયો. આ વાક્યમાં સમાસ થયો નથી. વ્યાધિકરણ પદોનો પણ સમાસ થતો નથી. જેમ કે, -पञ्चभिर्भुक्तमस्य – પાંચ સાથે તેનું ભોજન થયું.

'प्र' વગેરે ધાતુથી અલગ જે ધાતુથી બનેલા શબ્દો છે તે તદંતનો ઉત્તર પદની સાથે સમાસ થાય છે અને 'प्र' વગેરેના ઉત્તરપદનો લોપ પણ વિકલ્પથી થયો. प्रपतितपर्णः प्रपर्णः– જેનાથી પર્ણ પડી ગયું છે.

'नञ्' *થી અલગ વિદ્યમાનતાના અર્થના વાચક જે પદ હોય તેના ઉત્તર પદ સાથે સમાસ થાય છે. તેમજ* 'नञ्' *ના ઉત્તરવર્તી પદનો વિકલ્પથી લોપ પણ થઈ જાય છે.*
अविद्यमानपुत्रः अपुत्रः *– જેનો પુત્ર ન હોય.*

**सूत्र – ८३१ स्त्रियाः पुंवद्भाषितपुंस्कादनूङ् समानाधिकरणे स्त्रियामपूरणीप्रियादिषु ( ६.३.३४ )**

**भाषितपुंस्कादनूङ् ऊ डोऽभावो यस्यामिति बहुव्रीहिः । निपातनात्पञ्चम्या अलुक् षष्ठ्याश्च लुक् । तुल्ये प्रवृत्तिनिमित्ते यदुक्तमुंस्कं तस्मात्पर ऊ डोऽभावो यत्र तथाभूतस्य स्त्रीवाचकशब्दस्य पुंवाचकस्येव रूपं स्यात्समानाधिकरणे स्त्रीलिङ्ग उत्तरपदे न तु पूरण्यां प्रियादौ च परतः । गोस्त्रियोः ( सू. ६५६ ) इति ह्रस्वः । चित्रा गावो यस्येति लौकिकविग्रहे । चित्रा अस् गो अस् इत्यलौकिकविग्रहे । चित्रगुः । रूपवद्भार्यः । चित्रा जरती गौर्यस्येति विग्रहे अनेकोक्तेर्बहूनामपि बहुव्रीहिः । अत्र केचित् । चित्राजरतीगुः । जरतीचित्रगुर्वा । एवं दीर्घातन्वीजङ्घः । त्रिपदे बहुव्रीहौ प्रथमं न पुंवत् । उत्तरपदस्य मध्यमेन व्यवधानात् । द्वितीयमपि न पुंवत् । पूर्वपदत्वाभावात् । उत्तरपदशब्दो हि समासस्य चरमावयवे रूढः । पूर्वपदशब्दस्तु प्रथमावयवे रूढ इति वदन्ति । वस्तुतस्तु नेह पूर्वपदमाक्षिप्यते । आनङ् ऋतः इत्यत्र यथा । तेनोपान्त्यस्य पुंवदेव । चित्राजरद्गुरित्यादिः । अत एव चित्राजरत्यौ गावौ यस्येति द्वन्द्वगर्भेऽपि चित्राजरद्गुः इति भाष्यम् । कर्मधारयपूर्वपदे तु द्वयोरपि पुंवत् । जरच्चित्रगुः । कर्मधारयोत्तरपदे तु चित्रजरद्गवीकः । स्त्रियाः किम् । ग्रमाणि कुलं दृष्टिरस्य ग्रामणिदृष्टिः । भाषितपुंस्कात् किम् । गङ्गाभार्यः । अनूङ् किम् । वामोरूभार्यः । समानाधिकरणे किम् । कल्याण्याः माता । स्त्रियां किम् – कल्याणी प्रधानं यस्य सः कल्याणीप्रधानः ।**

**અનુવાદ**

**'भाषितपुंस्कादनूङ् ऊ डोऽभावोडस्याम्'** *– એવો બહુવ્રીહિ સમાસ છે.*

**વ્યાખ્યા**

भाषितपुंस्कादनूङ् ऊ डोऽभावो *એમાં બે પદોના સમાસમાં પૂર્વપદની પંચમી વિભક્તિનો નિપાતનથી લોપ થયો નથી, જ્યારે ઉત્તરપદમાં* 'अनूङः' *માં ષષ્ઠી વિભક્તિનો નિપાતનથી લોભ થયો છે.*

*જે શબ્દનો પ્રયોગ કરવાથી અર્થાત્ તેનો અર્થ પુલ્લિંગ અને સ્ત્રીલિંગમાં સમાન હોય અને જે શબ્દ સ્ત્રીલિંગ અને પુલ્લિંગ બંનેમાં પ્રયુક્ત હોય તેમજ જેના અન્ય* उड *પ્રત્યય ન હોય એવા સ્ત્રીવાચક શબ્દનું* पुंवाचक *ની સમાન રૂપ થઈ જાય છે જો સમાનાધિકરણ સ્ત્રીલિંગમાં ઉત્તરપદથી પર પૂરણી સંખ્યા અને પ્રિયા વગેરે શબ્દ ન આવેલા હોય.*

'गौस्त्रियोःज' (सू. ६५६) *આ સૂત્રથી હ્રસ્વનું વિધાન છે.* 'चित्रा गावो यस्य' *આ લૌકિક વિગ્રહ અને* 'चित्रा अस् गो अस्' *અલૌકિક વિગ્રહ થવાથી* चित्रगुः *રૂપ બને*

છે. चित्रगुः — જેની ગાય ચિતકાબરી છે. रूपवद्भार्यः — જેની પત્ની સુંદર હોય, વગેરેમાં બહુવ્રીહિ સમાસ બને છે. ત્રિપદ બહુવ્રીહિમાં ઉત્તરપદનો મધ્યપદ સાથે વ્યવધાન થવાને કારણે બીજું પદ પણ पुवंत् થતું નથી. पूर्वपदत्वाभाव ને કારણે બીજું પદ પણ पुवंत् થતું નથી. કેમ કે, ઉત્તરપદ શબ્દ સમાસના ચરમ અવયવમાં રૂઢ છે અને પૂર્વપદ શબ્દ સમાસના પ્રથમ અવયવમાં રૂઢ છે.

વાસ્તવમાં 'आनङ् ऋतः' (सूत्र. ९२१) આ સૂત્રમાં પૂર્વપદનો આક્ષેપ થયો નથી, વળી, અહીં પણ પૂર્વપદનો આક્ષેપ થયો નથી.

જેમ કે,- चित्राजरद्गुः વગેરે...

**सूत्र- ८३२ अप्पूरणीप्रामाण्योः ( ५.४.११६ )**

**पूरणार्थप्रत्ययान्तं यस्त्रीलिङ्गं तदन्तात्प्रमाण्यन्ताच्च बहुव्रीहेरप् स्यात् । कल्याणी पञ्चमी यासां रात्रीणां ताः कल्याणीपञ्चमा रात्रयः । स्त्री प्रमाणी यस्य स स्त्रीप्रमाणः ॥ पुंवद्भावप्रतिषेधोऽप्प्रत्ययश्च प्रधानपूरण्यामेव' ( वा.३३५९-३९१० ) ॥ रात्रिः पूरणी वाच्या चेत्युक्तोदाहरणे मुख्या ।**

**અનુવાદ**

*પૂરણાર્થ પ્રત્યયાંત જે સ્ત્રીલિંગ શબ્દ તદંત અને પ્રમાણી શબ્દાંત બહુવ્રીહિથી* **अप्** *પ્રત્યયાંત સમાસાન્ત થાય.*

**વ્યાખ્યા**

*પૂરણાર્થ પ્રત્યયાંત જે સ્ત્રીલિંગ શબ્દ તદંત અને પ્રમાણી શબ્દાંત બહુવ્રીહિથી* **अप्** *પ્રત્યયાંત સમાસાન્ત થાય.*

कल्याणीपञ्चमा रात्रयः — જે રાત્રિઓમાં પાંચમી રાત્રિ કલ્યાણમય હોય.

स्त्रीप्रमाणः — જેનું પ્રમાણ સ્ત્રી હોય.

ઉપરોક્ત સૂત્રથી જ્યાં પૂરણ અર્થમાં પ્રત્યય કહેવામાં આવ્યા છે; તે પ્રત્યયાન્ત શબ્દ બહુવ્રીહિ સમાસમાં ઉત્તરપદમાં હોય, તો ત્યાં स्त्रियाः ...। સૂત્રથી પુંવદ્ભાવ થતો નથી. પરન્તુ આ पूरणी એવું પદ ઉત્તરપદ 52માં રહેતાં-अप्पूरणी प्रामाण्योः પા. ५.४.११६ એવું સૂત્ર પ્રવૃત્ત થાય છે. આ સૂત્રમાં બે પદો છે. अप् (१.१) અને पूरणीप्रमाण्योः (६.२), અહીં 'पूरणीप्रमाण्योः પદમાં ઈતરેત્તર દ્વંદ્વ સમાસ છે. ઉપરથી 'बहुव्रीहौ', समासान्ताः, प्रत्ययः - વગેરે પદોની અનુવૃત્તિ છે. સૂત્રાર્થ છે-"પૂરણ અર્થમાં આવેલો પ્રત્યય જેની અન્તમાં છે તેવા સ્ત્રીલિંગ શબ્દથી અને प्रमाणी શબ્દ જેની અન્તમાં છે એવા બહુવ્રીહિ સમાસાન્ત પથદથી પરમાં अप् પ્રત્યય થાય છે." જેમકે- कल्याणपज्चमा रात्रयः । અહીં (कल्याणी पञ्चमी यासां (रात्रीणाम्, ताः) એવા લૌકિક વિગ્રહની અને 'कल्याणी + सु पञ्चमी + सु' એ સ્થિતિમાં अनेकमन्यपदार्थे । । પા.2.2.24 સૂત્રથી સમાસ થાય છે અને તે બહુવ્રીહિ સમાસ હોય છે.

सूत्र ८३७ न कपि ( ७.४.१४ )

**कपि परे अणो ह्रस्वो न स्यात् । कल्याणपञ्चमीकः पक्षः । अत्र तिरोहितावयवभेदस्य पक्षस्यान्यपदार्थतया रात्रिरप्रधानम् । बहुकतृकः । अप्रियादिषु किम् । कल्याणीप्रियः । प्रिया । मनोज्ञा । कल्याणी । सुभगा । दुर्भगा। भक्तिः । सचिवा । स्वसा । कान्ता । क्षान्ता । समा । चपला । दुहिता । वामा । अबला । तनया । 'सामान्ये नपुंसकम्' दृढं भक्तिर्यस्य स दृढभक्तिः । स्त्रीत्वविवक्षायां तु दृढाभक्तिः ।**

**અનુવાદ**

कप् *પ્રત્યય પર રહે તો* अण् *નો હ્રસ્વ થતો નથી.*

**વ્યાખ્યા**

कल्याणपञ्चमीकः पक्षः - *જે પક્ષની પંચમી શુભ હોય. અહીં તિરોહિત અવયવભેદ પક્ષની અન્યપદાર્થતાને કારણે રાત્રિ શબ્દને અપ્રાધાન્ય કહે છે.* बहुकर्तृकः — *જેના અનેક કર્તા હોય. સૂત્રમાં "*अप्रियादिषु*' ' એવું કેમ કહ્યું?* कल्याणीप्रियः *(અહીં પ્રિયા શબ્દ પર રહેવાથી પુંવદ ભાવ ન થાય)* प्रियादि — *જેમ કે, - પ્રિયા, મનોજ્ઞા, કલ્યાણી, સુભાગા, દુર્ભગા, ભક્તિ, સચિવા, સ્વસા, કાન્તા, ક્ષાન્તા, સમા, ચપલા, દુહિતા, વામા, અબલા, તનયા. સામાન્યમાં નપુંસકલિંગ થાય છે.*

*જેમ કે, -* दृढं भक्तिर्यस्य सः — दृढभक्तिः' *એવું પદ થાય છે.*

'अप्रियादिषु' *એવું કેમ કહ્યું? એના ઉત્તરમાં ભટ્ટોજી જણાવે છે કે જે બહુવ્રીહિ સમાસના ઉત્તરપદમાં જો પ્રિયા વગેરે શબ્દ હોય ત્યારે પૂર્વપદનો પુંવદભાવ થતો નથી. આથી* कल्याणीप्रियः *આ ઉદાહરણમાં જ્યાં ઉત્તરપદ 'પ્રિયા' છે ત્યાં પુંવદભાવ થયો નથી.* 'कल्याणी प्रिया यस्य' *આ વિગ્રહમાં પૂર્વપદ કલ્યાણી સ્ત્રીલિંગ છે.*

**सूत्र – ८३६ तसिलादिष्वाकृत्वसुचः ( ६.३.३५ )**

**तसिलादिषु कृत्वसुजन्तेषु परेषु स्त्रियाः पुंवत्स्यात् । परिगणनं कर्तव्यम्, अव्याप्त्यतिव्याप्तिपरिहाराय । 'त्रतसौ' ( वा. ३९१८ ) 'तरप्तमपौ' ( वा. ३९१९ ) । 'चरट्जातीयरौ' ( वा. ३९२० ) । 'कल्पब्देशीयरौ' ( वा.३९२१ ) । रूपप्पाशपौ ( वा. ३९२२ ) । 'थाल्' ( वा. ३९२३ ) । 'तिल्थ्यनौ' ( वा. ३९२५ ) बह्वीषु बहुत्र । बहुतः । दर्शनीयतरा । दर्शनीयतमा । 'घरूप-' ( सूत्र-६८५ ) इति वक्ष्यमाणो ह्रस्वः परत्वात्पुंवद्भावं बाधते । पट्वितरा । पविगतमा । पटुचरी । पटुजातीया । दर्शनीयकल्पा । दर्शनीयदेशीया । दर्शनीयरूपा । दर्शनीयपाशा । बहुथा । प्रशस्ता वृकी वृकतिः । अजाभ्यो हिता अजथ्या । शसि बह्वल्पार्थस्य पुंवद्भावो वक्तव्यः ( वा. ३९२६ ) । । बह्वीभ्यो देहि बहुशः, अल्पाभ्यो देहि अल्पशः, 'त्वतलोर्गुणवचनस्य' ( वा.३९२७ ) शुक्लाया भावः शुक्लत्वम् , शुक्लता । गुणवचनस्य किम् - कर्व्या भावः कर्त्रीत्वम् । 'शरदः कृतार्थता' इत्यादौ तु सामान्ये नपुंसकम्, 'भस्याढे तद्धिते' ( वा. ३९२८ ) । हस्तिनीनां समूहो हस्तिकम् । अढे किम् - रौहिणेयः । 'स्त्रीभ्यो**

**ढक्' ( सू. ११२३ ) इति ढोऽत्र गृह्यते । अग्नेर्ढक् ( सू. १२३६ ) इति ढकि तु पुंवदेव । अग्नायी देवताऽस्य स्थालीपाकस्य आग्नेयः । सपत्नीशब्दस्त्रिधा । शत्रुपर्यायात्सपत्नशब्दाच्छाङ्गरवादित्वाद् ङीन्येकः । समानः पतिर्यस्या इति विग्रहे विवाहनिबन्धनं पतिशब्दमाश्रित्य नित्यस्त्रीलिङ्गो द्वितीयः स्वामिपर्यायपतिशब्देन भाषितपुंस्कस्तृतीयः । आद्ययोः शिवाद्यण् । सपत्न्या अपत्यं सापत्नः । तृतीयात्तु लिङ्गविशिष्टपरिभाषया पत्युत्तरपदलक्षणो ण्य एव न त्वण् । शिवादौ रूढयोरेव ग्रहणात् । सापत्यः । सर्विका भार्या यस्य स सर्वकभार्यः । सर्वप्रियः इत्यादि । मृग्याः पदं मृगपदम् । मृगक्षीरम् । काकशावः ।**

**અનુવાદ**

तसिल् *થી લઈને* कृत्वसुच् *સુધીના પ્રત્યયો પર રહેવાથી સ્ત્રીવાચક પદનો પુંવદભાવ થાય છે.*

**વ્યાખ્યા**

*અહીં* तसिल् *થી લઈને* कृत्वसुच् *સુધીના પ્રત્યયો પર રહેવાથી સ્ત્રીવાચક પદનો પુંવદભાવ થાય છે પણ તો જ કે જો પ્રત્યય ઓછા અથવા વધુ ન હોય. આથી જ આવી ગણના કરવામાં આવી છે. આ પ્રત્યયો આ મુજબ છે-* त्रल्, तस्, तरप्, चरट्, जातीयर्, कल्पप्, देशीयर्, रूपप्, पाशप्, थाल्, तिल्, थ्यन् *વગેરે પ્રત્યયો તસિલાદિ છે.* 'वह्वीषु' *આ અર્થમાં અનેક- અનેકોમાં.* बहुतः *– અનેકોથી.* दर्शनीयतरा– *બંનેમાં અધિક સુંદર.* दर्शनीयतमा *– અનેકોમાં અત્યધિક સુંદર. અહીં* 'घरुप' (सूत्र-९८५) *આ વક્ષ્યમાણ સૂત્રથી હસ્વ પરત્વને કારણે પુંવદભાવનો બાધ થાય છે.* पट्वितरा *– બંનેમાં અત્યંત કુશળ.* पट्वितमा *– સૌથી અધિક કુશળ.* पट्वुचरी-- *જે પહેલાં કુશળ રહેલ છે.* पट्वुजातीया *– નિપુણ વ્યક્તિની સમાન.* दर्शनीयकल्पा *– વિશેષ કરીને દર્શનીય.* दर्शनीयदेशीया *– મોટેભાગે દેખાવડો.* दर्शनीयरूपा *– અત્યંત દર્શનીય.* दर्शनीयपाशा - *નિંદનીય સુંદર.* बहुथा *– અનેક પ્રકારની.* वृकतिः *– પ્રશંસનીય માદા બકરી.* अजथ्या - *બકરીઓ માટે લાભદાયક.*

"शस् *પ્રત્યય પર રહેવાથી અત્યંત અને અલ્પાર્થક શબ્દનો પુંવદભાવ થાય છે.* वह्वीभ्यो देहि बहुशः *– અનેક સ્ત્રીઓને અર્પણ કરો.* अल्पाभ्यो देहि अल्पशः *– થોડીક સ્ત્રીઓને આપો.*

'त्व' *અને* 'तल' *પ્રત્યય પર રહેવાથી ગુણવાચક શબ્દનો પુંવદભાવ થાય છે.* शुक्लायाभावः, शुक्लत्वम्, शुक्लता *– શ્વેત સ્ત્રીનું શ્વેતપણું.*

'गुणवचनस्य' *એવું કેમ કહ્યું? તો તેનો ઉત્તર ભટ્ટોજી આપે છે કે* कर्त्र्या भावः कर्त्रीत्वम् – कर्त्री का भाव, 'शरदः कृतार्थता' *ઈત્યાદિમાં સામાન્યમાં નપુંસકલિંગ જાણવું.*

'ढ' *પ્રત્યયથી ભિન્ન તદ્ધિત પ્રત્યય પરે રહેવાથી ભસંજ્ઞકનો પુંવદભાવ થાય છે.* हस्तिनीनां समूहो हास्तिकम् – *હાથણીઓનો સમૂહ.*

'अढे' એવું કેમ કહ્યું? रौहिणेय: , તેનો ઉત્તર છે કે 'ઢ' પ્રત્યય પર રહેવાથી તેનો પુંવદભાવ થતો નથી.

સપત્ની શબ્દ ત્રણ પ્રકારનો છે. જેમાં પ્રથમ शत्रुपर्याय सपत्न શબ્દના ઉત્તરમાં 'शार्ङ्गरवादित्व ને કારણે डीन् પ્રત્યયયુક્ત છે. બીજો સપત્ની શબ્દ 'समानः पतिर्यस्याः' આ વિગ્રહમાં વિવાહનિબંધન પતિ શબ્દનો આશ્રય કરીને નિષ્પન્ન નિત્ય સ્ત્રીલિંગ છે, જ્યારે ત્રીજો સપત્ની શબ્દના ઉત્તરપદ એવા લિંગવિશિષ્ટ પરિભાષાથી પ્રત્યુત્તરપદ લક્ષણ 'ण्य' એવો પ્રત્યય જ થાય છે. શિવ વગેરેમાં પ્રથમ અને દ્વિતીય રૂઢ એવા સપત્ની શબ્દને ગ્રહણ કરવાને કારણે 'अण' થતો નથી, ત્રીજા સપત્ની શબ્દના ઉત્તર પદમાં 'ण्य' થવાથી 'सापत्यः ' એમ સિદ્ધ થાય છે.

सर्वकाम्यति – બધી સ્ત્રીઓને ચાહનાર. सर्विका भार्या यस्य स सर्वकभार्यः – જેની પત્ની સર્વિકા નામવાળી હોય તે. सर्वप्रियः વગેરે. "भस्त्रैषा...(૭.૩.૪૭) આ સૂત્ર નિર્દેશને કારણે પૂર્વપદનો પુંવદભાવ થાય છે. આ કારણે अकच् પ્રત્યય અને એકશેષવૃત્તિવિષયમાં પુંવદભાવ થતી થતો. જેમ કે, - सर्विका – બધી જ સ્ત્રીઓ. सर्वाः – બધી સ્ત્રીઓ.

अण्डादि શબ્દ પર રહેવાથી कुक्कुट्यादि શબ્દોનો પુંવદભાવ થાય છે.

જેમ કે, -

कक्कुट्या अण्डं कुक्कुटाण्डम् – મરઘીનું ઈંડું.

मृग्याः पदं मृगपदम् – હરિણીનો પગ.

मृगक्षीरम् – હરણીનું દૂધ.

काकशावः – કાગડાનું બચ્ચું.

सूत्र – ८३७ कयङ्मानिनोश्च (६.३.३६)

एतयोः परतः पुंवत् । एनीवाचरति एतायते । श्येनीवाचरति श्येतायते । स्वभिन्नां काञ्चिद्दर्शनीयां मन्यते दर्शनीयमानिनी । दर्शनीयां स्त्रियं मन्यते दर्शनीयमानी चैत्रः

**અનુવાદ**

कयङ् અથવા मानिन् શબ્દ જો ઉત્તરપદમાં હોય તો પૂર્વપદનો પણ પુંવદભાવ થઈ જાય છે.

**વ્યાખ્યા**

અહીં સૂત્રમાં જણાવ્યું છે કે कयङ् અથવા मानिन् શબ્દ જો ઉત્તરપદમાં હોય તો પૂર્વપદનો પણ પુંવદભાવ થઈ જાય છે एतायते – જે માદા ચીતલની જેમ વ્યવહાર કરે છે. श्येतायते -જે માદા બાજની જેમ વ્યવહાર કરે છે. दर्शनीयमानिनी - જે સ્ત્રી અન્ય સ્ત્રીને સુંદર સમજે છે. दर्शनीयमानी – જે સ્ત્રીને દર્શનીય સમજે છે તે ચૈત્ર. અહીં

*દર્શનીય એમ સુબન્ત ઉપપદ રહેવાથી* मन् *ધાતુ ને* णिनि *એવો* इन् *પ્રત્યય લાગવાથી* उपपदमतिङ् (२.२.१९) *થી સમાસ થયો.*

**सूत्र – ८३८ न कोपधायाः ( ६.३.३७ )**

**कोपधायाः स्त्रिया न पुंवत् । पाचिकाभार्यः । रसिकाभार्यः । मद्रिकायते । मद्रिकामानिनी । 'कोपधप्रतिषेधे तद्धितवुग्रणम्' ( वा. ३९३१ ) । नेह - पाका भार्या यस्य स पाकभार्यः ।**

**અનુવાદ**

*જેની ઉપધામાં 'ક' છે તો એ સ્ત્રીવાચક શબ્દનો પુંવદભાવ ન હોય.*

**વ્યાખ્યા**

*જેની ઉપધામાં 'ક' છે તો એ સ્ત્રીવાચક શબ્દનો પુંવદભાવ ન હોય. જેમ કે, -*

पाचिकाभार्यः – *જેની પત્ની રસોઈકામ કરે છે.*

रसिकाभार्यः – *જેની પત્ની રસિક છે.*

मद्रिकायते - *મદ્રિકાની સમાન આચરણ કરનારી.*

मद्रिकामानिनी – *જે સ્ત્રી પોતાને મદ્રિકા સમજે છે.*

*તદ્ધિત સંબંધી અને વુંસમ્બંધી 'ક' ની ઉપધાનો પણ પુંવદભાવનો નિષેધ થાય છે. અહીં* 'न कोपधायाः' (सूत्र. ८३८) *સૂત્રમાં પુંવદભાવનો નિષેધ થયો નથી.* पाका भार्या यस्य स पाकभार्यः *।- જેની પત્ની યુવતી છે.*

*લૌકિક વિગ્રહ* - पाचिकाभार्यः पाचिका भार्या यस्य (बहुव्रीहि समास) सः *। અલૌકિક વિગ્રહ* - पाचिका सु भार्या सु *।*

**सूत्र- ८३९ संज्ञापूरण्योश्च ( ६.३.३८ )**

**अनयोर्न पुंवत् । दत्ताभार्यः । दत्तामानिनी । दानक्रियानिमित्तः स्त्रियां पुंसि च संज्ञाभूतोऽयमिति भाषितपुंस्कत्वमस्ति । पञ्चमीभार्यः । पञ्चमीपाशा ।**

**અનુવાદ**

*સંજ્ઞા શબ્દનો અને પૂરણપ્રત્યયાંત શબ્દનો પુંવદભાવ થતો નથી.*

**વ્યાખ્યા**

*આ સૂત્રમાં ઉલ્લેખ છે કે સંજ્ઞા શબ્દનો અને પૂરણપ્રત્યયાંત શબ્દનો પુંવદભાવ થતો નથી.*

दत्ताभार्यः – *જેની પત્નીનું નામ દત્તા હોય.*

दत्तामानिनी - *જે સ્ત્રી પોતાને દત્તા સમજતી હોય.*

*સ્ત્રીલિંગ અને પુલ્લિંગમાં દાન ક્રિયાનિમિત્ત સંજ્ઞાભૂત દત્તા શબ્દ ભાષિતપુંસ્ક છે.*

पञ्चमी भार्यः – *જેની પત્ની પાંચમી હોય.* पञ्चमीपाशा - *નિંદનીય પાંચમી.*

दानक्रियानिमित्त इति 'दत्त' *શબ્દ ભાષિતપુંસ્ક છે. કેમ કે, તેનો પ્રયોગ ત્રણેય લિંગમાં થાય છે. આથી* दत्ताभार्यः *અને* दत्तामानिनी *આ ઉદાહરણોથી ક્રમશઃ* "स्त्रियाः पुंवत्.'. (६.३.३४) 'कयङ्मानिनोश्च'(६.३.३६) *થી પુંવદભાવ પ્રાપ્ત હતો* 'संज्ञापूरण्योश्च' (६.३.३८) *થી તેનો નિષેધ થયો છે.*

**सूत्र- ८४० वृद्धिनिमित्तस्य च तद्धितस्यारक्तविकारे ( ६.३.३९ )**

**वृद्धिशब्देन विहिता या वृद्धिस्तद्धेतुर्यस्तद्धितो ऽरक्तविकारार्थस्तदन्ता स्त्री न पुंवत् । स्रौघ्नीभार्यः । माथुरीयते। माथुरीमानिनी। वृद्धिनिमित्तस्य किम् - मध्यमभार्यः । तद्धितस्य किम् - काण्डलावभार्यः । वृद्धिशब्देन किम् - तावद्भार्यः । रक्तेतु काषायी कन्था यस्य स काषायकन्थः । विकारे तु हैमी मुद्रिका यस्येति हैममुद्रिकः । वृद्धिशब्देन वृद्धिं प्रति फलोपधानाभावादिह पुंवत् - वैयाकरणभार्यः, सौवश्वभार्यः॥**

**અનુવાદ**

*વૃદ્ધિ શબ્દથી જે વૃદ્ધિનું વિધાન થયું છે તે વૃદ્ધિનું કારણ રક્ત અને વિકાર અર્થથી ભિન્ન તદ્ધિત પ્રત્યય, તદંત કે જેના અંતે સ્ત્રીવાચક શબ્દનો પુંવદભાવ ન થયો હોય.*

**વ્યાખ્યા**

*જેમાં વૃદ્ધિનું વિધાન હોય અને એ વૃદ્ધિનું કારણ રક્ત અને વિકારથી ભિન્ન તદ્ધિત પ્રત્યય હોય ત્યારે એવા સ્ત્રીવાચક શબ્દનો પુંવદભાવ થતો નથી.*

*જેમ કે,*

स्त्रोघ्नीभार्यः - *જેની પત્ની સ્રુઘ્ન નગરીની છે.*

माथुरीयते - *જેની સ્ત્રી મથુરાવાસિની સ્ત્રીની જેમ આચરણ કરે છે.*

मथुरीमानिनी – *જેની સ્ત્રી પોતાને સ્વયં મથુરાવાસિની સમજે છે.*

*સૂત્રમાં* वृद्धिनिमित्तस्य *એમ કેમ કહ્યું તો તેનો ઉત્તર છે કે એટલા માટે એમ કહ્યું છે કે જ્યાં તદ્ધિત પ્રત્યય વૃદ્ધિનો નિમિત્ત નથી ત્યાં પુંવદભાવનો નિષેધ થાય છે.*

*જેમ કે, -*

मध्यमभार्यः – *જેની પત્ની મધ્યમ હોય.*

*સૂત્રમાં* तद्धितस्य *એવું એટલા માટે કહ્યું છે કે જ્યાં વૃદ્ધિ નિમિત્ત પ્રત્યય તદ્ધિત ન હોય તો તેનો પુંવદભાવ નિષેધ થતો નથી.*

*જેમ કે, -*

काण्डलावभार्यः – *જેની પત્ની કંટક કાપનારી છે તે.*

तावद्भार्यः – *જેની પત્ની એટલી જ છે.*

काषायकन्थः - *જેની કાયા ગેરુઆ રંગની છે.*

हैममुद्रिकः — *જેની અંગૂઠી સુવર્ણની છે. આ બધામાં પુંવદભાવનો નિષેધ થયો છે. વૃદ્ધિની પ્રાપ્તિ થવાથી જ નહીં, પરંતુ પરિણમે તો પણ આ સૂત્ર પ્રવૃત્ત થાય છે.*

*આથી* वैयाकरणभार्यः — *જેની પત્ની વ્યાકરણ જાણવા સમર્થ છે.* सौवश्वभार्यः — *જેની પત્ની સુંદર અશ્વવાળા પુરુષની સંતાન હોય છે..આ બધામાં પુંવદભાવનો નિષેધ નથી થયો.*

सूत्र- ८४३ संख्ययाऽव्ययासन्नादूराधिकसंख्याः संख्येये (२.२.२५)

संख्येयार्थया संख्यया अव्ययादयः समस्यन्ते स बहुव्रीहिः । दशानां समीपे ये सन्ति ते उपदशाः । नव एकादश वेत्यर्थः । 'बहुव्रीहौ संख्येये-' (सू. ८५१) इति

**અનુવાદ**

*સંખ્યાવિશિષ્ટ દ્રવ્યાર્થક સંખ્યાવાચકથી અવ્યય, આસન્ન, દૂર, અધિક અને સંખ્યાનો સમાસ થાય છે અને તેની બહુવ્રીહિ સંખ્યા થાય છે.*

**વ્યાખ્યા**

*અહીં અવ્યય, આસન્ન, અદૂર, અધિક, સંખ્યા આ સુબન્ત શબ્દોનો એક આદિ સુબન્ત શબ્દ સાથે બહુવ્રીહિ સમાસ થાય છે.* 'उप' *શબ્દ સમીપાર્થક છે.* उपदशाः — *દસની લગભગ, નવ અથવા અગિયાર. અહીં* बहुव्रीहौ संख्येये. (सूत्र. ८५१) *આ વક્ષ્યમાણ સૂત્રથી* 'डच्' *પ્રત્યય થાય છે.*

**सूत्र - ८४५ दिङ्नामान्यन्तराले ( २.२.२६ )**

**दिशो नामान्यन्तराले वाच्ये प्राग्वत् । दक्षिणस्याश्च पूर्वस्याश्च दिशोऽन्तरालं दक्षिणपूर्वा । नामग्रहणाद्यौगिकानां न । ऐन्द्रयाश्च कौबेर्याश्चान्तरालं दिक् ।**

**અનુવાદ**

*દિશા મધ્યાર્થક અંતરાલ શબ્દ છે.*

**વ્યાખ્યા**

*દિશાઓના નામોનો સમાસ થાય છે. જો એની મધ્ય દિશા વિવક્ષિત હોય તો જ સમાસ થાય છે.* दक्षिणपूर्वा — *દક્ષિણ આને પૂર્વ. સૂત્રમાં નામ શબ્દ ગ્રહણ કરવાથી પ્રતીત થાય છે કે દિગ્વાચી યૌગિક શબ્દોથી બહુવ્રીહિ સમાસ થતો નથી.*

*જેમ કે,* - ऐन्द्रयाश्च कौबेर्याश्चान्तरालं दिक् ।

नामग्रहणादिति 1 'दिङ्नामान्यन्तराले' (सूत्र. २.२.२६) *આ સૂત્રમાં 'નામ' શબ્દને ગ્રહણ કરવાથી પ્રતીત થાય છે કે* दिग्वाची *રૂઢ શબ્દોથી પણ બહુવ્રીહિ સમાસ થાય છે,* दिग्वाची *શબ્દોથી નહીં. આથી*

ऐन्द्रयाश्च कौबेर्याश्चान्तरालं दिक् *આ વિગ્રહમાં સમાસ થતો નથી. કેમ કે,* ऐन्द्री *અને* कौबेरी *આ દિશાઓના નામ ક્રમશઃ અને કુબેરથી પ્રવૃત્ત થઈને યોગિક છે, રૂઢ નથી.*

**सूत्र- ८५१ बहुव्रीहौ संख्येये डजबहुगणात् ( ५.४.७३ )**

**संख्येये यो बहुव्रीहिस्तस्माड्डच् स्यात् । उपदशाः, अबहुगणात् किम् – उपबहवः, उपगणाः । अत्र स्वरे विशेषः 'संख्यायास्तत्पुरुषस्य वाच्यः' ( वा. ३३४८ ) निर्गतानि त्रिशतो निस्त्रिशानि वर्षाणि चैत्रस्य, । निर्गतस्त्रिशतोङ्गुलिभ्यो निस्त्रिशः खड्गः ।**

**અનુવાદ**

'संख्ययाव्यया. (सूत्र. ८४३) *થી યુક્ત બહુવ્રીહિ સમાસમાં* 'डच्' *પ્રત્યય થાય છે. પરંતુ બહુ, ગણ શબ્દોમાં નહીં.*

**વ્યાખ્યા**

'संख्ययाव्यया. (सूत्र. ८४३) *થી યુક્ત બહુવ્રીહિ સમાસમાં* 'डच्' *પ્રત્યય થાય છે.* उपदशाः *– દસની લગભગ, ઓગણીશ અથવા એક્ત્રીશ. સૂત્રમાં* 'अबहुगुणात्' ' *એવું એટલા માટે કહ્યું છે કે જ્યાં બહુ અને ગુણ શબ્દ હોય ત્યાં* डच्' *પ્રત્યય ન હોય. જેમ કે,* उपबहवः *– લગભગ ઘણું.* उपगणाः *– લગભગ ઘણું. અહીં સ્વરમાં વિશેષતા છે.* संख्यान्त *તત્પુરુષનો સમાસાન્ત* डच् *થાય છે.* निर्गतानि त्रिंशतो निनस्त्रिशानि वर्षाणि चैत्रस्य *– ચૈત્ર નામક વ્યક્તિના ત્રીસ વર્ષથી અધિક દિવસો થઈ ગયા છે.* निर्गतस्त्रिशतोङ्गुलिभ्यो निस्त्रिशः खड्गः *– ત્રીસ અંગુલથી મોટી તલવાર (એક માપનો ઉલ્લેખ).*

**सूत्र – ८५२ बहुव्रीहौ सक्थ्यक्षणोः स्वाङ्गात्षच् ( ५.४.११३ )**

**व्यत्ययेन षष्ठी । स्वाङ्गवाचिसक्थ्यक्ष्यन्ताद्बहुव्रीहेः षच्स्यात् । दीर्घे सक्थिनी यस्य स दीर्घसक्थः ।**

**અનુવાદ**

*જે શબ્દના અંતમાં* स्वाङ्गवाची सक्थि *અને* अक्षि *શબ્દ હોય તેનો બહુવ્રીહિથી* षच् *પ્રત્યય સમાસાન્ત થાય છે.*

**વ્યાખ્યા**

*વ્યત્યયથી ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થયો છે.* स्वाङ्गवाची सक्थि *અને* अक्षि *શબ્દ જેના અંતમાં હોય તેનો બહુવ્રીહિ સમાસ થાય છે.*

दीर्घसक्थः *– જેની જાંઘ લાંબી છે.*

जलजाक्षी *– જે સ્ત્રીની આંખો કમળ સમાન છે.*

*આ સૂત્રમાં* स्वाङ्गात् *એમ કેમ કહ્યું એવો પ્રશ્ન છે, તેનો પ્રત્યુત્તર એ છે કે સ્વાંગવાચી* सक्थि *અને* अक्षि *શબ્દો ન હોય તો* षच् *ન થાય.*

दीर्घसक्थि शकटम् – *જે ગાડીનો ભાગ લાંબો હોય.*

स्थूलाक्षा वेणुयष्टिः - *વિશાળ આંખોવાળી વાંસની છડી.*

*અહીં આ બધાનો* अक्ष्णोऽदर्शनात्' (सू. ९४४) *આ સૂત્રથી* अच् *પ્રત્યય થયો છે.*

व्यत्ययेन षष्ठीति । 'बहुव्रीहौ सक्थ्यक्ष्णोः स्वाङ्गात्षच् (५.४.११३) *આ સૂત્રના* 'सक्थ्यक्ष्णोः' *આ પદમાં ષષ્ઠીનો પંચમીના અર્થમાં પ્રયોગ થયો છે.*

**सूत्र – ८९८ सप्तमीविशेषणे बहुव्रीहौ ( २.२.३५ )**

**सप्तम्यन्तं विशेषणं च बहुव्रीहौ पूर्व प्रयोज्यम् । कण्ठेकालः । अतएव ज्ञापकाद्व्यधिकरणपदो बहुव्रीहिः । चित्रगुः । 'सर्वनामसंख्ययोरुपसंख्यानम्' ( वा. १४१९ ) सर्वश्वेतः । द्विशुक्ल, त्रिशुक्लः । 'मिथोऽनयोः समासे संख्या पूर्वं शब्दपरविप्रतिषेधात' ( वा. ५०४४ )। द्वचन्यः । 'संख्याया अल्पीयस्याः' ( वा. १४१७ ) द्वित्राः । द्वन्द्वेऽपि । द्वादश । 'वा प्रियस्य' ( वा. १४२० ) गुडप्रियः, प्रियगुडः । 'गड्वादेः परा सप्तमी' ( वा. १४२१ ) गडुकण्ठः । क्वचिन्न । वहेगडुः ।**

**અનુવાદ**

*બહુવ્રીહિ સમાસમાં સપ્તમી અને વિશેષણ વાચક પદનો પ્રયોગ પ્રથમ કરવો જોઈએ.*

**વ્યાખ્યા**

*આ સૂત્રમાં કહ્યું છે કે બહુવ્રીહિ સમાસમાં સપ્તમી અને વિશેષણ પદનો પૂર્વ પ્રયોગ કરવો જોઈએ.*

कण्ठेकालः – आसन्नमृत्यु – *જેના પ્રાણ કંઠમાં આવી ગયા છે. બહુવ્રીહિમાં સપ્તમી પદના પૂર્વ નિપાત નિયમથી સિદ્ધ થાય છે કે સૂત્રકારને વ્યાધિકરણ (ભિન્ન વિભક્તિ) માં પણ બહુવ્રીહિ સમાસ અભિપ્રેત છે.*

*સર્વનામવાચક અને સંજ્ઞાવાચક શબ્દોનો પણ બહુવ્રીહિ સમાસમાં પૂર્વ નિપાત થાય છે. જેમ કે,-*

चित्रगुः – *જેની ગાય ચિતકાબરી છે.*

सर्वश्वेतः – *સંપૂર્ણ સફેદ.*

द्विशुक्लः – *જેના બે સફેદ છે.*

त्रिशुक्लः – *જેના ત્રણ સફેદ છે.*

*એવી જ રીતે જ્યારે સર્વનામવાચક અને સંખ્યાવાચક શબ્દનો પરસ્પર સમાસ કરવો હોય તો સંખ્યાવાચક શબ્દનો પૂર્વ નિપાત થાય છે. કેમ કે, સંખ્યાવાચક પદ પરવર્તી છે.*

द्वयन्यः — જેના બે અન્ય હોય.

જ્યારે જો બે સંખ્યાવાચક શબ્દનો સમાસ કરવાનો હોય તો લઘુસંખ્યક શબ્દનો પૂર્વપ્રયોગ થાય છે. જેમ કે,-

द्वित्राः — બે અથવા ત્રણ.

દ્વન્દ્વ સમાસમાં પણ લઘુસંખ્યાવાચક શબ્દનો પૂર્વ પ્રયોગ થાય છે.

द्वादशः - બે અને દશ = બાર

બહુવ્રીહિમાં પ્રિય શબ્દનો વિકલ્પથી પૂર્વ પ્રયોગ થાય છે. જેમ કે, -

गुडप्रियः, प्रियगुडः - જેને ગોળ પ્રિય છે.

ગડું વગેરે શબ્દો સાથે સમાસ કરવાથી સપ્તમ્યંત પદનો અંતમાં પ્રયોગ થાય છે.

गडुकण्ठः — જેના ગાળામાં કંઠમાલ છે.

ક્યારેક ગડું શબ્દ હોવા છતાં પણ સપ્તમી પદનો પ્રયોગ થતો નથી. જેમ કે, -

वहेगडुः — જેના કાન્ધા પર માંસપિન્ડ છે.

## 13.5 તમારી પ્રગતિ ચકાસો.

1. બહુવ્રીહિ સમાસ કોને કહે છે?

2. બહુવ્રીહિ સમાસના કેટલા ભેદ છે? તેના ભેદો વિશે સમજાવો.

3. शेषो बहुव्रीहिः (२.२.२३) સૂત્ર સમજાવો.

4. शेषो बहुव्रीहिः (२.२.२३) સૂત્ર સમજાવો.

5. બહુવ્રીહિ સમાસના કોઈ બે ઉદાહરણ આપો.

1. બહુવ્રીહિ સમાસની વ્યાખ્યા આપો.

2. બહુવ્રીહિ સમાસના ભેદો જણાવો.

3. બહુવ્રીહિ સમાસમાં સમાનાધિકરણ બહુવ્રીહિ કોને કહે છે?

4. વ્યધિકરણ બહુવ્રીહિ સમાસ ક્યારે બને છે?

5. सूत्र- ८३२ अप्पूरणीप्रामाण्योः (५.४.११६) સૂત્ર સમજાવો

6. सप्तमीविशेषणे बहुव्रीहौ (२.२.३५) સૂત્ર સમજાવો.

## 13.6 સંદર્ભ સાહિત્ય

| क्रम | ग्रन्थनाम | लेखक | व्याख्याकार | प्रकाशक |
|---|---|---|---|---|
| 1. | वैयाकरण सिद्धान्त कौमुदी | भट्टोजिदीक्षित | गोपाल दत्त | चौखम्भा सुर भारती |
| 2. | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य | भीमसेन शास्त्री | भैमी प्रकाशन, लाजपत नगर, दिल्ली | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य |
| 3. | परम लघु मंजूषा | नागेश भट्ट | भीमसेन शास्त्री | चौखम्भा सुर भारती |

**અધ્યયન સામગ્રી**

| क्रम | ग्रन्थनाम | लेखक | व्याख्याकार | प्रकाशक |
|---|---|---|---|---|
| 1. | वैयाकरण सिद्धान्त कौमुदी | भट्टोजिदीक्षित | गोपाल दत्त | चौखम्भा सुर भारती |
| 2. | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य | भीमसेन शास्त्री | भैमी प्रकाशन, लाजपत नगर, दिल्ली | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य |
| 3. | समास संदर्शिका | डा. ा्लगोविन्द झा | | चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी |
| 4. | *સંસ્કૃત વાક્ય સંરચના* | *વસંતકુમાર મનુભાઈ ભટ્ટ* | | *સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ*-1 |
| 5. | *ગુજરાતી ભાષા સૌંદય* | ------- | -------- | *ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર* |
| 6. | *ગુજરાતી વ્યાકરણ* | *ડૉ. ભરત કુમાર ઠાકર* | | *એમ. કે. મદ્રાસી* |

**લેખક : ડૉ. જગદીશભાઈ એચ. પટેલ આસિસ્ટન્ટ પ્રોફેસર,**
**શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કોલેજ, કપડવંજ**

# એકમ : 14 : દ્વંદ્વ સમાસ

## રૂપરેખા


**14.0** ઉદ્દેશો

**14.1 પ્રસ્તાવના**

**14.2 દ્વંદ્વ સમાસની વ્યાખ્યા અને ભેદ**

**14.3 अथ द्वन्द्वसमासप्रकरणम्**

**14.4 તમારી પ્રગતિ ચકાસો**

**14.5 સંદર્ભ સાહિત્ય**


## 14.0 ઉદ્દેશો

- *સૂત્રની વ્યાખ્યા, પ્રયોગસિદ્ધિ અને સહાયક સૂત્રોના વર્ણનથી સંબંધિત દ્વંદ્વ સમાસ વિશે આ એકમમાં સમજ પેદા થશે.*
- *વિદ્યાર્થીઓ આ એકમનું અધ્યયન કરીને દ્વંદ્વ સમાસ અને તેના ભેદને સારી રીતે સમજી શકે.*
- *દ્વંદ્વ સમાસનો અર્થ અને તેની પરિભાષા વિદ્યાર્થીઓ જાણે અને સમાસ અંગેનું જ્ઞાન મેળવે. આથી વિદ્યાર્થીઓ વ્યાકરણને સરળ રીતે સમજી શકે.*
- *દ્વંદ્વ સમાસ કોને કહે છે? તેની ઓળખ કેવી રીતે કરવી? વગેરે અંગે વિદ્યાર્થીઓ આ એકમનો અભ્યાસ કર્યા પછી સરળતાથી સમજી શકશે.*
- *વ્યાકરણસિદ્ધાંત કૌમુદીમાં દ્વંદ્વ સમાસના ભેદો વિશે તેમજ ભટ્ટોજી દીક્ષિત દ્વારા જણાવેલ સૂત્રોને સરળતાથી સમજી શકશે.*
- *દ્વંદ્વ સમાસ અંતર્ગત આ સમાસની વિશેષતાઓને સહજતાથી સમજી શકશે*
- *દ્વંદ્વ સમાસના પ્રકારો અને પેટા પ્રકારોને ઉદાહરણ સાથે વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શકશે.*

## 14.1 પ્રસ્તાવના

*દ્વંદ્વ સમાસના સમાસ ભેદને સમજવા માટે વ્યાકરણસિદ્ધાંત કૌમુદીમાં ભટ્ટોજી દીક્ષિતે આપેલ વ્યાખ્યા, સૂત્રો અને ઉદાહરણો દ્વારા દ્વંદ્વ સમાસને સરળ રીતે તેનું સ્વરૂપ રજૂ કરી સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આથી આ એકમમાં વિદ્યાર્થી દ્વંદ્વ સમાસને અને તેના ભેદોને સરળ રીતે સમજી શકે એવી રીતે સૂત્રોને ઉદાહરણ સહ રજૂ કરવામાં આવ્યા છે.*

*આ એક જ સમાસ એવો છે કે જેમાં બે કે તેથી વધુ અલગ અલગ પદોને 'ચ' શબ્દ દ્વારા દર્શાવવામાં આવે છે અને આ બધા પદો ભેગા થતા દ્વંદ્વ સમાસ બનવા પામે છે. આ દ્વંદ્વ સમાસ અને તેના અન્ય ભેદ વિશે આપણે આ આ એકમમાં સમજીશું.*

*દ્વંદ્વ સમાસમાં બે અથવા બે થી વધુ અલગ અલગ સંજ્ઞા હોય છે. આ દરેક સંજ્ઞા પોતપોતાની રીતે પ્રધાન હોય છે. ઘણીવાર સંજ્ઞાઓનો સમૂહ હોય છે. જેમાં દરેક સંજ્ઞા પ્રધાન હોય છે.*

## 14.2 દ્વંદ્વ સમાસની વ્યાખ્યા અને ભેદ

*'દ્વન્દ્વ' એ સંસ્કૃત શબ્દ છે. તેનો અર્થ થાય છે – જોડકું. બેનો/બંનેનો સમૂહ. જ્યારે બે કે બેથી વધારે પદાર્થો, જાતિઓ કે સંજ્ઞાવાચક નામોનો સમૂહમાં અર્થ કહેવા માટે તેમને એક જ શબ્દમાં જોડી દેવામાં આવે ત્યારે જે સમાસની રચના થાય છે તેને દ્વન્દ્વ સમાસ કહે છે. આના માટે સંસ્કૃતમાં એવી વ્યાખ્યા કરવામાં આવી છે કે-* (उभयपदपदार्थो द्वन्द्वः ।)

*આ સમાસની વિશેષતા એ છે કે તેમાં આવેલાં બધાં જ પદોનું પ્રાધાન્ય હોય છે. એટલે કે બધાં જ પદો એકસરખું મહત્ત્વ ધરાવે છે.*

*સમાસના પૂર્વપદના અને ઉત્તરપદનાં બધાં જ પદોનો વિગ્રહ કરતી વખતે તેમની વચ્ચે* 'च' *(અને) મૂકવામાં આવે છે. જેમ કે-* रामलक्ष्मणौ – रामः च लक्ष्मणः च, कृष्णार्जुनौ कृष्णः च अर्जुनः च, युधिष्ठिरभीमार्जुनसहदेवनकुलाः – युधिष्ठिरः, च भीमः च, अर्जुनः च, सहदेवः च, नकुलः च ।

*આમ, પ્રત્યેક પદ પછી 'ચ' મૂકીને તેનો વિગ્રહ કરવામાં આવે છે એ આ સમાસની પ્રધાન વિશેષતા છે.*

**દ્વંદ્વ સમાસના પ્રકારઃ**

*દ્વન્દ્વ સમાસના ત્રણ પેટા પ્રકારો છે.*

(1) *ઈતરેતર દ્વન્દ્વ,*

(2) *સમાહાર દ્વન્દ્વ અને*

(3) *એકશેષ દ્વન્દ્વ.*

*આ ત્રણેય પેટા પ્રકારોની ક્રમશઃ ચર્ચા નીચે મુજબ છે :*

(1) *ઈતરેતર દ્વન્દ્વ સમાસ :*

*જે દ્વન્દ્વ સમાસનાં બધાં પદો પોતાનું અલગ અલગ રીતે મહત્ત્વ (પ્રધાનતા) ધરાવતાં હોય તેને 'ઈતરેતર દ્વન્દ્વ સમાસ' કહે છે.*

*આ સમાસનાં લક્ષણો નીચે મુજબ છે :*

*(ક) બે કે બે કરતાં વધારે પદો એકબીજા સાથે જોડાઈને એક પદ બને છે. તેના અંગભૂત દરેક પદોનું એકસરખું મહત્ત્વ હોય છે. દરેક પદનો સ્વતંત્ર અર્થ હોય છે.*

*(ખ) વિગ્રહ કરતાં સમાસનાં બધાં પદો વચ્ચે 'च' મૂકાય છે.*

*(ગ) સમાસમાં બે પદો હોય તો આખો સમાસ દ્વિવચનમાં અને બે કરતાં વધુ એટલે કે ત્રણ કે ત્રણથી વધારે પદો હોય તો સમાસ બહુવચનમાં મૂકાય છે.*

*(ઘ) સમાસના અંતિમ પદનું લિંગ (જાતિ) આખા સમાસનું લિંગ ગણાય છે. એટલે કે જો બે પદો હોય તો બીજા પદના લિંગ પ્રમાણે એનું દ્વિવચનનું રૂપ મૂકાય છે. દા.ત.* भरतशत्रुघ्नौ *માં ભરત અને શત્રુઘ્ન એમ બે પદો છે. અંતિમ પદ શત્રુઘ્ન છે. માટે 'શત્રુઘ્ન'નું દ્વિવચનનું રૂપ મૂકાયું છે. એ રીતે જો ત્રણ કે ત્રણથી વદારે પદો હોય તો તેના અંતિમ પદ પ્રમાણે બહુવચનનું રૂપ મૂકાય છે.*

**સવિગ્રહ ઉદાહરણો**

1. धवखदिरौ = धवः च खदिरः च।
2. कृष्णार्जुनौ = कृष्णः च अर्जुनः च।
3. सीतारामौ = सीता च रामः च।।
4. राधाकृष्णौ = राधा च कृष्णः च
5. पार्वतीपरमेश्वरौ = पार्वती च परमेश्वरः च।
6. सुखदुःखे = सुखम् च दुःखम् च।
7. पत्रपुष्पफलानि = पत्रम् च पुष्पम् च फलम् च।
8. धूपदीपनैवेद्यानि = धूपम् च दीपम् च नैवेद्यम् च।
9. पाणिपादम् = पाणिः च पादम् च।
10. खरदूषणौ = खरः च दूषणः च।
11. मातापितरौ = माता च पिता च।
12. रामश्यामौ = रामश्च श्याम च
13. उमाशिवौ = उमा च शिवः च।
14. सूर्यशशिनौ = सूर्यः च शशी च।
15. वागर्थौ = वाक् च अर्थः च ।
16. नलदमयन्त्यौ = नलः च दमयन्ती च।
17. शिवपार्वत्यौ शिवः च पार्वती च।
18. कन्दमूलफलानि = कन्दः च मूलः च फलम् च।
19. कुशलवौ = कुशः च, लवः च।
20. रामसीते = रामः च सीता च।
21. मातादुहितरी = माता च दुहिता च।
22. पितापुत्रौ = पिता च पुत्रः च।
23. धर्मार्थकाममोक्षेतु = धर्मः च अर्थः च कामः च मोक्षः च।
24. मित्रावरुणौ = मित्रः च वरुणः च।

**(2) સમાહાર દ્વન્દ્વ સમાસ :**

*જ્યારે દ્વન્દ્વ સમાસનાં અંગભૂત પદોમાં ઐક્ય (એકતા) કે સમૂહભાવ જોવા મળે ત્યારે તેને 'સમાહાર દ્વન્દ્વ સમાસ' કહે છે. આ સમાસની વિશેષતા એ છે કે તેના અંગભૂત પદોનો પોતાનો સ્વતંત્ર અર્થ ગૌણ હોય છે, પરંતુ તેમનો સામૂહિક અર્થ પ્રધાન હોય છે. આ સમાસ હંમેશા નપુંસકલિંગ એકવચનમાં જ રખાય છે. દા.ત. આહારનિંદ્રાભયમૈથુન - નો અર્થ માત્ર 'આહાર, નિદ્રા, ભય અને મૈથુન' એટલો જ થતો નથી, પણ આ ચારેય પદો મળીને પ્રાણીજીવનની લાક્ષણિકતાઓના સમૂહનો અર્થ પણ સૂચવે છે.*

*નોંધનીય બાબતો*

*-સમાહાર દ્વન્દ્વ સમાસ હંમેશાં નપુંસક લિંગ એકવચનમાં જ વપરાય છે.*

*-આ સમાસનો પણ વિગ્રહ કરતી વખતે પણ પ્રત્યેક પદ પછી 'ચ' (અને) અવ્યય મૂકવામાં આવે છે.*

*-પ્રાણીનાં શરીર, વાદ્યો તથા સેનાનાં અંગોના વાચક શબ્દોનો આ સમાસ થાય છે. નિત્ય સ્વાભાવિક વૈર ધરાવનાર પ્રાણીઓનો પણ આ સમાસ બને છે.*

**સવિગ્રહ ઉદાહરણો**

1. गंगायमूने = गंगा च यमूना च।
2. करचरणम् = करः च चरणम् च।
3. शिरोग्रीवम् = शिरः च ग्रीवा च।
4. कर्णनासिकम् = कर्णः च नासिका च।
5. नखदन्तम् = नखाः च दन्ताः च।
6. मांसास्थिरुधिरम् = मांसः च अस्थि च रुधिरः च।
7. ऋषभगान्धारम् = ऋषभः च गान्धारः च।
8. गङ्गाशोणम् = गङ्गा च शोणम् च। (शोणः च)
9. मथुरापाटलिपुत्रम् = मथुरा च पाटलिपुत्रः च।
10. काशीप्रयागम् = काशी च प्रयागः च।
11. यूफालिक्षम् = यूफा च, लिक्षा च।
12. गौधूमचणकम् = गोधूमाः च, चणकाः च।

**(3) એકશેષ દ્વન્દ્વ સમાસઃ**

*એક સ્વરૂપવાળા અને એક અર્થવાળા બે અથવા વધારે શબ્દો જોડાઈને દ્રન્દ્ર બને છે અને તેમાંથી એક જ પદ શેષ રહે છે. અર્થાત્ બાકીનાં પદોનો લોપ થઈ જાય તેને એકશેષ દ્વન્દ્વ સમાસ કહે છે.*

*એકશેષ દ્વન્દ્વ બે પદોનો બનેલો હોય તો શેષ રહેલ પદ દ્વિવચનમાં મૂકાય છે અને બે કરતાં વધારે પદો હોય તો શેષ રહેલું પદ બહુવચનમાં મૂકાય છે.*

**સવિગ્રહ ઉદાહરણો**

1. पितरौ = माता च पिता च इति l
२. रामौ = रामः च रामः च ।
३. रामाः = रामः च रामः च, रामः च ।
4. हंसौ = हंसी च हंसीः च ।

*- સ્ત્રી અને પુરુષવાચી શબ્દોનો સમાસ થતો હોય ત્યાં સ્ત્રીવાચી શબ્દનો લોપ થાય છે અને પુરુષવાચી શબ્દ શેષ રહે છે.*

*જેમ કે, -*

1. भ्रातरौ = भ्राता च स्वसा च ।
2. पुत्रौ = पुत्रः च दुहिता च ।
3. श्वसुरौ = श्वश्रूः च श्वसुरः च ।
4. दम्पती = जाया च पतिः च । -
5. शूद्रौ = शूद्रः च शूद्री च ।
6. ब्राह्मणौ = ब्राह्मणः च ब्राह्मणी च ।
7. चटकौ = चटका च चटकः च ।

*- જ્યારે સ્ત્રીવાચી શબ્દનો લોપ થયા પછી બનતા વિગ્રહ વાક્યમાં પ્રથમ પદ તરીકે*

अजौ = अजः च अजा च ।

*- સ્ત્રીવાચી કે પુરુષવાચી પદ મૂકી શકાય છે અને એ રીતે વિગ્રહ કરી શકાય છે. દા.ત.* चटकौ = चटकः च, चटका च । अथवा चटका च चटकः चु

१४.१.२ अथ द्वन्द्वसमासप्रकरणम्

**सूत्र – ९०१ चार्थे द्वन्द्वः ( २.२.२९ )**

**अनेकं सुबन्तं चार्थे द्वन्द्वः ( २.२.२९ )**

**अनेकं सुबन्तं चार्थे वर्तमानं वा समस्यते, स द्वन्द्वः । समुच्चयान्वाचयेतरेतरयोगसमाहाराश्चार्थाः । परस्परनिरपेक्षस्यानेकस्यैकस्मिन्नन्वयः समुच्चयः । अन्यतरस्यानुषङ्गिकत्वेऽन्वाचयः । मिलितानामन्वयः इतरेतरयोगः । समूहः समाहारः । तत्रेश्वरं गुरुं च भजस्व इति समुच्चये, भिक्षामट गां चानय इत्यन्वाचये च न समासोऽसामर्थ्यात् । धवखदिरौ । संज्ञापरिभाषम् । अनेकोक्तेर्होतृपोतृनेष्टोद्गातारः । द्वयोर्द्वयोर्द्वन्द्वं कृत्वा पुनर्द्वन्द्वे तु होतापोतानेष्टोद्गातारः ॥**

**અનુવાદ**

*'ચ' ના અર્થમાં દ્વંદ્વ સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*'ચ' ના અર્થમાં વર્તમાન અનેક સુબન્ત પદોનો સમાસ થાય છે અને તેની દ્વંદ્વ સંજ્ઞા થાય છે. સમુચ્ચય, અન્વાચય, ઈતરેત્તરયોગ અને સમાહાર – આ 'ચ' ના અર્થમાં છે. પરસ્પર નિરપેક્ષ અનેક પદાર્થના એક પદાર્થમાં અન્વય થાય તેને સમુચ્ચય કહે છે.*

*જ્યારે સમુચ્ચયી (અર્થાત્- જેનો સમુચ્ચય થઈ રહ્યો હોય તે) પદાર્થોમાં એકનો આનુષંગિક રીતે ગૌણ રૂપથી અન્વય હોય, ત્યારે તેને અન્વાચય કહે છે.*

*જ્યારે પદાર્થ મળીને આગળ અન્વિત થાય ત્યારે તેને ઈતરેત્તર- યોગ કહે છે. આ સમૂહને સમાહાર કહે છે.*

'ईश्वरं गुरुं च भजस्व' *આ સમુચ્ચય દ્વંદ્વમાં તથા* 'भिक्षामट गां चानय' *આ અન્વાચય દ્વંદ્વ માં સમાસ થતો નથી. કેમ કે, અહીં સામર્થ્ય નથી.* धवखदिरौ – धव *અને* खैर. संज्ञा परिभाषम् – संज्ञा *અને* परिभाषा ( *સૂત્રમાં-* अनेकमन्यपदार्थे सू. ८३० *આ સૂત્રથી* 'अनेकम्' *ની અનુવૃત્તિ થઈ છે. આથી અનેક સુબન્ત પદોનો દ્વંદ્વ સમાસ થઈને* होतृपोतृनेष्टोद्गातारः *રૂપ બને છે.* 'होतापोतारौ नेष्टोद्गातारौ' *આ બે દ્વંદ્વોનો એક દ્વંદ્વ સમાસ કરીએ ત્યારે* होतापोतानेष्टोद्गातारः *એવું રૂપ બને છે.*

### सूत्र- ९०२ राजदन्तादिषु परम् ( २.२.३१ )

**एषु पूर्वप्रयोगार्हं परं स्यात् । दन्तानां राजा राजदन्तः । 'धर्मादिष्वनियमः' ( वा.१४१८ ) अर्थधर्मौ धर्मार्थौ । दम्पती, जम्पती, जायापती । जायाशब्दस्य जम्भावो दम्भावश्च वा निपात्यते । आकृतिगणोऽयम् ।**

**અનુવાદ**

*રાજદંત વગેરે શબ્દોમાં જે પદનો પહેલાં પ્રયોગ પ્રાપ્ત થાય છે તેનો અંતે નિપાત થાય છે.*

**વ્યાખ્યા**

*જે પદનો પ્રથમ પ્રયોગ પ્રાપ્ત થાય તેને પર રાખવામાં આવે છે.* राजदन्तः – *દાંતોમાં સવર્શ્રેષ્ઠ. ધર્મ વગેરે શબ્દોમાં કોનો પૂર્વનિપાત થાય અને કોનો પરનિપાત થાય એ માટેનો કોઈ નિયમ નથી.* अर्थधर्मौ, धर्मार्थौ – *ધર્મ અને અર્થ. દંપતી,જંપતી,* जायापति– पति–पत्नी, जाया *શબ્દ* जम् *અથવા* दम् *નિપાતનથી થાય છે. રાજદંત વગેરે ગણો આકૃતિ ગણ છે. રાજદંતાદિમાં દ્વંદ્વ સમાસનો પ્રયોગ થાય છે. આથી દ્વંદ્વ સમાસ પ્રકરણમાં આસૂત્ર આપવામાં આવ્યું છે.*

### सूत्र – ९०३ द्वन्द्वे घि ( २.२.३२ )

**द्वन्द्वे घिसंज्ञं पूर्वं स्यात् । हरिश्च हरश्च हरिहरौ । 'अनेकप्राप्तावेकत्र नियमोऽनियमः शेषे' ( वा.१४१० ) हरिगुरुहराः । हरिहरगुरवः ।**

**અનુવાદ**

*દ્વંદ્વમાં ઘિસંજ્ઞક શબ્દોનો પહેલા પ્રયોગ થાય છે.*

**વ્યાખ્યા**

*અહીં સૂત્રકાર કહે છે કે દ્વંદ્વમાં ઘિસંજ્ઞક જે શબ્દો હોય છે તેનો પૂર્વ પ્રયોગ થાય છે. જેમ કે, -* हरिहरौ *– વિષ્ણુ અને મહાદેવ. જ્યાં એકથી અધિક ઘિસંજ્ઞક પદ હોય ત્યાં એક જ ઘિસંજ્ઞક પદના પૂર્વ નિપાત અંગેનો નિયમ છે. અન્ય ઘિસંજ્ઞક પદ ઈચ્છાનુસાર ગમે ત્યાં રાખી શકાય છે.* हरिगुरुहराः । हरिहरगुरवः *– વિષ્ણુ, શિવ તથા ગુરુ. સમાસાદિ કાર્ય પૂર્વવતમાં અહીં હ્રસ્વ ઈકારાંત* 'हरि' *અને હ્રસ્વ ઉકારાંત* 'गुरु' *બંને ઘિસંજ્ઞક છે.* 'अनेकप्राप्तावेकत्र नियमोऽनियमः शेषे' (वार्तिक. १४१०) *થી એક ઘિસંજ્ઞક હરિનો પૂર્વ પ્રયોગ થવાથી બીજા દિસંજ્ઞક ગુરુને ઈચ્છા અનુસાર કોઈ પણ જગ્યાએ ગોઠવી શકાય તેમ છે.*

**सूत्र- ९०४ अजाद्यदन्तम् ( २.२.३३ )**

**इदं द्वन्द्वे पूर्वं स्यात् । ईशकृष्णौ । बहुष्वनियमः । अश्वरथेन्द्राः, घ्यन्तादजाद्यदन्तं विप्रतिषेधेन ( वार्तिक १४२६ ) । इन्द्राग्नी ।**

**અનુવાદ**

*સ્વરાદિ અને અકારાંત પદોનો દ્વંદ્વમાં પહેલા નિપાત થાય છે.*

**વ્યાખ્યા**

*અહીં ઉપરોક્ત સૂત્રમાં સૂત્રકાર જણાવે છે કે સ્વરાદિ અને અકારાંત પદોનો દ્વંદ્વ સમાસમાં પૂર્વ નિપાત થાય છે. જેમ કે, -* ईशकृष्णो *– ઈશ્વર અને કૃષ્ણ. જો દ્વંદ્વમાં અવયવ અનેક હોય તો આ સૂત્ર પ્રવૃત્ત થતું નથી. જેમ કે, -* अश्वरथेन्द्राः, इन्द्राश्वरथाः *– ઘોડા, રથ અને ઈન્દ્ર.* 'द्वन्द्वे घि' *અને* 'अजाद्यदन्तम्' *– આ બંને સૂત્રો પ્રાપ્ત થવાથી* 'विप्रतिषेधे परं कार्यम्' *આ નિયમથી પરવર્તી સૂત્ર* 'अजाद्यदन्तम्' *ની પ્રવૃત્તિ થાય છે.* इन्द्राग्नी *– ઈન્દ્ર અને અગ્નિ. .* घ्यन्तादिति । 'द्वन्द्वे घि' (२.२.३२ ) *આ સૂત્રમાં દ્વંદ્વ સમાસમાં ઘિસંજ્ઞક અર્થાત્ હ્રસ્વ 'ઈ' વર્ણાન્ત અને હ્રસ્વ 'ઉ' વર્ણાન્ત શબ્દનો પૂર્વ પ્રયોગ થાય છે.* 'अजाद्यदन्तम्' (२.२.३३) *આ સૂત્રમાં સ્વરાદિ અને અદંત શબ્દનો પૂર્વ પ્રયોગ થાય છે.*

**सूत्र – ९०५ अल्पाच्तरम् ( २.२.३४ )**

**शिवकेशवौ । 'ऋतुनक्षत्राणां समाक्षराणामानुपूर्व्येण' (वा. १४२१) हेमन्ताशिशिरवसन्ताः । कृत्तिकारोहिण्यौ । समाक्षराणां किम् । ग्रीष्मवसन्तौ । 'लघ्वक्षरं पूर्वम्' (वा.१४१३) कुशकाशम् । अभ्यर्हितं च (वा.१४१२) । तापसपर्वतौ । 'वर्णानामानुपूवव्येण' (वा. १४१५) ब्राह्मणक्षत्रियविट्छुद्राः । 'भार्तुज्यार्यसः' (वा. १६१६) । युधिष्ठिरार्जुनौ ।**

**અનુવાદ**

*જે પદમાં અન્ય પદની અપેક્ષાએ અલ્પ* अच् *હોય, દ્વંદ્વમાં તેનો પહેલા પ્રયોગ કરવામાં આવે છે.*

**વ્યાખ્યા**

*દ્વંદ્વ સમાસમાં અલ્પ અલ્પ* अच् *યુક્ત હોય તો દ્વંદ્વ સમાસમાં તેનો પ્રથમ પ્રયોગ કરવામાં આવે છે.* शिवकेशवा – *શિવ તથા વિષ્ણુ. સમ સ્વરવાળા ઋતુ વાચક શબ્દ અને નક્ષત્ર વાચક શબ્દોનો દ્વંદ્વ સમાસમાં ક્રમપૂર્વક પ્રયોગ કરવામાં આવે છે. અર્થાત્ ઋતુઓમાં પ્રાદુર્ભાવ ક્રમ અને નક્ષત્રોમાં તેનો ઉદ્ભવ ક્રમાનુસાર પૂર્વનિપાતથી થાય છે. પ્રથમ હેમન્ત, દ્વિતીય શિશિર અને તૃતીય વસન્ત આ દરેક નો દ્વંદ્વમાં* 'हेमन्तशिशिरवसन्ताः' *થયો છે. કૃતિકા બાદ રોહિણીનો ઉદય થતો હોય છે. આથી* कृत्तिकारोहिण्यौ *એવું થશે. અહીં* अच् *એટલે કે સમાન અક્ષર હોય ત્યાં આ નિયમ લાગુ પડતો નથી. ત્યાં* अल्पाच् *નો જ પૂર્વનિપાત થઈ જાય છે.*

*જેમ કે,* - ग्रीष्मवसन्तौ ।

*અહીં વસન્તનો પ્રાદુર્ભાવ પૂર્વમાં થતો હોઈ ત્રણ* अच् *યુક્ત છે. આથી અહીં પર નિપાત થયો છે. દ્વંદ્વમાં લઘુ અક્ષર યુક્તનો પૂર્વ નિપાત થાય છે. કુશનો કાશની અપેક્ષાએપૂર્વપ્રયોગથી* कुशकाशम् *એવી જ રીતે દ્વંદ્વ સમાસમાં પૂજ્યનો પૂર્વ નિપાત થાય છે.*

*જેમ કે,* - तापसपर्वतो

*અહીં પર્વત લઘુ અક્ષર યુક્ત છે, પરંતુ પૂજ્ય નહીં, આથી અહીં એનો પર નિપાત થયો છે. ચાર વર્ણોનો ઉલ્લેખ હોય ત્યારે એમાં ઉત્પત્તિ ક્રમથી પૂર્વ નિપાત થાય છે. અહીં વર્ણ પદથી બ્રાહ્મણ વગેરેનો અર્થ ગ્રહણ થાય છે.*

*જેમ કે,* - ब्राह्मणक्षत्रियविट्छुद्राः

*દ્વંદ્વમાં ભાઈઓમાં મધ્યમ અને જયેષ્ઠનો પૂર્વ નિપાત થાય છે.*

*જેમ કે,* - युधिष्ठिरार्जुनौ

सूत्र – ९०६ द्वन्द्वश्च प्राणितूर्यसेनाङ्गानाम् (२.४.२)

एषां द्वन्द्व एकवत्स्यात् । पाणिपादम् । मार्दङ्गिकपाणविकम् । रथिकाश्वारोहम् । समाहारस्यैकत्वादेकत्वे सिद्धे नियमार्थं प्रकरणम् । प्राण्यङ्गादीनां समाहार एव यथा स्यात् ।

**અનુવાદ**

*પ્રાણી, તૂર્ય(વાદ્ય યંત્ર) અને સેના વગેરેના અંગોના વાચક શબ્દોનો દ્વંદ્વ એકવચનાંત થાય છે/એકવદ ભાવ થાય છે.*

**વ્યાખ્યા**

*અહીં સૂત્રકાર જણાવે છે કે પ્રાણીઓના નામ, સંગીતના સાધનોના નામ અને સેના વગેરે અંગોના અંગોના વાચક શબ્દોમાં દ્વંદ્વનો એકવચનાંત હોય છે ત્યાં સમાસ થાય છે.*

पाणिपादम् — *હાથ અને પગ.*

मार्दङ्गिकपाणविकम्  — *મૃદંગ અને નગારું વગાડનાર.*

रथिकाश्वारोहम् -  *રથ સૈનિક અથવા અશ્વ સૈનિક.*

*સમાહારમાં એકવચન સિદ્ધ થવાથી પણ એકવચનભાવવિધાયક પ્રકરણ કેવળ નિયમનો નિમિત્ત છે, અર્થાત્ પ્રાણીઓના અંગ વગેરેમાં સમાહાર દ્વંદ્વ જ થાય છે. ઈતરેતરયોગ દ્વંદ્વ થતો નથી.*

**सूत्र - ९०७ अनुवादे चरणानाम् ( २.४.३ )**

**चरणानां द्वन्द्व एकवत्स्यात्सिद्धस्योपन्यासे ॥ स्थेणोर्लुङीति  वक्तव्यम् ( वार्तिक सूत्र १५३५-१५३६ ) । उदगात्कठकालापम्, प्रत्यष्ठात्कठकौथुमम् ।**

**અનુવાદ**

*સિદ્ધનું કથન થવાને લીધે ચરણવાચક શબ્દોનો દ્વંદ્વ સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*કોઈ શાખાના અધ્યેતાના વાચકને ચરણ કહે છે. શાખાના અધ્યેતા વાચક ચરણોનો પરસ્પર દ્વંદ્વ એકવચનમાં થાય છે, પણ જો કોઈ સિદ્ધ વસ્તુનું પ્રતિપાદન કરવું હોય તો જ આ સમાસ થાય છે.* लुङ्न्त स्था' *અને* इण्  *ધાતુના યોગમાં અને સિદ્ધ વસ્તુના ઉપન્યાસમાં શાખાના અધ્યેતા વાચક ચરણોમાં દ્વંદ્વ સમાસ એકવચનમાં થાય છે એમ અહીં કહેવાયું છે.*

उदगात्कठकालापम्  — *કઠ તેમજ કાલાપ ચરણ (શાખા) ફરીથી ઉદિત થઈ.*

प्रत्यष्ठात्कठकौथुमम् — *કઠ તેમજ કૌથુમ ચરણ (શાખા) ફરીથી પ્રતિષ્ઠિત થવા પામી.*

*વિદ્યાર્થી અવસ્થામાં પરસ્પર વાર્તાલાપ પ્રસંગ સ્મરણ અપાવે છે કે કઠોના ઉપસ્થિત થવા પર અને કલાપોના ઉદય થવા પર આપણે બંનેએ ત્યાં જવું જોઈએ. કેમ કે, એ સમયે ઉપસ્થિત થઈ ગયેલ હતો. આથી તું એ વાતને હવે ભૂલી ગયો છે એમ એક સહપાઠી તેના બીજા સહઅધ્યેતાને જણાવી રહ્યો છે.*

**सूत्र — ९०८ अध्वर्युक्रतुरनपुंसकम् ( २.४.४ )**

**यजुर्वेदे विहितो यः क्रतुस्तद्वाचिनामनपुंसकलिङ्गानां द्वन्द्व एकवत्स्यात् । अर्काश्वमेधम्। अध्वर्युक्रतुः किम् । इषुवज्रौ सामवेदे विहितौ । अनपुंसकं किम् । राजसूयवाजपेये । अर्धर्चादी ।**

**અનુવાદ**

*યજુર્વેદમાં વિહિત ઋતુઓના વાચક સમસ્યમાન પદોનો કે જે નપુંસકલિંગમાં પ્રયુક્ત થતા નથી, ત્યાં દ્વંદ્વ સમાસ બનવા પામે છે.*

**વ્યાખ્યા**

*યજુર્વેદમાં વિહિત ઋતુઓના વાચક સમસ્યમાન પદોનો કે જે નપુંસકલિંગમાં પ્રયુક્ત થતા નથી, ત્યાં દ્વંદ્વ સમાસ બનવા પામે છે.*

*હવે અહીં પ્રશ્ન એ થાય છે કે* 'अध्वर्युक्रतुः' *એમ કેમ કહ્યું? તો તેનો ઉત્તર એ છે કે જ્યાં યજુર્વેદવિહિત ક્રતું ન હોય ત્યાં એકવદભાવ થતો નથી.*

अर्काश्वमेधम् — *અર્ક તેમજ અશ્વમેઘ નામનો યજ્ઞ*

इषुवज्रौ — *સામવેદમાં ઉલ્લેખિત ઈષ્ટ ઈશુ તેમજ વજ્ર નામનું યજ્ઞ.*

*હવે અહીં પ્રશ્ન એ થાય કે કેમ* 'अनुंसकम्' *એમ કહ્યું છે તો તેનો પ્રત્યુત્તર એ છે કે યજુર્વેદ વિહિત કરતું નપુંસક લિંગમાં પ્રયુક્ત થવાથી તેમનો એકવદભાવ થતો નથી.*

राजसूयवाजपेये — *રાજસૂય અને વાજપેય નામનો યજ્ઞ.*

*રાજસૂય અને વાજપેય નામના યજ્ઞો નપુંસકલિંગમાં અર્ધર્ચાદિ ગણમાં આવે છે. તેમનો એકવદભાવ થતો નથી.*

**सूत्र – ९०९ अध्ययनतोऽविप्रकृष्टाख्यानाम् ( २.४.५ )**

**अध्ययनेन प्रत्यासन्ना आख्या येषां तेषां द्वन्द्व एकवत् । पदकक्रमकम् ।**

**અનુવાદ**

*અધ્યયનક્રિયામાં સમીપવર્તી ક્રમિક સંબંધ રાખનારા પદોનો દ્વંદ્વ સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*અધ્યયનક્રિયામાં સમીપવર્તી ક્રમિક સંબંધ રાખનારા પદોનો દ્વંદ્વ સમાસ થાય છે. આ સમાસ એકવચનમાં થાય છે.*

पदकक्रमकम् — *વેદના મંત્રોનું અધ્યયન કરવાની વિધિ.*

*પદ અને ક્રમનું અધ્યયન કરનાર અધ્યેતાને* 'पदक' *તરીકે ઓળખવામાં આવતો. અહીં* क्रमादिभ्यो वुन् *થી* वुन् *પ્રત્યય લાગે છે. આમ, અહીં ક્રમ અને પદનું સામીપ્ય રહેલું જણાય છે.*

पदकक्रमकम् – पदकानाञ्च क्रमकाणाञ्च समाहारः ।

**सूत्र – ९१० जातिरप्राणिनाम् ( २.४.६ )**

**प्राणिवर्जजातिवाचिनां द्वन्द्व एकवत् । धानाशष्कुलि । प्राणिनां तु विट्छूद्राः । द्रव्यजातीयानामेव, नेह रूपरसौ, गमनाकुञ्चने। जातिप्राधान्य एवायमेकवद्भावः । द्रष्यविशेषविवक्षायां तु बदरामलकानि ।**

**અનુવાદ** – *પ્રાણીભિન્ન જાતિવાચક શબ્દોમાં દ્વંદ્વ સમાસ એકવચનમાં થાય છે.*

*વ્યાખ્યા – અહીં સૂત્રકાર જણાવે છે કે પ્રાણીભિન્ન જાતિવાચક શબ્દોમાં દ્વંદ્વ સમાસ એકવચનમાં થાય છે.*

धानाश्च शष्कुलश्च -धानाशष्कुलि – *વાટેલા જવ અને પૂરી.*

*પ્રાણીવાચક શબ્દોના દ્વંદ્વમાં પ્રાણીનો એકવદ ભાવ થતો નથી.*

विट्छूद्राः – *વૈશ્ય તથા શૂદ્ર*

*એવી જ રીતે ક્રિયાવાચકમાં એકવદ ભાવ થતો નથી.*

गमनाकुञ्चने - *જવું તેમજ કુંજીત થવું.*

बदरामलकानि - *બોર અને આમળા.*

*જાતિના પ્રાધાન્યમાં એકવદ ભાવ, વ્યક્તિના પ્રાધાન્યમાં એકવદ ભાવનો અભાવ છે. જેમ કે, મને આ જ બોર, આ જ આમળા ગમે છે.*

*અહીં વ્યક્તિનું પ્રાધાન્ય રહેલું છે, જાતિનું પ્રાધાન્ય નથી. અહીં જાતિ ગૌણ બની જાય છે.*

**सूत्र- ६११ विशिष्टलिङ्गो नदीदेशोऽग्रामाः ( २.४.७ )**

**ग्रामवर्जनदीदेशवाचिनां भिन्नलिङ्गानां समाहारे द्वन्द्व एकवत्स्यात् । उद्धघश्च इरावती च उद्धघेरावति । गङ्गा च शोणश्च गङ्गाशोणम् । कुरवश्च कुरुक्षेत्रं च कुरुकुरुक्षेत्रम् । भिन्नलिङ्गानां किम् गङ्गायमुने, मद्र केकयाः । श्रग्रामाः किम्- जाम्बवं नगरम्, शालूकिनी ग्रामः - जाम्बवशालूकिन्यौ ।**

**અનુવાદ**

*ગ્રામવાચક શબ્દોથી ભિન્ન અને અસમાન લિંગ વાળા નદીવાચક અને દેશવાચક શબ્દોનો દ્વંદ્વમાં એકવચન સમાસ થાય છે.*

**વ્યાખ્યા-**

*અહીં સૂત્રકાર ઉપરોક્ત સૂત્રમાં જણાવે છે કે ગ્રામવાચક શબ્દોથી ભિન્ન અને અસમાન લિંગવાળા નદીવાચક તેમજ દેશ વાચક શબ્દોનો દ્વંદ્વમાં એકવચનમાં સમાસ થાય છે.*

उद्धघेरावति – *ઉદ્ધય નદ તથા રાવી નદી.*

गङ्गाशोणम् – *ગંગા અને શોણ*

कुरुकुरुक्षेत्रम् – *કુરુદેશ તથા કુરુક્ષેત્ર*

*સૂત્રમાં* 'भिन्नलिङ्गानाम्' *એવું કેમ કહ્યું, તો તેનો ઉત્તર ભટ્ટોજી આપતાં જણાવે છે કે જ્યાં લિંગ સમાન હોય ત્યાં એકવદભાવ થતો નથી.*

*જેમ કે,* -गङ्गायमुने – *ગંગા અને યમુના*

मद्र केकयाः - *મદ્ર તથા કેકય*

*સૂત્રમાં* 'अग्रामाः' *એવું કેમ કહ્યું? એનો પ્રત્યુત્તર આપતાં ભટ્ટોજી જણાવે છે કે ગ્રામવાચી પદો હોવાથી દ્વંદ્વમાં એકવદભાવ થતો નથી. જેમ કે,-*

जाम्बवशालूकिन्यौ – *જાંબવનગર તથા શાલૂકની ગામ*

*આમ, અહીં આ બંને ગ્રામવાચી પદ હોવાથી એકવદભાવ થતો નથી.*

**सूत्र – ९१२ क्षुद्रजन्तवः ( २.४.८ )**

**एषां समाहारे एव द्वन्द्व एकवत्स्यात् । यूकालिक्षम् । आनकुलात्क्षुद्रजन्तवः ।**

**અનુવાદ**

*ક્ષુદ્રજંતુ વાચક શબ્દોનો એકવચનમાં દ્વંદ્વ સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*સમાહારમાં જ ક્ષુદ્રજન્તુવાચક શબ્દોનો એકવચનમાં દ્વંદ્વ સમાસ થાય છે. જેમ કે, -*

यूकालिक्षम् – *જૂ અને લીખ.*

*નોળિયાથી નીચા એવા બધા જ જીવજન્તુ ક્ષુદ્ર કોટિમાં આવે છે.*

सूत्र – ९१३ - येषां च विरोधः शाश्वतिकः (२.४.६)

एषां प्राग्वत् । अहिनकुलम् । गोव्याघ्रम्, काकोलूकम् इत्यादौ परत्वाद् 'विभाषा वृक्षमृग–' (सू० ९१६) इति प्राप्तं चकारेण बाध्यते ।

**અનુવાદ**

*જેમનો વિરોધ પરસ્પર સ્વાભાવિક થયેલો છે, એવા જન્તુઓનો પણ દ્વંદ્વમાં એકવદ ભાવ થાય છે. અર્થાત્ દ્વંદ્વ સમાસ થાય છે.*

**વ્યાખ્યા**

*અહીં સૂત્રકાર જણાવે છે કે જેમનો વિરોધ પરસ્પર સ્વાભાવિક થયેલો છે, એવા જન્તુઓનો પણ દ્વંદ્વ સમાસ થાય છે. જેમ કે,*

अहिनकुलम् – *સાપ અને નોળિયો.*

गोव्याघ्रम् – *ગાય અને વાઘ.*

काकोलूकम् – *કાગડો અને ઘુવડ.*

*આ સ્થળોએ પરત્વને કારણે* 'विभाषा वृक्षमृग०' (सूत्र ९१६) *આ સૂત્રથી પ્રાપ્ત વિકલ્પથી એકવદભાવનો આ સૂત્રસ્થ* चकार *થી બોધ થાય છે.*

सूत्र - ९१४ शूद्राणामनिरवसितानाम् (२.४.१०)

अबहिष्कृतानां शूद्राणांप्राग्वत् । तक्षायस्कारम् । पात्राद्वहिष्कृतानां तु चाण्डाल– मृतपाः ।

**અનુવાદ**

*જેમનો સમાજમાં બહિષ્કાર કરવામાં આવ્યો નથી એવા શુદ્ર જાતિવાચક શબ્દોનો પણ એકવચનમાં દ્વંદ્વ સમાસ બને છે.*

**વ્યાખ્યા**

*પાત્રથી જે બહિષ્કૃત નથી એવા શૂદ્ર જાતિવાચક શબ્દોનો દ્વંદ્વ સમાસ એકવચનમાં બને છે.*

*જેમ કે, -*

तक्षायस्कारम् *— તક્ષકાર અને લુહાર.*

*આ રીતે જે શૂદ્ર જાતિના લોકો સમાજમાંથી બહિષ્કૃત નથી, જેમના ભોજનના પાત્ર કે જે કાંસા વગેરે ધાતુમાંથી બનેલા છે અને એ પાત્ર રાખ(ભસ્મ) દ્વારા શુદ્ધ થઈ શકે છે એવું સ્મૃતિ અને શાસ્ત્રોક્ત વિધાન છે એ શૂદ્રો અબહિષ્કૃત ગણાય છે.*

*પરંતુ જે શૂદ્ર જાતિના લોકો સમાજમાંથી બહિષ્કૃત છે, જેમના ભોજનના પાત્ર કે જે કાંસા વગેરે ધાતુમાંથી બનેલા છે અને એ પાત્ર રાખ(ભસ્મ) દ્વારા શુદ્ધ થઈ શકતા નથી એવું સ્મૃતિ અને શાસ્ત્રોક્ત વિધાન છે એ શૂદ્રો બહિષ્કૃત ગણાય છે. આથી તેમનો દ્વંદ્વ સમાસ થતો નથી.*

*જેમ કે, -*

चाण्डालमृतपाः- *ચાંડાલ અને મૃતક દાહ કર્મ કરનારા.*

सूत्र — ९१५ गवाश्वप्रभृतीनि च (२.४.११)

यथोच्चारितानि साधूनि स्युः । गवाश्वम् । दासीदासमित्यादि ।

**અનુવાદ**

*ગણપઠિત* गवाश्वप्रभृति *શબ્દ જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં રાખવો જોઈએ.*

गवाश्वम् *— ગાય તેમજ નોકર.*

दासीदासम् - *નોકર અને નોકરાણી.*

**વ્યાખ્યા**

गवाश्व प्रभृति *શબ્દ જ્યાં જેવા શિષ્ટાચારથી ઉચ્ચારિત હોય તેવા જ ઉચ્ચારણ સાથે એમ જ રહે છે. ગણપઠિત* गवाश्वप्रभृति *શબ્દ જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં રાખવો જોઈએ.*

गवाश्वम् *— ગાય તેમજ નોકર.*

दासीदासम् - *નોકર અને નોકરાણી*

*એમાં એ પ્રયોગથી વિરુદ્ધ શાસ્ત્ર પ્રવૃત્તિનો અભ્યાસ ન કરવો જોઈએ. જેમ કે, -*

गवाश्वम् — *ગાય તેમજ નોકર.*

दासीदासम् - *નોકર અને નોકરાણી.*

गवाश्वप्रभृति *એવા શબ્દો આ પ્રમાણે છે* - गवाश्वम्, गवाविकम्, गवैडकम्, अजाविकम्, (अजैडकम्), कुब्जवामनम्, कुब्जकिरातम्, पुत्रपौत्रम्, श्वचण्डालम्, स्त्रीकुमारम्, दासीमाणवकम्, शाटीपटीरम्, शाटीप्रच्छदम्, शाटीपट्टिकम्, उष्ट्रखरम्, उष्ट्रशशम्, मूत्रशकृत्, मूत्रपुरीषम्, यकृन्मेदः, मांसशोणितम्, दर्भशरम्, दर्भपूतीकम्, अर्जुनशिरीषम्, अर्जुनपुरुषम्, तृणोपलम्, दासीदासम् कुटीकुटम्, भागवतीभागवतम् ।

**सूत्र -९१६ विभाषा वृक्षमृगतृणधान्यव्यञ्जनपशुशकुन्यश्ववडवपूर्वापराधरोत्तराणाम् ( २.४.१२ )**

**वृक्षादीनां सप्तानां द्वन्द्वः, अश्ववडवेत्यादि द्वन्द्वत्रयं च प्राग्वद्वा । 'वृक्षादौ विशेषाणामेव ग्रहणम्' ( वा. ५१८ ) प्लक्षन्यग्रोधम्, प्लक्षन्यग्रोधाः । रुरुपृषतम्, रुरुपृषताः । कुश- काशम्, कुशकाशाः । ब्रीहियवम्, ब्रीहियवाः । दधिघृतम्, दधिघृते । गोमहिषम्, गोमहिषाः । शुकबकम्, शुकबकाः । अश्ववडवम्, अश्ववडवौ । पूर्वापरम्, पूर्वापरे । अधरोत्तरम्, अधरोत्तरे । 'फलसेनावनस्पतिमृगशकुनिक्षुद्रजन्तुधान्यतृणानां बहुप्रकृतिरेव द्वन्द्व एकवदिति वाच्यम् (वा० १५४०) । बदराणि चामलकानि च बदरामलकम् । 'जातिरप्राणिनाम्' ( सू. ९१० ) इत्येकवद्भावः । नेह बदरामलके, रथिकाश्वारोहौ, प्लक्षन्यग्रोधावित्यादि । 'विभाषा वृक्ष' ( सू. ६१६ ) इति सूत्रे येऽप्राणिनस्तेषां ग्रहणं 'जातिरप्राणिनाम्' (सू. ९१०) इति नित्ये प्राप्ते विकल्पार्थम् । पशुग्रहणं हस्त्यश्वादिषु सेनाङ्गत्वान्नित्ये प्राप्ते 'मृगाणां मृगैरेव शकुनीनां तैरेवोभयत्र द्वन्द्वः, अन्यैस्तु सहेतरेतरयोग एव' इति नियमार्थं मृगशकुनिग्रहणम् । एवं पूर्वापरम्, अधरोत्तरम् इपि । अश्ववडवग्रहणं तु पक्षे नपुंसकत्वार्थम् । श्रन्यथा परत्वात् 'पूर्ववदश्ववडवौ' ( सू. ८१३ ) इति स्यात् ।**

**અનુવાદ**

*વૃક્ષ, મૃગ, તૃણ, ધાન્ય, વ્યંજન, પશુ, શકુનિ, અશ્વવડવ, પૂર્વાપર, અધરોત્તર આમનો દ્વંદ્વમાં વૈકલ્પિક એકવચન થાય છે.*

**વ્યાખ્યા**

*અહીં ભટ્ટોજી જણાવે છે કે વૃક્ષ, મૃગ, તૃણ, ધાન્ય, વ્યંજન, પશુ, શકુનિ આ સાત શબ્દોનો દ્વંદ્વ અને અશ્વવડવ, પૂર્વાપર, અધરોત્તર આમનો દ્વંદ્વમાં વૈકલ્પિક એકવચન થાય છે. શિષ્ટોક્ત વ્યાખ્યાનથી વૃક્ષમાં વિશેષ ગ્રહણ છે.*

*વૃક્ષ વિશેષ વાચકનો દ્વંદ્વ વિકલ્પથી એકવત થાય છે. વિકલ્પથી એકવાર પક્ષ,માં ઈતરેતર યોગમાં અવયવગત સંખ્યા પ્રયુક્ત દ્વિવચન વગેરે હોય છે. ફળ, સેના, વનસ્પતિ, મૃગ, શકુનિ, ક્ષુદ્રજન્તુ, ધાન્ય, તૃણ વગેરે શબ્દોનો બહુવચનમાં પ્રકૃતિક દ્વંદ્વ એકવત થાય છે. જેમ કે,*

गवाश्वप्रभृति – बदराणि च आमलकलानि च बदरामलकम्

बदरामलकम् – *બોર તથા આમળા*

'विभाषा वृक्ष.' (सू.९१६) *આ સૂત્રમાં પ્રાણીભિન્ન વૃક્ષાદિ પદાર્થવાચી શબ્દોનું ગ્રહણ વૈકલ્પિક એકવદભાવ હેતુથી કરવામાં આવેલ છે. અહીં* 'जातिप्राणिनाम् *સૂત્રથી એકવદ ભાવ થયો છે.*

**सूत्र – ९१७ विप्रतिषिद्धं चानधिकरणवाचि ( २.४.१३ )**

**विरुद्धार्थानामद्रव्यवाचिनां द्वन्द्व एकवद्वा स्यात् । शीतोष्णम्, शीतोष्णे । वैकल्पिकः समाहारद्वन्द्वः 'चार्ये' ( सू. ९०१ ) इति सूत्रेण प्राप्तः, स विरुद्धार्थानां यदि भवति तह्यद्रव्यवाचिनामेवेति नियमार्थमिदम् । तेन द्रव्यवाचिनामितरेतरयोग एव । शीतोष्णे उदके स्तः । विप्रतिषिद्धं किम् । नन्दकपाञ्चजन्यौ । इह पाक्षिकः समाहारद्वन्द्वो भवत्येव ।**

**અનુવાદ**

*પરસ્પર વિરોધી અર્થ ધરાવતા સુબન્તોનો દ્વંદ્વમાં વિકલ્પથી એકવત થાય છે.*

**व्याख्या**

*દ્રવ્યભિન્ન પરસ્પર વિરુદ્ધાર્થક સુબન્તોનો દ્વંદ્વમાં વિકલ્પથી એકવદભાવ થાય છે.*

शीतोष्णम्, शीतोष्णे - *ઠંડી અને ગરમી*

चार्थे द्वन्द्वः' (सूत्र- ९०१) *આ સૂત્રથી* 'च' *ના અર્થમાં વૈકલ્પિક સમાહાર દ્વંદ્વ પ્રાપ્ત જ હતો. પ્રસ્તુત સૂત્ર* 'विप्रतिषिद्धञ्च' (सू. ९१७) *આ નિયમને પ્રવૃત્ત કરે છે કે પરસ્પર વિરોધી પદોનો સમાહાર દ્વંદ્વમાં દ્રવ્યભિન્ન સુબન્તને લેવું આવશ્યક છે. આ દશામાં દ્રવ્યવાચી સુબન્તનો દ્વંદ્વ ઈતરેતર યોગ થવા પામે છે.* शीतोष्णे – *ઠંડી અને ગરમી ઉપરોક્ત સૂત્રમાં* 'विप्रतिषिद्धम्' *એમ કેમ કહ્યું? આનો પ્રત્યુત્તર આપતા ભટ્ટોજી દીક્ષિત જણાવે છે કે એટલા માટે એવું કહ્યું છે કે દ્વંદ્વમાં સમસ્યમાં પદ જો વિરુદ્ધાર્થક ન હોય ત્યારે દ્રવ્યવાચક પદોનો ઈતરેતર યોગ અને પક્ષમાં સમાહાર દ્વંદ્વ થઈ જતો હોય છે. જેમકે, -*

नन्दकपाञ्चजन्यौ –नन्दक *(અર્થાત્ -વિષ્ણુની તલવાર) અને* पाञ्चजन्य *(વિષ્ણુનો શંખ).*

*પક્ષમાં સમાહાર દ્વંદ્વ પણ થાય છે.*

सूत्र – ९२१ अधिकरणैतावत्त्वे च २।४।१५।

द्रव्यसंख्यावगमे एकवदिति नियमो न स्यात् । दश दन्तोष्ठाः ।

*અનુવાદ – સમસ્યમાન પદોમાં જે દ્રવ્યોનું અભિધાન થાય છે તેની જો સંખ્યા પ્રતીત થતી હોય તો નિત્ય એકવદભાવ અર્થાત્ સમાહાર દ્વંદ્વનો નિયમ ચરિતાર્થ થતો નથી.*

दश दन्तोष्ठाः – *દસ દાંત અને હોઠ.*

सूत्र - ९२२ विभाषा समीपे (२.४.१६)

अधिकरणैतावत्त्वस्य सामीप्येन परिच्छेदे समाहार एवेत्येवंरूपो नियमो वा स्यात् । उपदशं दन्तोष्ठाः ।

*અનુવાદ – દ્રવ્યગત સંખ્યાના અવગમનો સામીપ્યથી પરિચ્છેદ થવા પર સમાહાર દ્વંદ્વ જ હોય એ નિયમની પ્રવૃત્તિ વિકલ્પથી થતી નથી.*

उपदशं दन्तोष्ठाः – *લગભગ દસ દાંત અને હોઠ.*

## 14.4 તમારી પ્રગતિ ચકાસો

1. *દ્વંદ્વ સમાસની મુખ્ય વિશેષતા જણાવો.*
2. *દ્વંદ્વ સમાસના કેટલા ભેદ છે ? સમજાવો.*
3. विप्रतिषिद्धं चानधिकरणवाचि (२.४.१३) *સમજાવો.*
4. गवाश्वप्रभृतीनि च (२.४.११) *સમજાવો.*
5. द्वन्द्वश्च प्राणितूर्यसेनाङ्गानाम् (२.४.२) *સમજાવો.*

1. इतरेतर *દ્વંદ્વ સમાસની વિશેષતા જણાવો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

2. *દ્વંદ્વ સમાસના ભેદો જણાવો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

3. *સમાહાર દ્વંદ્વ સમાસનો અર્થ જણાવી ઉદાહરણ સાથે સમજાવો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

4. ઈતરેતર દ્વંદ્વ સમાસ ઉદાહરણ સાથે સમજાવો.

5. द्वन्द्वे घि (२.२.३२)સૂત્ર સમજાવો.

6. द्वन्द्वश्च प्राणितूर्यसेनाङ्गानाम् (२.४.२) સૂત્ર સમજાવો.

7. राजदन्तादिषु परम् (२.२.३१) સૂત્ર સમજાવો.

## 14.5 સંદર્ભ સાહિત્ય

| क्रम | ग्रन्थनाम | लेखक | व्याख्याकार | प्रकाशक |
|---|---|---|---|---|
| 1. | वैयाकरण सिद्धान्त कौमुदी | भट्टोजिदीक्षित | गोपाल दत्त | चौखम्भा सुर भारती |
| 2. | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य | भीमसेन शास्त्री | भैमी प्रकाशन, लाजपत नगर, दिल्ली | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य |
| 3. | परम लघु मंजूषा | नागेश भट्ट | भीमसेन शास्त्री | चौखम्भा सुर भारती |

**અધ્યયન સામગ્રી**

| क्रम | ग्रन्थनाम | लेखक | व्याख्याकार | प्रकाशक |
|---|---|---|---|---|
| 1. | वैयाकरण सिद्धान्त कौमुदी | भट्टोजिदीक्षित | गोपाल दत्त | चौखम्भा सुर भारती |
| 2. | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य | भीमसेन शास्त्री | भैमी प्रकाशन, लाजपत नगर, | लघु सिद्धान्त कौमुदी |

| | | | | |
|---|---|---|---|---|
| | | | दिल्ली | वरदराजाचार्य |
| 3. | समास संदर्शिका | डा. बालगोविन्द झा | चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी | समास संदर्शिका |
| 4. | સંસ્કૃત વાક્ય સંરચના | વસંતકુમાર મનુભાઈ ભટ્ટ | | સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-1 |
| 5. | ગુજરાતી ભાષા સૌંદય | ------- | -------- | ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર |
| 6. | ગુજરાતી વ્યાકરણ | ડૉ. ભરત કુમાર ઠાકર | | એમ. કે. મદ્રાસી શબ્દલોક પ્રકાશન, અમદાવાદ |

**લેખક : ડૉ. જગદીશભાઈ એચ. પટેલ આસિસ્ટન્ટ પ્રોફેસર,**
**શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કોલેજ, કપડવંજ**

## એકમ : 1 5 : સમાસાંત પ્રકરણ

### રૂપરેખા

**15.0 ઉદ્દેશો**

**15.1 પ્રસ્તાવના**

**15.2** समासान्त प्रकरण

**15.3 તમારી પ્રગતિ ચકાસો**

**15.4 સંદર્ભ સાહિત્ય**

### 15.0 ઉદ્દેશો

- *સૂત્રની વ્યાખ્યા, પ્રયોગસિદ્ધિ અને સહાયક સૂત્રોના વર્ણનથી સંબંધિત અન્ય સમાસ વિશે આ એકમમાં સમજ પેદા થશે.*
- *વિદ્યાર્થીઓ આ એકમનું અધ્યયન કરીને સમાસાન્ત પ્રકરણ વિશે સારી રીતે સમજી શકે.*
- *સર્વ સમાસાન્ત પ્રકરણ અંતર્ગત આવતા અન્ય સમાસનો અર્થ અને તેની પરિભાષા વિદ્યાર્થીઓ જાણે અને સમાસ અંગેનું જ્ઞાન મેળવે. આથી વિદ્યાર્થીઓ વ્યાકરણને સરળ રીતે સમજી શકે.*
- *સમાસ કોને કહે છે? તેની ઓળખ કેવી રીતે કરવી...વગેરે અંગે વિદ્યાર્થીઓ આ એકમનો અભ્યાસ કર્યા પછી સરળતાથી સમજી શકશે.*
- *વ્યાકરણસિદ્ધાંત કૌમુદીમાં સમાસના ભેદો વિશે અને તેમાં સર્વ સમાસાન્ત પ્રકરણ વિશે ભટ્ટોજી દીક્ષિત દ્વારા જણાવેલ સૂત્રોને સરળતાથી સમજી શકશે.*
- *સર્વ સમાસાન્ત પ્રકરણ અંતર્ગત સમાસની વિશેષતાઓને સહજતાથી સમજી શકશે*
- *સમાસના અન્ય પ્રકારો અને પેટા પ્રકારોને ઉદાહરણ સાથે વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શકશે.*

### 15.1 પ્રસ્તાવના

- *ભારતવર્ષમાં મોટાભાગની વિશ્વવિદ્યાલયોમાં સ્નાતક પ્રતિષ્ઠા અથવા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ પાઠ્યક્રમ અંતર્ગત વૈયાકરણ સિદ્ધાંત કૌમુદી અથવા મધ્યસિદ્ધાંત કૌમુદીનું સમાસ પ્રકરણ પાઠ્ય અંશ સ્વરૂપે નિર્ધારિત કરેલ છે.*
- *વિદ્યાર્થી કક્ષાએ મૂળ પુસ્તકને વાંચીને અથવા તેનું અધ્યયન કરીને સમાસ પ્રકરણને સમજવું એ વિદ્યાર્થીઓ માટે અત્યંત અઘરું કાર્ય છે. આથી વિદ્યાર્થીઓ પાણિની અષ્ટાધ્યાયીને સરળતાથી સમજી શકે એ હેતુથી ભટ્ટોજી*

*દીક્ષિત કૃત વ્યાકરણ સિદ્ધાંત કૌમુદી તેમના માટે એક ઉપાદેય ગ્રંથ બની રહે છે. જેમાં સમાસ પ્રકરણ અંતર્ગત વિદ્યાર્થીઓ સમાસ એટલે શું? સમાસ રચના અને પદસમૂહ તેમજ વિભક્તિઓ અંગેનું જ્ઞાન આ એકમ દ્વારા સહજતાથી મેળવી શકશે.*

- *કાવ્ય સાહિત્યમાં જેમ લાઘવ-વ્યંજના કોઈ કૃતિ અને કવિની એક આગવી ઓળખ બને છે તેમ સમાસમાં પદ સમૂહોનું સંક્ષેપણ એ એક આગવી રીત છે. જેના દ્વારા વાક્ય અથવા પદગત ચમત્કૃતિ સધાય છે. આ રીતે સમાસ પ્રકરણ દ્વારા વિદ્યાર્થી જુદા-જુદા સમાસ અને તેમની વ્યાખ્યા અને તેમના આંતરિક અને બાહ્ય ભેદ વિશે સમજી વ્યાકરણનું જ્ઞાન સહજતાથી મેળવી શકશે.*

## 15.2 समासान्त प्रकरण

**सूत्र – ९४० - ऋक्पूरब्धः पथामानक्षे ५.४.७४**

**अ अनक्षे इति च्छेदः । ऋगाद्यन्तस्य समासस्य अप्रत्ययोऽन्तावयवः स्यात्, अक्षे या धूस्तदन्तस्य तु न । अर्धर्चः । अनृचबह्वृचावध्येतर्येव । नेह, अनुक्साम । बहूवृक्सूक्तम् । विष्णोः पूर्विष्णुपुरम् । क्लीबत्वं लोकात् । विमलापं सरः ।**

**અનુવાદ**

ऋच्, पुर, अप्, धुर, पथिन्

– *આ શબ્દો જેના અંતમાં હોય એ સમાસને સમાસાન્ત 'અ' પ્રત્યયાંત થાય છે.*

**વ્યાખ્યા**

*ઉપરોક્ત સૂત્રમાં સ્થિત* अनक्षे *આ પદમાં* 'अ अनक्षे' *એવો પદચ્છેદ છે. ઋચ શબ્દાન્ત, પૂર શબ્દાન્ત, અપ શબ્દાન્ત, ધુર શબ્દાન્ત અને પથિન શબ્દાન્ત આ શબ્દ જે સમાસને અંતે આવેલા હોય એવા સમાસને સમાસાન્ત* 'अ' *પ્રત્યય હોય પરંતુ* अक्ष *માં* धुर *તેને અનુરૂપ હોતો નથી. સમાસનો સમાસાન્ત 'અ' પ્રત્યય હોય પરંતુ શકટનો અક્ષ બોધક જે ધુર શબ્દ છે તેનો તદંત સમાસમાં અ પ્રત્યય થતો નથી.*

अर्धर्चः - *મંત્રનો અડધો.*

अध्येतृ – *અધ્યયન કરનાર અધ્યેતા સંબંધી અનૃચ વગેરે પદોમાં પણ સમાસાન્ત 'અ' પ્રત્યય હોય છે.*

विष्णुपुरम् – *વિષ્ણુનું નગર*

विमलापं सरः – *નિર્મળ જળયુક્ત તળાવ.*

अर्धर्चः-- लौ०वि०- अर्धम् ऋचः । अलौ० वि०- अर्ध मु ऋच् ङस् ।

*અહીં* ''अर्ध नपुंसकम् (२.२.२) *થી સમાસ થયો.* प्रातिपदिक संज्ञा *થઈ,* सुप् *નો લોપ થયો.* 'आद्गुणः (६.१.८७) *થી* गुण (अर्धर्च) । 'ऋक्पूरब्धः (५.४.७४) *આ*

*સૂત્રથી* समासान्त 'अ' प्रत्यय *થવાથી* 'अर्धर्चाः पुंसि च (२.४.३१) इस सूत्र *થી* पुंल्लिङ्ग *માં* अर्धर्चः । पक्ष *માં* अर्धर्चम् ।

**सूत्र – ९४१. द्व्यन्तरुपसर्गेभ्योऽप ईत् ( ६.३.९७ )**

**अप इति कृतसमासान्तस्यानुकरणम् । षष्ठ्यर्थे प्रथमा । एभ्योऽपस्य ईत्स्यात् । द्वयोर्गता आया यस्मिन्निति द्वीपम् । अन्तरीपम् । प्रतीपम् । समीपम् । 'समापो देवयजन' मिति तु समा आपो यस्मिन्निति बोध्यम् । कृतसमासान्तग्रहणान्नेह –स्वप् स्वपी । 'अवर्णान्ताद्वा' ( वा. ५०४५ ) । प्रेपम् । परेपम् । प्रापम् । परापम् ।**

**અનુવાદ**

द्वि, अन्तर *અને* उपसर्ग *નો પહેલાં અવયવ થવાથી* 'अप्' *અકારનો* 'ईत्' *અકાર થાય છે.*

'अप' *એ કૃતસમાસાન્ત છે. અહીં* 'अप' *માં ષષ્ઠીના અર્થમાં પ્રથમ વિભક્તિનો પ્રયોગ થયો છે. દ્વિ, અંતર અને ઉપસર્ગનો પૂર્વાયવ હોવાથી* 'अप' *નો* ईकार *આદેશ થાય છે.* द्वीपम्- *ટાપુ,* अन्तरीयम् – *એ દેશ કે જેની ચારેબાજુ જળ હોય.* प्रतीपम् – *જળ પ્રવાહથી વિરુદ્ધ, પ્રતિકૂળ દિશા.* समीपम् - *પાસે અથવા સમીપ અથવા નજીક..* समापो देवयजनम् – *એવી યજ્ઞભૂમિ કે જેમાં સમાન જળ જોવા મળે છે. આનો* समा आपो यस्मिन्नति' *એવો અર્થ સમજવો જોઈએ. ઉપરોક્ત સૂત્રમાં સમાસાન્ત* 'अप' *નું ગ્રહણ થયું છે. આથી* स्वप्, स्वपी *આ બંને પદોના* 'अप' *ના* 'अ' *નો* 'ई' *થતો નથી. અવર્ણાંત ઉત્તરવર્તી* 'अ'' *પ્રત્યયાંત* 'अप' *ના પ્રાથમિક* 'अ' *નો વિકલ્પથી* 'ई' *થાય છે.* प्रेपम् – *જળ નીકળવાનો માર્ગ*

परापम् – *જળ/પાણી નીકળવાનો માર્ગ*

**વ્યાખ્યા**

'अप' *એ* कृतसमासान्त *છે. અહીં (*अपः *માં) ષષ્ઠીના અર્થમાં પ્રથમાનો પ્રયોગ થયેલો છે.* द्वि, अन्तर् *અને* उपसर्ग *પૂર્વ અવયવ થવાથી* 'अप्' *અકારનો* "ईत' *અકાર થાય છે.*

- द्वीपम्- *ટાપુ અથવા બેટ.*

-अन्तरीपम् - *એવો દેશ કે જેની ત્રણેય બાજુ જળ આવેલું છે.*

- प्रतीपम् – *જળ પ્રવાહથી વિરુદ્ધ, પ્રતિકૂળ દિશા.*

-समीपम् - *પાસે અથવા સમીપ અથવા નજીક. બધા સમાનાર્થી શબ્દો છે.*

-समापो देवयजनम् – *એવી યજ્ઞભૂમિ કે જેમાં સમાન જળ જોવા મળે છે.*

*સૂત્રમાં સમાસાન્ત* 'अप' ' *ગ્રહણ થયેલ છે. આથી* स्वप्, स्वपी *એ બંને પદોમાં* अप् *ના* 'अ ' *નો* 'ई ' *થતો નથી. અવર્ણાન્ત પ્રાદિઓના ઉત્તરવર્તી અપ્રત્યયાંત* अप *ના પ્રાથમિક* 'अ ' *નો* 'ई ' *આદેશ વિકલ્પથી થાય છે.*

प्रेपम् – *જળ નીકળવાનો માર્ગ*

परापम् – *જળ નીકળવાનો માર્ગ*

सूत्र - ९४२. ऊदनोर्देशे (६.३.९८)

**अनोः परस्यापस्य ऊ त्स्याद्देशे । अनूपो देशः । राजधुरा । अक्षे तु अक्षधूः । दृढधूरक्षः । सखिपथः, रम्यपथो देशः ।**

**અનુવાદ**

*દેશના અર્થમાં અનુથી પર* अप *ના અકારનો* उत् *આદેશ થાય છે.*

**व्याख्या**

*જ્યારે સમસ્ત પદ કોઈ દેશની સંજ્ઞા હોય ત્યારે* 'अनु' *ના* प्रेपम् – *જળ નીકળવાનો માર્ગ*

परापम् – *જળ નીકળવાનો માર્ગ*

अप् *ના* 'अ' *નો* 'ऊ' *આદેશ થયો છે.*

- अनूपो देशः – *જે દેશમાં જળ ન હોય.*
- जधुरा – *રાજાનો શાસનભાર*
- अक्षधूः – *ગાડીના આગળના ભાગમાં લાગેલ ધૂંસરી*
- दृढधूः अक्षः – *જે ગાડીમાં દઢ ફાડ લાગેલી હોય*
- सखिपथः – *મિત્રની સડક*
- रम्यपथो देशः – *જે દેશની સડક સુંદર હોય.*

**सूत्र – ९४३ अच्प्रत्यन्ववपूर्वात्सामलोम्नः ( ५.४.७५ )**

**एतत्पूर्वात्सामलोमान्तात्समासादच्स्यात् । प्रतिसामम् । अनुसामम् । श्रवसामम् । प्रतिलोमम् । अनुलोमम् । अवलोमम् । 'कृष्णोदक्पाण्डुसंख्यापूर्वाया भूमेरजिष्यते' ( वा० ५०४६ ) कृष्णभूमः । उदग्भूमः । पाण्डुभूमः । द्विभूमः प्रासादः । 'संख्याया नदीगोदावरीभ्यां च' ( वा० ५०४७ ) । पञ्चनदम् । सप्तगोदावरम् । अच् इति योग-विभागादन्यत्रापि । पद्मनाभः ।**

**અનુવાદ**

प्रति, अनु, अव *પૂર્વ હોવાથી* सामन् *અને* लोमन् *શબ્દોના સમાસાન્ત* अच् *પ્રત્યય થાય છે.*

**વ્યાખ્યા**

*અહીં ભટ્ટોજી દીક્ષિત જણાવે છે કે* प्रति, अनु, अव *પૂર્વ હોવાથી* सामन् *અને* लोमन् *શબ્દોના સમાસાન્ત* अच् *પ્રત્યય થાય છે.*

प्रतिसामम् — *નિસ્તેજપણે*

*અહીં અવ્યવીભાવ સમાસ અથવા પ્રાદિ સમાસ અથવા બહુવ્રીહિ સમાસમાં અન્યતમ સમાસ છે.*

अनुसामम् — *સોહાર્દપૂર્ણ રીતે*

अवसामम् — *સજ્જનતા વિના*

प्रतिलोमम् — *વિપરીત રીતે અથવા પ્રાકૃતિક નિયમથી વિરુદ્ધ*

अनुलोमम् — *નિયમને અનુકૂળ*

*એવી જ રીતે* 'कृष्ण, उदच्, पाण्डु *અથવા* संख्यावाचक शब्द पूर्व *હોય ત્યારે* भूमि *શબ્દથી* अच् *પ્રત્યય થાય છે.*

कृष्णभूमः — *જે મહેલની જમીન કાળી હોય*

उदग्भूमः — *જે મહેલની ભૂમિ ઉત્તર તરફ નમેલી હોય*

पाण्डुभूमः — *જે મહેલની ભૂમિ સફેદ વર્ણની હોય.*

द्विभूमः प्रासादः — *જે મહેલમાં બે ફર્સ હોય, બે મંજિલવાળો મહેલ*

*એવી જ રીતે સંખ્યાવાચક શબ્દ પૂર્વ હોય ત્યારે તદંત સમાસથી ત્નૅ પ્રત્યય થાય છે.*

नदी *અથવા* गोदावरी *શબ્દથી* समासान्त अच् *પ્રત્યય થાય છે.*

पञ्चनदम् — पञ्चानां नदीनाम् समाहारः । *જે દેશમાં પાંચ નદીઓ છે તે પંજાબ*

सप्तगोदावरम्– सप्तानां गोदावरीणां समाहारः 1 *જે દેશમાં સાત ગોદાવરી છે.*

*'*अच् *' એ યોગ વિભાગથી અન્ય શબ્દોથી પણ સમાસાન્ત '*अच् *' પ્રત્યય થઈ શકે છે.*

पद्मनाभः - *જેની નાભિમાં કમળ હોય તે -વિષ્ણુ*

**सूत्र- ९४४. अक्ष्णोऽदर्शनात् ( ५.४.७६ )**

**श्रचक्षुःपर्यायादक्ष्णोऽच्स्यात्समासान्तः । गवामक्षीव गवाक्षः ।**

**અનુવાદ**

*જ્યારે* अक्षि *શબ્દ 'આંખ' ના અર્થમાં વાચક થતો નથી ત્યારે તેનાથી 'ત્નૅ' પ્રત્યય થાય છે.*

**વ્યાખ્યા**

*અહીં સૂત્રમાં જણાવ્યું છે કે જ્યારે* अक्षि *શબ્દ 'આંખ' ના અર્થમાં વાચક થતો નથી ત્યારે તેનાથી* 'अच्' *પ્રત્યય થાય છે.*

गावक्षः - *મકાનમાં પ્રકાશ આવે એ માટે રાખવામાં આવેલ છિદ્ર, બારી, ઝરોખો.*

सूत्र-९४५.

अचतुरविचतुरसुचतुरस्त्रीपुंसधेन्वनडुहर्वसामवाङ्मनसाक्षिभ्रुवदारगवोर्वष्ठीवपदष्ठीवनक्तन्दिवरात्रिन्दिवादिवसरजसनिःश्रेयसपुरुषायुषद्व्यायुषत्र्यायुषर्ग्यजुषजातोक्षमहोक्षवृद्धोक्षोपशुनगोष्ठश्वाः (५.४.७७)

एते पविशतिरजन्ता निपात्यन्ते । आद्यास्त्रयो बहुव्रीह्यः । अविद्यमानानि चत्वारि यस्य अचतुरः । विचतुरः । सुचतुरः । 'व्युपाभ्यां चतुरोऽजिष्यते' (वार्तिक- ३३५१) । त्रिचतुराः । चतुर्णां समीपे ये सन्ति ते उपचतुराः । तत एकादश द्वन्द्वाः । स्त्रीपुंसौ । धेन्वनडुहौ । ऋक्सामे । वाङ्मनसे । अक्षिणी च भ्रुवौ च अक्षिभ्रुवम् । दाराश्च गावश्च दारगवम् । ऊरू च अष्ठीवन्तौ च ऊर्वष्ठीवम् । निपातनाट्टिलोपः । पदष्ठीवम् । निपातनात्पादशब्दस्य पद्भावः । नक्तं च दिवा च नक्तन्दिवम् । रात्रौ च दिवा च रात्रिन्दिवम् । रात्रेर्मान्तत्वं निपात्यते । अहनि च दिवा चाहर्दिवम् । वीप्सायां द्वन्द्वो निपात्यते । अहन्यहनीत्यर्थः । सरजसमिति साकल्येऽव्ययीभावः । बहुव्रीहौ तु सरजः पङ्कजम् । निश्चितं श्रेयो निःश्रेयसम् । तत्पुरुष एव । नेह । निःश्रेयान्पुरुषः । पुरुषस्यायुः पुरुषायुषम् । ततो द्विगुः । द्व्यायुषम् । त्र्यायुषम् । ततो द्वन्द्वः । । ऋग्यजुषम् । ततस्त्रयः कर्मधारयाः । जातोक्षः । महोक्षः । वृद्धोक्षः । शुनः समीपमुपशुनम् । टिलोपाभावः सम्प्रसारणं च निपात्यते । गोष्ठे श्वा गोष्ठश्वः ।

**અનુવાદ**

अचतुर *વગેરે પચ્ચીસ અજન્ત શબ્દોનો* अच् *પ્રત્યયાંત નિપાતન થાય છે.*

**વ્યાખ્યા**

अचतुर *વગેરે પચ્ચીસ શબ્દો એવા છે કે જે* अच् *પ્રત્યયાંત નિપાતનથી સિદ્ધ થાય છે. જેમાં પ્રથમ ત્રણ બહુવ્રીહિ છે.*

अचतुरः – *જેની પાસે ચાર વિદ્યમાન ન હોય*

विचतुरः – *જેના ચાર નષ્ટ થઈ ગયા છે અથવા ચાલ્યા ગયા છે*

सुचतुरः – *જેના ચારેય સુંદર છે*

त्रि *અથવા* उप *શબ્દોથી પર ચતુર શબ્દથી* अच् *થાય છે.*

त्रिचतुराः – *જેની પાસે ત્રણ અથવા ચાર હોય*

उपचतुरः – *જેની પાસે ચાર જેટલા લગભગ હોય, ત્રણ અથવા પાંચ*

ત્નભળ્થ, विचतुर અને सुचतुर આ ત્રણ બહુવ્રીહિ સમાસ પછી स्त्रीपुंसधेन्वनडुह વગેરે અગિયાર જેટલા દ્વંદ્વ સમાસ છે.

स्त्रीपुंसौ- સ્ત્રી અને પુરુષ

धेन्वनडुहौ- ગાય અને બળદ

ऋक्सामे – ઋગ્વેદ અને સામવેદ

वाङ्मनसे – વાણી અને મન

अक्षिभ्रुवम् – આંખ અને ભ્રમર

दारगवम्- પત્ની અને ગાય

ऊर्वष्ठीवम्-જાંઘ અને ઘૂંટણ (ऊर्वष्ठीवम् માં) નિપાતનથી टि લોપ થયો છે.

पदष्ठीवम् -પગ અને ઘૂંટણ નિપાતનથી પાદ શબ્દનો પદ ભાવ થયો છે.

नक्तन्दिवम् – રાત-દિવસ

रात्रिन्दिवम् - रात दिन। રાત્રિ રાત્રિ શબ્દમાં मान्तत्व નિપાતનથી થયો છે.

अर्दिवम् – રાત-દિવસ

વીપ્સા અર્થમાં દ્વંદ્વ સમાસ નિપાતિત થયો છે. અર્થ છે - अहनि अहनि ।

सरजसम् માં સાકલ્ય અર્થમાં અવ્યવીભાવ સમાસ થયો છે.

બહુવ્રીહિ સમાસ થવા પર सरजः पङ्कजम्

निःश्रेयसम्- પરમ કલ્યાણ (निःश्रेयस शब्द થી) તત્પુરુષ સમાસમાં ત્નૌ પ્રત્યય થયો છે. અન્યત્ર નથી. निःश्रेयान्पुरुषः- પરમ કલ્યાણવાળા પુરુષ

पुरुषायुषम् -પુરુષના આયુષ્ય સુધી

स्त्रीपुंसधेन्वनडुह વગેરે અગિયાર દ્વંદ્વ સમાસ પછી द्वयायुष, त्र्यायुषम् - આ બે દ્વિગુ સમાસ છે.

द्वयायुषम्, – બે પુરુષોના આયુષ્ય સુધી

त्र्यायुषम् - ત્રણ પુરુષોના આયુષ્ય સુધી, ત્યારબાદ દ્વંદ્વ સમાસ બને છે.

ऋग्यजुषम् – ઋગ્વેદ અને યજુર્વેદ

ત્યારબાદ ત્રણ કર્મધારય છે.

जातोक्षः -યુવાન બળદ

महोक्षः- વિશાળ બળદ

वृद्धोक्षः - *વૃદ્ધ બળદ*

उपशुनम् – *શ્વાન સમીપ (*उपशुनम् *અર્થમાં)* टि *લોપનો અભાવ અને સમ્પ્રસારણ નિપાતથી થયેલ છે.*

गोष्ठश्वः - *ગોંશાળામાં બેઠેલ શ્વાન કે જે કોઈ જ કારણ વિના બીજાઓને ભસ્યા કરે છે. જે વ્યક્તિ સ્વયં કોઈ જ કાર્ય ન કરે અને છતાં પણ કાર્ય કરનારની નિંદા કરે એના માટે પ્રયોજાય છે.*

सूत्र – ९४६. ब्रह्महस्तिभ्यां वर्चसः (५.४.७८)

अच्स्यात् । ब्रह्मवर्चसम् । हस्तिवर्चसम् । 'पल्यराजभ्यां चेति वक्तव्यम्' (वार्तिक ३३५२) । पल्यवर्चसम् । राजवर्चसम् ।

*અનુવાદ*

ब्रह्मन् *અથવા* हस्तिन् *શબ્દની સાથે* वर्चस् *શબ્દ તદંત સમાસથી ત્નેં પ્રત્યય સમાસાન્ત થાય છે.*

*વ્યાખ્યા*

ब्रह्मवर्चस् *તેમજ* हस्तिवर्चस् शब्दों *થી ત્નેં* प्रत्यय *થાય છે.*

ब्रह्मवर्चसम् -*તપથી ઉત્પન્ન થયેલ બ્રાહ્મણનું તેજ*

हस्तिवर्चसम् – *હાથીનું બળ*

पल्य *અથવા* राजन् *શબ્દના ઉત્તરવર્તી* वर्चस् *શબ્દથી* अच् *થાય છે.*

पल्यवर्चसम् - *માંસાહારીનું બળ*

राजवर्चसम् - *રાજાની શક્તિ.*

*અહીં '*ब्रह्मणो वर्चः*' આ વિગ્રહમાં ષષ્ઠી તત્પુરુષ સમાસની પ્રાતિપદિક સંજ્ઞા થઈ છે.* सुप् *પ્રત્યયનો લોપ થયો છે.*

**सूत्र – ६४७. ६४७. श्रवसमन्धेभ्यस्तमसः ( ५.४.७६ )**

**अवतमसम् । सन्तमसम् । अन्धयतीत्यन्धम्, पचाद्यच्, अन्धं तमोऽन्धतमसम् ।**

**અનુવાદ**

अव, सम्, अन्ध *વગેરેના પરવર્તી* तमस् *શબ્દથી* अच् *થાય છે.*

**व्याख्या**

*અહીં સૂત્રકાર જણાવે છે કે* अव, सम्, अन्ध *વગેરે શબ્દો એવા છે કે તેના પરવર્તી* तमस् *શબ્દથી* अच् *થાય છે.*

अवतमसम् – *સાધારણ અંધકાર*

सन्तमसम् - *સાધારણ કરતા વધારે અંધકાર*

अन्धयतीति अन्धम्, 'नदि- ग्रहिपचादिभ्यो ल्युणिन्यचः' (सूत्र २८९६) *થી* पचादि *થવાને કારણે ત્ત્ગ થયો છે.* अन्धतमसम्- *અંધ બનાવી દે એવો ભયંકર અંધકાર*

**सूत्र – ९४८ श्वसो वसीयःश्रेयसः ( ५.४.८० )**

**वसुशब्दः प्रशस्तवाची तत ईयसुनि वसीयः । श्वस्शब्द उत्तरपदार्थप्रशंसामाशीर्विषयमाह । मयूरव्यंसकादित्वात्समासः । श्वोवसीयम् । श्वःश्रेयसं ते भूयात् ।**

**અનુવાદ**

**श्वस्** *શબ્દના પરવર્તી* वसीयस् *અને* श्रेयस् *શબ્દથી* अच् *પ્રત્યય થયો છે.*

**વ્યાખ્યા**

वसु *શબ્દ પ્રશસ્તિવાચક શબ્દ છે.* **श्वस्** *શબ્દના પરવર્તી* वसीयस् *અને* श्रेयस् *શબ્દથી ત્ત્ગ પ્રત્યય થયો છે. પ્રશંસાર્થક* वसु *શબ્દથી* ईयसुन् (ईयस्) *પ્રત્યય આવવાથી ('टे': થી* टि *નો લોપ થવાથી)* वसीयः *રૂપ બને છે.* **श्वस्** *શબ્દના પ્રયોગમાં ઉત્તરપદ બોધ્ય પ્રશંસાનું આશ્વાસન મળે છે.*
मयूरव्यंसकादित्वात्समासः *સૂત્રથી સમાસ થાય છે.*

श्वोवसीयम् -*ભાવી કલ્યાણ*

श्वःश्रेयसं ते भूयात् – *આવતીકાલે તમારું પરમ કલ્યાણ થાય.*

सूत्र – ९४९ अन्ववतप्ताद्रहसः (५.४.८१ )

अनुरहसम् । अवरहसम् । तप्तरहसम् ।

**અનુવાદ**
अनु, अव, तप्त *આ શબ્દોના પરવર્તી* रहस् *શબ્દથી* अच् *પ્રત્યય થાય છે.*

**વ્યાખ્યા**
*અહીં સૂત્રકાર જણાવે છે કે* अनु, अव, तप्त *આ શબ્દોના પરવર્તી* रहस् *શબ્દથી ત્ત્ગ પ્રત્યય થાય છે.* अनुरहसम् – *એકાંત, નિર્જન સ્થાન*

अनुरहसम् – *અત્યંત અધિક એકાંત, તર્દન નિર્જન સ્થાન*

तप्तरहसम्- *એકાંત, નિર્જન સ્થાન*

सूत्र - ९५० प्रतेरुरसः सप्तमीस्थात् (५.४.८२)

उरसि प्रति प्रत्युरसम् । विभक्त्यर्थेऽव्ययीभावः ।

**અનુવાદ**

*સપ્તમી અર્થના પરિચાયક* प्रति *ના પરવર્તી એવા* उरस् *શબ્દથી* त्नॅ *પ્રત્યય થાય છે.*

**વ્યાખ્યા**

*સપ્તમી અર્થના ઘોતક એવા* प्रति *ના પરવર્તી એવા* उरस् *શબ્દથી* त्नॅ *એવો સમાસાન્ત પ્રત્યય થાય છે. વિભક્તિના અર્થમાં અવ્યવીભાવ સમાસ અહીં થયેલો છે.* प्रत्युरसम् *— વક્ષઃ સ્થળથી તર્દન વિરુદ્ધ*

*આમ, અહીં અવ્યવીભાવ સમાસ થયેલો જોવા મળે છે. પ્રાતિપદિક સંજ્ઞા થઈને* सुप् *પ્રત્યયનો લોપ થયો છે. તેથી નપુંસકલિંગ પ્રથમ વિભક્તિ એકવચનમાં* प्रत्युरसम् *એવું રૂપ સિદ્ધ થયું છે.*

**सूत्र — ९५१. अनुगवमायामे ( ५.४.८३ )**

**एतन्निपात्यते दीर्घत्वे । अनुगवं यानम् । 'यस्य चायामः' ( सूत्र ६७० ) इति समासः ।**

**અનુવાદ**

*અનુપૂર્વક ગો શબ્દથી* अच् *પ્રત્યયનો નિપાત થાય છે.*

**વ્યાખ્યા**

*દીર્ઘત્વના પરિચાયક એવા અનુગમ શબ્દનો* अच् *પ્રત્યયથી નિપાત થાય છે.* 'गो' *શબ્દનો અનુપૂર્વક તદંત સમાસથી* त्नॅ *પ્રત્યય થાય છે.*

अनुगवं यानम् *-એવો રથ અથવા તો એવી ગાડી કે જેની લંબાઈ બળદ સમાન જ લાંબી હોય છે.*

*અહીં* 'यस्य चायामः' (सूत्र ६७०) *આ સૂત્રથી સમાસ થાય છે.*

*અહીં નપુંસકલિંગ પ્રથમાં વિભક્તિ એકવચનમાં* अनुगवम् *એ મુજબ સિદ્ધ થયું છે.*

**सूत्र - ९५२. द्विस्तावा त्रिस्तावा वेदिः ( ५.४.८४ )**

**अच्प्रत्ययष्टिलोपः समासश्च निपात्यते । यावती प्रकृतौ वेदिस्ततो द्विगुणा त्रिगुणा वा अश्वमेधादौ तत्रेदं निपातनम् । वेदिरिति किम् - द्विस्तावती त्रिस्तावती रज्जुः ।**

**અનુવાદ**

*એક વેદિ અન્ય વેદિની અપેક્ષાએ દ્વિસ્તાવત અને ત્રિસ્તાવત જેટલી હોય તો સમાસાન્ત* त्नॅ *પ્રત્યય થાય છે અને* 'टि' *નો લોપ અને સમાસનું નિપાતન પણ થાય છે.*

**વ્યાખ્યા**

*જો એક વેદી અન્ય વેદીની અપેક્ષાએ બેગણી અથવા ત્રણ ગણી લાંબી હોય ત્યારે બેગણી અને ત્રણ ગણી એ અર્થના વાચક એવા દ્વિસ્તાવત અને ત્રિસ્તાવત એવા*

*પદોમાં* त्नॅ *પ્રત્યય થાય છે અને* टि' *નો લોપ પણ થાય છે તેમજ સમાસનો નિપાત પણ થાય છે.*

*પ્રકૃતિમાં જેટલી મોટી વેદી રાખવામાં આવેલી હોય તેની અપેક્ષાએ બે ગણી અથવા ત્રણ ગણી વેદી અશ્વમેધ વગેરે યજ્ઞોમાં રાખવામાં આવે છે, ત્યાં આ નિપાતન થાય છે. વેદી એમ કેમ કહ્યું? એવો પ્રશ્ન અહીં થાય એ સ્વાભાવિક છે, ભટ્ટોજી આ પ્રશ્નનો પ્રતુત્તર આપતાં જણાવે છે કે વેદીથી ભિન્ન અર્થમાં પૂર્વોક્ત રૂપ હોતા નથી. જેમ કે, -*
द्विस्तावती, त्रिस्तावती रज्जु: — *બે ગણી અથવા તો ત્રણ ગણી રસ્સી*

*આ વાક્યમાં* द्विस्तावती, त्रिस्तावती *વગેરે પદ સમસ્ત નથી.*

सूत्र - ९५३. उपसर्गादध्वन: (५.४.८५)

प्रगतोऽध्वानं प्राध्वो रथ: ।

**અનુવાદ**

प्र *ઉપસર્ગથી પર એવા જે* अध्वन् *શબ્દ તદંત સમાસથી* त्नॅ *પ્રત્યય સમાસાન્ત થાય છે.*

**વ્યાખ્યા**

*ઉપસર્ગપૂર્વક* अध्वन् *શબ્દથી સમાસમાં* त्नॅ *પ્રત્યય થાય છે. જેમ કે, -*

प्राध्वो रथ: — *જે રથમાં રસ્સી વગેરે બાંધી હોય અને જે સવારી માટે સડક માર્ગ સુધી પહોચી ગયો છે.*
*અહીં* प्राध्व: अध्वानम् *આ વિગ્રહમાં આદિ સમાસ છે અને પ્રાતિપદિક સંજ્ઞા થઈ છે.* सुप् *નો લોપ થયો છે. પુલ્લિંગ પ્રથમ વિભક્તિ એકવચનમાં* प्राध्व: *એવું રૂપ બનવા પામ્યું છે.*

**सूत्र - ९५४. न पूजनात् ( ५.४.६६ )**

**पूजनार्थात्परेभ्य: समासान्ता न स्यु: । सुराजा । अतिराजा । 'स्वतिभ्यामेव' ( वार्तिक- ३३४६ ) नेह परमराज: । पूजनात् किम्-गामतिक्रान्तोऽतिगव: । 'बहुव्रीहौ सक्थ्यक्ष्णो:-' ( सूत्र ८५२ ) इत्यत: प्रागेवायं निषेध: । नेह-सुसक्थ:, स्वक्ष: ।**

**અનુવાદ**

*પૂજનાર્થક શબ્દોથી પરવર્તી એવા શબ્દોથી તદંત સમાસમાં સમાસાન્ત પ્રત્યય થતો નથી.*

**વ્યાખ્યા**

*ઉપરોક્ત સૂત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે પૂજનાર્થક શબ્દોથી પરવર્તી એવા શબ્દોથી તદંત સમાસમાં સમાસાન્ત પ્રત્યય થતો નથી. જેમ કે,-*
सुराजा — *ઉત્તમ રાજા*

अतिराजा — *સર્વશ્રેષ્ઠ રાજા*

पूजनार्थक *પદને* सु *અને* अति *ના ઉત્તરવર્તી શબ્દથી સમાસાન્તનો નિષેધ થાય છે, અન્યત્ર થતો નથી. જેમ કે, -*

परमराज: — *શ્રેષ્ઠ રાજા*

*સૂત્રમાં* 'पूजनात्'

*એવું કેમ કહ્યું? તો ભટ્ટોજી દીક્ષિત એનો પ્રત્યુત્તર આપતાં જણાવે છે કે એટલા માટે એવું કહ્યું છે કે જો પૂર્વપદ પૂજનાર્થક નહીં તો સમાસાન્તનો નિષેધ નથી થતો. જેમ કે,*
अतिगव: - *જે બળદથી પણ વધારે મહામૂર્ખ છે.*

'न पूजनात्' *આ સૂત્રથી પ્રાપ્ત સમાસાન્ત નિષેધ* 'बहुव्रीहौ सक्थ्यक्ष्णो:' (सूत्र - ८५२) *આ સૂત્રથી પૂર્વ પ્રવૃત્ત થાય છે, ત્યારબાદ નહીં. જેમ કે, -*

अत: सुसक्थ: — *સુંદર જાંઘવાળો વ્યક્તિ*

स्वक्ष: — *સુંદર આંખવાળો વ્યક્તિ*

*ઉપરોક્ત પ્રયોગોમાં સમાસાન્ત નિષેધ નથી.*

**सूत्र - ९५५. किम: क्षेपे ( ५.४.७० )**

**क्षेपे य: किंशब्दस्तत: परं यत्तवन्तात्समासान्ता न स्यु: । कुत्सितो राजा किराजा । किंसखा । किंगौ: । क्षेपे किम् - किराज:, किसख: किंगव: ।**

**અનુવાદ**

*નિંદાના અર્થમાં* 'किं' *પદના ઉત્તરવર્તી શબ્દથી સમાસાન્ત પ્રત્યય થતો નથી.*

**व्याख्या**

*નિંદાર્થક એવા અર્થમાં* 'किं' *પદના ઉત્તરવર્તી શબ્દથી સમાસાન્ત પ્રત્યય થતો નથી.*
किंराजा — *કેવો રાજા? -ખરાબ રાજા,*

किंसखा - *કેવો મિત્ર? ખરાબ મિત્ર*

*ઉપરોક્ત સૂત્રોમાં* 'क्षेपे' *એમ કેમ કહ્યું? તેનો પ્રત્યુત્તર આપતા જણાવે છે કે* 'कि' *પદ ન હોય ત્યારે ઉત્તરવર્તી શબ્દથી સમાસાન્ત પ્રત્યયનો નિષેધ થતો નથી. જેમ કે,*

किंराज: ?

किंसख: ?

किंगव: ?

*અહીં* किराजः, किसखः, किंगवः– इन प्रयोगों में जहाँ किम् शब्द प्रश्नार्थक है, समासान्त टच् हो जाता है।

सूत्र – ९५६. नञस्तत्पुरुषात् (५.४.७१)

समासान्तो न । अराजा । श्रसखा । तत्पुरुषात् किम् – अधुरं शकटम् ।

**અનુવાદ**

*નજ તત્પુરુષથી સમાસાન્ત* ''टच्' *થતો નથી.*

**વ્યાખ્યા**

*નજ તત્પુરુષથી સમાસાન્ત પ્રત્યય થતો નથી. જેમ કે, -*

अराजा – *જે રાજા નથી*

असखा - *જે મિત્ર નથી*

*અહીં સૂત્રમાં* 'तत्पुरुषात्' *એવું શા માટે કહ્યું છે એવો પ્રશ્ન થવો પણ સ્વાભાવિક છે. તેનો પ્રત્યુત્તર આપતા ભટ્ટોજી દીક્ષિત જણાવે છે કે જ્યાં નજ તત્પુરુષ સમાસ ન હોય ત્યાં સમાસાન્ત નિષેધ થતો નથી. જેમ કે, -*

अधुरं शकटम् - *જોતર્યા વિનાની ગાડી*

*આમ, અહીં એક નિષેધાર્થક પદનો બીજા એક નામપદની સાથે સમાસ થાય છે.*

**सूत्र – ६५७. पथो विभाषा ( ५.४.७२ )**

**नपूर्वात्पथो वा समासान्तः । अपथम्, अपन्थाः । तत्पुरुषाद् इत्येव, अपथो देशः, अपथं वर्तते ।**

**અનુવાદ**

*નજ પૂર્વક* 'पथिन्' *શબ્દથી વિકલ્પથી સમાસાન્ત પ્રત્યય થાય છે.*

**વ્યાખ્યા**

*નજપૂર્વક* 'पथिन्' *જે તદંત સમાસથી સમાસાન્ત પ્રત્યય વિકલ્પથી થાય છે. તત્પુરુષમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. અન્ય સમાસમાં પ્રવૃત્તિ થતી નથી.*

अपथम्, अपन्थाः - *માર્ગનો અભાવ*

*નજ પૂર્વક* पथिन्' *શબ્દથી વૈકલ્પિક સમાસાન્ત પ્રત્યય માત્ર તત્પુરુષ સમાસમાં જ થાય છે. બીજા કોઈ જ સમાસમાં આ પ્રક્રિયા થતી નથી કે કરી પણ શકાતી પણ નથી.*

अपथम्, अपन्थाः - *આ વિગ્રહમાં નજ તત્પુરુષ સમાસ અને પ્રાતિપદિક સંજ્ઞા થઈ છે.* सुप् *નો* लोप 'नलोपो.' (६.३.७३) *થી* 'न्' *નો લોપ* (अपथिन्') 'ऋक्पू.. (५.४.७४) *થી નિત્ય* 'अ' *પ્રાપ્ત હતો. તેને બાધિત કરીને* 'पथो विभाषा' (५.४.७२)

*થી વૈકલ્પિક* 'अ' *પ્રાપ્ત થયો.* (अपथिन् अ) 'नस्तद्धिते' (६.४.१४४) *થી* टि *નો લોપ* (अपथ) 'पथः सङ्ख्याव्ययादेः' (वा. १५५४) *થી* नपुंसकलिङ्ग *પ્રથમાં એકવચનમાં* अपथम् । *વૈકલ્પિક સમાસાન્ત* अ' *હોવાને કારણે* अपन्थाः *એવું રૂપ સિદ્ધ થયું છે.*

## 15.3 તમારી પ્રગતિ ચકાસો.

1. ऋक्पूरब्धः पथामानक्षे / - *આ સૂત્રનો અનુવાદ કરી વ્યાખ્યા આપો.*
2. द्वचन्तरुपसर्गेभ्योऽप ईत् (६.३.९७) *સૂત્ર સમજાવો.*
3. अच्प्रत्यन्ववपूर्वात्सामलोम्नः (५.४.७५) *સૂત્ર સમજાવો.*
4. अक्ष्णोऽदर्शनात् (५.४.७६) *સૂત્ર સમજાવો.*
5. ऊदनोर्देशे (६.३.९८) *સમજાવો.*

1. अन्ववतप्ताद्रहसः (५.४.८१ ) *સૂત્ર અનુવાદ સહ સમજાવો.*

________________________________________________

2. पथो विभाषा (५.४.७२) *સૂત્ર અનુવાદ સહ સમજાવો.*

________________________________________________

3. ब्रह्महस्तिभ्यां वर्चसः (५.४.७८) *સૂત્ર અનુવાદ સહ સમજાવો.*

________________________________________________

4. श्वसो वसीयःश्रेयसः (५.४.८०) *સૂત્ર અનુવાદ સહ સમજાવો.*

________________________________________________

5. अच्प्रत्यन्ववपूर्वात्सामलोम्नः (५.४.७५) *સૂત્ર અનુવાદ સહ સમજાવો.*

________________________________________________

6. द्विस्तावा त्रिस्तावा वेदिः (૫.૪.૮૪) *સૂત્ર અનુવાદ સહ સમજાવો.*

7.अचतुरविचतुरसुचतुरस्त्रीपुंसधेन्वनडुहर्वसामवाङ्मनसाक्षिभ्रुवदारगवोर्वष्ठीवपदष्ठीवनक्तन्दिवरात्रिन्दिवादिवसरजसनिःश्रेयसपुरुषायुषद्व्यायुषत्र्यायुषर्ग्यजुषजातोक्षमहोक्षवृद्धोक्षोपशुनगोष्ठश्वाः (૫.૪.૭૭) *સૂત્રનો અનુવાદ કરી તેની વ્યાખ્યા આપી સમજાવો.*

8. नञस्तत्पुरुषात् (૫.૪.૭૧) *સૂત્ર સમજાવો.*

## 15.4 સંદર્ભ સાહિત્ય


| क्रम | ग्रन्थनाम | लेखक | व्याख्याकार | प्रकाशक |
|---|---|---|---|---|
| 1. | वैयाकरण सिद्धान्त कौमुदी | भट्टोजिदीक्षित | गोपाल दत्त | चौखम्भा सुर भारती |
| 2. | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य | भीमसेन शास्त्री | भैमी प्रकाशन, लाजपत नगर, दिल्ली | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य |
| 3. | परम लघु मंजूषा | नागेश भट्ट | भीमसेन शास्त्री | चौखम्भा सुर भारती |

**અધ્યયન સામગ્રી**

| क्रम | ग्रन्थनाम | लेखक | व्याख्याकार | प्रकाशक |
|---|---|---|---|---|
| 1 | वैयाकरण सिद्धान्त कौमुदी | भट्टोजिदीक्षित | गोपाल दत्त | चौखम्भा सुर भारती |
| 2 | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य | भीमसेन शास्त्री | भैमी प्रकाशन, लाजपत नगर, दिल्ली | लघु सिद्धान्त कौमुदी वरदराजाचार्य |
| 3 | समास संदर्शिका | डा. बालगोविन्द झा | | चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी |
| 4 | *સંસ્કૃત વાક્ય સંરચના* | *વસંતકુમાર મનુભાઈ ભટ્ટ* | -------------- | *સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ*-1 |
| 5 | *ગુજરાતી ભાષા સૌંદય* | ------- | -------- | *ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર* |
| 6 | *ગુજરાતી વ્યાકરણ* | *ડૉ. ભરત કુમાર ઠાકર* | | *એમ. કે. મદ્રાસી શબ્દલોક પ્રકાશન, અમદાવાદ* |

**લેખક : ડૉ. જગદીશભાઈ એચ. પટેલ આસિસ્ટન્ટ પ્રોફેસર,**
**શાહ કે.એસ.આર્ટ્સ એન્ડ વી.એમ.પારેખ કોમર્સ કોલેજ, કપડવંજ**

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-5598-928-4